

कनैयालाल मुनशी



શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

સીધાં ચઢાણ

['અડધે રસ્તે'નું અનુસંધાન]

પુસ્તક પહેલું

કનૈયાલાલ માણેકલાલ મુનશી

પ્રકાશક
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, અમદાવાદ

પહેલી આવૃત્તિ

રૂ. ૩-૮-૦

ઈ. સ. ૧૯૪૩

પ્રકાશક
શંભુલાલ જગશીભાઈ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, અમદાવાદ

મુદ્રક
મણિલાલ કલ્યાણદાસ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાંચકૂવા બહાર, અમદાવાદ

પરમ પૂજ્ય જીજીમાને........

આમુખ

'અડધે રસ્તે'ના અનુસંધાનમાં 'સીધાં ચઢાણ' આજે પ્રગટ થાય છે. તેમાંના ત્રણેય ખંડો એક જ ગ્રંથમાં પ્રગટ થયા હોત તો મને વિશેષ આનંદ થાત; પણ કાગળની મુશ્કેલી, પ્રકાશકની સગવડ અને પૃષ્ઠોની સંખ્યાને કારણે આત્મકથાના આ વિભાગને બે પુસ્તકોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. બીજું પુસ્તક તરતમાં પ્રગટ થશે.

આ ગ્રંથમાં ૧૯૦૭થી ૧૯૨૨ સુધીનાં મારાં સંસ્મરણો છે. આશા છે કે ગુજરાતને એ વાંચવાયોગ્ય લાગશે.

ફેબ્રુઆરી : ૧૯૪૩ **કનૈયાલાલ મુનશી**

શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત

નવાં પુસ્તકો

●

તરતમાં પ્રગટ થશે

●

- **મારી બિનજવાબદાર કહાણી**

  [યૂરોપના પ્રવાસનાં રંગદર્શી સંસ્મરણો]

- **આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો**

  [આદિવચનો: ભાગ બીજો]

- **લોમહર્ષિણી**

  [' લોપામુદ્રા ' પછીના પુરાણકાળનું દર્શન કરાવતી વાર્તા]

- **ધ્રુવસ્વામિનીદેવી** [નવી આવૃત્તિ]

- **સીધાં ચઢાણ** : પુસ્તક બીજું

  [' અડધે રસ્તે ' નું અનુસંધાન]

●

અનુક્રમ

●

સીધાં ચઢાણ : પુસ્તક પહેલું

●

તરતમાં પ્રગટ થશે.

સીધાં ચઢાણ : પુસ્તક બીજું

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી લિખિત પુસ્તકો

અંગ્રેજી

Early Aryans in Gujarat
Gujarat & its Literature
I follow the Mahatma
Akhand Hindustan

ગુજરાતી નવલકથાઓ

સામાજિક

વેરની વસૂલાત
કોનો વાંક ?
સ્વપ્નદ્રષ્ટા
સ્નેહસંભ્રમ

ઐતિહાસિક

જય સોમનાથ
પાટણની પ્રભુતા
ગુજરાતનો નાથ
રાજાધિરાજ
ભગવાન કૌટિલ્ય
પૃથ્વીવલ્લભ
લોપામુદ્રા (પ્રથમ ખંડ : વિશ્વરથ)

નાટકો

સામાજિક

કાકાની શશી
બ્રહ્મચર્યાશ્રમ
પીડાગ્રસ્ત પ્રોફેસર
સામાજિક નાટકો [વાવાશેઠનું સ્વાતંત્ર્ય, બે ખરાબ જણ અને આજ્ઞાંકિત]

ઐતિહાસિક

ધ્રુવસ્વામિનીદેવી

પૌરાણિક

પૌરાણિક નાટકો [પુરંદર – પરાજય, અવિભક્ત આત્મા, તર્પણ અને પુત્રસમોવડી]
લોપામુદ્રા: ખંડ બીજો અને ત્રીજો [શાંબરકન્યા અને દેવેદીધેલી]
લોપામુદ્રા : ખંડ ચોથો [ઋષિ વિશ્વામિત્ર]

ટૂંકી વાર્તા

નવલિકાઓ [મારી કમળા અને બીજી વાતોની નવી આવૃત્તિ]

રંગદર્શી જીવનચરિતો

નર્મદ, અર્વાચીનોમાં આદ્ય
નરસૈંયો ભક્ત હરિનો

આત્મકથા

શિશુ અને સખી
અડધે રસ્તે
સીધાં ચઢાણ

સાહિત્યવિષયક અને પ્રકીર્ણ ગ્રંથો

થોડાંક રસદર્શનો : સાહિત્ય અને ભક્તિનાં
કેટલાક લેખો: ભાગ ૧–૨
ગુજરાત એક સાંસ્કારિક વ્યક્તિ અને આદિવચનો
ગુજરાતની અસ્મિતા
ગુજરાતના જ્યોતિર્ધરો

સીધાં ચઢાણ

ખંડ પહેલો

મુંબઇની શેરીઓમાં

[૧૯૦૭-૧૯૧૩]

૧

૬૨ વર્ષની મારી નોંધપોથીની શરૂઆતમાં હું એ સૂત્રો લખતો:

મરણ તો નિશ્ચિત છે જ,
તો પછી શે બેસી રહેવું—
લાંબા જીવનના અંધકારમય દિવસોમાં—
નકામા, નેમ વગર ને નામ વગર?[૧]

....

જીવન તો દેવદીધો ભાર છે:
એને નીરખી લે, ઊંચકી લે,
સ્વસ્થ રહી એકનિષ્ઠાથી નિભાવી લે;
શોકનો માર્યો હારતો ના,
પાપનો બીધો ડગમગતો ના.
ને સ્થિર પગલે આગળ વધ—
આગળ ને ઊંચે—
ધ્યેય સિદ્ધ થાય ત્યાં સુધી.[૨]

---

1. " Die since we must, wherefore should a man sit idle and nurse in the gloom of days of long life, without aim, without name ?"—*Pindar.*

2. A sacred burden is the life you bear,
Look on it, lift it, bear it solemnly,
Walk beneath it steadfastedly,
Fail not for sorrow, falter not for sin,
But onwards, upwards – till the goal you win.

ઈ. સ. ૧૯૦૭ના માર્ચની એક સાંજે આ બે સૂત્રોની પૂંજી લઈ હું કુંભારટુકડા આગળ એકલો ઘર શોધતો ઊભો હતો.

તે ઘર હતું કૃષ્ણલાલકાકાનું. હાઈકૉર્ટમાં એ પ્રૅક્ટિસ કરતા હતા. બે વર્ષ પર જ એ સ્મૉલ કૉઝ કૉર્ટમાં ન્યાયાધીશ થયા હતા. દીવાન બહાદુરનો ઇલકાબ ત્યારે પામ્યા ન હતા. એમને અને મારા કુટુંબને પેઢીઓનો સંબંધ. બાપાજી એમના મોટાભાઈના પરમ મિત્ર. મારું મોસાળ ને એમનું ઘર જોડાજોડ. એમનાં બહેન અને જીજીમા બન્ને બાલસખીઓ.

મારી ઓળખીતી વ્યક્તિઓમાં એકલા કૃષ્ણલાલકાકા જ મુંબઈના પ્રતિષ્ઠિત ભરૂચી હતા. એમણે કરેલું દત્તની અંગ્રેજી નવલકથાનું ભાષાન્તર મેં વાંચેલું. એ ગોવર્ધનરામના મિત્ર હતા અને સાહિત્યકાર પણ હતા એવી કીર્તિ સાંભળેલી. એમને મેં ઘણી વાર નર્મદા તરી જતા જોયેલા.

હું મોડો મોડો પણ એમની સિફારસથી એલએલ. બી. ની ટર્મ મેળવવા આવ્યો હતો. અંધારા દાદર ચડી હું ઉપર ગયો, કૃષ્ણલાલકાકાને મળ્યો, અને જીવનના એક ગાઢ અને ઉદાત્ત સંબંધનો મેં પાયો નાખ્યો.

એમણે મને લૉ-કૉલેજના પ્રિન્સિપાલ દીનશા મુલ્લા પર ભલામણપત્ર લખી આપ્યો. હું તે લઈ

દીનશા મુલ્લા પાસે ગયો. એમણે કૃષ્ણલાલકાકાને સલામ કહાવી અને દિલગીરી દર્શાવી કે એમ ટર્મ મળતી નથી.

ખાલી હાથે હું પાછો ભરૂચ આવ્યો, અને ત્યાંથી વડોદરા કૉલેજ બોર્ડિંગમાં ગયો.

૨

૧૯૦૭ ના માર્ચની ૧૦ મી તારીખ હતી.

વડોદરા કૉલેજની લૉન પર ઉત્સાહથી, હાથમાં મશાલો લઈ, અમે અમારા 'મહારાજ સાહેબ'ની પ્રદક્ષિણા કરવા માંડી.

સયાજીરાવ ગાયકવાડના રાજ્યાધિકારના રૌપ્ય મહોત્સવની પૂર્ણાહુતિ થતી હતી.[૧] અમારાં હૃદયમાં એમનું સ્થાન સ્વતંત્ર ઇટલીના પહેલા રાજા વિક્ટર ઇમેન્યુઅલ જેવું હતું. જ્યારે સ્વાધીન ઇટલીના પાટનગરમાં તેમણે પ્રવેશ કર્યો, ત્યારે મશાલધારી વિદ્યાર્થીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું, તેના અનુકરણમાં અમે કૉલેજના વિદ્યાર્થીઓ આ સરઘસ કાઢતા હતા.

હું સયાજીરાવ મહારાજનો ભક્ત હતો. 'સ્વપ્નદૃષ્ટા' માં વર્ણવેલો જે સહાધ્યાયી[૨] મહારાજ

૧. પચ્ચીસ વર્ષ તો ૧૯૦૬ માં પૂરાં થતાં હતાં, પણ કારણવશાત્ એ પ્રસંગ મોડો યોજાયેલો.

૨. 'ગિરજાશંકર શુક્લ' નામનું પાત્ર.

સાહેબની ભક્તિમાં સમતોલપણું ગુમાવી બેઠો હતો, તેની મનોદશા અપવાદરૂપ નહોતી. જાપાનની ઉજ્જવલ કારકિર્દીથી અમારી આત્મશ્રદ્ધા દૃઢ થઈ હતી. વળી અમે અરવિન્દબાબુની ભાવપ્રધાન રાષ્ટ્રીયતામાં તલ્લીન હતા. બંગભંગની ચળવળથી અમે ઘેલા થયા હતા. પણ વડોદરા કૉલેજના વિદ્યાર્થીઓની બધી દેશભક્તિ મહારાજ સાહેબના રવૈયાની આસપાસ ઊછળતી. રાષ્ટ્રસ્વાતંત્ર્યની એ અમારી આશામૂર્તિ હતા.

દામાજીરાવ ગાયકવાડના આ વંશજ ને વારસનું અર્વાચીન હિંદમાં અદ્વિતીય સ્થાન હતું. મોગલ-સામ્રાજ્યનું પતન થયા પછી જ્યારે પેશવા હિંદમાં ચક્રવર્તીપદ ભોગવતા હતા ને અંગ્રેજ પગપેસારો કરવાની મથામણ કરતા હતા, ત્યારે દામાજીરાવ ગાયકવાડે (૧૭૩૩–૧૭૬૮) બન્નેને હંફાવી પોતાનું રાજ્ય મજબૂત બનાવ્યું હતું. એ રાજ્ય વડોદરાનું ન હતું, પણ સમસ્ત ગુજરાતનું હતું. એમાં કાઠિયાવાડ ને આજનું બ્રિટિશ ગુજરાત આવી જતાં.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૮૧૮માં પેશવા પાસેથી હિંદનું સ્વામિત્વ છીનવી લીધું ત્યારથી વડોદરાના ગુર્જરાધીશો કંપની સામે પોતાનું સ્વાતંત્ર્ય સાચવવાના પ્રયાસો કર્યા કરતા હતા. સયાજીરાવ બીજાએ (૧૮૧૯–૧૮૪૭) એ પ્રયત્નોમાં જ પોતાનું આખું જીવન જતું કર્યું. અમારા મહારાજ સાહેબ ઉત્તરોત્તર નિષ્ફલતા પામતા એ પ્રયાસના છેલ્લા અધિકારી હતા.

૧૯૦૭માં એ ભાવિ નિષ્ફલતાના ઓળા પડ્યા ન હતા.

જ્યારે બધા દેશી રાજાઓ સ્વચ્છંદ કે વિષયસુખમાં મસ્ત રહે છે, ત્યારે સયાજીરાવ રાજ્યમાં નિયમન ને વ્યવસ્થા પ્રસારે છે. હિંદમાં પ્રજાના જીવનવિકાસ માટેના દરેક ક્ષેત્રમાં એ પહેલું પગલું ભરે છે. યુરોપમાં કે અમેરિકામાં પ્રવાસ દરમ્યાન માંદગીને બિછાને પડ્યા પડ્યા પણ, લોકોપયોગી કાર્યો આરંભવાની એમની ધગશ અખૂટ રહે છે. યુરોપના પ્રવાસ દરમ્યાન પ્રજાહિત માટે જરૂરી લાગતી કોઈ પણ વસ્તુ વડોદરા લઈ આવવાની તેમને તાલાવેલી થાય છે. કોડીબંધ વાઇસરોયો ને તેમના મોંઘા સલાહકારો હિંદને જે નથી આપી શકતા તે મહારાજ એકલા વડોદરાને આપે છે.

અંગ્રેજી સત્તા સામે એ શિંગડાં ધરે છે. રેસિડેન્સી વચ્ચે પડે એ એમને રુચતું નથી.

૧૯૦૩માં કર્ઝન હુકમ કરે છે: —" દિલ્હી દરબારમાં ' પોતાની ' તાજપોશીના વરઘોડામાં દેશી રાજાઓએ ખંડિયા બનીને આવવું ને અંગ્રેજ સરકારના ચોપદારનાં જેવાં કપડાં પોતાના ચોપદારોને ન પહેરાવવાં. "

આ ખંડિયાપણાના ડામ સામે મહારાજ લડે છે, હારે છે.

કર્ઝન હિંદી લશ્કરના ખર્ચ માટે દેશી રાજાઓ

પાસે ફાળો માગે છે, ત્યારે મહારાજ કડક જવાબ વાળે છેઃ

‘રક્ષણખર્ચ માટે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ક્યારના ય પ્રદેશો અપાઈ ગયા છે; અને જો દેશી રાજાઓનાં સૈન્યનો ઉપયોગ કરવો હોય તો તેના પર વિશ્વાસ રાખવો જોઈએ. અને હિંદી અમલદારોને અંગ્રેજી લશ્કરી શાળાઓમાં દાખલ થવા દેવા જોઈએ.’

કર્ઝન બિસ્માર્કની નીતિને અનુસરી દેશી રાજાઓને સામ્રાજ્યતંત્રનાં અંગ બનાવવા માગે છે. મહારાજ સાહેબ પોતાની શરતો લખી મોકલે છેઃ

‘દેશી રાજ્યોને સામ્રાજ્યના વિષયમાં નિર્ણય કરવાનો અધિકાર આપો, તેમ જ મધ્યવર્તી સરકાર અને દેશી રાજ્યો વચ્ચેના પ્રશ્નોના નિરાકરણમાં પણ ભાગ આપો. આંતર-વ્યવસ્થામાં જવાબદાર સ્વાધીનતા (responsible autonomy) આપો. દેશી રાજ્યોને સામ્રાજ્યના બોજામાં જ માત્ર નહિ, પણ અધિકાર ને કાયદાઓમાં પણ ભાગ આપો. તો જ લશ્કરી ખર્ચમાં વિવેકસર ભાગ આપવાનું તેમને મન થશે.’[1]

આ દીર્ઘદર્શી મુત્સદ્દીની વાણી. દામાજીરાવની સ્વાધીનતા તો ગઈ; પણ હાલની નિઃસત્ત્વ પરાધીનતા

1. *Selected Letters*, Vol II, p. 589. ૧-૮-૧૯૦૪ નો પત્ર.

કરતાં, રાજ્યસમૂહતંત્ર (Federation) અને આંતર-વ્યવસ્થામાં જવાબદાર રાજ્યતંત્ર એ જ મોક્ષ. જ્યાં કૉંગ્રેસ માત્ર ભાષણ કરતી હતી અને જનતા ઘો નિદ્રામાં પડી હતી, ત્યારે મહારાજ સાહેબ ૧૯૦૪મ ઉચ્ચારે છે:

'સારામાં સારું રાજ્યતંત્ર તો લોકદ્વારા ચલાવાત હોય તે જ તંત્ર છે. પોતાના હિતો તરફ લોકોને વધારે લક્ષ્ય આપતા કરવા જોઈએ. લોકોમ જવાબદારીની વૃત્તિ કેળવવી જોઈએ.'[1]

અમારા બાલક હૃદયમાં આ ઉદાર શબ્દો પ્રતિઘો કરતા ગુંજી રહે છે.

દરેક બાબતમાં કર્ઝનના અભિમાની દોર સો મહારાજ આથડે છે. ૧૯૦૪ પછી રાષ્ટ્રીયતાનું ચેતન પ્રગટે છે, તેનું કેન્દ્ર પણ એ બને છે.

અરવિન્દ ઘોષ એમના ખાનગી કારભારી હતા, એ સત્ય બધો વખત અમારી સામે તરવરતું. આર્ય સમાજના નેતા સ્વામી નિત્યાનંદ સરસ્વતી એમન સલાહકાર હતા, એ પણ અમે ભૂલી શકતા નહિ.

મહારાજ સાહેબ બ્રિટિશ હિંદમાં સંમેલનોના પ્રમુખસ્થાને વિરાજે છે. એ દેશી રાજ્યના રાજવ નથી રહેતા, હિન્દી નેતા બને છે. અલ્લાહાબાદમ પ્રચંડ માનવમેદની વચ્ચે એ માનપત્ર સ્વીકારે છે.

મહારાજ સાહેબ રાષ્ટ્રીયતાનો મંત્ર ઉચ્ચારે છે

1. *Speeches and Addresses*, Vol. I, p. 240

'હિંદને તો મહાન રાષ્ટ્રીય આંદોલનની જરૂર છે, કે જેથી દરેક માણસ પોતાને માટે નહિ, પોતાની ન્યાત માટે નહિ, પણ પોતાના રાષ્ટ્ર માટે કર્તવ્ય કરે. રૂઢિ ને પૂર્વગ્રહનો આપણો જૂનો જમાનો આપણે જીતવો જોઈએ—સ્વાતંત્ર્યથી, સમાનતાથી, ભ્રાતૃભાવથી; આચરણના સ્વાતંત્ર્યથી, વિકાસક્ષેત્રની સમાનતાથી, મહાન રાષ્ટ્રભાવનાના ભ્રાતૃભાવથી; અને ત્યારે જ આપણે હિન્દને ફરી રાષ્ટ્ર બનેલું જોઈશું: રાષ્ટ્રીય કલા–સાહિત્યથી અને સમૃદ્ધ વ્યાપારથી શોભતું. ત્યારે જ આપણે રાષ્ટ્રીય રાજ્યતંત્રના અધિકારી બનીશું; ત્યાં સુધી નહિ.'[1]

આ બહાદુર મુત્સદ્દી અને સમર્થ રાજવી, આપણા ભૂતકાલનો ગર્વપ્રદ અવશેષ, આપણી અર્વાચીન સ્વાતંત્ર્યાકાંક્ષા મૂર્તિમાન કરી રહે છે.

તે રાતે મહારાજની પ્રદક્ષિણા કરી, અમે અમારી રાષ્ટ્રભાવનાની પૂજા કરતા હતા. હાથમાં મશાલ લઈ અમે એમની ગાડીની ચારે તરફ ઊછળતા હતા. કોઠી આગળ ઘોડા છોડી નાખી, અમે જાતે ગાડી ખેંચી રાજમહેલમાં લઈ ગયા. અમારા આ સમારંભમાં માત્ર શિષ્ટાચાર નહોતો. અમારી આ પ્રવૃત્તિ ખુશામતથી પ્રેરાયેલી નહોતી. એમાં કોઈ પ્રકારના લાભનું આકર્ષણ નહોતું. અમે ઊછરતા રાષ્ટ્રભક્તો મહારાજ સાહેબને સ્વાતંત્ર્યસંગ્રામના સેનાની માની રહ્યા હતા.

---

1. *Speeches and Addresses*, Vol. I, pp. 115–116

અમે ઉત્સાહથી ઘેલા બન્યા હતા, પણ તે ઉત્સાહ હતો દેશભક્તિનો; એની પાછળની પ્રેરણાશક્તિ હતી અરવિન્દે અમને પાયેલી દેશભક્તિની.

અમારો એમના પ્રત્યેનો આ ભાવ જોઈ એમણે નમ્રતાથી શબ્દો ઉચ્ચાર્યા:

'મારા જીવનનો આ અપૂર્વ અનુભવ છે. જ્યોતિર્ધરના સરઘસ સમા માનને હું લાયક નથી. મેં મારી પ્રજા માટે જે કંઈ કર્યું છે, તે તો મારું કર્તવ્ય માત્ર છે. મેં ભૂલો જરૂર કરી હશે, પણ જાણી જોઈને મેં કદી ભૂલ થવા દીધી નથી. હું પણ તમારી જેમ મનુષ્ય છું. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. મારી ભૂલો થઈ હોય તો ક્ષમા કરશો. તમારા ભલા માટે હું સર્વ પ્રકારના તનતોડ પ્રયાસ કરીશ એની ખાતરી આપું છું.' [1]

એ પળે એમનું જીવન ઊંચામાં ઊંચી ટોચ પર હતું.

હિંદમાં ચોતરફ અંગ્રેજોનો દ્વેષ થઈ રહ્યો. નાસિકમાં જેક્સનનું ખૂન થયું, ટીનીવેલીમાં કલેક્ટરનું ખૂન થયું, લંડનમાં કર્ઝન વાઇલીનું ખૂન થયું, મુઝફ્ફરપુરમાં બે અંગ્રેજ સ્ત્રીઓનાં ખૂન થયાં. ૧૯૦૯માં બંગાલમાં પબ્લિક પ્રોસિક્યૂટર મરાયો. મહારાજ સાહેબ' અંગ્રેજો વિરુદ્ધ દ્રોહ પોષે છે, એવી દંતકથા અંગ્રેજોએ હિંદમાં અને ઈંગ્લાંડમાં સ્વીકારી.

૧૯૦૯ માં મહેસાણામાં 'શિક્ષક પ્રેસે' અરવિન્દ

1. *Baroda Administration Report.* 1906–1907.

ઘોષનાં ભાષણો છાપ્યાં. બ્રિટિશ પોલીસે તપાસ ચલાવી, અને નોંધ લીધી કે વડોદરા પોલીસે તેમાં જરા પણ મદદ કરી નથી.

'મહારાજ સાહેબ' કોઈની પરવા ન કરતાં પોતાને માર્ગે આગે ધપ્યે રહ્યા. અંગ્રેજ સરકારની આંખમાં ખૂંચતા આર્ય સમાજના સંમેલનના ૧૯૧૧ ના અધિવેશનનું તેમણે પ્રમુખસ્થાન સ્વીકાર્યું ને પડકાર કર્યો.

એમને પટકવાનો દિલ્હીમાં નિર્ણય થઈ ચૂક્યો. ૧૯૧૧ના દિલ્હી દરબારમાં મહારાજ સાહેબે સમ્રાટ જ્યોર્જને પૂંઠ બતાવવાનો ભયંકર રાજદ્રોહ કર્યો! તે જ પ્રસંગે એમના ઉપર વિલાયતની કોર્ટમાં અંગત આક્ષેપ કરવામાં આવ્યો. અંગ્રેજી પત્ર 'Times' પણ એમનો દ્વેષ કરી રહ્યું.

દેશના આ પ્રકારના વિચિત્ર વમળમાં, કરુણાજનક સ્થિતિમાં મહારાજ સાહેબ એકલા ઊભા હતા. શ્રી. ગોખલે જેવાએ પણ શરણે જવાની સલાહ આપી. આથી એમના સ્વમાની આત્માને આઘાત થયો. 'એક માણસ પણ મારી પડખે ઊભો રહે, તો હું સામનો કરું. પછી ભલે મારું ગમે તે થાય. મેં કર્યું પણ શું છે? પણ મને તો બધાએ છોડી દીધો છે.' એવાં એમનાં કડવાં વેણ એક નિકટના અમલદારે સાંભળેલાં.

હિંદના નેતૃત્વપદેથી એમણે સંન્યાસ લીધો. આ વીર આત્માનો ગર્વ ભાંગી ગયો. એમણે રાજાને પૂંઠ બતાવી તે માટે માફી માગી અને તોફાનમાંથી

બચવાનો રસ્તો લીધો. જ્યારે એમનો માફીપત્ર પ્રગટ થયો ત્યારે મને માથાવાઢ અપમાન લાગ્યું.

વિકટર ઇમેન્યુઅલ થવાનું એમને લલાટે લખાયું નહોતું. " That the British will loosen their grasp is forgetting history, " એમણે લખ્યું.

સારામાં સારા અંગ્રેજની એમને માટે શી કલ્પના હતી, તે વિષેના એક રમુજી દૃષ્ટાંતનું મને સ્મરણ થાય છે.

૧૯૦૫ માં મહારાજ સાહેબ હિંદી પ્રધાન જ્હોન મોર્લેને મળવા ગયા. તે વિષે મોર્લે નોંધે છેઃ

> ' ન કળી શકાય એવા કોઈ કારણસર ગાયકવાડે જતાં જતાં છેલ્લી વાર મને ઇન્ડિયા ઑફિસને બદલે મારે ઘેર મળવા આવવાની ઇચ્છા દર્શાવી; કર્ઝન વાઈલી આની કાંઈક વિરુદ્ધ હતો; એ માનતો હતો કે અગત્યના પ્રસંગે અહીંની લાલ જાજમોમાં જાદૂઇ છતાં ખરો ગુણ છે. તમે નજીવો માનો પણ મારો સિદ્ધાન્ત તો એ છે કે જેટલી ગરબડ ઓછી એટલું સારૂં.–' Anything for a quiet life. ' એટલે વિંબલ્ડનમાં મારા ' ટસ્કન વિલા ' માં એ રાજા આવ્યો.
>
> ' મેં એને સમજાવ્યું કે હું દિલગીર છું, કે મારી પાસે એકવીસ તોપ નથી. મારી પાસે તો પરાના ચોરો માટે છ બારની રિવોલ્વર છે. મને વિચાર આવ્યો કે પુસ્તકોની મારી અભરાઈ પર જે સંતો

ને જ્ઞાનીઓ બિરાજ્યા છે, તે બધા આ પૌર્વાત્યને એમની વચ્ચે પાંચ વાગ્યાની ચા લેતો જોશે તો શું ધારશે? પરંતુ મહેમાનગીરી વખતે પણ હું મારું મંત્રીપદ ભૂલી ગયો નહીં. અને રાજ્યમાંથી લાંબો વખત ગેરહાજર રહેવા બાબત મેં એને વાત્સલ્યભાવથી શિખામણ આપી.'[૧]

આ બાહોશ અને લોકપ્રિય મુત્સદ્દી, જગતપ્રવાસ કરી વિશાળદર્શી બનેલા અગ્રગણ્ય હિન્દી માટે સ્વાતંત્ર્યપ્રેમના આડંબરધારી મોર્લેનો શો તિરસ્કાર! નિરાધાર હિન્દે અપમાનના આવા કેટલા ય ઘૂંટડા ગળ્યા છે; અને આ તો તે સમયનો બહુ જ ઉદાર ગણાતો અંગ્રેજ!

પાછળથી મહારાજ સાહેબ સાથે મારે કંઈક પરિચય વધ્યો.

૧૯૩૫માં એમના હીરક મહોત્સવને પ્રસંગે વડોદરા કૉલેજના ભૂતપૂર્વ ગ્રેજ્યુએટોએ એમને જમવા નોતર્યા, ત્યારે એમનો સત્કાર કરતાં મેં મારા હૃદયના ભાવો વ્યક્ત કરતાં ઉચ્ચાર્યું:

'જ્યારે અમે કૉલેજમાં આવ્યા, ત્યારે રુસો–જાપાની વિગ્રહ આવ્યો નહોતો; બંગભંગ થયો નહોતો; રાષ્ટ્રીયતાએ પ્રચંડ સ્વરૂપ લીધું નહોતું. ત્યારે અમે એમનામાં હિંદી બુદ્ધિ, ચારિત્ર્ય અને મુત્સદ્દીગીરીનો વિજય જોયો હતો અને આજે

૧ Morley's *Recollections*, Vol. II, p. 187.

ત્રીશ વર્ષની આકરી કસોટી પછી પણ આપણે એમનામાં હિંદી રાજ્ય-કલાકૌશલ્ય કેવી ભૂમિકા પર ચડી શકે છે, તેનો જીવતોજાગતો દાખલો જોઈએ છીએ....'

આવે પ્રસંગે પણ મારાથી રમુજી ટકોર કર્યા વિના રહેવાતું નહિ. એથી ઘણી વખત ગેરસમજ થાય છે અને એનો એ વખતે પણ મને અનુભવ થયો.

મેં વચ્ચે વચ્ચે કહ્યું:

'હું આજે જેને સત્કારું છું, તે એક રાજાને જ માત્ર નહિ, પણ અર્વાચીન હિન્દના મોટામાં મોટા રાજ્યવ્યવસ્થાપકને. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય છે. વિટિંગ્ટન માટે કહેવાતું કે, જે કલાથી એણે બાળપણમાં બિલાડી ઉછેરી, તે જ કલા વડે એણે લંડનની મહત્તા સાધી. મહારાજ સાહેબ માટે પણ ઘરડાંઓ કહે છે કે, જે અપૂર્વ કલાથી એમણે કાવલાણમાં ગાયો ચારી, તે જ કલાએ એમને વ્યવસ્થાપકોમાં અગ્રગણ્ય બનાવ્યા....દૈવે એમને જોઈતું સ્વસ્થ શરીર ન આપ્યું....તો એમણે આઠ હજાર માઈલ દૂર રહીને પણ રાજ્યતંત્ર ચલાવવાની કલા હાથ કરી.'

પણ ૧૯૩૫માં જમાનો પલટાયો હતો. વડોદરામાં પણ ગુજરાતી મરાઠીઓ વચ્ચે વૈમનસ્ય ઉદ્ભવ્યું હતું. પરિણામે વિનોદી ભાષણોથી અપરિચિત જમનારાઓને મહારાજ સાહેબ વિષે આવી છૂટથી

હું બોલ્યો તે ન ગમ્યું. અને મરાઠી પત્રોએ તો મને વધાવી જ લીધો: મેં ગુજરાતીઓનો મહારાજ સાહેબ પ્રત્યેનો દ્વેષ વ્યક્ત કર્યો. મેં એમને એમની ગરીબી સંભારી આપી. એ પરદેશ રહી રાજ્યની પરવા નથી કરતા એવો આક્ષેપ કરી મેં એમનું અપમાન કર્યું. હું કલિપુરુષ છું!

હસવું કે રડવું?

અર્વાચીન હિન્દના આ એક મહારથી, અમારા મહારાજા, મારા હૃદયના કીર્તિમંદિરમાં બિરાજે છે એની એમને શી ખબર?

૩

જૂન ૧૯૦૭ની શરૂઆતમાં હું એલએલ. બી. નો અભ્યાસ કરવા મુંબઈ આવ્યો ત્યારથી મુંબઈગરો થયો.

સવારના પહોરમાં ચર્નીરોડ ઊતરી, મજૂરને માથે પેટી ચડાવી, હું પગે ચાલતો મારા સાવકા નાના મામાઓને ત્યાં પહોંચ્યો.

એ ત્રણ મામાઓ પીપલવાડીમાં એક બેવડી ખોલીમાં રહેતા. ત્રણમાંના મોટા મામાની વહુ રાંધી ખવડાવતાં. અને એમને ત્યાં હમેશાં બેચાર પરોણાઓ તો પડ્યા જ રહેતા.

મોટા મામા ને મામી રસોડાના ખંડમાં સૂતાં,

અને બાકીનાં અમે બધાં આગલા ખંડમાં કે છજામાં સૂતાં.

મુંબઈના જીવનનો મને હવે ખરો અનુભવ થવા લાગ્યો. પીપલવાડીમાં તે વખતે ત્રણેક ચાલો હતી; તેમાં લગભગ બસેં કુટુંબ રહેતાં. નળ પર બૈરાંઓની હંમેશાં ઠઠ જામેલી રહેતી ને ચાલુ ઝઘડા થયા કરતા.

ઘણુાખરા ભાડૂતો પૈસા લઈ વાંઢા પરોણાઓને જમાડતા ને ચાલીમાં સુવાડતા. એમની પથારીમાં એક ચટાઈ, એક ગાદી, એક કામળો. ચાલીમાં સૂનારા ઘણાખરા ધોતિયું પાથરી પથારી શણગારતા, અને બીડી પીતાં પીતાં મોડી રાત સુધી ગપ્પાં મારતા.

ચારે તરફ ગંદવાડ–રસોડામાં, ચાલીમાં, કઠેરા પર. બપોરે ઘણી સ્ત્રીઓ ચાલીમાંથી નીચે એઠવાડ નાખે. ઠેર ઠેર કચરાના ઢગલા પડ્યા હોય. ખંડોમાં પરસેવાની ગંધ મારે. આખા મકાનમાં રસોડાં ને જાજરૂની ગંધનું ત્રાસદાયક મિશ્રણ પ્રાણ રોધે. ચાલીમાં આવવા માટે એક ગલી હતી. ત્યાં ગટરનાં પાણી મુક્તપણે વહે, ને વચ્ચે વચ્ચે મૂકેલી ઈંટો પર પગ મૂકીને ગલી પસાર કરવી પડે.

કોલાહલ કરતા આ જનસમૂહના વાસમાં આખો દિવસ ‘ નળ બંધ કરો ’ ની બૂમો ઉપલા માળવાળા નીચલા માળવાળાને કાને પહોંચાડતા. નીચે ફેરી વેચનારાઓ ઉપરવાળાને સંભળાવવા મોટેથી બૂમ

મારતાઃ 'પાયરી આફ્ઉઉસ', જેનો જવાબ અમે 'ઐરી ડફ્ઉઉસ' કરીને વાળતા ને મોઢામાં કેરીનો સ્વાદ આણતા.

હું માંદગીમાંથી ઊઠેલો. હવાઉજાસભરી હવેલીમાં રહી એકલો ઊછરેલો–તાપીબહેનનો લાડકો, એટલે મામામામીએ મારે માટે બનતું કર્યું. એમનાં છોકરાં કરતાં મારે માટે વધારે સગવડો કરી આપી; અને કેટલીક સગવડો માટે તો શરમના માર્યા મારે જ ના કહેવી પડી.

થોડા દિવસ પછી એલએલ. બી. નો અભ્યાસ કરતા બે મિત્રો સાથે મળી મેં નક્કી કર્યું કે અમારે ત્રણેએ એક જુદી ઓરડી લઈ તેમાં સાથે રહેવું. અમે ત્રણે જણ ઓરડી શોધવા નીકળ્યા. જ્યાં જઈએ ત્યાં સવાલો પૂછવામાં આવેઃ "બૈરી છે કે?" "ખટલા હોય કા?" ને અમે ના પાડીએ એટલે તરત અમને રુખસદ મળે. અમે સારા માણસ છીએ એવા અમારા પ્રમાણપત્રનો તો એમને કંઈ હિસાબ જ નહોતો. મારા જૂના માસ્તરની[1] વાત ખરી હતીઃ 'બૈરી વિનાનો પુરુષ વિશ્વસનીય કેમ હોય?'

આખરે કાંદાવાડીમાં કાનજી ખેતસીની ચાલમાં ભૈયાનો નકાર અવગણી, ટ્રસ્ટી બેઠા હતા તેમની પાસે અમે ગયા. ટ્રસ્ટીએ મારું નામ સાંભળી પૂછ્યું:

૧. અડધે રસ્તે, પાનું ૧૩૩-૧૩૪.

"ડાકોરમાં અબુભાઈ મુનશી હતા તેના તમે કંઈ સગા થાઓ ?"

"હા, હું એમનો ભત્રીજો થાઉં." મેં કહ્યું.

"ભૈયાજી," ટ્રસ્ટીએ હુકમ કર્યો, "ઉનકો અચ્છી ખોલી દો."

એ જ ચાલોનો એક દિવસ હું ટ્રસ્ટી થવાનો છું, એ ખ્યાલ ત્યારે તો સ્વપ્નામાં પણ નહોતો.

અમે જે ખોલી લીધી, તેની પાસે ગરીબ વર્ગના મારવાડીઓ રહેતા હતા. સવારના આઠથી તે રાત સુધી પુરુષ વર્ગ કામે જાય અને ચાલના અમારા તરફના ભાગ પર મારવાડણો રાજ્ય કરે. એટલે સાંજના ચાર સુધી અમારે ખોલીમાં જ બેસી રહેવું પડે. આમ અમારી સ્થિતિ ઘણી કફોડી થઈ પડી.

અમારી ખોલી નળજાજરૂની સામે હતી. સવારથી નળ પર સ્ત્રીઓ નાહે અને નાહવા બેસનારીઓ પર બે જણી ચોકી કરે; એટલે અમારે તો ખોલીમાં જ ભરાઈ રહેવું પડે. બપોરે એ બધી ચાલીમાં બેસી ચોટલા વાળે, ત્યારે પણ અમારે બારણાં બંધ જ રાખવાં પડે. અને અંદર અંદર તેઓ વઢવાડ કરે ને હોહાકાર થાય, પણ બારણું ઉઘાડી ત્રિયારાજ્યનાં તોફાન જોવાનો લહાવો પણ ન લેવાય.

આ શંભુમેળો, આ દુર્ગંધ, આ નિઃસીમ ને અસહ્ય જીવનથી મારામાં અજબ જેવો અસંતોષ સ્ફૂર્યો.

મુંબઈ જાણે રાક્ષસોના સમૂહનું સ્થાન હોય એવો મને ભાસ થયા કર્યો, અને તેમને કેમ વશ કરવા તેનો હું વિચાર કરવા લાગ્યો.

અમે ત્રણ મિત્રો સાથે રહેવા તૈયાર થયા હતા, પણ પહેલા દિવસથી જ અમારો મેળ ખાધો નહિ. અમે ઘરવાખરો વસાવવા ગયા. આડણી ને વેલણ, પતરાળાં ને પડિયા, દાતણ ને શાક વેચાતાં લીધાં ત્યારે અમારા ત્રણમાંથી કોણ સારામાં સારી વસ્તુ હાથમાં ઊંચકી ઘેર લઈ આવે તે વિષે વિવાદ થયો. મારો જીવ ઊઠી ગયો. અને હું આ મિત્રો સાથે અંગો સંકેલેલા કાચબાની માફક રહેવા લાગ્યો.

સવારમાં અમે ઊઠી થોડું કંઇ વાંચીએ ને દશ વાગે ખાઈને ઊંઘી જઈએ. બે વાગે હું કાંદાવાડીમાંથી નીકળું, ફણસવાડીમાં 'દીડકીચા સિંગલ' ને 'દીડકીચી લીમજી' ખાઈ ચાલતો ચાલતો પિટીટ લાયબ્રેરીમાં જાઉં. ત્યાં બેત્રણ કલાક વાંચી લૉ-કૉલેજમાં પોણા છ વાગે હાજરી આપું ને સાત વાગે ત્યાંથી પગે ચાલી ઘેર આવું.

અમારે ત્રણે સહાધ્યાયીઓએ સાથે જ ખાવું એવો નિયમ ન હતો, અને મહામુશ્કેલીએ મેળવેલો રસોઈયાનો છોકરો ઘણી વાર પોતે ખાઈ, અમારે માટે ઢાંકી ગયો હોય તે હું ખાતો.

રાતના, અમે ત્રણે મિત્રો ભાગ્યે જ વાતચીત

કરતા. પથારીમાં મારી પાસે એક ચટાઈ હતી. તે પાથરી તેના પર પડ્યો પડ્યો હું થોડું વાંચતો ને ઊંઘી જતો.

તે વખતે પિટીટ લાયબ્રેરી મારું પ્રેરણાસ્થાન હતું. યાદ છે ત્યાં સુધી દલપતરામની ઓળખાણથી લાયબ્રેરીની ઑફિસના કોઈ માણસનો પરિચય થયો ને વગર ફીએ લાયબ્રેરીને મેં મારું ઘર બનાવ્યું. હવા ઉજાસ ને બીજી સગવડતાવાળી આ વિશાળ પુસ્તકશાળામાં હું પહેલી જ વાર જગતના સાહિત્યસ્વામીઓનું સાહચર્ય શોધી રહ્યો.

થોડોક વખત મેં ઇતિહાસ લઈ એમ. એ. થવાનો વિચાર કર્યો, પણ શરીરની અશક્તિ જોતાં તે માંડી વાળ્યું અને સિવિલ સર્વિસની પરીક્ષા માટે સાહિત્ય, ઇતિહાસ વગેરેના વિષયો વાંચવા માંડ્યા.

મિત્રોમાં તો દલપતરામ હતા. અમે રોજ ક્યાં ય ને ક્યાં ય તો મળતા જ. ઘણુંખરું અમે સાથે ચાલીને આવતા. તે વખતે એ એમના ચાર મિત્રો સાથે મહિને પાંચ–છ રૂપિયાના ભાડાની ખોલીમાં રહેતા; અને કાલબાદેવી પરની એક વીશીમાં મહિને પાંચ રૂપિયા આપી જમતા. દરેક જમનારે ઘીદૂધ પોતાનાં લાવવાં એવો નિયમ હતો. ઘણી વાર ભૈયાની દુકાને ઊભા ઊભા અમે પડિયામાં દૂધ પીતા ને વીશીમાં જમવા જતા. દલપતરામની ઘીની શીશી મારે લીધે ઝપાટાભેર ખાલી થતી. કોઈક વાર રાતે હું મારી ખોલી પર

જવાને બદલે એમની ખોલીમાં જ સૂઈ રહેતો. રાતે જમ્યા પછી ઘણી વાર અમે ચોપાટી પર ફરવા જતા અને બેચાર પૈસાની ગંડેરી લઇ ખાતાખાતા, બાર વાગતાં સુધી વાતો કરતા. હું દલપતરામને મારી ગાંડીઘેલી વાતો કરતો. આ વખતે મને મારી અલ્પતા અગ્નિની માફક પ્રજ્વાળતી.

મારે માટે મોટો પ્રશ્ન ખરચનો હતો. તેનો મેં તોડ કાઢ્યો. વડોદરા કૉલેજમાંથી મને પહેલી એલએલ. બી. માં પહેલા આવવા માટે અંબાલાલ સાકરલાલ પારિતોષિક અને બી.એ. માં પહેલા આવવા માટે ઈલિયટ પારિતોષિક મળ્યાં હતાં. બન્ને પારિતોષિક પુસ્તકોના રૂપમાં મળવાનાં હતાં. દલપતરામ કોઈ પુસ્તક વેચનારની સાથે સોદો કરી આવ્યા. અમુક પુસ્તકો લીધાં. તેનો આંકડો લીધો. ન ગમે તે પાછાં આપવાની શરત કરી. આંકડો કૉલેજમાં મોકલી પૈસા મગાવ્યા. એ પુસ્તકોમાંથી ઘણાંખરાં એ પુસ્તક વેચનારને પાછાં આપ્યાં અને આમ હું સોએક રૂપિયા સામાન્ય ખર્ચ માટે મેળવી શક્યો.

દલપતરામની માફક મારે પણ છોકરાં ભણાવી પૈસા મેળવવા એમ અમે નક્કી કર્યું. દલપતરામ એક દિવસ ખબર લઈ આવ્યા કે ભરૂચ જિલ્લાના એક વેપારીને ત્યાં ભણામણી છે. એક સાંજે દલપતરામ ને હું તેને ત્યાં ગયા, દલપતરામે મારી ઓળખાણ કરાવી, ને સાથેસાથે ઉમેર્યું કે માણેકલાલ મુનશી ડેપ્યૂટી

કલેક્ટર હતા તેમનો હું છોકરો થાઉં.

"ઓહો, દુકાળમાં ડેપ્યૂટી કલેકટર હતા તે? હું એમને સારી રીતે ઓળખતો. ભરૂચ જતો ત્યારે મળતા; બહુ સારા માણસ હતા. કેમ છો? ખુશીમાં તો ખરાને? તમારાં માતુશ્રી કેમ છે?"

મારે કપાળે પરસેવો ફૂટ્યો. ભણામણીની વાત કાઢવાની મારી હિંમત જતી રહી. આડીઅવળી વાતો કરી અમે ત્યાંથી રજા લીધી. શેઠે ઘણા હેતથી વિદાય આપી ને અવારનવાર મળવા આવવાનું કહ્યું.

તે દિવસથી છોકરાં ભણાવીને પૈસા કમાવાના મારા કોડ અદૃશ્ય થઈ ગયા. પછી 'ઇન્દુપ્રકાશ' પત્રની ઑફિસમાં દલપતરામ મને લઈ ગયા. અને ત્યાં અંગ્રેજી પ્રૂફ્સ વાંચવાનું કામ મને મળ્યું.

બેત્રણ મહિનામાં તો મારા પેટમાં દુખાવો થવા લાગ્યો. એપેન્ડિસાઈટિસ તે વખતે જાણીતો રોગ નહોતો. એટલે જ્યારે દુખે ત્યારે અપચો માની હું રાઇનું પ્લાસ્ટર મૂકતો, જુલાબ લેતો અને હોઠ વચ્ચે રૂમાલ રાખી

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदा ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥[1]

નો જપ કરી, એ વેદના સહી લેતો.

એક વાર ગેઈટી થિયેટરમાં કોઈ થિયોસૉફિસ્ટ

---

૧. "કૌન્તેય! ઇન્દ્રિયાર્થો તો શીતોષ્ણસુખદુઃખદા,
અનિત્ય, આવતા-જાતા; સહી લે તેહ, ભારત!"
શ્રીમદ્ ભગવદ્ગીતા. અ. ૨. શ્લોક ૧૪.

પરદેશી બાઈનું ભાષણ સાંભળવા હું ગયો હતો, ત્યાં એકાએક પેટમાં દુખાવો થઈ આવ્યો. મોઢામાં રૂમાલ ચાવી જેમતેમ ભાષણ સાંભળ્યું અને ત્યાંથી એકલો, રસ્તે બેસતો, થોડી થોડી વારે ઊલટી કરતો મોડેથી ઘેર આવ્યો. એ વખતે મારા મિત્રો ઊંઘી ગયા હતા. તિતિક્ષા સેવતા આખી રાત મેં તરફડયા કર્યું.

આ પ્રસંગની અથવા એવા કોઈ એક પ્રસંગની એક રમૂજી વાત યાદ આવે છે. એ સભાના પ્રમુખસ્થાને સર ગોકળદાસ કહાનદાસ હતા. વ્યાખ્યાતાનું નામ મિસ લિનિયલ એડગર કે એવું કંઈ હતું.

ગોકળકાકા હમેશાં આંખો મીંચીને ભાષણ કરતા. આ પ્રસંગે પણ તેમણે વ્યાખ્યાતાની ઓળખાણ આપવી શરૂ કરી.

'Ladies and gentlemen,

The learned lecturer is a distinguished Theosophist. He was born in Australia." સભાજનો જરા હસ્યા. કાકાએ હાંકયે રાખ્યું: "He" લોકો ફરી હસવા લાગ્યા." studied at—" "He" તેમણે ચલાવ્યું ને સભા આખી ખડખડાટ હસવા લાગી ને કાકાએ આંખો ઉઘાડી. "He......oh, I mean she, left for England—" અને સભામાં ગમ્મતનો પાર રહ્યો નહિ.

હું જે જીવન જીવતો હતો તે તદ્દન નિઃસત્ત્વ નહોતું તેની ખાતરી આપતી મારી નોંધપોથીમાં

એક નોંધ છે :

'આજે થોડા મહિનાઓ થયા મને ઘણા ઉદાત્ત વિચારો આવે છે, પણ મારું ભવિષ્ય તદ્દન અનિશ્ચિત છે. સાધન વિના સિવિલ સર્વિસ દૂર ગઈ. આત્મશ્રદ્ધા નથી, એટલે સોલિસિટર થવાનું માંડી વાળ્યું અને હવે એલએલ.બી. કે ઍડ્વોકેટ થવાનું રહ્યું. પણ વકીલાતના ધંધામાં મને યશ મળશે? અત્યારે તો કંઈ કહી શકતો નથી. એ ધંધો બહુ અચોક્કસ ને અઘરો છે. એમાં ગિરદી પણ ઘણી છે. મારામાં બીજી કઈ મોટી શક્તિઓ છે? એટલે ગમે તેમ કરીને, ખંત ને મહેનતથી ચલાવી લેવું પડશે.' ૨૭–૯–૧૯૦૭

૧૯૦૭ના ડિસેમ્બર માસમાં સુરતમાં કૉંગ્રેસ મળી, ત્યારે અમે બધા દારાશાને ઘેર ઊતર્યા. અમે થોડાક લાલ-બાલ—પાલના કેમ્પમાં સ્વયંસેવક થયા, એ પ્રસંગનું આખું વર્ણન 'સ્વપ્નદૃષ્ટા' માં આપ્યું છે.

૪

પ્રાણલાલભાઈ બી. એ. પાસ થયા અને અમે બન્નેએ ૧૯૦૮માં ત્રીજા એક મિત્ર સાથે મળી ગિરગામ બૅક રોડ પર ખોલીઓ લઈ સાથે રહેવા માંડ્યું. પહેલાં કરતાં રહેવાનું સારું, ખાવાનું સારું અને સોબત સારી; એટલે અમે ત્રણે ય મિત્રો ગમ્મતી જીવન ગાળવા લાગ્યા.

લગભગ દર બુધવારે અથવા શનિવારે સવારે કે બપોરે હું નાટકની વાત કાઢતો. આનો પ્રાણુલાલભાઈ વિરોધ કરતા કહેઃ 'બાપના પૈસા બગાડીએ છીએ.' પછી ગાયન ગાવાનું શરૂ થાય. રાતે નાટકમાં જવું કે ન જવું તેના પર વિવાદ ચાલે. અને મહિનામાં નાટક પાછળ કેટલા પૈસા બગાડ્યા તેનો હિસાબ થાય.

રાતે જમીને બહાર ફરવા નીકળીએ. વચ્ચે ખેંચતાણ થાય અને આખરે સાડા નવ વાગે તો અમે કોઈ નાટકશાળામાં જ હોઈએ.

૧૯૦૫થી ૧૯૧૨ સુધીની મુંબઈની રંગભૂમિ એક રીતે અદ્‌ભુત હતી. વીજળીના દીવાનો ઝળહળાટ, કીમતી દૃશ્ય-સામગ્રીની ભભક, છાપરાં ઊડી જાય એવા બંદૂકના ધડાકા, ઘાંટાઘાંટ ને પાઉડરના થપેડા; ચણામમરા ફાકતા હોઈએ તેમ કરવામાં આવતાં ખૂન, દરેક પુરુષપાત્રને માથે અંગ્રેજી સ્ટુઅર્ટ રાજાઓ જેવા ખોટા લાંબા વાળ; નહિ અંગ્રેજી, નહિ તુર્કી, ને નહિ હિંદી એવા પહેરવેશમાં આવતા ઇન્દ્રાદિ દેવો, ક્રૂરતા ને પાપાચારનું અસ્વાભાવિક અમર્યાદિત પ્રદર્શન —આ બધાં અજોડ તત્ત્વો ત્યાં હતાં. આજની આપણી રંગભૂમિ પર દેખાતી વસ્તુઓ વગેરે તો ખરું જોતાં બાલીવાલાએ પચાશ વર્ષ પહેલાં સ્થાપેલી રંગભૂમિના સંપ્રદાયનાં આત્મા વિનાનાં હાડપિંજરો છે. આજે એ હાડપિંજરો જોઈ મારી રસવૃત્તિ મૂર્છા પામે છે. પણ બાલીવાલા, કાઉખટાઉ, મહમદઅલી, અમૃત

કેશવ નાયક, એનો ભાઈ વલ્લભ ને માસ્તર મોહન —આ માત્ર નટો નહોતા, પણ ગ્રાંટ રોડની રંગભૂમિના વિશ્વકર્મા હતા. એ અસ્વાભાવિક સૃષ્ટિમાં પણ પ્રાણ રેડવાની એમનામાં કલા હતી.

બાલીવાલાનો 'હરિશ્ચન્દ્ર,' કાઉખટાઉનો 'હેમલેટ' (ખૂને નાહક), મહમદઅલીનો 'મર્ચન્ટ ઑફ વેનિસ' (ઉર્દૂ નામ યાદ નથી), અમૃતનો 'ઝેરી સાપ,' મોહનનો 'ફાંકડો ફિતૂરી'–વગેરેમાં આકર્ષણનો પાર નહોતો. આ બધા નટોના અભિનયમાં પણ અપાર કૃત્રિમતા હતી. ભંગી હરિશ્ચન્દ્ર બનેલો બાલીવાલા હાથમાં ડાંગ લઈ 'પ્યારી તારા'ને નામે બરાડા નાખતો, વૃદ્ધ કાઉખટાઉ જુવાન હેમલેટ બની બીજાં પાત્રોના મુસલમાની પહેરવેશ છતાં પોતે યુરોપીય વેશ સજતો. મોટે ઘોઘરે અવાજે બોલતો ને ફલંગો મારી ચાલતો. છતાં પોતાના વ્યક્તિત્વથી તે મોહ પમાડતા. અમૃત કેશવ નાયક નટોમાં શ્રેષ્ઠ હતો. એ દરેક વેશ ભજવતો ને બધા ય વેશોમાં લોકોનું મન હરતો. રંગભૂમિનાં નાટકોનું વસ્તુ બધું ભયંકર, વાર્તાલાપ બધો ભાષણિયા.

એ બધામાં પણ એની નાટ્યકલા શોભતી. બીડીના ધુમાડાથી ઘેરાયેલા આઠ આનાના વર્ગમાં બેસીને મેં પંદર સત્તર વખત 'ઝેરી સાપ' નાટક જોયો હશે. એમાં એક સોળ વર્ષનો નાઝીર નામનો છોકરો છોકરીનો પાઠ કરતો. એના અવાજ જેવો

માધુર્ય ટપકતો ને હૃદયવેધક અવાજ મેં એક જ વખત ફરી સાંભળ્યો હતો—ને તે રોમના ઑપેરામાં એક નટીનો.

આ નાટકમાં ગોહર ઊતરતી. એના પર અમે બધા ફિદા હતા. એનું ગાયન 'દેખુંગી પ્યારે અબ્બાકા મુખડા' તો ગાઈ ગાઈને અમારા દિવસો જતા.

આ રંગભૂમિ આકર્ષક હતી—જેમ સરકસ કે જાદૂના ખેલ હોય તેમ. એની મારા પર કશી ય ઊંડી અસર થઈ નહિ. એમાં કશું ય વાસ્તવિક નહોતું. અને એ જ નાટ્યપ્રણાલીમાં આજે પણ ભજવાતાં ગુજરાતી નાટકોમાં મને ઝાઝો રસ પડ્યો નથી.

ગેઈટી થિયેટરનાં સ્મરણો તદ્દન ઝાંખાં છે. તે વખતે ત્યાં 'સૌભાગ્યસુંદરી' નો યુગ પ્રવર્તતો. સોળસત્તર વર્ષની અપૂર્વ 'સુંદરી' (જયશંકર) ગુજરાતીઓની આંખોની કીકી સમાન હતી. તે રંગભૂમિ પર આવે ને રંગભૂમિ પર સોનાનાં કડાં ને વીંટીઓનો વરસાદ વરસે. એની ચાલ ને લટકાં જોઈ જોઇને ગુજરાતી ગૃહિણીઓ વરને વશ કરવાના ઘેર પાઠ કરતી. એનાં સ્વપ્નો સેવતાં વૃદ્ધોમાં જુવાની આવતી.

જ્યારે આજે પણ

'મારા તનમાં મનમાં ભર્યો છે, ડર્યો છે ભય, જાવું ગજ જોતી !'

ગાઉં છું, ત્યારે 'સુંદરી' નજર આગળ દેખાય છે, લાવણ્યમયી લટકાળી ગુજરાતણના આદર્શસમી; જે

આદર્શ આજે પણ કોઈ ગુજરાતણ ભાગ્યે જ સિદ્ધ કરી શકી છે. ‘ કામલતા ’ નાટકનાં કેટલાંક ગાયનો તો કાવ્યો જ છે, અને મારી ભાવસમૃદ્ધિમાં જડાઈ ગયાં છે.

“ જેવી મને દીધી ત્યજી, તેમ બીજીને ત્યજશો નહિ,
કોઈ પ્રીતિવશ અબળા બિચારી ભોળીને ઠગશો નહિ.”

એ પંક્તિઓ જ્યારે જ્યારે હું સાંભળતો કે ગાતો, ત્યારે મારી આંખોમાં પાણી આવતાં અને ‘ દેવી ’ જાણે એ પંક્તિઓ ગાતી ગાતી મરી જતી હોય એવો મને ભાસ થતો. એ પંક્તિઓએ પ્રેરેલાં કલ્પનાચિત્રોમાંથી ‘ વેરની વસૂલાત ’માં તનમનના મરણનું દૃશ્ય રચાયું હોય તો નવાઈ નહીં.

૫

જે બાલિકા સાથે નાનપણમાં હું સચીનમાં રમ્યો હતો, તેનાં સ્મરણો વડે મારી કલ્પનાએ ‘ દેવી ’ ઘડી કાઢી હતી. તે કલ્પનામૂર્તિની આસપાસ મેં એક નાની શી સૃષ્ટિ રચી હતી, અને તેમાં હું સુખ અને દુઃખ બન્ને અનુભવતો હતો. મારી કલ્પનાવિલાસી ઊર્મિઓ એ સૃષ્ટિ દ્વારા વ્યક્ત થતી અને એમાં પડતાં દુઃખો જે હું પોતે જ વહોરતો હતો, તે જીતવા માટે મારે અથાક પ્રયત્ન કરવો પડ્યો.

આજે થોકબંધ કાગળો અને નોંધો એ સૃષ્ટિની સાક્ષી પૂરે છે. સમકાલીન અશ્રુઓ અને નિસાસાથી

તરબોળ એ સામગ્રીના ઉલ્લેખ વિના મારા વિકાસની દિશા ભાગ્યે જ સમજી શકાય.

૧૯૦૭માં હું મુંબઈ આવ્યો, ત્યારે 'દેવી'ની મને ખૂબ જ ઝંખના થતી. પિટીટ લાયબ્રેરીમાં વાંચવા બેસતો તેટલો જ સમય હું એમાંથી બચી જતો. બાકીનો બધો વખત એકલતાથી અકળાયા કરતો. કોઈ પણ રૂપાળી છોકરી નજરે ચડતી કે તરત 'દેવી' આવી કે શું, એવો મને વિચાર આવતો અને તે ન હોય તો આઘાત થતો. જ્યારે ટપાલી બારણું ઠોકે, ત્યારે એનો પત્ર આવ્યો હશે, એવી કલ્પનાથી હૈયું ધબકી ઊઠે અને મારો તલસાટ અકળામણભર્યો બને.

આઠ વર્ષ હું 'દેવી' જોડે રમ્યો હતો. ફરીથી ૧૯૦૩માં ચાર દિવસ તેને મળ્યો હતો. ત્યાર પછી તેને વિષે મેં કંઈ પણ સાંભળ્યું નહોતું. આ બધી વાસ્તવિક વસ્તુસ્થિતિ યાદ આવતી; છતાં તે બધી ખોટી લાગતી અને આ તલસાટ ખરો, જીવતોજાગતો હતો. ધીમે ધીમે 'દેવી' સંસ્મરણમૂર્તિ મટી સદાની સહચરી થઈ ગઈ.

'હો મને ભૂલી ગયો છે મારો છેલડો રે.'

એ ગીતની પંક્તિઓ બોલતાં જ મારું કાલ્પનિક સાહચર્ય શરૂ થતું. આખો વખત હું મીરાંબાઈનાં ભજન ગાઈ ઊર્મિઓને બહેલાવતો. મારા એકલવાયા જીવનથી અકળાતો, ત્યારે ચર્નીરોડથી વિરારની ટિકિટ લઈ

બપોરની ગાડીમાં બેસતો. વિરાર જઈ પાછી આવતી ગાડીમાં ચર્નીરોડ આવતો. બન્ને વખત ઉતારુ વિનાનો એકાદો ડબ્બો શોધી હું બેસતો. તે વેળા 'દેવી' મને સહચાર આપતી હોય તેવો મને ભ્રમ થતો અને હું નાટકનાં ગાયનો ગાઈ પ્રેમસંવાદ કરતો. આ કલ્પનાવિલાસ મારા તે વખતના વિષમ જીવનનો લહાવો ને પ્રેરણા થઈ પડયો.

જ્યારે બહુ ઉદ્વેગ થતો, ત્યારે મોડી રાત સુધી બેસી હું અંગ્રેજીમાં કાગળ પર હૃદયના ઊભરા ઠાલવતો. એવા અનેક ઊભરામાંના થોડાક મારી એ સમયની મનોદશાનો ખ્યાલ આપશે :

> 'હું આવી દીન સ્થિતિમાં આવી પડીશ એમ કોણે ધાર્યું હતું ? મારા સ્વભાવનાં જુલમી શાસનો પ્રમાણે જ મારે જીવવું રહ્યું. મારે કોઈ સ્નેહ કરવા જોઈએ છે; સ્નેહવિહોણી એકલવાયી જિંદગી હું સહી શકતો નથી.
>
> મારા હૃદયની વૃત્તિઓ મિત્રો સંતોષી શકશે ? શું તેઓ વિશ્વાસુ ને સંવાદી નીકળશે ? કે મારા દીન હૈયાને પલ વાર બહેલાવી તેનો દ્રોહ કરશે ? નિર્બલ ગાંડા માણસની માફક હું ચારે તરફ વળગવા ફાંફાં મારું છું, પણ રખેને કોઈ અપાત્ર પર વિશ્વાસ મૂકી દઉં તો ? આશાવિહોણો આ સ્નેહતૃષાની વેદના હું કોને કહું ? મને બીજાના સુખની ખૂબ અદેખાઈ આવે છે. દુનિયાએ મને

ક્રૂર રીતે દૂર ધકેલી મૂકયો છે; હું તેનો બદલો કેવી રીતે લઉં ? હું એકલો જન્મ્યો છું અને એકલો ને દુઃખી જ મરવા સર્જાયો છું ?'

૧૯–૩–૧૯૦૮

બીજે દિવસે ફરી નીચે મુજબ નોંધ છેઃ

'કોઈ મદદ નહીં કરે ? હું સ્નેહ વગર મરી જાઉં છું ! હું હૈયાસૂનો કેમ ન જન્મ્યો ? દુનિયામાં કોઈ એવી શક્તિ નથી જે મારો અંત આણે ? ઘણી વાર ભીંત સાથે માથું પછાડી પ્રાણ ત્યાગવાની મને ઈચ્છા થાય છે, પણ દુષ્ટ ગર્વ મને રોકી રાખે છે. જિંદગી મળી તો તેનું કર્તવ્ય પૂર્ણ કરવામાં જ બહાદુરી છે એમ લાગે છે.'

'દેવી' સાથે હું વાર્તાલાપ કરતો, તેનું દૃષ્ટાંત એક નોંધમાં છે. તેમાં હું દેવીરૂપે મને પ્રણયવચન સંબોધું છું અને મારી સર્જનાત્મક કલાનો પાયો નાખું છુંઃ

'હું એકલી હતી. બંધન મને બાંધતાં નહિ. શૃંખલા મને જકડતી નહિ. એકલવાયી ને ગમગીન હું મારે રસ્તે જતી.

ઊંડો ઘેરો અંધકાર મારી ચારે તરફ પ્રસરી રહ્યો હતો. મારા લગ્નેશગ્રહને શાપ દેતી હું અંધકારમાં ડૂબતી.

તેજનું એક કિરણ માત્ર મારો પંથ ઉજાળતું, મને આશ્વાસન દેતું.

એક તારો ચમક્યો, ખર્યો, દેવનો દૂત ઊતરી આવ્યો. મને ભ્રમણા થઈ. એને દૂર કરવા મેં બહુ પ્રયત્નો આદર્યા, પણ હું નિષ્ફળ નીવડી. એના માધુર્યથી એણે મને સિંચી, પ્રેમને સોનેરી તાંતણે મને બાંધી. એણે મને હાથ આપ્યો, ઊંચકી લીધી, ડૂબતી બચાવી; હવે મારા પર નિરાશા ઝઝૂમતી નહોતી.

હું સુખી બની. જીવન હવે શુષ્ક નહોતું. મારી ભાવના હવે મૃગજળ નહોતી; તેમાં હવે મારી તૃષા છિપાવતો રસ રેડાયો હતો.

સુકાની વિનાની ઊછળતી, ભૂલી પડેલી મારી નાવ મેં એને સોંપી. એ હોડલી સરતી હસતી એના જાદૂભર્યા સ્પર્શથી તરંગો પર સહર્ષ નાચવા લાગી.

જીવન હવે અકારું નહોતું. એ મારી પડખે હતો. હવે મને મારા જીવનનું નિશાન જડ્યું હતું; મારા દેવદૂતને યોગ્ય મારે થવું હતું. એના સત્કારતા હાથોમાં હું લપાઈ બેઠી અને હતી તેનાથી ય સરસ બની. જીવનમાં તેજ આવ્યું. જોઈતું હતું–જેના વિના હું તરફડતી હતી–તે એણે મને દીધું.

એનું નામ પ્રણય હતું.

ઘણે ઘણે કાળે મેં સુખ જોયું. હું એને

ભેટવા સદા તલસતી. વિખૂટી થયે કાયર બનતી. એ મિલન એ જ મારો એક માત્ર આનંદ હતો. દિવસ આખો દૂરથી સંભળાતા એના પગરવ કે મધુરા શબ્દના ભણકારા મારા હૈયાના તારેતાર ઝણઝણાવતા. રાત્રી અંતર ભેદતી અને હું સ્વપ્નામાં એની સાથે જઈ વસતી.

એની હૂંફમાં હું ફૂલતી ને ફાલતી. પણ હું સ્વાર્થી હતી, મૂર્ખી હતી; બહુ બહુ માગવાની મને ટેવ પડી હતી. એને મળવાના લોભમાં હું એકદા ગાંડી બની. એ બેદરકાર નહોતો, છતાં એની બેદરકારી મને દુઃસહ થઈ પડી. હું ગુસ્સે થઈ. આવેશમાં આવી હું ચંડી સમી વઢવા બેઠી.........

અરેરે! એને કંઈ કંઈ કહેતાં મારી દુષ્ટ જીભ કપાઈ કેમ ન ગઈ?

એના વદન પરથી હાસ્ય જતું રહ્યું. એ કાંપ્યો. એણે નિશ્વાસ નાખ્યો. એના હોઠ ધ્રૂજ્યા. કપોલ પરથી એક અશ્રુબિન્દુ સર્યું. એને લાગ્યું કે હું એને છોડી જઈશ.

પછી–ખૂબ પછીથી મેં જાણ્યું કે મેં એને દૂભવ્યો હતો.

મેં ક્ષમા મેળવવા યાચના કરી. હું શું એટલી ક્રૂર હતી? મારી ભૂલ શું અક્ષમ્ય હતી?

અરેરે ! શા માટે-શા માટે એ ભૂલ કરતાં પહેલાં હું મરી ન ગઈ?

હું રડું છું...હું થરથર ધ્રૂજું છું...શું મને એ ક્ષમા નહિ આપે? એ પાછો નહીં આવે? મારાં ઊનાં ઊનાં આંસુડાં પણ મારો એ અપરાધ નહીં ધૂએ?

પ્રિય પંખીડા! આવ, પાછો આવ. તને સત્કારવા તારું પાંજરું વાટ જુએ છે.

મેં એને પ્રણામ કર્યા; એણે ઉત્તર વાળ્યો. પણ એના અવાજમાંથી ઊષ્મા ચાલી ગઈ હતી. એનું માથું ધીમેથી નમ્યું. આંખો તટસ્થતાથી જોઈ રહી; ને અમે ખેદથી છૂટાં પડયાં.

પહેલાંના ઉત્સાહઘેલા 'જયજય'નું ચેતન કયાં ગયું? પહેલાંની સ્નેહભીની વિદાયની અકળામણ કયાં ગઈ? કયાં ગયો એ વણભુલાતો હસ્તસ્પર્શ—અચલ ભક્તિના મુદ્રાલેખસમો?

ઓ પ્રિયતમ, મને ભાન નથી. હું મરવા પડી છું. મધરાત મને ગૂંગળાવે છે. તું મને ક્ષમા નહીં આપે? હતો તેવો થઈ રહેઃ મારે બીજું કંઈ જ જોઈતું નથી.

ભૂતકાળને ભૂલી જા. હું નિર્બળ હતી.... સ્વચ્છંદી હતી.....હા, હતી. પણ મારો અપરાધ એક જ હતોઃ મારા પ્રણયને સીમા નહોતી, તારા વિના હું જીવી શકતી નહોતી.

હું નિર્બળ છું, મને સશક્ત કર. હું મૂર્ખી છું, મને ડહાપણ દે; પણ મને તજી ન દે. અને હજી પણ જો તું નિષ્ઠુર જ હો, તો તારા પ્રેમાળ હૈયા પર મને મરવા દે.

મારી યાચનાને તરછોડતો નહિ, મારું સુખ તારા હાથમાં છે. હજી પણ નહિ માને? મારો અપરાધ હજી પણ અક્ષમ્ય ગણતો હો તો યાદ રાખજે કે મારા જીવનની જવાબદારી તારે શિર છે. હું જીવથી જઇશ તો દોષપાત્ર તું જ હશે. પણ ના....મને આશા છે કે એ દિવસ જરૂર પાછો આવશે જ્યારે તું પાછું વળીને જોઇશ.

પ્રિયતમ, તારા પ્રેમાળ હૃદયને હું પિછાનું છું. તેમાં મારું સ્થાન છે. હું ભલે ભૂલું, ભલે પડું, પણ ત્યાં જ મને આશ્રય મળશે—જેમ તને મારા હૈયામાં સદા ય મળશે તેમ.

પ્રિયતમ મારા, એ પળ જરૂર આવશે જ્યારે આપણાં બન્ને હૈયાં એક બની ઊછળશે. ત્યારે એકબીજાના સાથમાં આપણે બે જગતને ને જગતે દીધેલાં દુઃખને વીસરી જઇશું. તો શા માટે વિલંબ કરે છે? પ્રાણ, એ ધન્ય પળ શાને દૂર ઠેલવી? આવ, આપણે બે છીએ; બેના હવે એક બનીએ.'

જ્યારે મને બહુ ઉદ્વેગ થતો ત્યારે ગીતાનાં પ્રોત્સાહક સૂત્રોનું રટણ કરી, રોગનો ઉતાર હું શોધતો.

મેં ગીતાનો અભ્યાસ કર્યો નહોતો. માત્ર કેટલાંક સૂત્રો જપીજપી સ્વસ્થ મનોદશા પ્રાપ્ત કરવા હું પ્રયત્ન કરતો. આમ અજાણપણે જપયજ્ઞની[૧] પ્રબળ શક્તિને હું મદદમાં લેતો. આ સમયે કાર્લાઈલનું પ્રોત્સાહન પણ ઘણું મળ્યું.

એક નોંધ કહે છે:

'કાર્લાઈલ મારો પરમ મિત્ર થઈ રહ્યો છે. એણે મને ઘણી હિંમત આપી છે. એની મદદથી બાથોડિયાં ભરવાનું મારામાં થોડું જોર આવ્યું છે. છેલ્લે સુધી હું બાથોડિયાં ભર્યે જઈશ.'

એ સમયના મારા અસ્વસ્થ માનસની સાક્ષી આપતી બીજી એક નોંધ છે, જેમાં હું આત્મપરીક્ષા કરું છું:

'પ્રમાદ અને આળસના સન્તાન, તું વખતનો કેવો અપવ્યય કરે છે? તારી જવાબદારીનું કંઈ ભાન છે? તું સ્ત્રીની માફક રડતાં શીખ્યો છે! છોકરીની માફક જરાજરામાં નિરાશ થાય છે! તારે કોઈનો આધાર જોઈએ છે! તારા નિર્બળ હૈયાને ટેકવનાર જોઈએ છે!

તેનો તે જ અવાજ તારા કાનમાં સંભળાય છે: આ બધું કોને માટે?

તું એવો નિર્બળ છે કે તારાથી એકલા જિવાતું પણ નથી? તારો જીવનક્રમ રચ્યો ત્યારે

૧. સરખાવો: यज्ञानां जपयज्ञोऽस्मि ।
શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અ. ૧૦; શ્લો. ૨૫

કોની મદદ લીધી હતી? તેં કોનો હિસાબ ગણ્યો હતો? સ્વસ્થ થા, હિંમત રાખ, તારી ભાવના સિદ્ધ કરવા પ્રયત્ન કર.' ૨૨–૯–૧૯૦૮

વળી નિરાશાનો ધ્વનિ સંભળાય છે. આત્મઘાતના વિચારોને હું હૈયામાં રમાડું છું.

'મારા કાનમાં હમેશાં અવાજ સંભળાય છે કે હું મરવા બેઠો છું. આ દુનિયામાં રહેવા કરતાં મરવું વધારે સારું.

મારી નજર આગળ દૃશ્ય દેખાય છે. મારી આંખો મીંચાયેલી છે. મારી ચિતાની આસપાસ ડાઘુઓ ઊભા છે. ચિતાનો ધુમાડો હું જે કંઇ છું તે લઈ જતો દેખાય છે. મારામાં વસતું 'કંઈક' પોકારે છે કે આ સ્થૂલ સંસારની સાંકડી ઘરેડમાં હું શા માટે રઝળ્યા કરું છું? શા માટે આ પાર્થિવ બંધનો નથી તોડી નાખતો? શા માટે આ દુઃખી જીવનની કંટાળા-ભરેલી ઘટમાળને છેલ્લા નમસ્કાર નથી કરતો?

હું જીવવાને લાયક નથી. મને પૃથ્વીનું આકર્ષણ રહ્યું નથી. જે વૃત્તિ માણસને પૃથ્વી પર સુખી કરે છે તે હવે જતી રહી છે. ચંચળ આનંદ અને ચિરંજીવ નિરાશા વચ્ચે મારું જીવન ઝોલાં ખાય છે. એની આસપાસ ઘેરો અંધકાર છવાઇ રહ્યો છે.

ઘણી ય વાર હું મારી પથારીમાં તરફડ્યો છું ને મેં મૃત્યુ ઝંખ્યું છે. મારાથી વધારે સારા ને

શક્તિશાળી માણસો મરી જાય છે છતાં હું શા માટે જીવું છું?

આ ને આ વિચારો મને શા માટે આવ્યા કરે છે? જ્યારે હું મારા મંદવાડમાંથી સાજો થયો ત્યારે મને લાગ્યું હતું કે ગયેલો મારો જીવનનો રસ પાછો આવ્યો છે, પણ ના. એક વર્ષ તો વીતી ગયું પણ હું તો હતો તેવો જ રહ્યો છું. મારે ને સંસારને શો સંબન્ધ રહ્યો છે? કશો નહિ. મને જગતે ક્રૂરતાથી દુઃખ દીધું છે. શા માટે મારે અહીં વધારે રહેવું જોઇએ? 'હેમ્લેટ'માં શેક્સપિયર હેમ્લેટ પાસે કહેવડાવે છે કે ઈશ્વરે આત્મઘાત ન કરવાની આજ્ઞા કરી છે. પણ ના; ઈશ્વરે એવું કદી કહ્યું નથી. એ તો આપણે જ કહીએ છીએ. મૃત્યુ મારાથી દૂર નાસી જાય છે. પ્લેગ પણ મારાથી દૂર ભાગે છે. રોગ પણ મને મૃત્યુની પાસે લઇ જતો નથી. હું ક્યાં ઘસડોઉં છું? શક્તિ ઉપરાંત વાંચવાથી પણ મોત આમંત્રી શકીશ, એ આશા પણ નથી રહી. મારા જન્મ વખતે કોઈએ શાપ દીધો લાગે છે: "દરેક સુખથી વિમુખ એવું દુઃખી જીવન તું વિતાવજે.'

આ જીવનવ્યવહારનો હેતુ શો? તુચ્છ વિજય મેળવવાનો? લોકપ્રિયતા મેળવવાનો? ના, ના, મોતને જ શરણ જવું સારું છે.

તરફડિયાં શા માટે માર્યાં કરવાં? ભસ્માશ થઇ

માંદલા બની ફરવા કરતાં વખતસર આત્મઘાત કરવો શો ખોટો?' ૧૮-૧૦-૧૯૦૮

૧૯૦૯ની નોંધો ફરી ફરી શકિત માટે પ્રાર્થના કરે છે:

'આ વિશાળ જગતમાં મારું કોણ છે? હું કોનો છું? પૃથ્વીની દિશાઓ ઉત્તર વાળે છે: કોઈ નથી.

આ દુઃખનો ભાર કયાં સુધી વહ્યા કરવો? જ્યારે હું બીજાઓને પ્રવૃત્તિપરાયણ, સુખ અને સુયોગમાં મહાલતા જોઉં છું ત્યારે મને થાય છે કે મોત કેમ આવતું નથી?

આ અરણ્યસમ પૃથ્વીને માટે મને મોહ નથી રહ્યો. વિસંવાદી મૈત્રી મને શાંતિ આપતી નથી. શું મારે કાલાન્ત સુધી દુઃખથી ગ્રસ્ત અને એકાકી રહેવું પડશે?

મારી ઊછળતી અભિલાષાઓ મારે ગૂંગળાવી દેવી પડે છે. મારી ઊછળી રહેલી મહત્ત્વાકાંક્ષાને પણ દબાવી દેવી પડે છે. મારા બળવાખોર હૈયાને પણ કચડી નાખવું પડે છે. મારે હિમ જેવો સખત સંયમ રાખવો પડે છે અને પડશે—થોડા દિવસ માટે નહિ, થોડાં વર્ષ માટે નહિ, પણ દસ વીસ કે પચાસ વર્ષ માટે.

હું મારી જાતને યંત્ર જેવી કેમ બનાવી શકતો નથી? એ સિવાય મારો મોક્ષ નથી. મારી પાસે

બધું છે પણ એક વસ્તુ નથી; અને એક વસ્તુ નથી એટલે બધું ય નથી. સુખ એ શબ્દ મને કેવો કર્કશ લાગે છે! મારે માટે સુખ છે જ ક્યાં? બધું ય દુઃખનો સ્વાંગ ધરીને આવે છે. પણ મારે એથી ડરવું? ના ભલે મહેનત મને મારી નાખે, પણ હું હાર ન સ્વીકારતાં નીરસ મજૂરીને જ મારી સાથી બનાવીશ. મારે કોઈ માનવીની મદદ જોઈતી નથી. જે સંસારે મારાં સુખનાં સ્વપ્નાં અધૂરાં રાખ્યાં અને આજે હું છું તેવો મને બનાવી મૂક્યો તેની મને શી પરવા હોય?

મૂર્ખ આત્મા! સુખના ખ્યાલો છોડી દે. મહેનત કર. આખરે તારી ક્ષીણ થતી શક્તિઓ મૃત્યુ અને વિનાશને સત્કારશે!' ૨૬–૩–૧૯૦૯

'દેવી'નાં સ્મરણોમાંથી શક્તિ મેળવવાનો કીમિયો પણ ચાલે છે.

'આ કેવી જાળમાં હું ફસાયો છું! મહેનત કરવાની શક્તિ પણ રહી નથી. કસરત છોડી, વાંચવું છોડ્યું, હાથ જોડી બેસી રહેવા માંડ્યું. આ મૂર્ખાઈ છે. જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી બહાદુરીથી શા માટે ન જીવવું?

આ ઘેન ક્યારે ઊતરશે? પ્રયત્ન ન કરવો એટલે અધમતામાં સડવું. કાયર! તું મરણની આશા તો રાખે છે, પણ તે ન આવ્યું ને લાંબો રોગ આવ્યો તો? તારે કોઈ મિત્ર નથી, કોઈ

સંવાદી આત્મા નથી કે તને પ્રેમથી મદદ કરે. તારી બુદ્ધિ ક્ષીણ થશે, તારી શક્તિઓ વિનાશ પામશે ત્યારે જગત તારી સામે જોઈ હસશે નહીં? અને એ કદી તને ગમશે?

ના....કદી નહીં. મારે સ્વાસ્થ્ય મેળવવું જોઈએ; વિજય મળે ત્યાં સુધી મારે પ્રયત્ન કરવો જોઇએ; મરવું તો છે જ. તો જ્યાં સુધી જીવું છું–જ્યાં સુધી દેહયંત્ર ભાંગ્યું નથી ત્યાં સુધી વીરની માફક ઝઝૂમવું જોઈએ.

'દેવી!' હું તારે લાયક થવા જીવીશ. એક પણ કર્તવ્ય એવું નહીં કરું જે તારે લાયક ન હોય. બીજું કંઈ નહીં તો તારાં સ્મરણો પર જીવીશ.' ૨૧–૪–૧૯૦૯

થોડા મહિના પછીની એક બીજી નોંધ વળી વિહ્વલતા બતાવે છે:

'એકલવાયું જીવન ખાલી છે. હૃદય થાકી ગયું છે. ઈશ્વરે જેવી સૃષ્ટિ રચી છે એવી મારે માટે રહી નથી. બધી પ્રવૃત્તિઓમાં અંધકાર પ્રસરી ગયો છે. દૂરથી આવતું કિરણ મારા સૂના હૃદયમાં પ્રકાશ પાડે ને જ્યાં રાત હતી ત્યાં દિવસ ઉગાડે –એ ધન્ય પળની મેં બહુ વાટ જોઈ, પણ પ્રેમના દૈવી ઉલ્લાસો મેં કદી અનુભવ્યા નહીં. ક્રૂર શિશિરે વિનાશ પ્રસાર્યો. હું થાકેલો, હારેલો, હતભાગી

મનુષ્ય જીવનને પંથે જાઉં છું. જીવનનો પ્રેમ ઓસરી ગયો છે. આત્મામાં શાંતિ નથી. સાથી વિના મારો દૃષ્ટિપથ ઘેરાય છે. કોઈ પ્રિયજન મારાં ટપકતાં આંસુ લૂછતું નથી. શોક અને બીક મારા સૂના હૈયાને કચરે છે. મારા થાકેલા મનને આરામ લેવા કોઈ સુંવાળું સ્થાન નથી. કોઈ મધુરા મુખનું સંગીત મને શાંત થવા પ્રેરતું નથી. મારા આત્માની સાથે કોઇ આત્માએ ઉલ્લાસમય સંવાદ સાધ્યો નથી. કોઈ પ્રિયતમાને મેં કહ્યું નથીઃ 'તું મારી છે, હું તારો છું.' ૧૮–૯–૧૯૦૯

રુધિરથી લખાયેલા મારા સ્વાનુભવી ભાવોનો આમાં સાક્ષાત્કાર થાય છે. મહત્ત્વાકાંક્ષી નિર્જીવ એકલતામાં અધીરા એવા ને કલ્પનાવિલાસી યુવકની આ રોગિષ્ટ મનોદશા હતી, પોતાની શક્તિના ભાન વિનાના સાહિત્યકારની આ સર્જકવૃત્તિ હતી કે આચારમાં સંયમી યુવકના હૃદયમાંથી જાતીયવૃત્તિ આ રીતે ડોકિયાં કરતી હતી, તે કહેવું કઠણ છે.

ધીમે ધીમે આ ભાવો કલ્પનાવિલાસી બનતા જાય છેઃ

'સ્વપ્નસૃષ્ટિના પ્રકાશમાં જ્યાં સંસ્મરણો આછી છાયા સમાં પ્રસરે છે, ત્યાં એક સ્વરૂપ દેખાય છેઃ પ્રકાશમય, દૈવી અને મોહક; આવતી ઉષાના તેજસ્વી અને શરમાતા સૌંદર્યથી શોભતું. મારા

જીવનને શાસતી એ તારલિકા છે. ઉલ્લાસથી એ મારી નાવ હંકારી જાય છે. એ મારું આશ્વાસન ને એ મારી પ્રેરણા. અંધકાર ને અરણ્યમાંથી દોરી જતો એ મારો વહ્નિસ્તંભ.

ભાવભીના માર્દવથી એ મને બોલાવે છે, અમારા આત્માઓને અલગ રાખતી ભયંકર ને નિઃસીમ અનન્તતાને પેલે પારથી. મારી સ્મરણ-શક્તિ તેના સ્મિતની રેખાઓ સ્પષ્ટ કરે છે. અને સદાકાળ માટે સરી ગયેલા એ દિવસોની સુરમ્યતા હું ફરી અનુભવું છું.

એ મારે માટે તલસે છે. હું અનન્ત કાળની અવગણના કરું છું. વિયોગનો દુસ્તર સાગર હું તરી જાઉં છું. અમે મળીએ છીએ–કદી છૂટાં ન થવાં.

અમે સાથે ને સાથે રહીએ છીએ. દરેક સ્થળે–સ્વર્ગનાં સૌન્દર્યમંદિરોમાં, ભવ્ય કો વિશ્વખંડમાં, દૂર ચમકતા કો તારા પર અને પ્રલયકાળમાં અમે સાથે ને સાથે લય પામીએ છીએ.'

૯–૬–૧૯૧૦

ગાંડા યુવકની આ અદમ્ય ઝંખના કદી સિદ્ધ થવા સર્જાઈ હતી કે ?

ઑક્ટોબર ૧૯૧૦માં હું ઍડ્વોકેટની ટર્મ ભરવા આવ્યો ત્યારે આ ઊર્મિવ્યથામાંથી કંઈક અંશે ઊગરી ગયો તેની સાક્ષી નોંધો પૂરે છે:

'વ્યથાનું એક વર્ષ ચાલી ગયું. કાળને સામસામે કિનારે અમે ઊભાં ને ઊભાં જ રહ્યાં.

'દેવી!' તારું નિમંત્રણ તિરસ્કારી સંસારી બંધનો બાંધવામાં હું યોગ્ય કરું છું? તારી નિર્દોષતા, પવિત્રતા, ત્યાગ અને ભક્તિને માટે હું લાયક છું?

મારાથી જવાબ દેવાતો નથી.

આ એકલવાયા અને ગૂંગળાવતા વિગ્રહમાં જો હું બીજા કોઈની મદદ લઉં તો માફ કરજે.'

ચાર વર્ષ પછી આ આખો સ્વાનુભવ 'વેરની વસૂલાત'માં નવો દેહ ધારે છે; અને હું મારી અસ્વસ્થ મનોદશા પર મહામહેનતે સ્વામિત્વ મેળવું છું. પણ 'દેવી'ની કલ્પનામૂર્તિ મારી અને જગતની બીજી સ્ત્રીઓ વચ્ચે એક પડદો ઊભો કરી મૂકે છે—પાછળથી ભેદાય છે ત્યાં સુધી.

૬

મનુકાકાને મેં 'અડધે રસ્તે'માં[૧] નાનાભાઈને નામે ઓળખાવ્યા હતા. એમના પિતા માધુભાઇ સાહેબ શંભુરામ કોટવાળના[૨] ભત્રીજા, વડોદરાની સરદાર કોર્ટના માજી જડ્જ, બાપાજીના વહેવાઈ અને ન્યાતમાં એમના પ્રતિસ્પર્ધી હતા. યાદ છે ત્યાં સુધી મનુકાકા

૧ 'અડધે રસ્તે' પાનું ૨૮૬
૨ એજન. પાનું ૩૧.

અને મને જનોઇ અપાયાં ત્યારે અમે બાલબ્રહ્મચારી થઈ સાથે ફરેલા. એમના ભત્રીજા શિવપ્રસાદ એમનાથી એક વર્ષે મોટા હતા. તે મારી ભાણેજના પતિ થાય. રજાના દિવસોમાં ન્યાતના છોકરાઓના જે મંડળમાં હું ભળતો તેમાં મનુકાકા અને શિવપ્રસાદ હતા. એ બન્નેનો નિકટ પરિચય તો ૧૯૦૬ માં વડોદરા કૉલેજની બોર્ડિંગમાં એ રહેવા આવ્યા ત્યારે જ થયો.

મનુકાકા માટે મને પહેલેથી જ ખૂબ આકર્ષણ હતું. મારામાં જે ન હતું તે એમનામાં હતું. હું વાંચવામાં મગ્ન, ગંભીર, બીકણ, રમતો રમવાને અશક્ત, ઉંમરના પ્રમાણમાં વધારે ભણતો. મનુકાકા રમતિયાળ, બહાદુર, બટકબોલા, હેતાળ, હસમુખા, મોજી, બાલિશ, દરેક રમતમાં એક્કા; માત્ર વાંચવા બેસતાં મનુકાકાની બોચીએ માંકડી બેસતી. ૧૯૦૬ માં થયેલો અમારો પરિચય તો આગળ વર્ણવ્યો છે.[1]

૧૯૦૭ પછી, જ્યારે મુંબઈની કૉલેજમાં મારે રજા હોય ત્યારે, જ્યાં સુધી મનુકાકા અને શિવપ્રસાદ કૉલેજ બોર્ડિંગમાં હોય ત્યાં સુધી હું ત્યાં રહેતો; અને એ ઘેર રહેવા જાય પછી હું એમને ઘેર જ રહેતો. અને એ ભરૂચ આવે ત્યારે અમે બન્ને અને બાપાજીના પરમ મિત્ર રા. બ. મોતીલાલના પુત્ર રામલાલભાઇ આખો દિવસ સાથે જ હોઈએ: ગપ્પાં

૧. 'અડધે રસ્તે' પાનું ૨૮૮

મારતા, ગાયન ગાતા, ફરવા જતા, ટેનિસ રમતા કે નદીતીરે બેસી મમરાસેવ ખાતા.

ધીમે ધીમે મનુકાકાની અને મારી મૈત્રી ગાઢ થઈ. એમને કેળવી, પ્રેરી, મહાન બનાવવાનો કર્તવ્યધર્મ મારે માથે આવી પડેલો મને દેખાયો. મનુકાકાને મારી બુદ્ધિ અને શક્તિમાં એટલી બધી શ્રદ્ધા પ્રગટી કે તેથી મને પણ આત્મશ્રદ્ધા આવી. સંયુક્ત કુટુંબમાં મા વિનાના એ બાળકને જે એકલવાયાપણું લાગતું તે મારી સોબતમાં ફીટી ગયું.

ધીમે ધીમે એકબીજા પાસે અમે દિલ ખોલવા લાગ્યા. એ એમની માનું દુઃખ રડે, હું મારું રડું. 'દેવી'ની પ્રણયકથા જે મને ગૂંગળાવતી હતી તે મેં એમને કહી સંભળાવી અને એ કલ્પનામંદિરમાં મને ભક્તિ કરતો જોવાનો એમને અધિકાર મળ્યો. આમ અમારાં દુઃખને અમે રોજ ચોળીચોળી ચીકણું કરવા લાગ્યા.

ઊગતા યુવકોને ન છાજે એવી રોતલ મનોદશા કેળવવામાં અમે શક્તિ અને સમય બગાડવા લાગ્યા. બાળકોની માફક અમે ઘણી વાર વઢતા ને મનાતા. એમને હું શીખવું છું એવા આશ્વાસને હું બે વાર એલએલ. બી. માં નપાસ થયો ને વર્ષો ખોયાં અને મારો વિકાસ ચાર વર્ષ સુધી અટક્યો. મારા સહવાસમાં મનુકાકાએ જે ભાવવિહ્વળતા કેળવી તે એમનાથી ન જિરવાઈ; એમનું લાડકાપણું પોષાયું પણ આખરે છ વર્ષે એમને ભણવાનું છોડવું પડ્યું. છતાં

અમારી વચ્ચે મૈત્રીનું સ્થાન અગત્યનું હતું.

૧૯૦૭થી ૧૯૧૧ સુધી, જ્યારે અમે સાથે ન હોઈએ ત્યારે પત્રવ્યવહાર કરતા. મારા આ પત્રોમાં ભાષણો, ટીકાઓ, ગપ્પાં અને ઊર્મિની અકળામણો બધું આવી જાય છે:

પીપળાવાડી, મુંબઈ [તારીખ નથી.]

'પત્ર મળ્યો. હું મુંબઈ સહીસલામત પહોંચીશ એવી તમારી ખાતરી જોઈ આનંદ થયો. એ ખાતરી માટે મારાં અભિનંદન. મને તો લાગ્યું કે ગાડી ચની'રોડ આવશે જ નહિ અને આવશે તો હું તેમાં હોઈશ જ નહિ. અજાયબી તો એ લાગી કે આખરે હું આવ્યો.

પ્રો. ઘોષની છબી જો સુંદર હોય તો મારે માટે એક લેજો. બિલિયર્ડ ટેબલ, કોર્ક અને હોકીથી મહારાજ સાહેબ કોલેજ બગાડી મૂકવાના છે; એને જિમખાનું બનાવી દેશે. અરે રામ!

'સમાલોચક'ના જાનેવારી અંકમાં પ્રાણુલાલભાઈનો 'જાપાન' વિષે લેખ પ્રગટ થયો છે. ગુજરાતના એ ઊગતા તારાના પ્રથમ દર્શને હું એને નમસ્કાર કરું છું.'

• • •

મુંબઈ, તા. ૧૩–૬–૧૯૦૭

'આપ ભરૂચમાં વિહરો છો તે જાણ્યું. સંતોષ થયો કે અસંતોષ તે કેમ કહેવાય? લોકો વાતો

કરે છે કે ભાઈશ્રી—શાળાએ જઈ સરસ્વતીપૂજા કરવા કરતાં, તેનાથી વધારે પૂજ્ય દેવી ઘેર બેઠાં છે તેમની પૂજા કરવી વધારે પસંદ કરે છે.–ભાઈ બિચારાએ એલ્ફિન્સ્ટન કૉલેજમાં આવવાનું જતું કર્યું. એમનું ચિત્ત બીજે હતું. પોતે નપાસ થાય તો આત્મઘાત કરવા તૈયાર હતા, અને હવે નપાસ થવાનું કલંક ચોંટ્યું છે તો ય ભરૂચમાં સંક્રાન્તિની મોજ કરે છે....

હજી હું અહીં સ્વસ્થ થયો નથી. મારી પાસે બધું છે, પણ એક જ નથી–અને તે નથી એટલે સર્વસ્વ નથી. મારા દુઃખનો પાર નથી. જવા દો એ વાત. હું મૂર્ખ છું.'

....

૫–૩–૧૯૦૮

'મારી વાત તમારાથી જુદી છે. હું તો છું એકાકી, ને સ્નેહવિહોણો. મનુષ્યવત્ નહિ પણ યંત્રવત્ રઝળવાનું જ મારે માટે નિર્માયું છે. જો મારામાં કંઈક મનુષ્યત્વ હોય તો તે સ્નેહ કરવાની અને ઝીલવાની મારી શક્તિમાં રહેલું છે....

પ્લેગ ટર્મ મળી. ખુશ થયો અને દિલગીર પણ થયો. દિલગીર થયો કારણ કે મારે મારા ખંડના એકાન્તમાં બેસી કાળજું કોરી ખાવું

પડશે. ખુશ થયો કે વડોદરે આવી તમારો ભાવભીનો સહચાર મેળવવા ભાગ્યશાળી થઈશ.'

રજા પૂરી થઈ ને હું પાછો મુંબઇ ગયો. અરવિંદ ઘોષ પર તે વખતે મુકદ્દમો ચાલતો હતો. મેં પત્રમાં પુછાવ્યું:

'ઘોષ ફંડનું શું કર્યું? હું માંડ માંડ પચાસ રૂપિયા મોકલાવી શક્યો છું. ઘોષ સાહેબનાં બહેન વધારે પૈસા મગાવે છે. ન ભરાયા હોય તો ભરાવી મોકલશો. લાગે છે કે બાપડા અરવિંદને કચડી નાખશે. એમનાં બહેન કહે છે કે એ નિર્દોષ છે. બહુ ખરાબ વખત છે. છેલ્લા અઠવાડિયામાં ઘણી ઊથલપાથલ થઈ. હિંદની સ્થિતિ જોતાં દરેકે સ્વદેશ માટે કંઈક કરી જવું જોઈએ.'

....

હિન્દુ લૉજ, મુંબઇ
૧૨–૭–૧૯૦૮
રાતના બાર.

'આજે બાર દહાડાના તમારા મૌને મને દુ:ખી દુ:ખી કરી મૂક્યો હતો. મારી રીતે કટાક્ષ ને આક્ષેપથી ભરપૂર એક પત્ર તમને લખવાની તૈયારી કરતો હતો, એવામાં આજે સવારે તમારો પત્ર મળ્યો. એટલે હવે ઠપકો આપવાની હિંમત જ

રહી નથી. તમારો પત્ર પહેલી વાર ખુલ્લા દિલે લખાયેલો હતો. તમારું દુઃખ વાંચી હું એટલો જ દુઃખી થયો છું. દર્દી વિના દર્દ કોણ જાણી શકે? પળ વાર થયું કે સમય અને સ્થળનાં બંધન કાપીને જાણે હું તમારી પાસે આવી રહું.

તમે દુઃખી છો, કારણ કે જગતને જોવાની તમારી દૃષ્ટિ ખોટી છે. તમે હજી બાળક છો. સ્વાશ્રયી માણસની નજરે તમે તમારી જાતને જોઈ શકતા નથી. કોઈની મદદની તમને જરૂર છે એ મહેરબાની કરી ભૂલી જાઓ. તમે મર્દ છો એવી દૃષ્ટિ કેળવો. જગત તમારી આગળ પડયું છે—આક્રમણ કરવા ને જીતવા. મા વિના જીવવું એ દુઃખ તો ખરું, પણ એ માટે આંસુ સારવાથી શો સાર? માતાની પાછળ રડો છો કે કાંઈ ધાર્યું થતું નથી તેથી કે ધારી સગવડ કોઈ કરી આપતું નથી એ સ્વાર્થે રડો છો? એ સ્વાર્થ જ થયો, નહીં? તમારી માતાને માટે સ્નેહ ભલે ધારો—પણ વિશુદ્ધ ને નિઃસ્વાર્થી. શા માટે માની નથી લેતા કે એ તમારી આંખ આગળ છે—તમને હિંમત આપતી, તમારા દુઃખમાં આશ્વાસન દેતી, તમને ઉચ્ચ આદર્શો પ્રેરતી, તેને લાયક થવાની નેમે પ્રોત્સાહતી. નિર્બલતાથી શા માટે મહાત થાઓ છો? તમારા સ્નેહને શક્તિશાળી વીરનો સ્નેહ બનાવો, મૂર્ખ બાળકનું રુદન નહીં. આ રોગ

તમારા મનમાં ક્યાંથી પેઠો? ઉપવાસ કરવાથી તમે સ્વતંત્ર થશો? શી મૂર્ખાઈ! અન્ન વગર તદ્દન ચલાવી શકાય તેવી સ્થિતિએ કદી તમે પહોંચવાના છો? અને જરાક ખાવું તો પછી પેટપૂરતું શા માટે નહીં?

આ બધું કારણ અર્થહીણું છે. માત્ર કહેવડાવવા પૂરતું જ ખાશો તો શક્તિ જશે, ક્ષય આવશે ને સાથે અનેક દુઃખ ને મુશ્કેલી આવશે. એક ચાંગળા પાણી માટે પણ કો સ્નેહહીણા સંબંધીની મહેરબાની પર આધાર રાખવો પડશે. આવી મૂર્ખાઈ ન કરશો. આજે જે નિરાધારી લાગે છે તે કાલે ચાલી જશે. જરાક હિંમત રાખો. થોડાંક વર્ષ જશે અને પ્રેમવિહ્વલ હાથે રસોઈ ખાતાં આ દહાડા સંભારશો ત્યારે તમારી આ મૂર્ખાઈ પર હસશો. કહેવત છે કે 'રોટી ખાની સક્કરસે, ઓર દુનિયા જીતની ટક્કરસે.'

હિંમત રાખો. બીજાના દોષો માટે જાતને તે શિક્ષા કરવાની હોય? તમને બધા ધિક્કારે છે તે ખ્યાલ, પ્રિય ભાઈ! તમારા મગજમાં નાહકનું ઘર ઘાલી બેઠો છે. લોકો ચાહે કે નહીં તેની તમારે શી પરવા? હું અનુભવથી કહું છું, જેટલા આપણી આસપાસ હોય તે બધાએ શા માટે આપણા પર સ્નેહ રાખવો જોઈએ?

આપણને અવગણવા, ધિક્કારવા કોક તો જોઇએને ? નહીં તો આપણા સ્નેહીઓની આપણને કિંમત ન થાય. સૂર્યનો તાપ પ્રખરતાથી પજવતો ન હોય તો આપણે શીળાથી થાકી જઈએ.

તમે મરવાની ઇચ્છા સેવો છો. શી ઉદાર ઇચ્છા! દુનિયામાં બધાને જ અકારા થઈ ગયા ? કોઈ સ્નેહી નથી એમ માનતા હો તો મારાં બિચારાં ભાભીનું શું ? દૂર ગામડામાં બાપને ત્યાંનાં દુઃખોમાં એ તમારી તરફ પ્રેમભરી, કોડભરી આતુર આંખે જોઈ રહી છે, તેનું શું ? દિવસ ને રાત એ તમારું સુખ ઝંખે છે તેનું શું ?

પત્ર બહુ લાંબો થયો. વાંચતાં થાક પણ લાગશે, પણ તમારી દુઃખની વેળાએ જે દોડીને આવી શકતો નથી તેને ક્ષમા કરશો. કાગળ શુષ્ક કે ડાહ્યલો કે ધૃષ્ટ લાગે તો પણ તેનું મનન કરજો. એનો શબ્દેશબ્દ ધ્યાનમાં લેજો, અને એને હૈયે ધારશો તો હું કૃતાર્થ થઈશ.

તા. કઃ—કંઈ વધુ પડતું લખાયું હોય તો ક્ષમા. તિલક મહારાજનો કેસ કાલે આવે છે.'

....

૨૭, જુલાઇ–૧૯૦૮

'પત્ર મળ્યો. વડોદરા કૉલેજે પાણી નથી ગુમાવ્યું જાણી આનંદ થયો. તમારા દંડનું શું

થયું તે તરત લખજો. મને તો લાગે છે કે દંડ ન આપવો અને મહારાજ સાહેબ સુધી જવું. અહીંયાં તો રમખાણ ચાલે છે.[1] વર્તમાનપત્રો તો ચોકીને ચાલે છે. ખરી હકીકત છાપતાં નથી. લશ્કરના માણસનું મરણ થયું હોય તો તે લખતાં જ નથી. ઊડતી વાતો તો ઘણી ય આવે છે. કાપડ બજારવાળા મક્કમ ઠરાવ કરવાના છે કે પરદેશી કાપડ છ મહિના સુધી ન મગાવવું. જો એમ થાય તો મુંબઈ કલકત્તાથી ચડે અને અમલદારોના મગજને ધક્કો પહોંચે.'

....

હિન્દુ લૉજ, મુંબઈ.
૩૦, જુલાઈ–૧૯૦૮

'પત્ર મળ્યો. કર્તવ્ય કરવા જતાં દંડ આપવો પડ્યો. ખેર.. જો બધાએ સાથે મળી કર્યું હોત તો તમે જરૂર જીત્યા હોત. તિલક મહારાજને શિક્ષા થઈ ત્યારે અમે પણ સંપ કરી લૉ–ક્લાસમાં ગેરહાજર રહ્યા હતા. માત્ર ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓ વર્ગમાં ગયા હતા. પ્રિન્સિપાલના ગુસ્સાનો પાર નહોતો, પણ બિચારા શું કરે? કૉલેજના વિદ્યાર્થીઓ કરતાં અમે વધારે સ્વતંત્રતામાં

1. તિલક મહારાજને થયેલ શિક્ષાને અંગે રમખાણ શરૂ થયું હતું.

મહાલીએ છીએ. કાનપુરમાં ખૂનરેજી ચાલી તેની ખબર મળી હશે. મુંબઈનો વહેવાર ગઈ કાલથી ફરી પહેલાં જેવો નિયમિત થઈ ગયો છે. તો પણ સોલ્જરો મોટી સંખ્યામાં જ્યાં ત્યાં ફર્યા કરે છે, અને નિઃશસ્ત્ર મજૂરો પર વિજય મેળવ્યો તેની ખુશાલી દર્શાવ્યે જાય છે.'

હૃદયની વ્યથા વ્યક્ત કરતો એક પત્ર અશ્રુઓથી સિંચેલો, સ્વાનુભવની વેદનાથી ભર્યો આજે પણ ધબકે છે.

વડોદરા,
૨-૧૧-૧૯૦૮

પ્રિય મિત્ર,

તમારી સ્વસ્થ પળોમાં તમે મને ગાંડો ગણશો ને કોઈ વખત તો મને પણ થાય છે કે હું ગાંડો છું જ, પણ મારાથી રહેવાતું નથી. મને જે કંઈ થાય છે તે મારે કહી નાખવું જોઈએ. એમ ન કરું તો હું ગૂંગળાઇ મરું છું. અત્યારે રાતે જો મારે કંઈ વાંચવું હોય તો મારે મારી લાગણીઓ અહીં વ્યક્ત કરી લેવી જોઈએ. બહુ મહેનત કરવા જતાં પણ તે નથી રોકી શકાતી. તમને 'મારા જ' આટલા ભારથી કહું છું તે માટે ક્ષમા કરશો. બીજાં ઘણાંનો તમારા પર અધિકાર છે તે હું જાણું છું, પણ હું નિરાધાર છું.

જાણો છો કે આપણા કવિઓ આપણી કૌમુદી પર કુરબાન છે? ઘણુંએ એને પ્રણયવાહિની બનાવી છે. અત્યારે એને હું પણ એમ બનાવું એવું સંવેદન થાય છે. આ સુંદર પ્રકાશને મારી ઊર્મિઓનું વાહન કેવી રીતે બનાવું? એ દ્વારા કાળને પેલે તીરે વસતી મારી પ્રણયિની જોડે કેમ એક થાઉં?

એકબીજાનું દુઃખ રડતાં આપણે ઘણી ચાંદની રાતો વિતાવી છે અને દુઃખ વિસાર્યાં છે. અત્યારે એ ચાંદની મારાથી સહી નથી જતી; જોઉં છું ને મને વેદના થાય છે. એ વેદના હું કોને કહું? અને તેથી જ ટપકી પડતાં આ આંસુ કોણ લૂછે? લૉન પર મારાથી દૃષ્ટિ નખાતી નથી. હું કાંપું છું–મારી એકલતાના ભાને મને ધ્રુસકાં આવે છે.....single-cursedness...કાલે રાત્રે ત્રણ વાગ્યા સુધી તો ઊંઘ ન આવી. મારું ગળું સુકાયું ને આંખમાં આંસુ ભરાયાં. રડ્યો ત્યારે ઊંઘ આવી –અને તે પણ સ્વપ્નભરી. આખો દિવસ પેલો મૃદુ અવાજ સંભળાયા કરે છે:

‘મને ભૂલી ગયો છે મારો છેલડો રે,
જૂઠી જૂઠી કાનુડા તારી પ્રીત, મારા રાજ!’

આખો દહાડો મેં ઘેલાની જેમ ભટક્યા કર્યું. મારું હૈયું સ્ત્રીનું છે. એ મારે વશ રહેતું નથી. તમારી સોબતમાં આ બધું હું વશ કરવા માગતો

હતો, પણ તેમ નથી થતું. હું ગાંડો છું, નહીં? આ કાગળ પણ શા માટે લખું છું? ન લખવાનું આમાં લખ્યું છે. તમને હસવું આવશે. હસો, હસો....તમે તો વ્યવહારુ છો. તમારું તિરસ્કારભર્યું હાસ્ય હસો, પણ એવું એક હાસ્ય, અવગણનાભર્યો એક શબ્દ મારું હૈયું ચીરી નાખશે. મેં બહુ સહ્યું છે, હવે એ નહીં સહેવાય. મારે તો આ લીટીઓ ફરી ફરી કહેવાની છે.

'વનવગડામાં ભૂલી પડી ત્યાં અમૃત પ્યાલો પીધો રે,
પીધો, લીધો સાર સૃષ્ટિનો, કોલ અમર ત્યાં દીધો રે.
હું ગાંડી કે દુનિયા ગાંડી, આપ કરી લ્યો ગણતી રે.'

૭

જ્યારે ઊર્મિ અને કલ્પનાનાં વમળોમાં હું ડૂબકીઓ ખાતો હતો ત્યારે ભરૂચમાં જીજીમા ને લક્ષ્મી મારું નામસ્મરણ કરી જીવન વિતાવતાં હતાં. જીજીમા આધ્યાત્મિક પુસ્તકો વાંચતાં હતાં અને સરલહૃદયી લક્ષ્મી સાસુનાં સ્નેહ ને શિક્ષણથી નવે ઘાટે ઘડાતી હતી.

જીજીમા નોંધે છે :

'હું હિંડોળા પર બેઠી બેઠી હીંચકા ખાતી હતી. ઘરમાં કોઈ નહોતું. મેં ગાવું શરૂ કર્યું. મને એક જ બોલ આવડતો હતો, તે આ પ્રમાણે—

'તમે પોઢોને સારંગપાણિ,
તારી અખિયામેં નિંદ ભરાણી.'

આ ઉપરથી વિચાર આવ્યો કે નિરર્થક વખત ખોવો નહિ. કંઈ નવું જાણવું ને કંઈ જ્ઞાન વધે તેમ કરવું. હું પુરાણ, આખ્યાન વગેરે જાણતી–સમજતી, પણ ગીતામાં મને બિલકુલ સમજ પડતી નહીં. એકાએક ઉપલા ભજનના બોલની સ્ફુરણાથી શબ્દ નીકળ્યા. 'બ્રહ્મતરંગ' નામનું તે ભજન બધું ધીરે ધીરે ગવાવા લાગ્યું, એટલે સીસાપેન ને કાગળ લઇ ઉતારવા માંડયું.' ૨–૭–૧૯૦૮

આમ જીજીમાએ પંચીકરણ, યોગવાસિષ્ઠ, અને ગીતાનો અભ્યાસ શરૂ કર્યો. પણ જ્ઞાનયોગ કરતાં ય એમનો કર્મયોગ સબળ હતો.

આખા ઘરમાં મોટામાં માત્ર બે જ, નણંદ ને ભોજાઇ. પણ રુખીબા[1]ના અબોલા હજી છૂટયા નહોતા. એ સવારે ને સાંજે ઓટલા પર આવી બેસે, ન્યાતની જતીઆવતી સ્ત્રીઓને ભેગી કરી પટલાઈ કરે ને જીજીમાનો જીવ દુખાય એવાં મહેણાંટોણાં સંભળાવે. જીજીમાનો પણ નિઃશબ્દ અસહકાર ચાલુ હતો.

એક દહાડો સવારે એ ઓટલે ન આવ્યાં એટલે જીજીમાને ચિંતા થઈ. બપોર પડી પણ તે નીચે ઊતરતાં ન જણાયાં. શું થયું હશે ? આટલાં વર્ષોનાં વેર પછી વગર

૧. અડધે રસ્તે, પાનું ૬૩. ૨૫૮

નિમંત્રણે એમના ઓરડામાં જવું કે ન જવું? જઈશ ને અપમાન પામીશ તો? એવા એવા વિકલ્પો કરતાં જીજીમા આખરે વચલું બારણું ખોલી ઉપર ગયાં. ત્યાં રુખીબા એમના ઓરડામાં બેભાન અવસ્થામાં પડ્યાં હતાં. એમને સખત તાવ આવ્યો હતો. જીજીમાએ વૈદને બોલાવ્યો ને રુખીબાની ચાકરી શરૂ કરી. તે ભાનમાં આવ્યાં ત્યારે અકારી ભાભીને જોઈ જરા અચકાયાં, પણ તેની કમને પરિચર્યા સ્વીકારવી પડી. ત્રણ મહિના સુધી જીજીમાએ ખડે પગે અપંગ બનેલાં રુખીબાની એકલે હાથે સારવાર કરી. સગવડ વિનાના એ જમાનામાં જીજીમા જ રાંધતાં, પથારી કરતાં અને એમનાં શરીરની બધી પ્રક્રિયાઓ કરાવતાં. પહેલાં તો રુખીબાનો ગર્વ જીજીમાના હાથની સારવારથી કકળી ઊઠ્યોઃ 'હાય હાય, મારે કર્મે આ!' આખરે દુર્જેય રુખીબા જિતાઈ ગયેલાં પથારીમાંથી ઊઠ્યાં. નાનપણમાં જાજરમાન નણંદને જેવું માન આપતાં તેવું જ માન જીજીમા આપ્યે ગયાં. વીશ વર્ષનાં વિષ ઊતરી ગયાં. પહેલાં તો રુખીબા મને આવતો જોતાં જ બારણાં ભડાભડ બંધ કરી પોતાનો ક્રોધ શમાવતાં. હવે તો હું પણ સત્કાર પામતો થયો. હું ભરૂચ જાઉં ત્યારે રાંધણકલાનાં એ અદ્વિતીય નિષ્ણાત ઘણાં વર્ષથી ભુલાયેલી એ કલા તાજી કરી જીજીમાના દીકરાને ઉપહાર ધરતાં થયાં. ભયંકર રુખીબાને—જેની ત્રાડથી આખી ન્યાત ત્રાસતી ને ઘર સળગતાં તેને—તેમની મુખ્ય વેરી

'ચીમન મુનશીની દીકરી[1]'ને વશ થયેલાં જોઈ બધાં વિસ્મય પામ્યાં.

જીજીમાના જીવનના આ વિજય-પ્રસંગને હું મહાન ગણું છું.

વર્ષો પછી રુખીબા ફરી ખૂબ માંદાં પડયાં, ત્યારે મુંબઈમાં મારે ત્યાં દવા કરાવવા આવવાનું એમણે કબૂલ કર્યું. તે વખતે એ છેક મરણની અણીએ હતાં. એક સાંજે અમે એમની આશા મૂકીને બેઠાં. જીજીમા ભરૂચ હતાં. લક્ષ્મીએ કુટુંબની બીજી સ્ત્રીઓને બોલાવી દેવપૂજા કેવી રીતે કરાવવી તે નક્કી કર્યું, અને એ નિમિત્તે બ્રાહ્મણ દીઠ એક આનો દક્ષિણા આપવાનો ઠરાવ કર્યો.

મધરાત પછી રુખીબાની તબિયત સુધરી. બીજે દહાડે એમણે આંખો ઉઘાડી. એ બેઠાં થયાં કે લક્ષ્મીને ધમકાવીઃ

" અલી, તું સમજે છે શું ? હું નરભેરામ મુનશીની દીકરી, રાજા જેવા તારા વરની ફોઈ, મારી પાછળ બ્રાહ્મણોને માત્ર એકેક આનો જ ? તારા વરને તો પૂછવું હતું. "

લક્ષ્મી તો આભી બની ગઈ. મરતાં રુખીબાએ વળી એ કયાં સાંભળ્યું ? રુખીબાએ આગળ ચલાવ્યુંઃ

" મારો જીવ ઊડી ગયો હતો, મારી જીભ ચાલતી નહોતી; પણ તું ઘાટ ઘડતી હતી તે બધા હું સાંભળતી હતી. "

---

૧. અડધે રસ્તે, પાનું ૯૩, ૨૫૮

મેં લક્ષ્મીને કહ્યું:

"જોજે, એ તો મરતો મરતો પણ કેસરી છે. એક ત્રાડ પાડશે કે પર્વતો પણ ફાટી પડશે."

એ પ્રસંગે તો રુખીબા સારાં થઇ ભરૂચ ગયાં. બેએક વર્ષે મને ખાસ ભરૂચ બોલાવ્યો.

"જો ભાઈ, મારું હવે કંઈ કહેવાય નહીં. મારી પાસે થોડાં ઘરેણાં છે તે તારા સિવાય કોઈને આપીશ તો મારું ધાર્યું નહીં કરે. તું આ રાખ. આખી જિંદગી મેં ભાર્ગવની ન્યાતનું ખાધું છે. હું મરી જાઉં પછી ભાર્ગવોને એમાંથી ખૂબ ખવાડજે."

મેં વચન આપ્યું ને રુખીબાના મરણ પછી તેમની ઇચ્છાનુસાર, જીજીમાએ ભયો કર્યો–પ્રેમાનન્દની માફક ઘીની નાળો તો વહેવડાવી નહીં પણ તે મારે વાંકે નહીં, પણ ભાર્ગવોની રસવૃત્તિ જુદી થઈ ગઈ હતી તેથી. આમ અળખામણા ભાઈનાં સ્ત્રી ને પુત્ર–જેમને દુઃખ દેવામાં રુખીબાએ પોતાની અડધી જિંદગી બરબાદ કરી હતી, તેમને જ હાથે રુખીબા સદ્‌ગતિ પામ્યાં.

૮

ભરૂચ તે વખતે અજબ નગરી હતી; નહોતું શહેર, નહોતું ગામડું–એટલે બન્નેની અગવડો હતી. એના સામુદાયિક જીવનમાં મોટામાં મોટી વ્યક્તિ કલેક્ટર હતો. કલેક્ટર એટલે મોગલ બાદશાહનો પણ

આદશાહ. એ ગોરા અમલદારને ખુશ કરવાનો ભરૂચીઓએ ધર્મ સ્વીકાર્યો હતો. એ ધર્મને અંગે જે ખુશામતો થતી તેના કેટલાક પ્રસંગો મેં 'સ્વપ્નદ્રષ્ટા'માં વર્ણવ્યા છે.

એક પારસીભાઈનું સૂત્ર હતુંઃ 'સાહેબના પેટમાં પેસીએ તો સોનાના થઈને નીકળીએ.'

અનેક વર્ષ થયાં ભરૂચમાં કલેક્ટરનો જમણો હાથ રાવબહાદુર ચુનીલાલ વેણીલાલ સી. આઈ. ઈ. હતા. એમના પુત્ર રા. બ. મોતીલાલ બાપાજીના પરમ મિત્ર હતા. એ વખતે મોતીલાલકાકા મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એ મળતાવડા, હસમુખા, ઉદાર દિલના અને બહુ ભલા માણસ હતા. એમનો લાભ બધા લેતા અને કેટલાક પહોંચેલાઓ એમને ગામની ગાળ પણ ખવડાવતા.

મોતીલાલકાકાના પુત્ર રામલાલભાઈ, મનુકાકા અને હું—એમ અમારી નિરાળી મિત્રત્રિપુટી હતી. મોતીલાલકાકા મને પોતાના પુત્ર સમાન ગણતા. અને મેં પણ એમને અને એમના કુટુંબને મારું ગણ્યું હતું.

જ્યારે કોઈ અંગ્રેજી પુસ્તકોનો સેટ વેચનાર આવે ત્યારે એ મને પૂછે અને હું હા પાડું એટલે એ ખરીદે, અને છેવટે તે વાંચું પણ હું એકલો જ.

એમને લીધે હું શહેરની જાહેર પ્રવૃત્તિઓમાં રસ

લેતો થયો. મ્યુનિસિપાલિટીમાં અને કલેક્ટર આગળ એમનું ચલણ હતું એટલે મોતીલાલકાકાની આરતી કરનાર ગામમાં ઘણાં હતાં. અને અંગ્રેજીમાં ભાષણ, પ્રાર્થનાઓ કે માનપત્ર લખી આપવાનું કામ હમેશાં મારે માથે આવતું.

અમારા એક શહેરીએ કલેક્ટરને પોતાને ઘેર ચા પીવા બોલાવ્યા. એમણે મારી પાસે અંગ્રેજી ભાષણ લખાવ્યું, કારણ કે એમને મૅજિસ્ટ્રેટ થવું હતું. મેં મારી આડંબરી શૈલીમાં લખ્યું :

My tongue is not eloquent enough to expresse etc....

ભાષણ કરનાર ગૃહસ્થ દરેક અંગ્રેજી શબ્દની નીચે ગુજરાતી ઉચ્ચારણ પણ લખાવી ગયા; કારણ કે અંગ્રેજી લિપિમાં શબ્દો વાંચવા કરતાં સ્વદેશી લિપિમાં વાંચવાની દેશભક્તિ એમને પ્રિય હતી; પણ એમને દુર્ભાગ્યે મારાથી eloquent શબ્દ બે જુદી લીટીમાં છૂટો લખાઈ ગયો હતો : ' માઇ ટંગ ઈઝ નોટ ઈ-લોકવંટ ઇનફ....' વગેરે.

ચાપાણી શરૂ થયાં. એ સજ્જન ભાષણ વાંચવા ઊભા થયા. વાંચતાં વાંચતાં ' માઈ ટંગ ઈઝ, નોટ ઇ—' બોલીને અટક્યા, 'ઇ' ફરીથી ઉચ્ચાર્યું. ગૂંચવાઈ ગયા; એટલે ફરીથી 'ઈ' નું દીર્ઘ ઉચ્ચારણ કર્યું; લોકો હસ્યા એટલે ગભરાઈને ઝપાટાભેર ' લોકવન્ટ

ઈનિફ ટુ' કરીને વાંચી નાખ્યું.

એક વાર એક ગોરા કલેક્ટરની સ્ત્રી પ્રસૂતિ માટે વિલાયત જવાની હતી. તેને કેટલાક ગામલોકોએ માનપત્ર આપેલું. મોટી ઉંમરે સાહેબને પુત્રપ્રાપ્તિ થઈ તે માટે એમને અભિનંદનો અપાયાં. ખુશામતનાં ઘચરકાં ખાવાની ટેવવાળા કલેક્ટર પણ આ કોળિયાથી અતિતૃપ્ત થઈ ગયા.

એમણે કહ્યું:

"મેં અનેક પ્રસંગે માનપત્ર લીધાં છે, પરંતુ માનપત્રના ઇતિહાસમાં પણ આ અનેરું માનપત્ર છે."

કૉંગ્રેસે સ્વમાનનો સંચાર કરાવ્યો તે પહેલાં દરેક જિલ્લાનું મુખ્ય શહેર ઘણું ખરું કલેક્ટરના ખુશામતિયાઓનો અખાડો થઈ રહેતું. ભરૂચની આ અધમ મનોદશાવાળા અંધકારમાં એક ઉજ્જ્વલ વ્યક્તિ તે અંબાશંકર ઉત્તમરામ મલજી ઉરફે સર્વાનુમતે 'છોટુભાઈ.'

હું કૉલેજમાં હતો ત્યારે ઘણી નાની વયે એમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પસાર કરી વકીલોમાં અને ગામના વડીલોમાં અગ્રસ્થાન મેળવ્યું હતું. છોટુભાઈ વકીલ હતા, મુત્સદ્દી હતા, પણ એથી ય વધારે જે જીવનના કલાકારોની મૈત્રીનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેમાં એ અગ્રગણ્ય હતા. ભરૂચમાં એ વ્યક્તિ નહોતા—સંસ્થા હતા. છોટુભાઇના જીવનમાં અસ્વસ્થ,

ધાંધલિયું કે અવિચારી એવું કંઈ પણ ન હતું. સ્વહસ્તે ગૌરવભર્યા સ્વાસ્થ્યથી તેઓ પોતાનો પંથ કાપ્યે ગયા. છોટુભાઈએ ઘણું કર્યું, પણ એમની વિશિષ્ટતા 'કરવા' કરતાં 'થવા'માં વધારે હતી.

એમનો સમયક્રમ નિર્ણીત હતો, તેમાં તેઓ કદી ફેરફાર થવા દેતા નહીં; જેને એ સમયક્રમને અનુકૂળ થવું હોય તે થાય. સવારે બ્રાહ્મમુહૂર્તે એ ઊઠે, સંધ્યા કરે, પછી ગાડીમાં બેસી દશાશ્વમેધ પર આવેલા એમના મહાદેવજીનાં દર્શન કરે. સાંજે પણ સંધ્યા અને મહાદેવનાં દર્શન તો ખરાં જ. કશાકનો પાઠ પણ રોજ કરતા હોવાનું સાંભળેલું.

અસીલો આવે તે પહેલાં ઘેર આવી, વાંચી, પૂરતી તૈયારી કરે. એમના ગુમાસ્તા અને હાથ નીચેના વકીલો બધું વ્યવસ્થિત કરી આપે. એમના ચોપડાઓ બધા દીવા જેવા સ્પષ્ટ. અસીલની જોડે વાત પણ ટૂંકી ને મુદ્દાસર. ફી અમુક ચોક્કસ જ. મિત્ર હોય તેની ફી ન જ લેવાનો નિયમ. કૉર્ટમાં જેટલી એમની બુદ્ધિથી ફત્તેહ મળે, તેટલી જ એમની વ્યવસ્થિત તૈયારીથી પણ મળે. એ સીધું ને ટૂંકું બોલે. કાયદાની એમની દૃષ્ટિ ઝીણી. હિસાબમાં એ એક્કા. સચોટતા એમની વકીલાતનું મુખ્ય લક્ષણ. ન્યાયાધીશો પણ એમનાથી ડરે. હાઈકૉર્ટમાં એમના તરફથી અપીલ રજૂ થાય ત્યારે સાથે એમની નોંધ તો હોય જ. વકીલ તરીકે એ બાહોશ હતા અને માણસ તરીકે મહાન હતા

૧૯૦૪ કે ૧૯૦૫ માં એ કૉંગ્રેસમાં જોડાયા. સૂરત કૉંગ્રેસ પછી જ્યારે જહાલ પક્ષ જોરમાં આવ્યો ત્યારે એ ધીમેથી ખસી ગયા. એમણે કારણ જણાવ્યું: 'એમાં મને રસ્તો દેખાતો નથી.'

ભરૂચમાં ઘણી ખટપટો થતી, પણ છોટુભાઈ એ બધાંથી પર. મ્યુનિસિપાલિટી માટે એક વકીલે નવો પક્ષ ઊભો કર્યો અને એમને તેના પહેલા પ્રમુખ બનાવ્યા; પણ ત્યાં દ્વેષનું વાતાવરણ પ્રસરતું લાગ્યું કે એ તેમાંથી ખસી ગયા.

સ્વદેશીના જમાનામાં ભરૂચમાં એમણે મિલ કાઢી, ઘણો વખત ચલાવી. કેટલીક સખાવતો પણ કરી. પછી એ 'સહકારી મંડળીઓ'ના કામમાં પડ્યા અને આખા ગુજરાતમાં વર્ષો સુધી એની વ્યવસ્થા કરી. આગળ વધતી રાજકારણીય મનોવૃત્તિ એમને રુચતી નહીં, પણ એમણે તેનો કદી વિરોધ કર્યો નહીં. અમલદારો જોડે એ વિવેકથી વર્તે, પણ ખુશામતની ગંધ વગર અને ગૌરવથી.

એક ગોરા કલેક્ટરને એવી ટેવ કે વકીલો કેસ ચલાવવા આવે કે પોતે હાથમાં વાર્તાનું પુસ્તક લઈને બેસે. એક દહાડો સાંજે છોટુભાઈ એક ફોજદારી કેસ માટે એમને બંગલે ગયા.

"મિ. મલજી, આ તમારી ખુરસી. તમે અહીંયાંથી કેસ ચલાવો."

આમ કહી 'સાહેબ બહાદુરે' પરસાળને બીજે

છેડે જઈ આરામખુરસીમાં લંબાવ્યું ને હાથમાં વાર્તાનું પુસ્તક લીધું.

"હવે મિ. મલજી, તમે ત્યાંથી બોલો, હું અહીં સાંભળું છું."

છોટુભાઈએ કાગળો બંધ કરી દીધા.

"હું તમને સમજાવવા આવ્યો છું, માત્ર બોલવા નહીં."

એટલું કહી એ ચાલી ગયા. એ વાત હાઈકોર્ટમાં પણ ગયેલી એવું ઝાંખું સ્મરણ છે.

છોટુભાઈ કદી પોતાનું દિલ કોઈ પાસે ખોલતા નહીં. ગપ્પાં મારવા માટે એમને એકે મિત્ર નહોતો; કારણ કે અકારણ એ કોઈને મળતા નહીં ને ગપ્પાં મારતા નહીં. માનવવ્યવહારને પણ અપૂર્વ કલાથી તેમણે વ્યવસ્થિત બનાવ્યો હતો. દરેક કાગળનો બીજે દહાડે જવાબ વાળે. સામાજિક પ્રસંગે ગામમાં ગમે તે એમને નોતરે, ત્યારે છોટુભાઈ બે મિનિટ પણ હાજર તો રહે જ. એક પખાલીને ત્યાં એ વરઘોડામાં ગયેલા તેથી ભરૂચનો ગર્વ ઘવાઈ ગયેલો. એ મ્યુનિસિપાલિટીમાં હતા ત્યારે ત્યાંના કામ માટેના અને પોતાના ધંધા માટેના કલાકોની વહેંચણી વ્યવસ્થિત રીતની. પણ એકના સમયમાં બીજા વિષે વાત નહીં. મિલ ચલાવતા ત્યારે પણ એમ જ. કઈ કોર્ટમાં ક્યારે જવું એ પણ નક્કી જ.

અમારો સંબંધ ત્રણ પેઢીનો. બાપાજી ગુજરી ગયા પછી ઘણાં અમને વીસરી ગયાં, પણ છોટુભાઇએ અમારી ખબર રાખવી એ પોતાનું કર્તવ્ય ગણ્યું. એમાં ગરજ નહોતી. વ્યાવહારિકતાની અપૂર્વ ભાવના એ સેવતા. પોતે ગામના આગેવાન; પણ હું પ્રિવિયસથી ઍડ્વોકેટની પરીક્ષા સુધી જ્યારે જ્યારે પાસ થયો ત્યારે બીજે જ દિવસે અભિનંદન આપવા એ જાતે આવતા. જ્યારે હું કંઈ કામ સોંપવા જતો ત્યારે એ તરત જ મીઠાશથી હા પાડતા, અને કોઇ જાતની મોટાઈ દેખાડતા નહીં. કામ કરી આપ્યા પછી પણ એ કદી કહી સંભળાવતા નહીં. હું પાસ થયો ત્યારે પહેલે વરસે જ વગર માગ્યે એમણે બેત્રણ અપીલો મને મોકલી આપી. રખેને હું સારી ફી ન લઉં એટલે તે પણ એમણે પોતે જ નક્કી કરી સાથે મોકલી.

આ બધું વિચારશીલ વ્યવસ્થાશક્તિનું પરિણામ હતું; પણ એમાં યંત્રવત્ શુષ્કતા નહોતી. એમનું હાસ્ય સદા ય સ્નેહાળ. એમને મળવા જઈએ ત્યારે બધાંની ખબર પૂછે. સહૃદયતાથી આપણી ગૂંચો ઉકેલે, પણ પોતે સદા ય દુર્ભેદ્ય રહે. એમના પર ઇશ્વરે કૌટુમ્બિક દુઃખનો અસહ્ય બોજો મૂકયો ત્યારે પણ કોઈ આંસુ લૂછવા આવે તેને એ પૂરા સ્વાસ્થ્યથી જ મળે.

એક વખતે મુંબઈના પ્રખર ધારાશાસ્ત્રીઓને છોટુભાઈની ઊલટપાલટ તપાસ કરતા મેં જોયા

હતા. એ બધાનો જુસ્સો, પાણીનાં ઊછળતાં મોજાંની માફક છોટુભાઈના સ્વાસ્થ્ય પર અથડાય ને પાછો પડે. એમનો સ્વભાવ ઉગ્ર હતો; મૂર્ખો જોડે અધીરો થતો; પણ તેને અજબ સંયમથી સ્વસ્થ રાખવાની શક્તિ એમણે કેળવી હતી.

૧૯૪૨માં આ લખું છું તે પહેલાં થોડા મહિના પર તે ગુજરી ગયા. છેલ્લે સુધી તેમનો કાર્યક્રમ તેવો ને તેવો જ અખંડ રહ્યો હતો.

ભરૂચમાં આ મહત્તા માપવાની કે એની કદર કરવાની શક્તિ છે કે કેમ તેની મને આજે ખબર નથી. ગુજરાતમાં આ યુગમાં માનવતાની કિંમત માત્ર ગાંધીજી સાથેની નિકટતાથી મપાય છે; જ્યારે છોટુભાઈ તેમનાથી વ્યવહારમાં દૂર હતા. સાચી મહત્તા આત્મવિકાસમાં રહે છે તે સમજવાની શક્તિ કે ઔદાર્ય કોનામાં છે? પણ સખત સંયમથી જીવનની વ્યવસ્થા કરવામાં યોગ રહ્યો હોય, પોતાની દૃષ્ટિએ જે સત્ય દેખાય તેને અનુસરવામાં જ મનુષ્યત્વની કિંમત હોય, ચંચલ રાગદ્વેષથી પર થઈ સ્વાસ્થ્યની સિદ્ધિ મેળવવાના સતત પ્રયત્નમાં મહત્તા હોય, તો છોટુભાઈ મહાન ગુજરાતી હતા. '**आत्मन्येवात्मना तुष्ठः**' સૂત્ર પર એમણે પોતાનું મનુષ્યત્વ ઘડવાનો પ્રયાસ કર્યો હતો. અને નાનકડા કાર્યક્ષેત્ર અને મર્યાદિત કેળવણીના અંતરાયો છતાં એમણે સફળતા પ્રાપ્ત કરી હતી.

૯

સમાજસુધારો કરવાની મારી ધગશ નાનીમોટી દિશામાં નવુંજૂનું કરતી. મેં શિખા છોડી ને બીજાઓને છોડાવી. મેં અબોટિયું છોડયું ને મારા મિત્રોને પણ ધોતિયું પહેરી ખાવા બેસતા કર્યા. કેટલાકને મુક્ત કંઠે નાટકનાં ગાયનો ગાતા કર્યા; કેટલાકને પોતાની સ્ત્રીઓને એકડા ઘુંટાવતા કર્યા. એક મિત્રને ડમ્બેલ્સ ફેરવતા કર્યા. તેની ફોઈએ વિરોધ દર્શાવ્યો : 'મૂઆઓ, દેવના જેવાં ગોળ શરીર મૂકીને ભોઈઓ જેવા ગંઠોડા શા સારુ કરો છો ?' આમ યુવકોના બગાડનાર તરીકે મેં ન્યાતમાં થોડી નામના મેળવી.

અધરણીની ન્યાત જમાડવા માટે ભરૂચના ભાર્ગવો સુવિખ્યાત હતા. ઘર વેચીને પણ વરો કર્યા વિના એમને ચાલે નહીં. આમ કેટલાંયે કુટુંબો ઘર વિનાનાં થઈ ગયેલાં. ૧૯૦૬થી આ સામે ખૂબ ઝુંબેશ ઉઠાવી. કેટલાંયને વીનવ્યાં, કેટલાંયને સમજાવ્યાં, કેટલીક વાર સોગંદ ખવડાવ્યા; પણ ૧૯૧૩માં મેં એ રિવાજનો ભંગ કર્યો ત્યાં સુધી ભાર્ગવની ન્યાતે અધરણીની ન્યાતો પેટ ભરીભરી ખાયાં જ કરી.

૧૯૦૪માં અમે કેટલાક મિત્રોએ અરવિન્દ ઘોષનું 'વંદેમાતરમ્' અને બીજાં રાષ્ટ્રીય પત્રો વાંચવા 'મફત વાંચનાલય' કાઢયું. ત્યાં અમે મળતા ને દેશભકિતનાં ભાષણો કરતા અને જેમતેમ કરી તેનો ખર્ચ નિભાવતા.

હું ૧૯૦૭માં મુંબઈ આવ્યો ત્યારે શેઠ ગોરધનદાસ સુખડવાળાને મળ્યો; ને એમની ઉદારતાથી ભરૂચમાં 'દાદાભાઈ નવરોજી ફ્રી લાયબ્રેરી 'નું મકાન ઊભું થયું.

આ મારું પહેલું જાહેર રચનાત્મક કાર્ય હતું.

એ લાયબ્રેરીના મકાનની ઉદ્ઘાટનક્રિયા દેશભક્ત ગોખલેના શુભ હસ્તે કરાવવી એવો અમે નિર્ણય કર્યો. હું એમને નિમંત્રવા પહેલી વાર પૂને 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા 'ના એમના રહેઠાણ પર ગયો. એમણે હા પાડી. પણ છેલ્લી ઘડીએ કંઈ કામ નીકળવાથી સર ફિરોજશાએ એમને બદલે સર ગોકળદાસ પારેખને મોકલ્યા. અમારાં મન ખાટાં થઈ ગયાં. અમારો સમારંભ નિસ્તેજ થયો. કાકા આવીને ગયા ને ગોખલે ન આવ્યા તેથી મારા સહયોગીઓ મારો દોષ કાઢવા બેઠા.

આ વખતનો અવિસ્મરણીય પ્રસંગ તે ટેકરાનું 'જાજરૂ–પુરાણ'. એની કીર્તિગાથા કોઈ મહાકવિ મળી જાય તો મહાકાવ્યમાં મઢવા લાયક છે. દુષ્ટ અંગ્રેજી કેળવણીએ હજી ખોટી ટેવ પાડી નહોતી તેવા એ સૌજન્યભર જમાનામાં મુનશીના ટેકરાનો એક ભાગ, ભીંતોથી સંવૃત, સામુદાયિક રીતે શરીરસુખાકારી જાળવવા માટે અલગ રાખવામાં આવ્યો હતો. ૧૮૯૫માં અમારા સંયુકત કુટુંબમાં ભાગલા પડ્યા ત્યારે બાપાજી ને અધુભાઈકાકા અર્વાચીન વિચારોને વશ

થયા. તેમણે જૂની વ્યવસ્થાને બદલે, ટેકરાના લોકો માટે બે જાજરૂ કરાવ્યાં; ને કરાર કરી, પાછળ અમારા તબેલામાં જવા સારુ, ખાડીની ભીંતમાં ખડકી કરી બારણું પાડ્યું. ગ્રીક કવિ હોમરના ઈલિયડમાં ટ્રોયના ગર્વભર કાંગરાઓ—Proud towers of Troy–નું જે સ્થાન છે, તેવું સ્થાન આ મહાકાવ્યમાં એ બે ગૃહ–સ્થાપત્યની કલાકૃતિનાં અનિવાર્ય અંગો લઈ શકે.

ટેકરા પર એ વખતે એક વીર મુત્સદ્દી રહેતા. અમારી ન્યાતના જે તલાટીઓએ સૂરત ને ભરૂચ જિલ્લાનાં ગામોમાં સરકારી વેરો ઉઘરાવવાનાં ભગીરથ પરાક્રમો કર્યાં છે, એમાં એ અગ્રગણ્ય, કાલાગ્નિ સમા દુઃસહ લેખાતા. અમારા આ પડોશી આ મહાકાવ્યના નાયક. એમના ક્રોધનો પાર નહીં. એ વઢે તો વા પણ પાછો હઠે. ભરૂચ જિલ્લાનાં ગામોના ચોરાઓમાં બેઠાંબેઠાં એમણે ભીષણ પ્રતિજ્ઞા કરીઃ 'મુનશીઓ પાસેથી ટેકરો છીનવવો.'

હિટલરે જગતવિજેતા થવાનો સંકલ્પ કર્યો તે પહેલાં જો કોઇએ એ જ માપની મહત્ત્વાકાંક્ષા બતાવી હોય તો તે આ અમારા પડોશીએ. એમણે પુરવાર કરી આપ્યું કે સંકલ્પની સીમા કઈ વસ્તુની ઇચ્છા રાખીએ છીએ તેના પર નથી; એ તો જગતની યે હોય કે ટેકરાની ખાડીની યે હોય; એની ખરી કિંમત તો સંકલ્પની અડગતા પર છે. સંકલ્પ સિદ્ધ કરવામાં એ કાબેલ હતા. 'માણકા મુનશી' ભરૂચમાં

ડેપ્યૂટી કલેક્ટર-તલાટીઓના ઉપરી. એમને ખુશ રાખ્યે જ છૂટકો હતો. અને એ હતા ભોળા. એમને ખુશ થતાં વાર નહીં. મિત્રો આગળ ખાનગીમાં તે કારણ પણ આપતાઃ 'માણકા મુનશી લાયક ન હોત તો હું નમતું આપું ? કદી નહીં.'

'માણકા મુનશી' કૈલાસવાસી થયા અને ટેકરાના મુનશીઓ તેજોનષ્ટ બની ગયા. મુનશીઓમાં મોટા વચનો કાબેલ પુરુષ તો કોઈ જ નહીં. બાઇબાવડાંઓને સીધાં કરતાં વાર શી ? એ મુત્સદ્દીને લાગ્યું કે એમની ભીષણ પ્રતિજ્ઞા સિદ્ધ કરવાનો સમય હવે આવી લાગ્યો હતો.

કૃતનિશ્ચય આ મહારથી પોતે સત્યનિષ્ઠ હતા તે વિશે એમને જરા ય શંકા નહોતી. ઘણી ઘણી વાર પૂછપરછ કરી, ઘણા દસ્તાવેજો તપાસી એમને ખાતરી થઈ હતી કે ઈ. સ. ૧૮૦૦ ની આસપાસમાં જ્યારે પેશવાએ પેશવાઇ ખોઇ નહોતી ને નેપોલિયન યુરોપને ધ્રુજાવતો હતો, ત્યારે ટેકરો મુનશીઓનો નહોતો પણ એમના પોતાના પૂર્વજ જગુભાઇ દેસાઈનો હતો. એમને એવી પણ ખાતરી થઈ ચૂકી હતી કે કરસનદાસ મુનશીએ ગેરવાજબી રીતે એ ટેકરો જગુશેઠ પાસેથી છીનવી લઈ, મુનશીઓનો બનાવ્યો હતો. વેરસાઇના[1] કોલકરારની માફક આ કોલકરાર ફાડી ફેંકી દઈ જગુ દેસાઈના ટેકરાને તેના જ વંશજોનો ટેકરો બનાવી

૧. Versailles.

દુષ્કૃતોનો વિનાશ કરી, ધર્મસંસ્થાપના કરવી એ એમનો જીવનમંત્ર થઈ રહ્યો.

બાપાજીના અવસાન પછી સાતમે કે આઠમે દિવસે આક્રમણનાં દુંદુભિ ગગડયાં. ઇલિયડનો વીર નાયક એકિલીસ જેમ તંબૂમાંથી નીકળે છે તેમ અમારા પડોશી નીકળ્યા—ક્યાંથી તે વારંવાર કહેવાની જરૂર નથી—અને ડોળા ફાડી, છાતી કાઢી, 'પૈસાવાળાઓ જે કાંઇ પચાવી પડયા છે' તેમની સામે ઘુરઘુરાટભરી ગર્જના કરી.

હું રહ્યો બીકણ. શિરછત્ર તો તરતમાં જ ખોયેલા. અપમાન કદી સહેલું નહીં. હું થરથર ધ્રૂજવા લાગ્યો. નીચે ગયો તો જીજીમાને અપશબ્દોથી ઘવાયેલાં ને આંસુ સારતાં જોયાં.

આ કથાના નાયક તંતુવિગ્રહમાં પ્રવીણ હતા. હિટલરને એ પ્રકારનો વિગ્રહ શોધવાનો જશ અપાય છે એ અજ્ઞાનતાની અવધિ છે એમ મારે કહેવું જોઇએ. આ તંતુવિગ્રહનું પહેલું સ્વરૂપ આવું હતું. જતાંઆવતાં છાપરાંની પાંખો પર ડોળા ઠેરવી એ મહારથી ઉચ્ચારે: 'ટેકરો જગુ દેસાઈનો છે' કે 'જાજરૂ, ખડકી મારાં છે' કે 'પૈસાવાળાઓએ ખાઈપિચાવેલી જમીન એમને રોમેરોમે ફૂટી નીકળવાની છે.' આ સ્વગત સંભાષણમાં અપશબ્દોનું અટામણ તો હોય જ. સાથે સાથે શેરી ગાજી ઊઠે એમ છાતી પણ ઠોકે. આ સાંભળી શેરીનાં છોકરાં ને એમનાં સગાંવહાલાં બહાર નીકળે. અમે

તો તે વખતે ઘરમાં જ ભરાઇ બેસીએ.

થોડે થોડે દહાડે આઠનવ વાગ્યે અપમાન સહન કરવા અમે કાન માંડીને બેઠાં જ હોઈએ. કોઇ વા તો ઘર છોડીને જતાં રહીએ તો સારું એવો પણ વિચાર આવે.

આ અનુભવની એક ખૂબી તો એ હતી કે અમારા એ પડોશીનો પુત્ર મારો મિત્ર થતો અને જ્યારે આવો પ્રસંગ આવતો કે તરત તે મારી પાસે આવી પોતાનાં દુ:ખ રડતો.

આરંભ્યું તે પૂરું કરવું એ બુદ્ધિશાળીઓનું બીજું લક્ષણ છે અને તે પ્રમાણે અમારા પડોશીએ 'તંતુવિગ્રહ' સાથે આક્રમણ શરૂ કર્યું. કોઈ વા એ વીર અમારા 'ટ્રોયના ગર્વભર કાંગરા'ને તાણ મારી આવે ને ફળિયાવાળાં ફફડી ઊઠે. કોઈ વા લાકડાંનો ભારો ખાડીની ખુલ્લી જમીન પર નખાવી નવો મોરચો ઊભો કરે. શેરીમાં તુમુલ શબ્દનાદ થાય વીર કોપે, બધાં ધ્રૂજે. કોઇ વાર એમને મુત્સદ્દીગીરીને વા વાય અને જીજીમાને આવીને મળી જાય. 'હું કનુભાઈને કોઈ દહાડો નહીં રંજાડું' એવું આશ્વાસન આપે ને જતાં જતાં 'પણ જોજો, હું બહુ ખરાબ માણસ છું' એવી ડરામણી આપી જાય. વળી પાછ પંદર દિવસ પસાર થાય કે તંતુવિગ્રહનો પ્રારંભ થાય

આ વિગ્રહ માટે હું તદ્દન નાલાયક હતો બાલપણથી ગાળ કહી દીધેલી નહીં. સામે મોં

હોંસાતોંસી ભાગ્યે જ કરેલી. બહુ યે મન થાય કે કમર કસી બહાર પડું, પણ મન થાય તેવું જ મરી જાય. ‘મારા કેસરભીના કંથ હો, સિધાવોજી રણવાટ’ ગાઈ, કોઈ શૂર ચડાવનાર પણ નહીં; એટલે ‘થનગનતો ઘોડો’ આગળ ચાલવાને બદલે સામાન્ય રીતે હોય ત્યાં ને ત્યાં જ બેસી જાય.

જીજીમાને આ તંતુવિગ્રહથી કારી ઘા લાગ્યો. એમણે ઠાકોરમામાની સલાહ માગી. મરેલા પતિની પ્રતિષ્ઠા માટે અને નાના છોકરાના હક્કને માટે એમણે નક્કી કર્યું કે નમતું ન આપવું. એમણે ભગવાન ત્રિપુરારિની સહાય માગી. મેં પુસ્તકો તપાસ્યાં; પ્લુટાર્કનાં જીવનચરિત્રોમાં, કાર્લાઇલની પ્રોત્સાહક જીવનકથાઓમાં, દેશપરદેશનાં મહાકાવ્યોમાં અનેક ગઢના રક્ષણાર્થે બહાર પડેલા બહાદુરોના ઉલ્લેખ હતા; પણ આ જાતના ગઢને માટે શું કરવું એ કોઇ ઠેકાણે મળ્યું નહીં. આ જાતની વીરતાના દૃષ્ટાન્તને અભાવે હું હતો તેવો જ રહ્યો.

આખરે અમારા પડોશીએ યુદ્ધ આરંભ્યું. એમણે ત્રણચાર દિવસ સુધી સવારે જતાંઆવતાં છાપરાં પર ડોળા ફાડી ઊંચે સ્વરે સિંહનાદ કર્યો: ‘આ જગુ દેસાઈનો ટેકરો છે, ન રહેવાય તે ચાલ્યાં જાય.’ પછી પાછલી ખડકીને બારણે અમારા તાળાં પર તાળું લગાવી એ પોતાને ગામ ચાલી ગયા.

અમારી છાવણીમાં ગભરાટ છવાઈ રહ્યો. અર્જુનનું પરાક્રમ સ્મરી, સાયકલ પર સવારી કરી હું ગામ બહાર જ્યાં મામા રહેતા હતા ત્યાં એમને બોલાવવા ગયો: જેમ એ કૌન્તેય શ્રીકૃષ્ણને નિમંત્રવા ગયો હતો, તેમ. રસ્તે જતાં બેએક છોકરાં પણ સાયકલ સાથે અથડાયાં ને છૂંદાયાં, હણાયાં નહીં.

ઠાકોરમામા કટિબદ્ધ થઈ આ ધર્મયુદ્ધમાં જોડાયા. બારણા પર ઝઝૂમતું વેરીનું તાળું અમે તોડી નાખ્યું. અમે એટલે મામાનો હાથ અને મારી હાજરી.

દુશ્મનનું સૈન્ય આવ્યું. તેમાંના એક મહારથી લાકડી લઈને આવ્યા ને મામાને બારણા સાથે ભીંસમાં લીધા. વીર ભાર્ગવના રુધિરની સરિતા વહેતી સહેજમાં અટકી પડી. અમારું તાળું તૂટી ગયું. જેમ ટ્રોયના ગર્વભર કાંગરા આગળ ગ્રીક અને ટ્રોજન વીરોનાં ભાલાં અને ઢાલ વીખરાઈ પડયાં હતાં, જેમ લંકાગઢના ભવ્ય કોટ આગળ દ્વાપરયુગના મહારથીઓનાં શસ્ત્રાસ્ત્ર વેરાઈ ગયાં હતાં તેમ મુનશીના ટેકરાના સ્થાપત્યની આ અવિસ્મરણીય કલાકૃતિ આગળ બબ્બે તાળાંની કચ્ચરો જમીન પર વેરાઈ પડી હતી. હવે આ વિગ્રહ ક્ષુદ્ર, અર્વાચીન વીરતાવિહોણો થઈ ગયો. મહાકાવ્યનું વસ્તુ થતો અટકી ગયો. દેવદાનવોના ભડવીર સહચરોમાંથી અમે વકીલના ગુમાસ્તાના ગુલામ બની ગયા. સાંજે અમારો 'વરઘોડો' ફોજદારને

ઘેર ગયો. અમે દાવો માંડ્યો, અમારા પડોશીએ 'તંતુવિગ્રહ' ચાલુ રાખવાનાં ફાંફાં માર્યા. 'ખડકી ખાલી કરવી પડશે, હવેલીઓ ઉઠાવડાવું તો જ હું ખરો!' અમારા પડોશીએ ઉચ્ચાર્યું. જીજીમાએ ઘેરઘેર જઈ દસ્તાવેજો ભેગા કર્યા. પોતાને હાથે તેની નકલ કરી. ઘરડાંમાં કોણ સાક્ષી પૂરશે તેની ચોકસાઈ કરી. 'જાજરૂ-પુરાણ' સુનાવણી પર આવવાની તૈયારી થઈ, એટલે અમે સાક્ષીઓ માટે દોડાદોડ કરવા લાગ્યા. હું તો લાડકો ને સુંવાળો. કોઈને વિનતી કરતાં આવડે નહીં, અને દબાણ તો થાય જ કેમ? કોઈ ના કહે તો મને માથાવાઢ દુઃખ થાય. મામા મને કોઈને ઘેર લઈ જાય. તે જ રાતે અમારા પડોશી ત્યાં પહોંચી જાય, આજીજી કરે, સિફારસ અજમાવે. 'પૈસાવાળાએ મને મારી નાખ્યો. તમે શું કામ અમને ગરીબને મારો છો?' સાક્ષી બીજે દિવસે કોર્ટમાં આવવા ના પાડે અને અમે પાછા શિકારી કૂતરાની માફક તેની પાછળ પડીએ.

બરજોરજી ડૉકટર ગામના ખૂબ જ પ્રતિષ્ઠિત સજ્જન. બાપાજીના વખતમાં મ્યુનિસિપાલિટીમાં સાથે. અનેક વાર એ ખડકીને બારણેથી આવેલા અને ગયેલા. એમણે સાક્ષી આપવા આવવા અમને હા કહી. બીજે દહાડે અમારા પડોશી એક સગાને લઈ એમને મળી આવ્યા. બરજોરજી ડૉકટરે સાક્ષી આપવાની અનિચ્છા દર્શાવતો પત્ર મને લખ્યો. મામા કહેઃ 'કંઈ નહીં,

આપણે એને પહોંચી વળીશું.'

બરજોરજી ડૉકટરના એંશી વર્ષના પિતા સોરાબશા શેઠ–મોટા કાકાના જૂના મિત્ર–ગામ બહાર રહેતા. અમે તેમની પાસે ગયા. તેમણે 'માણુકાભાઈ'ના પુત્રને હેતથી આવકાર આપ્યો: 'કઈ ખડકી? કયો તબેલો? કઇ ખાડી?' તેનાં સંસ્મરણો તાજાં કર્યાં. અમે વાત કહી ને શેઠ ગુસ્સે થઇ ગયા. "બરજોર, કાંય ના કે'છ! 'માણુકાભાઈ'ના પોરિયાને મદદ નહીં કરસે તો કોને કરસે? હું કહી દેવસ. બેટા, ગભરાતો નહીં."

બીજે દહાડે બરજોરજી ડૉકટર ઘેર આવ્યા:

"અરે, તમે બાવાજીને કાંય કહેવા ગયા? હું જુબાની આપસ, પછી કંઈ છે?"

મુકદ્દમો નીકળ્યો. ત્રણ દહાડા મારી ઊલટ તપાસ થઈ. દીવાની કૉર્ટનો મારો આ પહેલો અનુભવ પક્ષકાર તરીકે થયો.

જીજીમા ઘેર બેસી નકલો કરે, મળાય તેવા સાક્ષીઓને મળે. 'જાજરૂ–પુરાણુ'થી ભાર્ગવવાડાઓમાં ચકચાર થઈ. 'ટેકરો હવે જગુ શેઠનો થવાનો' એમ અમારા પડોશીના મિત્રો કહેવા લાગ્યા.

જીજીમા વિચાર કરે: 'હારીશું તો શું થશે?' મને હારવાનું દુઃખ નહોતું. હારવા કરતાં વધુ દુઃખ તો એ થતું કે મારા પડોશી જેવી મારે જીભ

નહોતી. એવી નફ્ફટ રીતે મારાથી બોલાતું નહીં તેથી હું મારી જાતને ફિટકારતો.

આખરે અમે જીત્યા. ખડકી જાજરૂ બધાંનાં અને બારણું અમારું એમ ચુકાદો આવ્યો. પડોશી અપીલમાં ગયા ને ત્યાં હાર્યા.

આ ' જાજરૂ–પુરાણ ' ૧૯૧૩માં હાઈકોર્ટમાં પૂરું થયું. ટેકરા પર મુનશીઓનું સ્થાન નિર્ભય ને અચળ રહ્યું. આમ ટેકરાનો છેલ્લો વિગ્રહ સમાપ્ત થયો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી કે નહીં તે ખબર નથી, પણ સામા પક્ષવાળાના મુખમાંથી તો અચૂક થઈ જ.

૧૦

નાનકડી, સરળહૃદયી, વિશ્વાસુ લક્ષ્મી જીજીમાની યોજનામાં ગોઠવાઈ ગઈ હતી. એનું અવિકસિત માનસ પુત્રવધૂ થવાને લાયક કયારે થશે એ પ્રશ્ન માત્ર સાસુને મૂંઝવતો. પણ મિત્ર પાસે દિલ ખોલવાના પ્રસંગો મળવાથી હું ઘરમાં સ્વસ્થ ને સંતોષી રહી શકતો. અને લક્ષ્મીના મૂક આત્મસમર્પણમાં એવો પ્રભાવ હતો કે એના તરફ અસંતોષ વ્યક્ત કરવો એ મોટો ગુનો કરવા બરાબર લેખાતું.

૧૯૦૯ના એપ્રિલમાં ટર્મ પૂરી થઈ એટલે મારે મુંબઈ રહેવાની જરૂર ન રહી. તે વખતે મારી તબિયત પણ વધારે બગડી હતી, એટલે ડૉક્ટરે મને વાંચવાનું છોડી દેવાનું કહ્યું. પરિણામે મેં હારમોનિયમ વસાવ્યું.

મનુકાકા ને રામલાલભાઈ તો હતા જ. એટલે અમે ત્રણે જણે એક જ શિક્ષક રાખ્યો, જેનો વાચાળ ને રમૂજી સ્વભાવ અમને સંગીત કરતાં વધુ આનંદ આપતો.

અમારા શિક્ષક સંગીતમાં ઘણા નિષ્ણાત હતા. એમના નાના છોકરાઓ બહુ સુંદર ગાય અને તબલાં, હારમોનિયમ વગાડે; અને ગામના લોકો શિક્ષક પર ખુશ રહે. એ શિક્ષકને ઘેર શીખવવા બોલાવવા એ ભરૂચમાં પ્રતિષ્ઠિત શહેરીનું લક્ષણ બની ગયું. અમારા માસ્તર આવે, ટુચકાઓ કહે, અને જેવા શિષ્ય તેવું શિક્ષણ આપે.

એક શિષ્યે મહિનાઓ સુધી એમને ભણાવવા રાખ્યા. એ આવે, એમનો છોકરો ગાય, પોતે વગાડે, ઘર સંગીતથી ગાજી ઊઠે ને દર મહિને પોતે પગાર પામે.

મેં પૂછ્યું: "એ શિષ્યને કેટલું આવડ્યું?"

માસ્તર બોલ્યા: "બહુ સરસ. આઠ મહિના પર 'છોરી બામનકી અંગિયા પે અત્તર લગાકે ચલી' મેં શીખવ્યું છે. રોજ 'છોરી બામનકી બામનકી' ની બૂમ મારે છે. હજુ 'છોરી' વાણિયાની થઈ નથી."

મને સૂરનું ભાન નહીં, એટલે મેં હારમોનિયમ 'શિક્ષિકા' વસાવી ને માત્ર યાદદાસ્તની મદદથી સેંકડો ગાયનો ઝપોઝપ વગાડવા માંડયાં. એ યાંત્રિક અભ્યાસને બદલે સૂર પારખતાં શીખ્યો હોત તો ખરા સંગીતથી આજ અસ્પૃષ્ટ રહ્યો છું તેમ ન રહ્યો હોત.

ભરૂચ તે વખતે શ્રદ્ધાળુ શહેર હતું. કોઈ પણ નવો માણસ ધાર્મિક ધતિંગ કરે કે તે અમારા ગામમાં ફાવે. યજ્ઞ, યાગ, પધરામણીઓ વગેરે ચાલ્યાં જ કરે. શંકરાચાર્ય આવે ને જટાધારી યોગીઓ આવે. એક નાગા મહાત્મા આવીને ગામ બહાર ઊતર્યા. તેમનાં દર્શન કરવા સ્ત્રીપુરુષોની રોજ ઠઠ જામે. એક યોગીન્દ્ર તમારે ઘેર પધરામણી કરે ત્યારે ખડકીથી ઘર સુધી ભોંય પર લૂગડાં પાથરવાં પડે. એ આવે, પીળાં પીતાંબર અને માથે ખોટા વરખનો મુગટ પહેરીને; શેરી આગળથી એમની સાથે આવેલી ત્રણચાર સ્ત્રીઓ વારાફરતી ચાર પગે ઘોડો થઇ જાય; યોગીન્દ્ર એ ઘોડા પર બિરાજમાન થઈ તમારે ઘેર આવે.

એક વાર ગામમાં વાત ઊડી કે ભાગેકોટના ઓવારા પર એક મંદિરમાં મહાદેવનું બાણ 'ઓમ પતેસ્ટા' માગી રહ્યું છે. ગામલોક ઊલટ્યું. મંદિરના પુનરુદ્ધાર માટે લખણી થઈ. સારા સારા માણસો કહેવા લાગ્યા કે એ બાણમાંથી ગંભીર શબ્દ નીકળે છે. 'ૐ પ્રતિષ્ઠા' ની બાધાઓ લેવાઈ. હું પણ જોવા ગયો. 'હું....અ ....હું....અ' એવો નાદ જરૂર થતો હતો; તે જામેલી ઠઠ વચ્ચે એ મેં પણ સાંભળ્યો. થોડે દહાડે અવાજ બંધ થયો. લોકોએ માન્યું કે હવે લખણીની રકમથી ભગવાન શંકર સંતુષ્ટ થયા.

મંદિર બંધાવવા માંડ્યું ત્યારે પાણી જવાની

નીકમાંથી એક મરેલા મોટા દેડકાનું શબ હાથ લાગ્યું!

દર વર્ષે એક યોગીરાજ શિષ્યો સાથે નર્મદામાં નાહવા ભરૂચ આવતા ને મહિનો એક રહેતા. ગામલોક એમનું આતિથ્ય કરે અને એ પ્રવચનો કરે. એ પ્રવચનો મને સુંદર, ગંભીર ને પ્રોત્સાહક લાગેલાં. શિષ્યો થાય તેને એ યોગ શીખવે. 'વર્ણવ્યવસ્થા ઈશ્વરસર્જિત કેમ હોઈ શકે?' એ વિષે શંકા ઉઠાવવા હું એક વખત એમની પાસે ગયો હતો.

જીજીમા અને ચાર પ્રતિષ્ઠિત આધેડ વયની વિધવાઓનું એક ભક્તમંડળ હતું. તે રોજ ગીતા વાંચે અને તેનું અંદરઅંદર વિવેચન કરે. જીજીમાએ એક દિવસ મને કહ્યું: "યોગીરાજની એક શિષ્યા નર્મદામાં નાહવા ભરૂચ આવી છે અને તેણે ગીતા ઉપર ભક્તમંડળમાં બહુ સુંદર પ્રવચન કર્યું."

ત્રણચાર દહાડા પછી ખૂબ જ ભક્તિભાવથી જીજીમા આ 'મહાત્મા'ના નામથી ઓળખાતી યોગીરાજની શિષ્યાને અમારે ત્યાં લઈ આવ્યાં.

'મહાત્મા' ઊંચાં, સત્તાવીશેક વર્ષનાં, સ્વરૂપવાન નહીં છતાં જુવાનીથી ઓપતાં બાઈ હતાં. શરીરે તેમણે માત્ર સફેદ વસ્ત્ર પહેર્યું હતું. એમની મોટી તેજસ્વી આંખોમાં માત્ર આધ્યાત્મિક તેજ જ હતાં એમ કહી શકાય નહીં. ત્રીજા માળના મારા મોટા ખંડમાં બેસી હું તબલાં વગાડતો હતો ત્યાં 'મહાત્મા'

આવ્યાં. હું પણ ગીતા અને યોગસૂત્રનો રસિયો હતો એટલે મેં પૂજ્યભાવથી નમસ્કાર કર્યા.

મારા ત્રીજા માળના ખંડ પાછળ અગાસી હતી. તેની પાછળ એક નાની હવાઉજાસવાળી ઓરડી હતી, જેમાં જૂનો સામાન પડી રહેતો. આખું ઘર જોયા પછી 'મહાત્મા' ને આ ઓરડી પસંદ પડી અને જીજીમાએ એમને ત્યાં રહેવા માટે નોતર્યાં.

બીજે દહાડે રાતે 'મહાત્મા' જમવા આવ્યાં. એ તેલમરચું તો ખાય નહીં, એટલે જીજીમાએ એમને માટે જુદું રાંધ્યું. એમને શેર દૂધ વિના ચાલે નહીં, તે પણ આવ્યું. જમતાં જમતાં મેં યોગાભ્યાસની વાત છેડી.

હું તે વખતે **त्रैगुण्य विषयावेदा निस्त्रैगुण्यो भवार्जुन ।** એ ટૂક સમજવા ફાંફાં મારતો હતો. યોગ-સૂત્રનાં ઘણાં સૂત્રોમાં મારી ચાંચ બૂડતી નહીં. મેં પ્રશ્નો કર્યા. 'મહાત્મા'એ માત્ર શબ્દાડંબરી જવાબ આપ્યા. આખરે બધા યોગોમાં 'પ્રેમલક્ષણાભક્તિ'નો યોગ શ્રેષ્ઠ છે એમ એમણે પ્રતિપ્રાદન કરવા માંડયું. હું તત્ત્વજ્ઞાનનો થોડોઘણો અભ્યાસી, કૅન્ટ ને સ્પેન્સરના સિદ્ધાંતોથી તરબોળ અને યોગની પ્રક્રિયા શીખવાને ઉત્સુક હતો, એટલે મારું મન માન્યું નહીં; પણ જીજીમા અને એમની મંડળીને તો 'મહાત્મા'ની સુભાષિતોથી ભરપૂર વાણીએ મોહ પમાડયાં.

મારે એક વાત કબૂલ કરવી જોઈએ. આ પહેલાં આવી વિદ્વાન ને ચબરાક સ્ત્રી જોડે મેં કદી વાત કરી નહોતી, એટલે મને બહુ રસ પડ્યો એ તો ચોક્કસ.

તે રાતે ઉપરની ઓરડી સાફસૂફ થઈ ન હતી એટલે 'મહાત્મા' જીજીમા જોડે પહેલે માળે જ સૂતાં.

સવારે વહેલાં ઊઠી, નર્મદાએ નાહી, મંદિરમાં સંધ્યા કરી, આઠેક વાગ્યે 'મહાત્મા' ત્રીજે માળે જ્યાં હું તબલાં વગાડતો હતો ત્યાં આવ્યાં. મેં એમનું હૃષ્ટપુષ્ટ શરીર જોયું, તેજસ્વી આંખો જોઇ, ને મારા હૃદયમાં ધ્રાસકો પડ્યો. ભકતાણી મા, નાની બાળક વહુ, એકનો એક જુવાન લાડકો દીકરો, મોટી હવેલી, ત્રીજો માળ ને પાછલી ઓરડી ને એક મહિનો નર્મદાજી નાહવાનું! પગથી માથા સુધી મારે અંગે શીત વ્યાપી ગયાં. અમે આડીઅવળી વાત કરી ને મને ગભરાટ થયો: 'આ બાઇ અહીંયાં ચીસ પાડે તો મારી આબરૂના તો કાંકરા થઈ જાય!' એ બીક મારે હૈયે વસી.

કંઇક બહાનું કાઢી હું નીચે દીવાનખાનામાં ઊતરી આવ્યો ને એમને પણ મેં નીચે બોલાવ્યાં. ત્યાં બારીઓ સામે પડોશીની બારીઓ પડતી. મહમદ આવતો ને જતો. લક્ષ્મી પણ આવતી. અહીં હું નિર્ભય બન્યો.

મેં ફરી ફરીને 'મહાત્મા'ને એમનાં પોતાનાં વિષે પૂછ્યું:"યોગીરાજને છોડીને તમે એકલાં કેમ આવ્યાં?"

"મારે ને એમને નથી બનતું. આ કા
મારે એમને સખત જવાબ આપવો છે."

એમણે મને કાગળ આપ્યો. એમાં પૂ
શ્રીમહારાજ યોગીરાજની આજ્ઞાથી શિષ્યા
આજ્ઞા કરવામાં આવી હતી કે એક વર્ષ સુધી પૂ
એમનો બહિષ્કાર કર્યો હોવાથી એમણે કોઈ
સ્થાનમાં રહી, જપતપ કરી, પ્રાયશ્ચિત્ત કરવું.

"આ તો તમને શિક્ષા કરી છે. તમે
ગુનો કર્યો લાગે છે!" મેં કહ્યું.

આ મારી મૂર્ખાઇ હતી. 'મહાત્મા' ને
હું એમનાંમાં રસ લઉં છું, એટલે ઘણા
ઓળખાણ હોય તેમ એમણે વાતો કહેવા
"યોગીરાજ યોગના અભ્યાસી છે; સાથે વૈ
છે. વામમાર્ગી યે છે. હું સાત વર્ષની હતી
મારી વિધવા માએ મને યોગીરાજને સમર્પણ
એમના આશ્રમમાં હું ભણી. હોશિયાર થઈ.
મને પટ્ટશિષ્યા સ્થાપી. હું એમની પટ્ટરાણી
હતી—પરંતુ નિયમમાં, હઠયોગના શાસન પ્ર
ગયે વર્ષે યોગીરાજ મુંબઇ ગયા. ત્યાં કોઈ
વહાલી કરી. મેં બીજા પુરુષ જોડે મશ્કરી કરવા
યોગીરાજ કોપ્યા. મેં જવાબ દીધો: 'તમે બીજી
કરો, તો હું શા માટે નહિ?' આખરે યો
આ પ્રમાણે બહિષ્કારની આજ્ઞા કરી છે."

ઘરની સ્ત્રીઓ સિવાય મને બીજી કોઈ સ્ત્રીનો પરિચય નહોતો. મારી કલ્પનામાં જે સ્ત્રી પરિચિત હતી તેની સર્વગુણસંપન્નતા મારા મનમાં હમેશાં રમ્યા જ કરતી. ભ્રષ્ટ સ્ત્રીઓ વિષે ઘણું વાંચ્યું હતું; પણ તેને નજરે જોઈ પહેલી જ વાર. જેમ કાકીડો જોઈ કમકમાં આવે તેમ મને કમકમાં આવ્યાં અને ત્યાંથી નાસી છૂટવાનું મને મન થયું.

"ત્યારે તમને તો શિક્ષા થઈ છે, એમ ?" મે પૂછ્યું, "અહીં નર્મદા નાહવા આવ્યાં છો એ વાત ખોટીને ?"

"મને શાની શિક્ષા ? મને એક સચોટ જવાબ લખી આપો. હું એમને પહોંચી વળીશ."

'મહાત્મા'ની આંખોમાં ઝનૂન આવ્યું. જેમતેમ વાત પૂરી કરી હું જમવા ગયો, ને 'મહાત્મા'એ હીંચકા પર બેઠાં બેઠાં 'કાનુડો શું જાણે મારી પ્રીત ?' એ ગીત ઊર્મિભર સાદે લલકારવા માંડ્યું. હું તો જેમતેમ જમીને ઉપર જઈને બેઠો. જીજીમાને કહેવાની હિંમત ચાલી નહિ. એ પોતે મને ખરાબ માને તો ? આ બાઈ ફરી બેસે ને મારા પર આળ આવે તો ?

સાંજના ચારેક વાગ્યે 'મહાત્મા' પાછાં ઉપર પધાર્યાં. મેં સ્પષ્ટ કહ્યું: "તમારું અહીંયાં આ ઘરમ સ્થાન નથી." જીજીમાને જો હું આ બધું કહું તો

આખું ભક્તમંડળ એમને ધુત્કારી કાઢે એ
હતું. મેં આગળ કહ્યું : “ સારામાં સારો રસ્
છે કે ચાંદોદ જેવી જગાએ જઈને રહો,
તમે પ્રાયશ્ચિત્ત કરી શકો અને લોકો જાણે

‘ મહાત્મા ’ને મારી આ સૂચના ન ગમી.
તો હું ન કલ્પી શકું એવી ધૃષ્ટતાથી સીધ
કરીઃ “ હું યોગ કરું છું. ને અમારો તો હ
એમાં સ્ત્રીને પુરુષના સાહચર્યની જરૂર છે. ત
ન કરો ? ”

આ નફટાઈ સાંભળી હું દિંગ થઈ ગયો
ચાલત તો પાસે પડેલું તબલું હું એમનાં મ
મારત. પણ હું એમની જરા જેટલી અવજ્ઞા
એ મારો ફજેતો કરે એવી બીક મારા હૈયામ
હતી એટલે હું સાવધ થયો. “ મારે આ વ
વિચાર કરવો જોઈએ, કારણ હું એટલો સ
નથી. ”

“ ના, તમે છો. સર્વ રીતે યોગ્ય છો. ”

હું રસ્તો શોધતો હતો ને મને મળ્યો.
હમણાં ચાંદોદ ચાલો. હું તમને ત્યાં મૂકી
પછી તમે ત્યાં રહેજો. એટલામાં મને વિચાર
વખત પણ મળશે. ”

“ હું ચાંદોદમાં કોઈને ઓળખતી નથી.

“ પણ હું તો ઓળખું છું ને ! હું

ગોઠવણુ કરાવી આપીશ." મેં કહ્યું.

'મહાત્મા' ખુશ થઈ ગયાં. ને 'કાનુડો શું જાણે મારી પ્રીત' ગાતાં એ નીચે ઊતર્યાં.

મેં જીજીમાને ત્રીજે માળે બોલાવીને બધી વાત કહી, એમને પણ બપોરથી આ બાઈનો ચાળો ગમ્યો નહોતો.

ચાંદોદ જવાની જીજીમાએ હા પાડી હોવાથી રાતે મહાત્મા તૈયારી કરવામાં રોકાયાં. હું પણ તૈયારી કરવા લાગ્યો. અને પછી ત્રીજા માળની દાદરબારી વાસીને સૂઈ ગયો. સવારે વહેલો ઊઠયો, ને સાડા આઠ વાગ્યે 'મહાત્મા' નદી પરથી નાહીને આવે તે પહેલાં ભરૂચના સ્ટેશન પર આવીને બેઠો અને પોણા નવ વાગે વડોદરાની ટ્રેનમાં બેસી પોબારા ગણી ગયો.

હું મનુકાકાને ઘેર પહોંચ્યો ત્યારે મારું કાળજું ઠેકાણે બેઠું.

મારા ગયા પછી જીજીમાએ મહાત્માને કહ્યું: "ભાઈ તો કામસર પરગામ ગયો છે, ને તમને ચાંદોદ તેડી જવા મહમદ સિપાઈ તૈયાર છે."

'મહાત્મા'ની આંખમાં આંસુ આવ્યાં.

એટલામાં અમારી ન્યાતના બે માણુસો, આ બાઈએ બીજા પણ એક ગામમાં આવું જ છમકલું કર્યું હતું તેની વાત કરવા જીજીમા પાસે આવ્યા. જીજીમાએ 'મહાત્મા'ને ઘર છોડવાનું સાફ શબ્દોમાં

કહી દીધું. અમારા ન્યાતીલાઓએ પોલીસની બીક બતાવી ને એમને બીજે કોઈ સ્થળે પહોંચાડી આવ્યા.

'મહાત્મા' જતાં જતાં લક્ષ્મીને કહેતાં ગયાંઃ "આ ભવે તો 'ભાઇ' નહીં મળે. કહેજે, આવતે ભવે મળીશું."

મેં આ સંદેશો સાંભળ્યો ને મને નિરાંત વળી. આ ભવે તો હું નિર્ભય થઈ ગયો હતો; પછીની વાત પછી.

આ અનુભવે 'કોનો વાંક?'નાં કેટલાંક પ્રકરણો પૂરાં પાડ્યાં હતાં.

૧૧

૧૯૦૯–૧૦ માં મારા અભ્યાસમાં હું શિથિલ થઈ ગયો હતો. મારો ઘણો વખત મિત્રાચારી માણવામાં, ગાયન ને ટેનિસમાં, ગામની ને ન્યાતની પટલાઈમાં ચાલી જતો. છતાં અંગ્રેજીમાં હું લેખો લખ્યા કરતો; અને એમાંના કેટલાક 'Hindustan Review', 'Indian Ladies Magazine' અને 'East and West' માં પ્રગટ પણ થયા હતા. ભાષણ કરવાનો અભ્યાસ તો મારા ઓરડાના એકાન્તમાં ચાલુ જ હતો.

આ વખતે સિવિલ સર્વિસ માટે વિલાયત જવાનાં

મેં બહુ ફાંફાં માર્યાં. મારા મિત્ર ધીરજલાલ નાણાવટીએ[1] ત્યાં મારે માટે ભણવાની ને રહેવાની સગવડ કરી રાખી હતી. માત્ર ખરચના પૈસા કયાંથી લાવવા એ મોટો સવાલ હતો. આ બાબતમાં મનુકાકાના મામા મંછાશંકર વકીલે મને પૂરું પ્રોત્સાહન આપ્યું.

મુંબઈમાં હું આવ્યો ત્યારથી મને એમની ઓથ હતી. એ બાહોશ ને વ્યવહારકુશળ જ્ઞાનીની મારા પર ઘણી છાપ પડી હતી. એ સ્મૉલ કૉઝ કોર્ટમાં અગ્રેસર વકીલ હતા, અને પાછળથી ત્યાં ન્યાયાધીશ નિમાયા હતા. એમનું મિત્રમંડળ બહુ બહોળું અને તેના પોતે સલાહકાર ને મદદગાર. વ્યવહારમાં એ કદી ચૂકતા નહીં, ને નાનામાં નાની ગૂંચ ઉકેલી શકતા. ભૂલેશ્વરમાં આવેલી 'ગુજરાત ક્લબ'ના એ પ્રાણ હતા. ત્યાં રોજ સાંજે એ બિલિયર્ડ્સ અને બાજી રમવા જતા. જ્યોતિષનું એમનું જ્ઞાન અગાધ હતું. અને આખા જીવનને વેદાન્તની મદદથી એમણે એકતાન બનાવ્યું હતું. મારામાં એમને ખૂબ રસ હતો. જ્યારે જાઉં ત્યારે હસીને વાત કરે ને મારી મુશ્કલીઓનો તોડ કાઢે.

તા. ૧-૩-૧૯૦૯ના પત્રમાં મેં મનુકાકાને લખ્યું:

---

૧. અડધે રસ્તે : પાનું ૨૪૭

'ક્લાર્કે (વડોદરા કૉલેજના પ્રિન્સિપાલ) હજી પ્રમાણપત્ર મોકલ્યું નથી. એને મળીને તમે તુરત મોકલવા પ્રબંધ કરશો. કાલે જ મેં અરજી કરી છે. ટાટાની ઑફિસમાં કોઈ મોટો માણસ છે, તેને તમારા મામાએ કહેવાનું કબૂલ્યું છે. પણ હું 'સ્કૉલરશિપ' મેળવવા ભાગ્યશાળી થઈશ એમ મને લાગતું નથી, કારણ કે મારા કરતાં બીજા ઘણા નાની વયના ને વધુ બુદ્ધિશાળી ઉમેદવારો છે. પણ નાનપણની મારી નેમ સિદ્ધ કરવા મેં મારાથી બનતું ન કર્યું એમ તો નહીં કહેવાય ને? તમે જાણુતા નથી કે સિવિલ સર્વિસ માટે મને કેટલી ઝંખના છે; અને એ ધ્યેય સિદ્ધ નહીં થાય તો મને કેટલી નિરાશા થશે!

સરોજિની નાયડુ નામની કવયિત્રીનાં અત્યંત સુંદર વાગ્વૈભવવાળાં ને પ્રોત્સાહક વ્યાખ્યાનો સાંભળું છું. ખરેખર, એ અદ્‌ભુત છે!'

મારું ધારવું ખરું પડ્યું. મંછાશંકરકાકા મને પાદશાહ પાસે લઈ ગયા અને તેમણે મને નાહી નાખવાનું કહ્યું.

આખરે હું જુલાઈ ૧૯૧૦ માં એલએલ. બી. ની પરીક્ષામાં પાસ થયો.

મનુકાકાને તા. ૧૭મી જુલાઇના પત્રમાં મેં લખ્યું:

'પાસ થવાના સમાચાર સાંભળ્યા ને હું

જરા દિલગીર થયો. સુખ કે દુ:ખ મારાથી એકલા જિરવાતું નથી. પણ હવે ઠીક છે.......જરા ગાંડો થઈ ગયો છું ને મારું ગાંડપણ ગાંડામાં ગાંડું છે.

કોઈ ઠેકાણે મેં એક વાર્તા વાંચી હતી, જેમાં પરણવાની આગલી રાતે કન્યાનો વર ખોવાઈ જાય છે. પરિણામે કન્યા ગાંડી થઈ જાય છે. ને પછી ગમે તેનું પગલું સાંભળે કે એનો વર જ આવ્યો છે એમ એ માનતી થઈ જાય છે. એ વાટ જોતી બેસે છે–વર્ષોનાં વર્ષો સુધી, પોતે અનન્તતામાં લય પામે છે ત્યાં સુધી.

મારી સ્થિતિ એ કન્યા જેવી જ થઈ ગઈ છે. દરેક ટપાલમાં અભિનંદનપત્રોના થોકડા આવે છે ત્યારે મારું હૈયું અપ્રાપ્ય માટે તલસે છે. જે અભિનંદનો આવતાં નથી તે મેળવવાની આશા રાખું છું. જે પત્ર કદી આવતો નથી તેની રાહ જોઉં છું, ને એ નથી આવતો એટલે દુ:ખમાં ડૂબી જાઉં છું. મને વેદનારહિત આનંદ કદી મળતો નથી.

આ આશાવિહોણું ગાંડું સ્વપ્ન છે, મારા રોગિષ્ટ મનની મૂર્ખતાભરી કલ્પના છે. પણ એના વિના હું કેમ જીવું? આ બધો વિજય નીરસ છે. જગત આખું ખાલી છે. જવા દો. ભૂતકાળ ભલે એનાં શબોને દફનાવી દે....

ગઈ કાલે દક્ષિણ આફ્રિકાના મિ૦ એચ. એસ. એલ. પૉલક આવ્યા છે ને આપણે ત્યાં પરોણા થઈ ઊતર્યા છે. દક્ષિણ આફ્રિકા વિશે પંદરેક દિવસમાં અમે એક સભા ભરીશું. મોતીલાલકાકા પ્રમુખસ્થાન લેશે.'

આ વખતે ગાંધીજીનું નામ હિન્દમાં સંભળાતું થયું હતું. પૉલક ને હું હિન્દના મહાન પુરુષોનાં ગુણગાન કરતા બેઠા હતા, કારણ કે એ લગભગ ઘણાખરાને મળીને આવ્યા હતા. હું અરવિન્દનો ભક્ત હતો. પૉલકે કહ્યું: "મેં તમારા બધા મહાપુરુષો જોયા, પણ ગાંધીના જોડાની દોરી બાંધવાને પણ કોઈ યોગ્ય નથી." મને આથી બહુ ખોટું લાગ્યું હતું એમ યાદ છે.

મંછાશંકરકાકાએ બેત્રણ જણ પાસેથી, મારે માટે વિલાયત જવા સારુ પાંચસાત હજાર રૂપિયા ઉપાડવાની યોજના કરવા માંડી. પાંચેક હજાર ઘરેણાં અને જમીનમાંથી ઊભા કરવા એવો મારો ખ્યાલ હતો. દશબાર હજારમાં હું સિવિલ સર્વિસમાં પાસ થઈશ, નહિ તો બૅરિસ્ટર બનીને આવીશ એવી મારી ગણતરી હતી. કઈ સ્ટીમરમાં જવું તે પણ મેં નક્કી કરી રાખ્યું. મેં જીજીમાને વાત કરી. તેમણે ઠાકોરમામાને કહ્યું. બીજે દહાડે, વ્યાજ સાથે શો ખર્ચ થાય, નપાસ થાઉં તો અમારી શી વલે થાય વગેરેનો

અડસટ્ટો એ ભાઈબહેન લઈ આવ્યાં. આંકડા પર આંકડો ચડ્યો. ભાવિ ભયંકર લાગ્યું. અને વિલાયત જવાના મારા તુક્કા પર પાણી ફરી વળ્યું. કેટલાય દિવસ સુધી હું ભગ્ન હૃદયે વિધિને દોષ દઈ રહ્યો.

મારા જીવનમાં ઘણી વાર એવું બન્યું છે કે ઇચ્છિત વસ્તુ ન મળ્યેથી ફાયદો થયો છે. ઘણાં વર્ષ પછી ધીરજલાલ નાણાવટી સિવિલ સર્વિસમાં પાસ થઈ, રંગૂનમાં 'લીગલ રેમેમ્બ્રન્સર' ને હોદ્દે પહોંચી, કંટાળી, રજા લઈ મુંબઈમાં વકાલત કરવા આવ્યા. એક વખત અમે વીતી વાતોનું સ્મરણ કરતા હતા ત્યારે એમણે મારે માટે વિલાયતમાં કરેલી તૈયારીની વાત કરી. હું ન જઈ શક્યો તેનું મેં દુઃખ વર્ણવ્યું.

"એ જ તમારી ધન્ય પળ." એમણે કહ્યું: "એ પળ વડે આજે તમે જે છો તે છો."

૨૨ મી જુલાઈએ ડિગ્રી લેવા મુંબઈ ગયો. ને હવે શું કરવું તેનો વિચાર કરવા મંછાશંકરકાકાને ત્યાં ગયો. એમના ભાઈ જમિયતરામકાકા ઉપર રહેતા ત્યાંથી અંગ્રેજી પોશાક પહેરી એક ગૃહસ્થ ઊતર્યા, ને અંદર ડોકિયું કર્યું.

"કેમ, મંછાશંકરભાઈ! તબિયત તો સારી છે ને?" કહી તે આવનાર હસ્યા. મંછાશંકરકાકાએ

આવકાર દીધો.

"ના, હું તો જઈશ, Good Night," કહી તે ચાલી ગયા.

"જોયું, આનું નામ તે ગ્રહદશા. આમને ઓળખ્યા?"

"ના."

"આ ભૂલાભાઈ દેસાઈ, ઍડ્વોકેટ; અમદાવાદમાં પ્રોફેસર હતા. આજે મહિને ચાર હજાર રૂપિયા કમાય છે. એ કયાં વિલાયત ગયા છે? તમે પણ ઍડ્વોકેટ થઈ જાવ. જમુભાઈને પૂછી આવો." મંછાશંકરકાકાએ કહ્યું, અને એ પરીક્ષા વિષે મને બધું સમજાવ્યું.

આમ ભુલાભાઈ અકસ્માતથી મારા ભાવિના ઘડતરમાં ફાળો આપી રહ્યા. પણ એ અકસ્માત કહેવાય કે? ભૂલાભાઈ ને હું સદાય એકબીજા સાથે સંકળાયેલા રહ્યા છીએ; ઇચ્છાએ, અનિચ્છાએ; બે તારાઓ સમાન અન્તરે, છતાં પાસે પાસે, અનન્ત વ્યોમમાં ફર્યા જ કરે એમ; એકબીજાથી જુદા છતાં એકબીજાથી આકર્ષાયેલા.

મનુકાકાને ભરૂચથી મેં તા. ૨૬–૭–૧૯૧૦ ને દિને એક પત્ર લખ્યો :

'તમારું માથું દુઃખે છે જાણી ઘણો દિલગીર થયો. ડૉકટરને મળી લેજો. કસરત કરો છો? વાચન કેમ ચાલે છે? મને લાગે છે કે તમે પાછા હમેશાની માફક આળસમાં પડયા છો.

મેં એડ્વોકેટની પરીક્ષાની તપાસ કરી છે. એ વિષે પછી વધારે લખીશ. પણ મારી તબિયતને લીધે બધા મને નિરુત્સાહી કરે છે. બધાના વિરોધ સામે હું એકલો જ મક્કમ ને અડગ છું. મને નિરુત્સાહી કરવાના આ પ્રકારના પ્રયત્નોથી મારું મન વ્યગ્ર બને છે.

જેમાં મહત્ત્વાકાંક્ષા ન પોષાય એવા કાર્યક્રમનો અર્થ શો ? આખી દુનિયા મને ઊંધી ફરતી જણાય છે.

તમારા નરુભાઈએ મારી પાસે લાંબું ભાષણ કર્યું. એમણે કહ્યું કે એ ધંધો બહુ સારો છે, પૈસા પણ સારા મળે છે; પણ મારામાં એ ધંધા માટે જોઈતી બુદ્ધિ છે કે કેમ તે વિષે એમણે સંશય દર્શાવ્યો.

તમારા પ્રતાપી મામાની ભવ્ય હાજરીમાં પણ બે પળ ગાળવાનું મને મોટું માન મળ્યું. ખરું જોતાં હું જ એમની આગળ ધૂસી ગયો. મેં એમને પ્રશ્ન કર્યો કે મારે શું કરવું? જવાબમાં એ મારી સામે પળભર મિજાજથી જોઈ રહ્યા. પછી જાણે દરેક શબ્દ માટે મારે રૂપિયા પચ્ચાસનું બિલ આપવાનું હોય એવા ગંભીર અવાજે કહ્યું: “હા, બે વર્ષ વધારે.”

આવા સુંદર ભાષણ પછી જેમ બને તેમ

જલદી પોબારા ગણવાના જ રહ્યા હતા. મેં તેમ કર્યું.

મારાથી હમણાં વડોદરે નહિ અવાય. ડિગ્રીના ફારસ માટે મુંબઇ જઈ આવ્યો એટલે તબિયત બગડી છે. દરદી થઈ પડ્યો છું. દવા પીધા કરું છું. લાયબ્રેરીના મકાન માટે પણ કંઈ કરવાનું રહ્યું છે. ફરી મિ૦ પોલક આવવાના છે.'

નરુભાઈ તે નર્મદાશંકર સૉલિસીટર, મંછાશંકરકાકાના સદ્ગત મોટાભાઈના પુત્ર—પાછળથી મારા પરમ મિત્ર. મામા તે મંછાશંકરકાકાના ભાઈ જમિયતરામકાકા—જેમનો ને મારો સંબંધ પાછળથી પિતાપુત્રના જેવો થયો. પણ તે વખતે એમની માન્યતા એવી હતી કે હું લહેરી ને નફ્ફટ છોકરો છું; ને રતન જેવા એમના મનુને બગાડું છું. અને મને પણ એમ લાગ્યું હતું કે એમનો આકરો સ્વભાવ પૈસાના ગર્વને લીધે હતો. આમ અમારો સંબંધ 'Pride and Prejudice' થી શરૂ થયો.

એવામાં હું સખત માંદો પડ્યો.

'દવા ને ખોરાક ઘડિયાળની માફક નિયમિત ચાલ્યાં આવે છે. દિલ ખોલીને વાત કરવા કોઈ મિત્ર નથી. ધ્યેય જેવું તો છે જ નહિ. ચારે તરફ ચોપડીઓ પડી છે, પણ વાંચવાની મનાઈ છે. નિર્બળ શરીર ઘસાઇ ગયું છે. ઘરમાંથી બહાર

ડોકું પણ કઢાતું નથી; અને મન તો તરવરે છે, કૂદી રહ્યું છે, શક્તિનાં ક્ષેત્ર શોધે છે. જાનવરને સાંકળે બાંધ્યું હોય એવો હું થઈ ગયો છું; ભૂખ્યો જંગલી ચિત્તો પાંજરામાં અધીરો થતો હોય તેમ; સર વૉલ્ટર સ્કૉટે 'Talisman' માં રિચાર્ડને વર્ણવ્યો છે એવો–બીજા જ્યારે યુદ્ધમાં મહાલે, ત્યારે પોતે પથારીવશ થઈ બરાડા મારતો.' ૧૪–૮–૧૯૧૦

. . . .

'આજે સવારથી સાંજના પાંચ સુધી પેટમાં બહુ સખત વેદના થઈ, ને હું એકલો પરિચર્યા વિનાનો પડી રહ્યો. ડોસી–નોમ હતી એટલે કોઈને મારી સામે જોવાની ફુરસદ નહોતી. શરીર આમ કથળે ત્યારે માનસિક દુઃખ પણ આવે જ. હોઠ કરડી, વેદનાની બૂમ ગૂંગળાવી, એકલતા સહન કરવી એ જ મારે કર્મે લખાયું છે.

હું 'શેર' ગીરો મૂકું તો મોતીલાલકાકા છ હજાર રૂપિયા ધીરે. પાંચ ટકા વ્યાજ. પણ માથે આવડું દેવું કરી બૅરિસ્ટર થઈ આવવું એ તો બહુ ભારે પડે, અને પાંચ વર્ષ સુધી ધંધો જામતાં જે વાટ જોવી પડે તે દરમ્યાન ખાવું શું?

બીજું, કો-ઑપરેટિવ સોસાયટીના ઑડિટરની જગા ખાલી છે. મોતીલાલકાકાએ અરજી

કરવા કહ્યું છે. એમની સિફારસથી રૂપિયા દોઢસોની નોકરી મળશે. ઑકટોબર, નવેમ્બર ને ડિસેમ્બર મળી રૂપિયા પાંચસો થશે, તે જાન્યુઆરીમાં સનદને માટે ખપ લાગશે. નોકરી સારી છે, અને ઍડ્વોકેટની ટર્મમાં હરકત નહીં આવે. અને છેલ્લે ના કહેવી એ તો મારા જ હાથમાં છે.'

૨૭–૯–૧૯૧૦

સરકારી નોકરી માટે આમ મેં મારી એક પૂરી અરજી કરી. મારે કોની સલાહ લેવી તે સમજાયું નહીં. હું મુંબઈ જાઉં તો મારી નબળી તબિયત બગડે, એટલે જીજીમા વિરુદ્ધ હતાં. ઠાકોરમામા મને મુનસફ બનાવવા માગતા હતા, બીજાઓને પણ એ પસંદ હતું. 'આપણે ત્યાં પહેલેથી એક પટાવાળો આગળ ને એક પાછળ! તમે મુનસફ થાઓ એટલે ટેકરાની સાહ્યબી પાછી કાયમ!' કોણ કહેશે કે ચપરાશીઓનું વિશ્વમાં સ્થાન નથી?

મારી તરફના સલાહકારમાં મનુકાકા અને બાલા–મારી ભાણેજ–હતાં. બાલા ખુલ્લા દિલની ને બહાદુર હતી. જીજીમાએ ઉછેરી હોવાથી મારી નાની બહેનની એ ગરજ સારતી. એણે કહ્યું: "મામા, હાઈકૉર્ટમાં જોડાઈ જાવને. એ બધાં બોલતાં બંધ થઈ જશે."

તા. ૩–૧૦–૧૯૧૦ ની રાતે હું મુંબઇ આવવા

નીકળ્યો. બધાંને કહ્યું: 'હું સનદ લેવા જાઉં છું.' મનુકાકા ને મારી ભાણેજ એ બન્ને જાણતાં હતાં કે મહત્ત્વાકાંક્ષાથી જળેલો હું, મરણિયો થઈ, પૈસા ને આધાર વગરનો–પણ આશાવાળો–ઍડ્વોકેટની પરીક્ષાની ટર્મ રાખવા જતો હતો. એમને મારામાં શ્રદ્ધા હતી. એમનું મને પ્રોત્સાહન હતું. એમણે જે કંઈ હિંમત ને આત્મશ્રદ્ધા આપ્યાં તે માટે આજે પણ હું એમનો ઋણી છું.

તા. ૩–૧૦–૧૯૧૦ ની નોંધ નીચે પ્રમાણે છે:

'હું મારું દુઃખ કોને કહું? કયાં જઈને રડું? ભયંકર અને સર્વગ્રાહી ઉદ્વેગ મને કચરી રહ્યો છે. હું આગળ ભણવા, પ્રગતિ સાધવા જાઉં છું ત્યારે મારે ઉત્સાહથી હસતાં હસતાં, શ્રદ્ધાથી સશક્ત બની જવું જોઈએ. અત્યારે હું દુઃખગ્રસ્ત છું, ખિન્નતામાં નિઃસત્ત્વ બન્યો છું. મને મદદ કરનાર કે હિંમત દેનાર કોઈ નથી. આનંદ પ્રેરનાર પણ કોઈ નથી. જગત આખું એકાન્ત અરણ્યસમ છે. જિંદગી વેદના છે. દૈવી ઉલ્લાસ મને દુષ્પ્રાપ્ય છે. મને દોરનાર, મને પ્રેરનાર મારી 'દેવી' મારી પડખે નથી. મારે કર્મે શું રડવાનું જ લખાયું છે?'

ચાર દિવસ પછી હું મુંબઈથી મનુકાકાને લખું છું:

'શરૂઆતમાં મારે વખતસર કૉર્ટમાં જવું જોઈએ. હું હાઈકૉર્ટમાં જોડાયો છું, ને પાંચ કલાક ઝોકાં ખાઉં છું. કામ ચાલે છે તે એવાં કંટાળાંભર્યાં છે કે બેઠાં બેઠાં અકળામણુ થાય છે, અને બૅરિસ્ટરો સામે મોઢું ફાડીને જોતાં જોતાં થાકી જવાય છે. હમણાં તો નકામું જીવન ગાળું છું; પણુ નવેમ્બરમાં કંઇક કરીશ.'

હાઇકૉર્ટનાં આ પ્રથમ દર્શન.

૧૨

પહેલી જાન્યુઆરી ૧૯૧૧ ના દિને નાતાલની રજાઓ પછી હું મુંબઇ આવ્યો, તે જ રાતે નોંધ્યું:

'હું આવ્યો તો ખરો, પણુ જાણે શાપ પામીને. ઉત્તેજન આપનાર કોઈ નથી એટલે મારી દશા કરુણાજનક છે. મારે હિંમત રાખવી જોઇએ. મુશ્કેલીઓને નમતું ન આપવું જોઈએ. ઘર માંડવા આવ્યો છું. એ નવો પ્રયોગ છે, અને મને તદ્દન અકારો લાગે છે. પણુ હિંમત રાખ્યા વિના છૂટકો નથી. મનુકાકા પણુ મને સુખી કરવામાં મદદ કરશે.'

ત્રીજી જાન્યુઆરી ૧૯૧૧ ના રોજ મોરારજી ગોકલદાસની નવી ચાલમાં વીસ રૂપિયાના પેટાભાડૂત

તરીકે મેં મુંબઈમાં રહેવાનું શરૂ કર્યું. લક્ષ્મીને ગૃહિણી સ્થાપી. મુંબઈની નવી દુનિયા ને પતિનું સાન્નિધ્ય મળતાં એના આનંદનો પાર રહ્યો નહિ. વધારામાં મનુકાકા.

એ તો વર્ષે વર્ષે નપાસ થયા જ કર્યા; અને અમારી જિદને વશ થઈ એમના પિતાએ એમને ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા માટે તૈયાર થવા મુંબઈ મોકલ્યા. એમના મામાઓને ઘેર એ રહી શકત, વળી તેઓ માનતા હતા કે મારે લીધે એમનું ભણવાનું બગડતું હતું; એમના પિતાને ખાતરી હતી કે મારા વિના એ આગળ ભણવાના નથી. અમને બન્નેને સાથે રહેવાનો લાભ મળ્યો એટલે અમે ઘણા હરખાયા.

મકાન નવું હતું, ઓરડીઓ હવાઉજાસવાળી હતી, અને નવા જીવનનો ઉત્સાહ હતો. ત્રીજા ભાગનો ખર્ચ મનુકાકા વેઠવાના હતા. અમારા બે ભાગ ઈશ્વર આપી રહેશે એવી મને શ્રદ્ધા હતી. ભરૂચથી થોડું જૂનું ફર્નિચર, વાસણ ને ગોદડાં લાવી અમે ઘર શરૂ કર્યું.

તા. ૯–૧–૧૧ ની નોંધ છે:

> 'દલપતરામ મારે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. મારું સદ્ભાગ્ય છે કે મને એમના જેવો મિત્ર સાંપડ્યો છે, નહિ તો આ બધી ઘર વગેરેની વ્યવસ્થા હું એકલો શી

રીતે કરી શકત ? દુનિયાદારીનું અજ્ઞાન એ પણ એક ખોડ છે. મારે એ કાઢી નાખવી જોઇએ.'

જમિયતરામકાકાને મારે માટે સારો અભિપ્રાય નહોતો એટલે મનુકાકાને મારી સોબત છોડાવવા એમણે પ્રયત્ન કર્યા. કાકાની બોલવાની રીત આકરી હતી, ને ન ગમતા માણુસ તરફ તો તોછડી હોય જ. હું મારી ગરીબાઈમાં ને ગર્વમાં ૧૨-૧-૧૯૧૧ ને દિવસે એમને મળ્યો ને ઘેર આવીને નોંધ કરી:

'મનુકાકાના મામાને મળ્યો. ઘણા જ અભિમાની. ધંધામાં ફાવ્યા છે એટલે માથું ફરી ગયું છે. હું ઈચ્છું કે એઓ વીસ વર્ષ વધારે જીવે. ત્યારે જ એમને ખબર પડશે કે વિજય પ્રાપ્ત કરવાનો ઇજારો એમનો એકલાનો નથી. હું એમના શબ્દો ભૂલી શકું એમ નથી. મનુકાકામાં સ્વતંત્ર જુસ્સો નથી એટલે મારે ઘણું ઘણું સહન કરવું પડે છે.'

આ નોંધના શબ્દોમાં પુષ્કળ અભિમાન હતું. આ પ્રસંગની બલિહારી તો એટલી જ કે વીસ વર્ષ અમે બન્ને જીવ્યા અને બન્ને એકબીજાને સમજી શકયા.

અમે મુંબઈ આવ્યા ત્યારે મનુકાકાની ને મારી મૈત્રીનો નવો ખંડ શરૂ થયો. 'દેવી 'નું દુ:ખ રડવાનું સ્થાન હવે મારે જોઈતું નહોતું. મનુકાકાને સુશીલ

ને ડાહી સ્ત્રીનો આશરો હતો એટલે માનું દુઃખ રડવાની વૃત્તિ એમનામાં નહોતી રહી. હવે અમે બાળકબુધ પણ નહોતા રહ્યા. મારી સાથે રહ્યાથી મારી પૈસાની મુશ્કેલીઓ એ જાણતા થયા એટલે એમણે મારા પ્રત્યે કંઇક તિરસ્કાર પણ કેળવ્યો હોય એમ લાગ્યું. પ્રશંસામુગ્ધ ભક્તને બદલે એ ટીકાખોર સમોવડિયા થવા લાગ્યા.

જેમતેમ જીવનસંગ્રામમાં હું ઝઝૂમતો હતો. ત્યારે કોઈક મારામાં અંધશ્રદ્ધા રાખે તે મારા પ્રોત્સાહન માટે જરૂરી હતું. મનુકાકાની ટીકાઓ મારી આત્મશ્રદ્ધા ભેદી નાખતી, ને મને નિઃસત્ત્વ કરતી. અમારા સહચારનું મૌલિક અંગ એ હતું કે મારે એમને ભણાવી, હોશિયાર કરી, ઘડવા. હવે મનુકાકાને આ ક્રમ સ્વાભાવિક રીતે અકારો લાગ્યો. આમ જે હોંશથી અમે સાહચર્ય સાધ્યું હતું તે જતું રહ્યું અને મારા કપરામાં કપરા દિવસોમાં નવો બળાપો ને વિટંબણા ઊભાં થયાં.

છૂટા થઈ જઈએ એટલા વહેવારુ અમે નહોતા. મૈત્રીને અમારી નવી માણસાઈને અનુરૂપ કરવાની મારામાં ધીરજ નહોતી, મનુકાકામાં શક્તિ નહોતી. અમે જરાજરામાં એકબીજાની ખોડ કાઢવા માંડી. અમને એકબીજાની ટેવોમાં ને શબ્દોમાં અકારાપણાની ગંધ આવવા લાગી. હું એમને વંચાવવા બેસું ત્યાં

વાંચવાનું ઊંચું રહે; અમારામાંથી કોઈ એક કંઈ કહે, એટલે અમે એકબીજા જોડે વઢીએ; ને કલાકે પાછું સમાધાન થાય. મને જરાજરામાં અપમાન લાગે કે ઓછું આવે. હું ગુસ્સે થાઉં, અકળાઉં, અને પત્રો, નોંધો ને નોંધપોથીઓને મિત્રની માની લીધેલી કૃતઘ્નતાથી પ્રેરાયેલા નિઃશ્વાસોથી ભરી નાખું.

તા. ૨૦–૨–૧૯૧૧ ના રોજ મનુકાકાના પિતા અવસાન પામ્યા. અમે બન્ને ભરૂચ જઈ પહોંચ્યા. તે જ દિવસે મને કારી ઘા લાગ્યો. મનુકાકા મને તેમના મિત્ર તરીકે કોઈની પાસે ઓળખાવતાં શરમાય છે એમ મને લાગ્યું. આવે પ્રસંગે એમને થયેલા દુઃખ માટે હું ઉદાર દિલ ન રાખી શકયો. એમના પર નવી આવી પડેલી જોખમદારીને હું ન્યાય ન આપી શકયો. એ મુંબઈ આવ્યા ને મારી આંખે જુદા જ થઈ ગયેલા દેખાયા.

૧૯–૩–૧૯૧૧ ને રોજ હું નોંધ કરું છું:

> 'બહુ તાણશે તો સ્નેહનો તાંતણો ગમે તે વખતે તૂટી જશે. સ્નેહ રાખવો એ જ સુખ છે. ભલે કોઈ સ્નેહ ન કરે. પણ મારી બુદ્ધિ પર જે જાતની ગુલામગીરી એમણે ઠોકી બેસાડી છે તેમાંથી મારે મુક્ત થવું જોઈએ.'

આ કથા મનુકાકાની નથી, મારી છે. જેમ વૃત્તિ થતી તેમ એ વર્તતા. એમનાં આચરણ ને શબ્દો

નિર્દોષ હશે, પણ મને એથી ઘા પર ઘા લાગતા. જો હું વધારે ડાહ્યો હોત તો મૈત્રી ને શક્તિ બન્ને સાચવત. પણ એ બળ ક્યાંથી લાવું ?

'આ ગુલામગીરીની હદ થઈ, એમ હું ફરી ફરીને નોંધું છું. 'મનુકાકાનો પત્ર આવ્યો : કામસર, ટૂંકો, તોછડો.'

૨૯–૩–૧૯૧૧ ની નોંધ કહે છે:

'જેને મારી દરકાર નથી તેને માટે લાગણી રાખવા જેવો સુંવાળો ગધેડો હું શા માટે થાઉં છું ? આ સ્નેહશૃંખલામાંથી મારે નીકળી જવું છે. સ્નેહ શોધવા હું શા માટે નીકળ્યો ?'

મારા પત્રો ને નોંધોની સરિતા સંયમ વિનાની, અકળામણથી છલકાતી, આક્ષેપોના કાદવથી ડહોળાયેલી ચાલી આવે છે. છતાં અમે એકબીજા સાથે એવા જડાઈ ગયા હતા કે છૂટા પડી શક્યા નહિ.

મનુકાકાનો દોષ ભાગ્યે જ કાઢી શકાય. પિતાના મૃત્યુથી એમને આઘાત લાગ્યો હતો. એમની કુટુંબ-જાળમાં એ પહેલી વાર પડ્યા હતા અને ત્યાં મારું સ્થાન નહોતું. હું મુંબઈ ભણવા આવવા માટે એમને લખ્યા કરતો એ એમને ગમતું નહિ. હું બેદરકારીના આક્ષેપો કરતો એ એમને સમજાતું નહિ. હું એમને મારા ખરા સ્વરૂપમાં દેખાયો—ગરીબ ને અભિમાની, સર્વસ્વ માગતો મિત્ર; જેની મૈત્રીની

વ્યાખ્યા એમને જેલની દિવાલોની જેમ ગૂંગળાવતી તે. એ કંટાળી ગયા હતા; પણ એમાંથી નાસી છૂટવાની એમનામાં આવડત નહોતી. મનમાં થતું તે પર મૌન સેવવાની એમનામાં કે મારામાં શક્તિ નહોતી. મને ક્ષણે ક્ષણે અપમાન લાગતું. હું ક્રોધ ને દુઃખનો માર્યો અકળાતો, અને મારા શરીર ને મન પર એની ભારે અસર થતી.

હું ગીતાને શરણે ગયો. 'यः सर्वत्रानभिस्नेहः' બોલી બોલી હું શક્તિ મેળવવાનાં ફાંફાં મારતો. પણ એ સહેલું નહોતું.

> 'આ દુઃખો આવી પડયાં છે. મારી તો કમર તૂટી ગઈ છે.' ૧૫–૬–૧૯૧૧

....

> 'મનુભાઈ જોડે ઝઘડા ચાલ્યા જ કરે છે. એક શબ્દ પણ બોલ્યા વિના મારે સહેવું, મારો સ્વભાવ જીતવો ને અપમાન ગળી જવું એ સ્થિતિ છે.' ૧૧–૭–૧૯૧૧

....

> 'બે દહાડા બહુ ખરાબ ગયા. મનુકાકાને જે કહેવું હોય તે ભલે કહે. હું તો હાડકાંનો માળો થઈ રહ્યો છું. કોણ જાણે મારું શું થવાનું છે?' ૧૯–૭–૧૯૧૧

....

'હું માત્ર વખત, પૈસા ને શરીર વ્યર્થ ગુમાવું છું. કાં તો નિરર્થક તકરાર કર્યા કરું છું, અથવા એવો જ નિરર્થક શોક અનુભવું છું. મનુકાકા અનેક રીતે મારો દોષ કાઢે છે અને પોતાની નિર્બળતાનું મૂળ મારી મૈત્રીમાં શોધે છે.'
૩૦–૭–૧૯૧૧

....

'મનુકાકા જોડે વાત કરતાં હું અકારણ ગુસ્સે થઈ ગયો. આ પ્રમાણે ક્યાં સુધી ચાલશે? મારે રસ્તો કાઢવો જોઈએ.' ૪–૮–૧૯૧૧

....

'મેં તો એમને માટે બનતું કર્યું, હું હાર્યો; હવે મારે માથે જવાબદારી નથી.' ૨૦–૮–૧૯૧૧

ડિસેમ્બરમાં મારા એક મિત્રનાં મા સખત માંદાં હતાં, તેમની સાથે હું ડુમ્મસ ગયો. મને હવાફેરની ને શાંતિની જરૂર હતી અને લક્ષ્મીબહેનના સાન્નિધ્યમાં મને ખૂબ શાતા વળી.

લક્ષ્મીબહેન નાની વયે વિધવા થયાં હતાં. એક જ બાળક પુત્ર એમનું આશ્વાસન હતો.

સંયુક્ત કુટુંબમાં એ નિરાધાર વિધવાએ પારાવાર દુઃખ વેઠી છોકરાને ભણાવ્યો; દળણાં દળી, લૂગડાં ધોઈ, પરાયાં છોકરાં ઉછેરી એમણે બધાંને ઓશિયાળાં કર્યાં. હવે મોટી ઉમરે છોકરો વકીલ થયો અને

સુખનો દિવસ આવ્યો ત્યારે પ્રાણઘાતક રોગે એમને પથારીવશ કર્યાં.

સમાજે એમના પર આવડો જુલમ કર્યો હતો, છતાં તેનો એકે ય ઘા એમના સ્વભાવ પર પડ્યો ન હતો. એ તો ઉદાર, ક્ષમાશીલ, માધુર્યપૂર્ણ રહ્યાં હતાં. 'લક્ષ્મીબહેન એટલે ડહાપણ' એમ બધાં માનતાં; ખરું જોતાં એમનો મીઠો, વિશાળહૃદયી સ્નેહ નાનાં ને મોટાં સૌને પોતાના કરી લેતો. એમણે બહુ સહ્યું હતું, પરંતુ સહન કરવું અને તે પણ હસતે મોઢે, તેમાં જ એમણે શક્તિ અને સ્નેહનાં મૂળ શોધ્યાં હતાં.

હું એક મહિનો એમની સાથે રહ્યો. એ પથારીમાંથી ઊઠી શકતાં નહીં, એટલે હું એમની પાસે બેસી રમૂજી વાતો કરતો. એમણે પોતાની ઉદારતાથી મને નાનોભાઈ કર્યો. મેં એમને મોટી બહેન માન્યાં. એમણે મને એમના અનુભવો કહ્યા. મેં મારાં દુઃખો રડ્યાં; મારાથી રડાઈ ગયાં–એમના ઔદાર્યથી આકર્ષાઈને. સમાજે એમને દીધેલાં દુઃખો જે અડગ ધીરજથી ને મીઠાશથી એમણે સહ્યાં હતાં તેની આગળ મારાં દુઃખો–જેને હું પંપાળીપંપાળીને મોટાં કરતો હતો–તે સર્વે તૃણવત્ લાગ્યાં. એમણે મને સાંત્વના આપી; શબ્દથી નહીં પણ સહૃદયતાથી–મને સમજીને. એમના સાહચર્યથી મારા મનની વ્યથા કંઈક અંશે હું શમાવી શક્યો.

૨૪-૫-૧૯૧૨ ને દિવસે લક્ષ્મીબહેન ગુજરી ગયાં. મેં નોંધ્યું:

> ‘ આ આત્મસમર્પણની મૂર્તિ-ઉદાર, પવિત્ર ને ઉન્નત ભાવોનું સત્ત્વ-મારાં ગુરુ હતાં. એમણે મને મૂક દુઃખાનુભવનું ગૌરવ શીખવ્યું.’

શિષ્ય શીખી ન શકયો એમાં ગુરુનો વાંક નહોતો.

લક્ષ્મીબહેન માનવતાના જીવંત પરાગ સમાં હતાં. જુલમ અને દુઃખને એમણે માધુર્ય અને સહૃદયતા પ્રાપ્ત કરવાનાં પગથિયાં બનાવ્યાં હતાં. હિન્દુ સમાજે રચેલી ફાંસી પર લટકી, વેદના પામી, જીવતાં મરી જઈ, ઔદાર્યમૂર્તિરૂપે એ પુનર્જીવન પામ્યાં હતાં. એમની સહૃદયતા દરેકને વીંટી વળતી, ઉદ્ધારતી, ઉન્નત કરતી. જો સહૃદયતાને સ્ત્રીત્વનું પ્રથમ અંગ ગણીએ તો લક્ષ્મીબહેન સ્ત્રીઓમાં શ્રેષ્ઠ હતાં.

૨૦ મી નવેમ્બરે ડુમ્મસથી ‘ મોટા, સ્વતંત્ર ને લાયક થયેલા મિત્ર મનુકાકા ’ ને, મેં અમારા મૈત્રી-સંબંધમાં થયેલ પરિવર્તન વિષે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું. એ પત્ર કડવો હતો, કટાક્ષથી ભરેલો હતો, અન્યાયપૂર્ણ પણ હતો. એ પત્રમાં આવા શબ્દો છે: ‘ ગયેલા સુખથી માણસ વીફરે તેમ હું પણ વીફરું એ સ્વાભાવિક છે. બધાંની રગોમાં ઠંડાપેટુ અને માપસર લોહી વહેતું નથી.’........‘ એ તો તમારો જન્મદિવસ છે એટલે લખાઈ ગયું’........‘પડદો ઊંચકયો, હવે ભાગ્યે

જ ઊંચકાશે. માફ કરજો.'

૧૯૧૧ માં મારા જન્મદિવસે હમેશની માફક મેં વર્ષનો અડસટ્ટો લખી કાઢચો. તેમાં અનેક ઊભરાઓ કાઢયાઃ પિતા નહોતા. પૈસાની તાણ હતી. 'જાજરૂ-પુરાણ'ને અંગે અને મનુકાકા સાથેના સંબંધને અંગે અનેક અપમાનો સહ્યાં હતાં. દામ્પત્યજીવનમાં અપૂર્ણતા હતી. જીજીમાનાં દુઃખના પ્રત્યાઘાત થતા હતા. મનને અને શરીરને નિર્બળતા સાલતી હતી. અસંતુષ્ટ અને અકળાતી મહત્ત્વાકાંક્ષાનાં શૂળ હૈયું કોરતાં હતાં.

જીવનનાં સીધાં ચઢાણ ચડતાં અનહદ મુશ્કેલીઓ મને ગૂંગળાવી રહી હતી.

૧૯૧૨ ની શરૂઆતમાં નાતાલની રજાઓ પછી અમે પાછાં મુંબઈ આવ્યાં. 'મનુકાકા ફરી મિત્રભાવ કેળવવા મથે છે,' હું તા. ૩-૧-૧૨ દિને નોંધું છું.

સદ્ભાગ્યે આચાર્ય, એમના પિતા અને પત્નીને લઈ અમારે ત્યાં પરોણા તરીકે આવ્યા ને ત્રણ મહિના રહ્યા એટલે અમારું ઘર્ષણ ઓછું થયું. જૂનમાં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આવતી હતી, એટલે મનુકાકાને તૈયાર કરવાનું કર્તવ્ય મેં કરવા માંડયું. શિક્ષક થવા જેટલી ધીરજ મારામાં કદી હતી જ નહીં; અને તેમાં આ શિષ્ય તો વીફરેલો મિત્ર!

મારી તબિયતને લીધે ઉનાળાની રજા હજીરામાં ગાળવાનું મેં નક્કી કર્યું. એ રમણીય સ્થળ માટે મને

બાળપણથી આકર્ષણ હતું. જીજીમા, લક્ષ્મી, મનુકાકા અને હું હજીરા જવા નીકળ્યાં. સૂરતમાં કોઈ મિત્ર ન હોવાથી, રાંદેરમાં બાપાજીના કોઈ જૂના ઓળખાણવાળાનું નામ જીજીમાને યાદ હતું તેને પત્ર લખ્યો. તેણે અમને નિમંત્રણ દીધું.

સૂરતના સ્ટેશન પર કોઈ તેડવા આવ્યું નહોતું. રાતે ભાડૂતી ગાડીમાં અમે અમારા ઓળખાણવાળાને ઢૂંઢતાં રાંદેર ગયાં. નવેક વાગ્યે એના ઘરનો પત્તો લાગ્યો. બધું સૂમસામ હતું પણ સામા ઘરમાંથી કોઈ પડોશી જઈને એને બોલાવી લાવ્યો. એણે કહ્યું:

"આજે મારો એક સગો મરી ગયો છે. ઘરમાં કોઈ છે નહીં. ઊભાં રહો, હું અગાસી ઉઘાડી આપું. મેં ગાડાવાળા સાથે નક્કી કરી રાખ્યું છે."

આ સત્કાર જોઈ અમે ઠંડાં થઈ ગયાં. હું ગાડાવાળાને મળી આવ્યો. અમે ભૂખ્યાં હોઈશું એ વાત અમારો ઓળખાણવાળો ભૂલી ગયો હતો એટલે નાની અગાસીમાં ડબ્બો ખોલી, સાથે જે કંઈ ખાવાનું લાવ્યાં હતાં તેને અમે ન્યાય આપ્યો અને જેમતેમ રાત વિતાવી.

સવારે ચાર વાગ્યે અમે ગાડામાં નીકળ્યાં. ગાડાવાળો પણ રસ્તાથી અજાણ હતો એટલે તે બેએક વખત રસ્તો ચૂક્યો. પછી અખાત્રીજના જુવાળથી થયેલા કાદવમાં ગાડાનાં પૈડાં ખૂતી જવા લાગ્યાં. તડકો

પણ ચડતો હતો. ચારે તરફ ઝાંઝવાં જણાવા લાગ્યાં. થોડી વાર તો થયું કે આખું કીચડમાં ગરકાવ થઈ જશે કે શું ! આખરે ખરે બપોરે અમે હજીરા પહોંચ્યાં.

બીજે દહાડે મેં નોંધ કરી:

'હજીરા બહુ રમણીય જગા છે. પણ મનુકાકાને વાંચવાનું મન થતું નથી.'

૨૫–૪–૧૯૧૨

. . .

'મનુકાકાનું ચિત્ત ઘર તરફ વળ્યું છે, એમનું વર્તન અસહ્ય છે. ગીતા જ મારું આશ્વાસન છે.'

૫–૫–૧૯૧૨

. . .

'આખરે છુટકારો આવ્યો. ઘરઘેલા મનુકાકા ચાલી ગયા. હું દૂર હોઈશ એટલે એ વાંચશે જ નહિ.' ૬–૫–૧૯૧૨

ને આ તારીખે અમારી મૈત્રીનો પહેલો ખંડ પૂરો થયો.

આ છુટકારાથી મને લાભ થયો. મારું શરીર સુધારવા તરફ અને આઠ મહિના દૂર રહેલી પરીક્ષામાં હું મારું ધ્યાન પરોવી શકયો. મેં ભગવદ્ગીતા અને યોગસૂત્રનું ફરી ફરી પારાયણ કર્યું અને સ્વાસ્થ્ય પણ મેળવ્યું. અમે હજીરા છોડયું ત્યારે અપરિચિત ઉલ્લાસનો મને અનુભવ થયો.

'હજીરા છોડ્યું, મધુરું, મોહક હજીરા ! પ્રેરક વાતાવરણ અને તેથીય વધારે પ્રેરક સંસ્મરણો ! વર્ષો પરનાં બાલવયનાં સ્વપ્નોથી અંકિત જૂની વેદના રસિક સ્વરૂપે નવી થઈ.'

૧૯–૫–૧૯૧૨

મનુકાકા ને હું છૂટા થયા, પણ અમારું બંધન અભેદ્ય હતું. જૂનમાં એ નપાસ થયા, મામાની ઑફિસમાં કારકુનની નોકરી લીધી, અને મોરારજી ચાલમાં એ જ માળે જુદી ખોલી લઈને રહ્યા. જેમ મિત્રભાવે પહેલાં અમે રોજ મળતા ને વાતો કરતા તેમ હજી પણ કરતા. પણ અમિત્રભાવે હું મારી નોંધપોથીમાં ટીકા કરતો; એ ન્યાતીલાઓમાં જઈને કરતા. આમ મારા કપરા દિવસો વધારે કપરા બન્યા.

જેમ જીવન વહ્યું તેમ અંતર વધ્યું; પણ સ્નેહનાં બંધન શિથિલ ન થયાં. અમે એકબીજાનો સંપર્ક છોડી ન શક્યા. મને હમેશ થતું કે પહેલાંના જેવો સારો સંબંધ કોઈ દિવસ પાછો સંધાશે ખરો ?

૧૯૧૮–૧૯ થી મનુકાકાને મારા તરફ ફરી સદ્ભાવ થવા લાગ્યો. મારું હૃદય એવું ઘવાયેલું હતું કે હતો તેવો થતાં મને વાર લાગી.

અમે બન્ને પુખ્ત ઉંમરના થયા ત્યારે બાલિશતા વગર અમારી મૈત્રીનાં અમર તત્ત્વો ઓળખી શક્યા.

૧૩

આ બધો સમય નાનકડી લક્ષ્મી નિઃશબ્દ સેવાથી મારા પર કાબૂ મેળવ્યે જતી હતી. એની સમગ્ર પ્રવૃત્તિનું મધ્યબિંદુ હું જ હતો. મારા ઊઠયા પહેલાં એ ઊઠે ને મારે માટે બધી તૈયારી કરી મૂકે. મારી આદત ને રુચિને અનુરૂપ ખાવાનું કરે. આ કામ કાંઈ સહેલું નહોતું. હું તો હમેશનો કાંગલો. મગજ ચગડોળે ચડયું હોય ત્યારે ભૂલમાં એકબે રોટલી વધારે ખાઈ નાખું ને પછી અપચો થાય એટલે પીરસનારને વઢું. વગરકહ્યે બે પરોણા લેતો આવું ને તેમને માટે પણ તૈયારીની આશા રાખું. દિવસનો થાકયોહાર્યો આવ્યો હોઉં ત્યારે બે ડાકોચિયાં પણ કરી લઉં.

લક્ષ્મીએ આ બધા માટે અપૂર્વ સહિષ્ણુતા કેળવી હતી. તે બોલતી થોડું. મારો ધાક તેને બહુ લાગતો, તે કદી થાકતી નહીં ને થાકતી તો જણાવા દેતી નહીં. તે કદી રડતી નહીં. ફરિયાદ કરતી નહીં. એને કોઈ સહિયર નહોતી ને વાંચવાનો શોખ પણ નહોતો. આખો દહાડો એ ઘરકામમાં પરોવાઈ રહેતી અને એના પતિદેવતા કયારે રીઝે એની વાટ જોતી.

એની સેવાએ મારા પર શાસન કરવા માંડયું. દિવસભર એ ઘરમાં એકલી રહેતી તેથી હું વહેલો

ઘેર આવતો. ટ્રામમાંથી ઊતરી, સાંજે હું ઘર તરફ પગલાં માંડતો ત્યારે રસોઈ તૈયાર કરી, બારી બહાર મોઢું રાખી, મારી વાટ જોતી એ ઊભી રહેલી હોય જ. મને પણ ઊંચું જોવાની ટેવ પડી ગઈ હતી. એને જોઈ મારા પગમાં નવું ચેતન આવતું ને હું ઉતાવળે દાદર ચડતો. મારે માટે એને આટલું બધું કરતી જોઈ મારું મનસ્વી ને સ્વાર્થી હૃદય એને વશ થઈ એના તરફ મમતાથી વળવા લાગ્યું.

આચાર્ય ૧૯૧૨ના જાન્યુઆરી માસમાં ચેનાંગ-ચોંગ (બ્રહ્મદેશ) માં હતા. ત્યાંથી એમના વૃદ્ધ પિતાને મળવા હિંદ આવ્યા. રખે પિતા પાછા બ્રહ્મદેશ જવા ન દે એ બીકે એમણે એમના પિતા દયાશંકરભાઈને કચ્છથી મુંબઇ બોલાવ્યા.

અમારી બે ઓરડીમાં મનુકાકા, લક્ષ્મી ને હું, આચાર્ય ને કમળાભાભી, દયાશંકરભાઈ અને એમના વૃદ્ધ નોકર ઓધવજી એમ સાત જણ રહેવા લાગ્યાં. રાંધનારમાં એકલી લક્ષ્મી.

આચાર્ય ને હું ઘણાં વર્ષોથી સાથે રહ્યા નહોતા, તે લહાવો હવે મળ્યો. અને પહેલાં તો એ લોકોના કેટલાક કચ્છી શિષ્ટાચાર એવા નવા લાગ્યા કે અમને મમ્મત પડી.

સસરાને અને કમળાભાભીને એકબીજા સાથે કંઈ પણ વાતચીત કરવી હોય, તો ઓધવજી વચ્ચે ઊભરા

પર બેસે અને તેને જ સંબોધીને જુદીજુદી બોલીમાં બેસી સસરોવહુ વાત કરે.

રાત્રે અમે એ બે વૃદ્ધોને ઘેર મૂકી ચોપાટી પર જતાં કે નાટકસિનેમા જોવા જતાં. કમળાભાભી ને આચાર્ય ત્યારે છૂટથી વાત કરતાં. તેમની સોબતમાં લક્ષ્મી ને હું પણ છૂટ લેવા લાગ્યાં. આખો દહાડો કામ કરીને થાકેલી લક્ષ્મીને ખુશ રાખવા હું પણ પ્રયત્ન કરતો.

આચાર્ય અને કમળાભાભી આમ અમારે ત્યાં રહ્યાં તેથી અમે તેમનાં ઋણી બન્યાં. અમારી વચ્ચેનું અંતર દૂર થઈ ગયું. પણ અમારો આ સહચાર ન સમજી શકનાર મારાં કેટલાંક સગાંવહાલાં અકળાઈ ઊઠ્યાં અને પૂછવા લાગ્યાં:

"તમારા પરોણા કયારે જાય છે?"

"અરે, આચાર્ય તો મારા ભાઇથીય વધારે છે. ઘર એનું જ છે ને!" હું જવાબ વાળતો.

મારા એક દૂરના મામા ગુસ્સે થઈ ગયા: "કનુભાઈ, તું તો મૂરખ છે. એક રસ્તો બતાવું?"

"શો?"

"સાંજના પરોણા ઘેર આવવાના થાય એટલે ઊમરા પર ઊભા રહેવું, અને તે આવે ને સાંભળે એમ તારી વહુને કહેવું: 'અરે, આમ શું કરે છે?

જાણતી નથી કે આચાર્ય મારા ભાઈ છે ?' આ સાંભળશે એટલે તારા પરોણા તરત તને પૂછશે: 'શું છે, શું છે ?' એટલે તારે કપાળ કૂટી જવાબ દેવો: 'અરે ભાઈ, જવા દોને, બૈરીની અક્કલ પગની પાનીએ. આ મૂરખી સમજતી નથી કે તમે તો ભાઈ જેવા છો. રોજ મને પૂછે છે કે તમે કયારે જવાના છો ? કયારે જવાના છો ? બૈરીની જાત એટલુંય ન સમજે, શું કરીએ ?' આમ કહી તું નિસાસો નાખજે એટલે બીજી ગાડીએ તારો પરોણો ભાગી જશે !"

એપ્રિલમાં કૉર્ટ બંધ થઈ એટલે ઘર પરોણાઓને સોંપી અમે ભરૂચ ગયાં.

ત્યારપછી આચાર્ય કેટલાંક અઠવાડિયાં રહીને બ્રહ્મદેશ પાછા ગયા. એમને લાગ્યું હોવું જોઈએ કે મારા પર ખર્ચનો ભાર વધી ગયો હશે; એટલે થોડા દિવસ પછી એમણે સોનાની એક સાંકળી કંઈક નિમિત્તે મારા પર ભેટ મોકલી.

પહેલી પળે તો ગુસ્સામાં સાંકળી પાછી મોકલવાની ઇચ્છા થઈ. પણ લોભવૃત્તિનો વિજય થયો, એટલે સાંકળી પાછી ન મોકલતાં વેચી નાખી ને થોડું દેવું વાળ્યું.

એ ત્રણચાર મહિના અમે ખૂબ મઝા કરી. લક્ષ્મી ને હું સાથે હસતાં, બોલતાં ને આનંદ કરતાં થયાં.

મારા નિર્બળ શરીરની એ રખેવાળ બની રહી

હતી. મારી નિર્ધનતાની એ ભાગીદાર, મારી સમૃદ્ધિ હતી. હું કોઇ વાર બહારથી જળેલો, અકળાયેલો કે અપમાનિત થઈ ને આવ્યો હોઉં, ત્યારે વિશ્વાસથી મારી ટોપી લેવા એ સામે આવતી ને જગતથી ઘવાયેલો હું તદ્દન સાજો થઇ જતો. ઘેર આવતાં જ એ મને હસતે મુખે સત્કારતી તેથી મારામાં પૂર્ણ આત્મશ્રદ્ધા પણ પ્રગટતી.

મારે સદ્ભાગ્યે મારી કસોટીને સમયે નિર્ધનતામાં મને લક્ષ્મી મળી. એણે મારી શક્તિમાં પોતાનું સર્વસ્વ જોયું. મારું બખતર સજનારી એ, મારી અભેદ્યતાની સરજનહાર હતી. એ ન હોત તો મારું શરીર ક્યારનું યે ભાંગી ગયું હોત.

તે વખતે હું બે સારાં ગરમ પાટલૂન રાખતો, ને કૉર્ટમાં જતી વેળા વારાફરતી પહેરતો. તે અક્કડ દેખાય એ માટે, રોજ રાતે, અમે બે એકલાં હોઈએ ત્યારે તેને બ્રશ કરી, સળબંધ ગોઠવી, ઓશીકા નીચે રાખતાં. આ કામ લક્ષ્મી કરતી ને હું સામે બેસી બીજા દહાડા માટે જોડાને પાલીસ કરતો.

આવાં રોજનાં નિત્યકર્મોથી અમારી ભાગીદારી નવી તાંતે બંધાવા લાગી. મારા જીવનમાં લક્ષ્મી આમ આવી, મારી થઈ રહી—એના આત્મસમર્પણના અદ્ભુત જાદૂથી.

એનું બારી પર આડું પડેલું ગોળ રૂપાળું મુખ, અધીરી આંખે નીચે રસ્તા પર મને ખોળતું, આજે પણ મારી આંખ સામે તરવરે છે.

અમે સાથે રહ્યાં, એકબીજાથી ટેવાઇ ગયાં. કંઈક હસ્યાં, કંઈક બોલ્યાં. કોઈ કોઈ મિત્રો સાથે રાતે ચોપાટી પર બેસીને શેરડી ખાધી. આમ ૧૯૧૧ ને ૧૯૧૨ વહી ગયાં. અને એ મારા જીવનની ભાગિયણ બનતી ગઈ.

૧૪

૧૯૦૭ કે ૧૯૦૮ માં લૉ–ક્લાસમાંથી ટ્રામમાં હું ઘેર આવતો હતો, એ વખતે એક ભાઈ મારી જોડે આવીને બેઠા.

"શું વાંચો છો ?" એમણે પૂછ્યું.

"Guizot's English Revolution," મેં જવાબ વાળ્યો.

"તમે વાંચવા માટે વાંચો છો કે લખવા માટે વાંચો છો ?"

આ પ્રશ્નથી મને બહુ અચંબો થયો. "વાંચવા, —ને ખૂન ચડે તો લખવા." મેં જવાબ આપ્યો. આમ મારી ને ચંદ્રશંકર પંડ્યાની ઓળખાણ થઇ.

૧૯૧૧ માં હું મોરારજી ગોકુળદાસની ચાલમાં

રહેવા આવ્યો ત્યારે ચંદ્રશંકર પણ એ જ માલિકની બાજુની ચાલમાં રહેતા હતા.

આ ચાલોમાં નડિયાદના ઘણા નાગરો રહેતા. તનસુખરામ ત્રિપાઠી પોતે ચાઇનાબાગના બંગલામાં જ રહેતા. એ બધામાં ચંદ્રશંકર ગોવર્ધનરામના સાહિત્યિક વારસ અને ઊગતી આશા મનાતા. મોરારજી શેઠના પૌત્ર શેઠ રતનશી ધરમશી મોરારજીના એ શિક્ષક હતા, એટલે એ રીતે પણ એમની પ્રતિષ્ઠા સારી હતી.

ચંદ્રશંકરમાં મિત્રો ભેગા કરવાની ને નિભાવવાની સારી ટેવ હતી. જે એમના પરિચયમાં આવે તેનું વાલીપણું એ સ્વીકારે. એમનું ખરું આકર્ષણ તો એ હતું કે જે એમના સંસર્ગમાં આવે તેની આત્મશ્રદ્ધા વધે તેવું મીઠું કહેવાની કલા એમનામાં હતી.

આર્યસમાજ મંદિરમાં દર રવિવારે ચંદ્રશંકરનું મિત્ર-મંડળ ભાષણો કરવા મળતું; તેમાં ઉત્તમલાલ ત્રિવેદી, નગીનદાસ માસ્તર, મનસુખલાલ માસ્તર, કાન્તિલાલ પંડ્યા, અંબાલાલ જાની, નૃસિંહદાસ વિભાકર વગેરે મુખ્ય હતા.

૧૯૧૧ની ૧૫ મી જાન્યુઆરીને દિવસે આર્ય-સમાજ મંદિરમાં ચંદ્રશંકર જોડે એ સભામાં હું ગયો, તે વખતે એ સભાનું નામ 'ધી યુનિયન' હતું. પાછળથી એ 'ગૂર્જર સભા' કહેવાઈ.

આ સભા વિષેની મારી નોંધ કહે છે :

> 'પ્રમુખે વિષયથી અસંબદ્ધ, અહંતાપૂર્ણ, કંટાળાભર્યું ભાષણ આપ્યું. બીજા બધા બોલનાર ઠીકઠીક હતા. વિભાકર એકલા બહુ સારા વક્તા હતા. એમના પ્રમાણમાં હું ક્યાં ? મુંબઈમાં મારી શક્તિની કસોટી કરવાનું સારું ક્ષેત્ર છે.'

હું ગામઠી કૉલેજનો, મને અંગ્રેજી વાતચીત કરતાં આવડે નહિ, એટલે મુંબઈની કૉલેજના વિદ્યાર્થીઓ કરતાં હું બહુ જ પાછળ છું એવો ખ્યાલ મને હતો. અને આ અધમ મનઃસ્થિતિને લીધે મને બહુ સંકોચ થતો.

મને અંગ્રેજી વાતચીત કરતાં નથી આવડતી તે મારે શીખવી જોઈએ એવો મેં સંકલ્પ કર્યો.

હું બીજી વાર સભામાં ગયો:

> 'મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) ને સાંભળ્યા; સારું બોલે છે—પણ અવ્યવસ્થિત. ફત્તેહચંદ લાલન સારા વક્તા છે.'

પણ એ મંડળમાં જોડાવાને લાયક નથી એમ માની હું અળગો રહેતો. અને તેમની ગુજરાતી તેમ જ અંગ્રેજી બોલવાની છટાથી મુગ્ધ બની રહેતો. મારાથી એવું ક્યારે બોલાશે એમ થયા કરતું.

મારું બીજું મંડળ વડોદરા કૉલેજના મિત્રોનું હતું. તેમાં વિઠ્ઠલદાસ અંકલેશ્વરિયા જે પાછળથી

એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના પ્રિન્સિપાલ થયા તે મુખ્ય હતા. ૨૬મી માર્ચે એ મિત્રો સાથે હું દાદાભાઈ નવરોજીનાં દર્શન કરવા વરસોવા ગયો:

'વરસોવા બહુ સુંદર જગા છે. એમણે અમારો બહુ ઉત્સાહથી સત્કાર કર્યો. પંચ્યાશી વર્ષે પણ હજી એ સશકત છે, પણ બોલતાં હાંફી જાય છે. એ સાદું જીવન ગાળે છે. એમનું રહેઠાણ બહુ કલાત્મક રીતે ગોઠવેલ છે. જરા પણ આડંબર વિના એમણે જીવી જાણ્યું અને હવે આરામ પણ લઈ જાણે છે. સાર્થક જીવન ને ભવ્ય વાર્ધક્ય!'

. . . . .

'Prince of Destiny' વાંચ્યું. સારું પુસ્તક છે. પણ હિંદનો કોયડો તો અણઉકેલાયલો જ રહ્યો. એણે પૌર્વાત્ય રહેવું કે પાશ્ચાત્ય થવું? આ પુસ્તકમાં પશ્ચિમને ઠીક ચેતવણી અપાઈ છે.'

૧૫-૪-૧૯૧૧

૨૫ મી જુલાઈએ ચંદ્રશંકરના મંડળમાં ગયો. કાન્તિલાલ પંડયાએ 'The Claim of Sanskrit on Educated Indians' એ વિષય પર ભાષણ કર્યું. આખું મંડળ ત્યાં સુધી ખરું જોતાં 'ગોવર્ધનરામ મંડળ' હતું. 'સરસ્વતીચન્દ્ર'માંથી દરેક વેળા ઉતારા ટંકાય. એમાંના વિચારો ને સિદ્ધાંતો વેદવાકય મનાય.

બેચાર જણે કાન્તિલાલને પુષ્ટિ આપી. હું આ સભામાં બોલતાં ગભરાતો. કેવું બોલીશ તેનો મને ખ્યાલ નહોતો. એકાંત ખંડમાં, અરીસા આગળ, કૉલેજના હૉલમાં, નર્મદાના પૂલ નીચે, મેં ઘણુંય ભાષણો એકલાએકલા વાંચ્યાં હતાં કે કર્યાં હતાં. પ્રસંગે પ્રસંગે શું બોલવું તે વિષેના સુંદર ફકરાઓ લખીને ગોખી રાખ્યા હતા. વડોદરા કૉલેજના 'વાદમંડળ'માં બોલવા માટે પંકાયો હતો. પણ મુંબઈના આ વાક્પટુઓ આગળ મારી જીભ ઊપડતી નહિ. કોઈ ધારતુંય નહોતું કે હું કંઈ સારું બોલી શકું.

આજે મારા મગજની કમાન છટકી ગઈ. હિંદનો ગરીબ યુવક બૈરીછોકરાં પાળે કે સંસ્કૃત ભણે ? અને ગોવર્ધનરામભાઇ કહી ગયા તેમાં શું થઈ ગયું ? હું ઊઠયો. વર્ષોની તૈયારી મારી મદદે આવી. મારા ચિત્રાત્મક અંગ્રેજીમાં તીખી તમતમતી રીતે મેં કાન્તિલાલની ઝાટકણી કાઢી. હું પોણોએક કલાક બોલ્યો હઈશ. જ્યારે મેં મારું વકતવ્ય પૂરું કર્યું ત્યારે તાળીઓ મારા કાનમાં કહી રહી કે મેં મારી પ્રગતિનું એક સીમાચિહ્ન વટાવી દીધું હતું.

બધાએ મને અભિનંદન આપ્યાં. ચંદ્રશંકર તો મને ભેટી પડયા. ભાજેકર વકીલ પ્રમુખ હતા. તેમણે અતિશયતાભર્યું પ્રમાણપત્ર આપ્યું. એ સભા પૂરી થઈ એટલે થોડા દિવસ પછી ન્યાયમૂર્તિ

ચંદાવરકરના પ્રમુખપણા નીચે પુનર્લગ્નના કાયદાની જન્મતિથિ નિમિત્તે થનાર સમારંભમાં બોલવાનું મને નિમંત્રણ મળ્યું. મેં તે જ રાત્રે નોંધ્યું:

> ‘ બધાએ અભિનંદન આપ્યાં. મોટી જીત થઈ. પણ મારા આનંદ ને વિજયનું ભાગીદાર કોને બનાવું ? દેવી, તારા વિના આ બધું શા કામનું ? ’

ચંદ્રશંકર તે વખતે એલએલ. બી. નો અભ્યાસ કરતા હતા. એમનાં સૌજન્ય અને ઠાવકાઈએ તે વખતે મારા પર ઊંડી અસર કરી હતી. એ રોજ સાંજે ગપ્પાં મારતા બેસે. જે મિત્રને ફુરસદ હોય તે આવે. એમનાં પહેલી વારનાં પત્ની વસંતબા બધાંને ચા આપે, ને પછી સાહિત્યની ને બીજી ઘણી વાતો થાય.

બધા પર ગોવર્ધનરામની ઊંડી છાપ હતી. બધા ‘ સરસ્વતીચન્દ્ર ’ને ધર્મશાસ્ત્ર માનતા. ‘ગોરધનભાઈ’એ કયે પ્રસંગે શું કહ્યું ને તે કેમ વર્ત્યા તેનાં સંસ્મરણો ત્યાં તાજાં થતાં. કોઈક વાર નરસિંહરાવ કે બલવંતરાય ઠાકોર પણ ત્યાં આવતા. કોઈએ કંઈ લખ્યું હોય તો તે ત્યાં વંચાતું.

ચંદ્રશંકર તે વખતે ‘ સમાલોચક ’ ચલાવતા. અંબાલાલ જાની ‘ ગુજરાતી ’ ના ઉપતંત્રી હતા.

પહેલીવાર મને એવું મંડળ મળ્યું કે જે સાહિત્યને જીવનનું પ્રથમ અંગ માનતું હતું. ઉત્તમલાલ

ત્રિવેદી ઉંમરે મોટા હતા છતાં આ મંડળમાં વિદ્વત્તાની ખોટ પૂરી પાડતા. એ વકાલત કરતા, અને મોરારજી ગોકુળદાસની નવી ચાલમાં પહેલે માળે રહેતા. એક વખત એમની પાસે સારા પૈસા હતા, પણ નવા રાષ્ટ્રીય ઉદ્યોગો શરૂ કરવાની ધગશમાં એમણે પૈસા ગુમાવ્યા હતા. પરંતુ મુખ્યાંશે એ સરસ્વતીના ભક્ત હતા. એમનો આખો ખંડ પુસ્તકોથી ભરેલો હતો. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, અર્થશાસ્ત્ર ને રાજકારણના એ અભ્યાસી હતા.

એમનો મીઠો ઠંડો સ્વભાવ જેમ બધાંને આકર્ષતો તેમ મને પણ આકર્ષી રહ્યો. દાદર ઊતરતાં કે ચડતાં હું બારણું ખોલી ટહુકો કરું; એ બોલાવે; ને અમે ઘણા વિષયોની ચર્ચા કરીએ. સામો પક્ષ રજૂ કરવાની એમનામાં સારી શક્તિ હતી. કેટલીયે બાબતોમાં એમણે મને નવેસરથી વિચાર કરતો કર્યો. તે વખતે એ તિલક મહારાજના ‘કર્મયોગ’નો ગુજરાતી અનુવાદ કરતા હતા, તે પણ કોઈક વાર વાંચી સંભળાવતા.

ચંદ્રશંકરનો દરબાર ઘણા ગાંભીર્યથી ને જરા આડંબરથી દુનિયાના પ્રશ્નોનું નિરાકરણ કરવાના રોજ પ્રયત્નો કરતો. પણ એ બધા પાછળ ‘અમે નાગરો—ખાસ કરીને નડિયાદના,’ બીજાથી જરા જુદા, ને ચડિયાતા છીએ, એવો ધ્વનિ ખરો. અને એમાં એમનો દોષ નહોતો. કેટલાય દાયકાઓ થયાં નડિયાદે

મનઃસુખરામ, મણિલાલ નભુભાઇ, ગોવર્ધનરામ, બાલાશંકર, દોલતરામ પંડ્યા, છગનલાલ પંડ્યા—એ બધાદ્વારા ગુજરાતી સાહિત્યમાં યુગ પ્રવર્તાવ્યો હતો. એણે ગુજરાતી સાહિત્યની એક પૂરી પ્રેરક મહાન કૃતિ 'સરસ્વતીચન્દ્ર' દ્વારા ગુજરાતને ઘડ્યું હતું. મનઃસુખરામે પોતે જીવ્યા ત્યાં સુધી કાઠિયાવાડના દેશી રાજાઓ પર રાજ્ય કર્યું હતું. નડિયાદે જૂના વિચારોને નવો ઓપ ચડાવી ગુજરાતના સંસ્કાર સાચવ્યા હતા.

આ બધી કીર્તિ અને સિદ્ધિનું વારસ આ મંડળ હતું. એના સંસ્કારો આ સાહિત્યકારોએ ઘડ્યા હતા કે પ્રેર્યા હતા. સાહિત્યમય જીવન એની સૃષ્ટિ હતી. ઉચ્ચ અભિલાષાઓ રાખવી ને ભાવનાઓ સેવવી એને એણે ધર્મ માન્યો હતો. એણે રચેલું વાતાવરણ અધમ કે ગ્રામ્ય વિચારોથી કલુષિત થતું નહિ. એમાં ભળવું એ મારે માટે સુભાગ્ય હતું.

આ મંડળમાં હું તરત ભળી ગયો. ગુજરાતી સિવાયનું સાહિત્ય મેં પુષ્કળ વાંચ્યું હતું. સાહિત્યિક જીવન મને પ્રિય હતું. ભાવનાઓ પ્રમાણે જીવવાનાં તો હું ફાંફાં મારતો જ હતો. હું સંસ્કારતરસ્યો હતો. જળકૂકડીને જળ મળતાં જેમ મજા પડે તેમ મને પણ મજા પડી.

હું પણ મારી સાથે કાંઈક નવીન તત્ત્વો લઈ આવ્યો. યુરોપીય સાહિત્યના અભ્યાસથી ઘડાયેલી

એકપક્ષી મારી દૃષ્ટિ, વાણીમાં નીતરતાં વિનોદ, કટાક્ષ ને ચિત્રાત્મકતા, ઘણી વાર સ્વચ્છંદી ને અનિયંત્રિત, ઘણી વાર સુરુચિ વગરની સર્વગ્રાહી ખંડનશક્તિ, ગુજરાતીનું મારું ઘોર અજ્ઞાન, ને અરવિંદની રાષ્ટ્રીયતા–આ બધાંથી હું ભાત પાડતો.

આખું મંડળ ને ખાસ કરીને ચંદ્રશંકર બધી વાતોને ઘણા જ ગાંભીર્યથી ચર્ચે ત્યારે મારી વિનોદવૃત્તિ ઊછળી આવે, ને હું કશુંક ભયંકર કહી નાખું. એમાં માસ્તર મારી સાથે હોય. એમની વિનોદવૃત્તિ, સંયમી છતાં તીક્ષ્ણ, મારી માફક કોઈક વાર ઊછળી આવતી. એ બધાના સ્વસ્થ ને ગંભીર આત્માઓ આવો સુરુચિભંગ જોઇ અકળાઈ જતા. છતાં એ બધાએ મને એકધારી પ્રીતિ ને ઉદારતાથી પોતાનો કરી મૂકયો.

એકવાર ચંદ્રશંકર, નવી મેડી કેમ ગોઠવવી તે વિષે કોઈ મિત્ર જોડે પોતે કરેલી વાત અમને કહેતા હતા. ખાટલો કયાં રાખવો, કબાટ કયાં ગોઠવવું, ટેબલનું શું કરવું?

ચંદ્રશંકરે એવી ઠાવકાઈથી બધા પ્રશ્નો ચર્ચ્યા કે મારું માથું પાકી આવ્યું.

"ચંદ્રશંકર," મેં કહ્યું, "આ બધી નકામી વાત. ઘરની ધણિયાણી નવવધૂ જ્યાંથી વધારેમાં વધારે મોહક લાગે તે સારામાં સારી ગોઠવણી."

જાતીય વિષયો બહુ જ દૂરથી, બને તો સંસ્કૃત

કાવ્યથી કે 'સરસ્વતીચન્દ્ર'ની કોઈ પંક્તિઓથી સ્પર્શવા એ આ મંડળનો નિયમ મેં તોડવો શરૂ કરી દીધો હતો.

ચંદ્રશંકરે એક કાવ્ય લખ્યું હતું. તેમાં 'ઊનાં ઊનાં ચુંબનો' એ શબ્દો વાપર્યા હતા. હું ગયો ત્યારે એ શબ્દોના ઔચિત્યનો વિષય ચર્ચાતો હતો. એક મિત્ર ચુંબનોને કયાં કયાં વિશેષણો લગાડી શકાય તે વિષે વિદ્વત્તાપૂર્ણ અભિપ્રાય દર્શાવતા હતા. મેં ઠેકડી કરી: "આ શબ્દો કાવ્યમાં જોઈએ જ નહિ. આખું વર્ણન અસરસ છે. ઊનાં ઊનાં ચુંબનો તો અંગ્રેજી કવિઓના 'Hot kisses'નો તરજૂમો છે. ઠંડા ઈંગ્લાંડમાં ગરમ ચુંબનો આકર્ષક લાગે, હૂંફ આપનાર નીવડે, પણ ગરમ હિંદમાં તો એના ડામ પડે. એ આકર્ષક ન હોય તો સરસ તો કેમ જ હોય! એટલે કાવ્યમાં એ ન શોભે."

વળી એક પ્રસંગ યાદ છે. જો કે તેમાંયે સુરુચિનો ઘણો ભંગ મેં કર્યો હતો તે કબૂલ કરી લઉં છું. એક વાર ચંદ્રશંકર મને કોઈને ત્યાં લઈ ગયા. ત્યાં કેટલાક મિત્રો ચા પીવા ભેગા મળ્યા હતા. ચંદ્રશંકરનો હું મિત્ર, એટલે નાગર જ હોઈશ એમ કેટલાક માનતા. તે દિવસે મારો અવાજ છેક બેસી ગયો હતો એટલે હું બોલી શકતો નહિ.

વાત થતાંથતાં નાગરી ન્યાતની સુંદરીઓમાં

ગ્રીકનું સૌન્દર્ય છે, એવું કોઈ પુરાતત્ત્વવેત્તાનું કથન કોઈએ પ્રતિપાદન કરવા માંડયું. બીજાએ પૂર્તિ કરી, ત્રીજાએ નાક ને આંખોનો રંગ વર્ણવ્યો. ચંદ્રશંકર ગભરાઈને મારી સામે જોયા કરે; રખેને હું કંઈક કહી નાખીશ તો !

કેટલીક વ્યક્તિઓ બાદ કરતાં સમસ્ત ગુજરાતી પ્રજાના શારીરિક સૌન્દર્ય વિષે મારો મત બહુ ખરાબ હતો અને છે. ગ્રીક સૌન્દર્યમૂર્તિઓ પર તો હું બાલપણથી જ મુગ્ધ હતો. કૉલેજના દિવસોથી મેં 'વીનસ ડ મિલો'ના મુખનું ચિત્ર મઢીને રાખેલું. એનો પણ એક રસિક પ્રસંગ બનેલો. એક નવા ઓળખીતા આવ્યા. વાતોચીતો કરી. અને મારા ખંડની છબીઓ જોવા લાગ્યા. ટેબલ પર વીનસની એ છબી હતી. તેમણે પૂછ્યું:

"આ કોણ? શ્રીમતી મુનશી?"

By all the gods of Olympus! હું બેભાન થતો જરામાં રહી ગયો.

ગ્રીકસૌન્દર્યની સાથે ચંદ્રશંકરના આ મંડળમાં લેવાતી છૂટથી મારું માથું પાકી આવ્યું. મેં જેમતેમ અવાજ કાઢીને કહ્યું:

"તમારી વાત ખરી હોય, અને આપણામાં જો ગ્રીકસૌન્દર્યનો અંશ હોય, તો આપણા જેવાને જન્માવવા બહુ કદરૂપાપણું ભળ્યું હોવું જોઈએ."

આ મિત્રમંડળની ધરી ચંદ્રશંકર અને એમના પ્રિય મિત્ર મનસુખલાલ માસ્તર હતા. હેતાળ માસ્તરને મિત્રો કરતાં ને સાચવતાં આવડતું. એમણે મને પણ અપનાવ્યો. એમનાં પત્ની તારાબહેન મૅટ્રિક થયેલાં હતાં. એવી સ્ત્રી જોડે વાતચીત કરવી એ તો તે વખતે મોટો લહાવો હતો એટલે પહેલી વાર એમને ત્યાં સાંતાક્રુઝ હું હોંશથી ગયો. અને પછી દરેક શનિવારે કે રવિવારે માસ્તરને ત્યાં જવાનો મોટો વિધિ થઈ પડ્યો. તારાબહેનના પિતા ડૉકટર ખાંડવાલા એમના જમાનામાં મોટા સુધારક અને આર્યસમાજી હતા. એમના કુટુંબનું વાતાવરણ સ્વતંત્ર અને ખુશમિજાજી હતું. માસ્તર સાથેનો સંબંધ મારે માટે નવો અનુભવ હતો.

માસ્તર છેક ગરીબીમાં ઊછર્યા હતા, ટ્યૂશન આપી ભણ્યા હતા, ને ૧૯૧૧માં હાજીભાઈ લાલજીને ત્યાં નોકરી કરતા હતા. આજે, એ હિંદમાં અજોડ એવી ‘સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપની’ના મુખ્ય સંચાલક મંત્રી છે. સમકાલીન હિંદના ઉદ્યોગક્ષેત્રમાં જ્વલંત સિદ્ધિ મેળવનાર શેઠ વાલચંદ હીરાચંદની પાછળ એમની સપ્રમાણતા, વ્યવસ્થાશકિત ને મક્કમપણું ટેકારૂપ બન્યાં છે. હિન્દના ઔદ્યોગિક વિકાસમાં એમનો ફાળો ઘણો મોટો છે. એમનું નામ છાપામાં ગાજતું નથી, પણ અર્વાચીન કાબેલ

ગુજરાતીઓમાં એમનું અગ્રગણ્ય સ્થાન છે.

૧૯૧૩માં ચંદ્રશંકરના મોટા મંડળમાં એક નાનું મિત્રમંડળ બન્યું. તેનું મેં 'ષડ્રિપુમંડળ' નામ આપ્યું હતું. તેમાં ચંદ્રશંકર, માસ્તર, કાન્તિલાલ પંડ્યા, નૃસિંહ વિભાકર, ઇન્દુલાલ યાજ્ઞિક ને હું હતા. આ છયેમાં માસ્તરનો ને મારો સંબંધ અજબ રીતે બંધાઈ ગયો. ઉદ્યોગમાં પડી માસ્તરે સાહિત્ય છોડયું પણ એમની રસવૃત્તિ કાયમ રહી. ઘણી વાર મેં એમને મારાં સુખદુઃખના ભાગીદાર કર્યા છે. અને આજે પણ અમે બન્ને પરમ મિત્રો છીએ. જીવનની એક ધન્યપળે જેને એ ભાણેજ માનતા એનો પરિચય પણ એમણે જ કરાવ્યો. આજે અમે વહેવાઈઓ છીએ.

તે વખતે ન્યાયમૂર્તિ નારાયણ ચંદાવરકર–ઘણુંખરું સર નહોતા થયા–દર રવિવારે 'સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ'માં વ્યાખ્યાન આપતા. અને વિદ્યાર્થીઓને એમની પ્રેરણા મળતી. ત્યાં 'Social Reform Association'નો સમારંભ થયો. વિધવાઓની દશા પર હું બોલ્યો, અને ચંદાવરકરે ખુલ્લી સભામાં મને અભિનંદન આપ્યાં. ત્યાર પછી મને કંઈક આત્મશ્રદ્ધા આવી.

ચંદ્રશંકરના મંડળે પણ મને ખૂબ પ્રોત્સાહન આપ્યું. 'ધી યુનિયન'માં થતા વાદવિવાદોમાં મેં ખૂબ

રસ લેવા માંડયો. અને એ મંડળમાં ઊભરાતા ગુજરાતી ભાષાના પ્રેમની મને પણ આંચ લાગવા માંડી. ને તેથી ગુજરાતીમાં પત્રવ્યવહાર કરવાની મેં શરૂઆત કરી.

૧૯૧૨ની શરૂઆતમાં 'સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ' તરફથી 'Theory and Practice of Social Service' વિષય પર 'મોતીવાલા પારિતોષિક નિબંધ'ની જાહેરાત થઈ. દલપતરામ મને મોતીવાલા પાસે લઈ ગયા અને તેમણે સમાજસેવા પર પ્રગટ થયેલાં કેટલાંક પુસ્તકો મને આપ્યાં. મેં નિબંધ લખ્યો. છેલ્લી તારીખે (૩૧–૧–૧૯૧૨) સાંજના સાત વાગ્યે હું મંત્રીને ત્યાં ગયો અને નિબંધ આપી આવ્યો. પારિતોષિક મને મળ્યું. લેડી રતન ટાટાને હાથે 'પ્રેસિડન્સી એસોસિએશન'માં તે અપાયું. ચંદ્રશંકરને અને માસ્તરને ખૂબ હરખ થયો.

હું કઈ કૉલેજમાંથી આવું છું એમ કોઈકે માસ્તરને પૂછ્યું.

તેમણે કહ્યું: "વડોદરા."

પૂછનારે તિરસ્કાર દર્શાવ્યો.

"એ બોલે ત્યારે સાંભળજો, ને પછી વડોદરા કૉલેજનો હિસાબ કરજો." તેવા જ તિરસ્કારથી છંછેડાઈને માસ્તરે કહ્યું.

એક દહાડો એક પત્ર આવ્યો. કોઈ ગુજરાતી

પિતાની કેળવાયેલી છોકરીએ નનામે લખેલો. તેમાં લખ્યું હતું કે મારું ભાષણ સાંભળી તે મુગ્ધ થઇ ગઈ છે અને મને મળવા માગે છે. પહેલાં તો હું વિચારમાં પડયો. પછી શબ્દો પરથી કંઈક મજાક જેવું લાગ્યું. વિમાસણ કરતો હું ચંદ્રશંકરને મળ્યો. એ પણ ગંભીર વિચારમાં હતા.

"મુનશી, તમે ભાષણ કર્યું ત્યારે આપણે સાથે નીકળેલા, નહિ ?"

"હા."

"કઇ છોકરીઓ આપણને મળેલી તે યાદ છે? ....બહેન હતાં ?"

"હું બરાબર ઓળખતો નથી."

"એ જ હશે. કોઈને કહેતા નહિ. આ વાંચો." એમ કરી એમણે મારા કાગળ જેવો જ બીજો કાગળ મને બતાવ્યો. એમાં એ અજ્ઞાત બાળા ચંદ્રશંકરનાં સંસ્કારી લખાણો પર મોહી પડી હતી અને એમને મળવા માગતી હતી.

હું મારો કાગળ લઈ આવ્યો. અમે કાગળો સરખાવ્યા, ને માસ્તરે જ મશ્કરી કરી હતી એમ નિશ્ચય પર આવ્યા. આ ખાતરી થયે અમારા બેમાંથી કોનું મોઢું પડી ગયું તે હું કહી શકતો નથી !

૧૯૧૨ માં અમે સભાની પુનર્ઘટના કરી. તેને 'ગુર્જર સભા' નામ આપ્યું, અને મને યાદ છે ત્યાં

સુધી તેના એક મંત્રી થવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું.

સાથે સાથે ભરૂચ, સૂરત અને માંડવીના ભાર્ગવોના ત્રણ વિભાગોને એક કરવા અમે એક મંડળ સ્થાપ્યું ને નરુભાઇ જોડે હું સહમંત્રી થયો. ઑગસ્ટમાં 'ભાર્ગવ ત્રૈમાસિક' કાઢયું ને હું તંત્રી થયો. તંત્રી થવાનો આ મારો પહેલો અનુભવ હતો. કાગળ લાવવાનું, છપાવવાનું ને બીડવા વગેરેનું બધું કામ દલપતરામ ને હું કરતા. બધી જ્ઞાતિઓના પત્રોના તંત્રીઓની પરિષદ સ્થાપવામાં પણ મેં ભાગ લીધો. 'સમાજ સુધારા કૉન્ફરન્સ'માં પણ એક વર્ષ મંત્રી થયો. દેવધર જોડે 'સોશ્યલ સર્વિસ લીગ'ના કામમાં પણ ફાળો આપ્યો, આ જ વર્ષે કે પછીને વર્ષે તે યાદ નથી.

ભરૂચની ન્યાતમાં ૧૯૧૦ માં માધુભાઈ સાહેબે અને મેં મળીને જે કેળવણી ફંડ ઊભું કર્યું હતું તેને સુદૃઢ બનાવવાના પ્રયત્ન પણ કર્યા. આમ ચારે તરફ હું પ્રવૃત્તિમયતા કેળવતો ગયો. ન્યાતની પ્રવૃત્તિઓને લીધે હું જમિયતરામકાકાના નિકટ સંબંધમાં આવ્યો. અને ન્યાતને ઉદ્ધારવાનો મારો ઉત્સાહ ને પ્રયાસ એમની આંખે ચડ્યાં અને મારે વિષેનો એમનો પહેલાંનો ખરાબ મત બદલાયો.

"ભાઈ," એક વાર એમણે કહ્યું: "આ બી. એ. ની પરીક્ષા નથી કે ઊડતાં ઊડતાં પાસ થવાય. જોજે હોં."

૧૫

૧૯૧૨ ની દિવાળીમાં જીવનમાં નવો ઉત્સાહ આવતો જણાયો.

> ' આજે બેસતું વર્ષ. ભાવિ સારું થતું દેખાય છે. નવા જીવનમાં નવી આશાઓ સંચરે છે. આ દિવાળી આખા કુટુંબ સાથે સુખ અને શાંતિથી ગાળી. ' ૧૦–૧૧–૧૯૧૨

૧૮ મી નવેમ્બરે પરીક્ષાની તૈયારી કરવા લક્ષ્મી અને હું મંછાશંકરકાકાના ડુમ્મસના બંગલે ગયાં. ત્યાં કંઈક જૂનાં સંસ્મરણો તાજાં થયાં. બેએક દહાડા નોંધપોથી રડે છે, અકળાય છે, અને પછી અભ્યાસના બોજામાં ડાહી બની જાય છે.

એ વખતે હું, ' नियतं कुरु कर्म त्वम् 'નો જાપ જપીજપી હિંમત મેળવતો.

એડ્વોકેટની એ વખતની પરીક્ષા જુવાનિયાનાં જીવન વેડફી મારવા માટે રાખવામાં આવી હતી. શું વાંચવાનું તેની મર્યાદા નહીં. કયા વિષયોના પ્રશ્નપત્ર સાથે નીકળશે તે નક્કી નહીં. માર્ક્સ પણ નહિ. બેઠેલા વિદ્યાર્થીઓમાંથી સારામાં સારા એકબેને પરીક્ષકો ચૂંટી કાઢે. ક્વચિત જ પહેલે વર્ષે કોઈ પાસ થાય. બેચાર વર્ષ બેસવું પડે એ તો સાધારણ અનુભવ. મેં મારી તૈયારી કરવામાં બાકી રાખ્યું નહિ. મહિનો

ડુમ્મસ રહ્યો. બે મહિના ભરૂચ વાંચ્યું. ૨૩ મી ફેબ્રુઆરીએ પરીક્ષા આપવા મુંબઈ આવ્યો. એક વિદ્યાર્થીએ આવકાર આપ્યો:

"મિસ્ટર, પહેલી વાર આવ્યા છો? જાઓ, બેચાર વર્ષ રહીને આવજો."

પરીક્ષા શરૂ થઇ.

'બહુ થોડી આશા છે. નબળી તબિયત ને તેથીયે નબળી તૈયારી.' ૨૩–૨–૧૯૧૩

પહેલી માર્ચે પરીક્ષા પૂરી થઈ.

'પ્રશ્નો સારા હતા. ઠીક જવાબ આપ્યા છે, પણ મારાથી જબરા અઠંગ અભ્યાસીઓ મને મારી પાડશે.' મેં નોંધ્યું.

પછી તરત હું માથેરાન ગયો.

'માથેરાન આવ્યો. મુસાફરી ખૂબ આહ્લાદક નીવડી. સૃષ્ટિસૌન્દર્ય મોહક છે. રહેવાનું સગવડ-ભર્યું છે. કિરતારસિંહ રમૂજી સોબતી છે. પૅનોરમા પૉઈન્ટ ભવ્ય છે. ત્યાંથી અદ્ભુત દૃશ્ય નજરે ચડે છે.' ૫–૩–૧૯૧૩

મારી જિંદગીમાં મેં આ પહેલી વાર જ પર્વત જોયો. એના પરનાં વૃક્ષોની ઘટા, એની એકાંત ઝાડીઓ, એનાં ગાતાં બુલબુલો ને એનાં જંગલી પુષ્પોએ મને હમેશાં શાંતિ ને પ્રેરણા આપ્યાં છે. એમાં ફરતાંફરતાં

જીવનના કેટલાક મહાસંકલ્પો મેં કર્યા છે. આજે પણ આ જીવનકથની ત્યાં જ બેસીને લખું છું.

કિરતારસિંહ ને હું કોટ ખભા પર નાખી સ્વછંદે વિહરતા, ગાયનો ગાતા, ખૂબ ચાલતા ને બહુ ઊંઘતા.

૧૧મી માર્ચે પાંચછ તાર આવ્યા. હું નસીબદાર નીકળ્યો. એક જ કૂદકે આ ભયાનક પરીક્ષામાંથી હું પાર ઊતર્યો.

હું ઍડ્વોકેટ થયો. સંશય, મુશ્કેલી, ગભરાટ જતાં રહ્યાં. આખી રાત ઊંઘ ન આવી.

જીવનનાં કપરાંમાં કપરાં છ વર્ષ–૧૯૦૭થી ૧૯૧૩–આમ પૂરાં થયાં.

બહુ પડ્યો, બહુ આથડ્યો, ઘા પણ બહુ ખમ્યા. આખરે સીધાં ચઢાણવાળી અઘરી ટૂક મેં વટાવી; પણ એનાથી બીજી વધારે કપરી ટૂક મારી આંખ સામે ઊભી હતી.

સીધાં ચઢાણ

ખંડ બીજો

હાઈકોર્ટ

[૧૯૧૩-૧૯૨૨]

૧

ઈ. સ. ૧૯૧૫ની ૧૨મી માર્ચે, માથેરાનથી મુંબઈ જવા નીકળ્યો ત્યારે હું હર્ષઘેલો થઈ ગયો હતો. “ ‘સેકન્ડ ક્લાસ’માં આવ્યો,” હું નોંધના કાનમાં કહું છું: “Hurrah for success!”

ઍડ્વોકેટની પરીક્ષામાં તે વખતે ઘણા થોડા બેસતા અને તેમાંથી બહુ થોડા પાસ થતા.

‘બૅરિસ્ટર થયા વગર ઍડ્વોકેટ થયા એટલે કેવા?’

‘કેમ, ચીમનલાલ સેતલવાડના જેવા!’

આ પ્રશ્નોત્તરી ભરૂચસૂરતના લોકોમાં પ્રચલિત હોવાથી આ પરીક્ષાનું માન ઘણું હતું.

જીજીમાની અડગ શ્રદ્ધા ને તપશ્ચર્યા ફળ્યાં હતાં. એમણે ખબર સાંભળી કે તરત પત્તું લખ્યું:

૧૨–૩–૧૩

ચિ. ભાઈ કનુભાઈ,

લ૦ તાપીબહેનના અ. આ............તેં તન ને મનથી જે મહેનત કરી તેનો બદલો મળ્યો પહેલે જ વર્ષે, તેથી તને ધન્યવાદ છે. હવે દરેક કામમાં ફત્તેહ મળે એવું અંતઃકરણથી ઇચ્છું છું.’

પછી માતાનું હૃદય હર્ષથી ઊભરાઈ વિનાપ્રયત્ને પદ્યનાં દ્વાર શોધે છે:

'અંતર આશિષ આપતાં, હરખે ઊલટે મન,
જનનીજઠરે ઊપની, સફળ કર્યું જીવન.
કુલદીપક હો દીકરા, કાળા મારા કહાન,
વિદ્યા ભોગ તમ ભોગવો, પામો જગમાં માન.
તનમનધનસુખમાં રહો, કરો પરમારથ કામ.
યશ પામો આ જગતમાં, ધરો સદા ચિત હામ.
રાજકાજ હાથે ધરો, મળો આણરૂ અનંત,
જોઇ ઠરે મુજ આંખડી, ભલે મીંચે લોચન.'

પછી સગાંવહાલાં અને મિત્રોનાં અભિનન્દન આવ્યાં. મારાં ન્યાતીલાઓએ પણ મારા વિજયમાં એમનો વિજય જોયો.

ત્રીજે દિવસે મારા જ સ્થાપેલા મુંબઇના ભાર્ગવ-સમાજે મને માનપત્ર આપ્યું. મારા ગુણો—હતા કે નહોતા તેની પરવા વગર—નોંધવામાં આવ્યા. 'તાળીના ગડગડાટ' વચ્ચે મને માન મળ્યું. એમ 'ભરૂચી એડ્વોકેટને મુંબઇમાં માન' એ શીર્ષક હેઠળ 'મુંબઇ સમાચારે' નોંધ્યું.

મારા પર શ્રીની મહેરબાની કેટલી હતી તે તો પ્રભુ, જીજીમા ને હું ત્રણ જણ જાણતાં હતાં. પણ 'અમે છીએ આપનો ઉત્કર્ષ ઇચ્છનારાઓ'એ તો કાલિદાસના શબ્દોમાં લખી નાખ્યું: '**निसर्गभिन्नास्पदमेकसंस्थं अस्मिन्द्वयं श्रीचसरस्वतीश्च ।**[1]

૧. સ્વાભાવિક રીતે ભિન્ન સ્થળોમાં નિવાસ કરતી લક્ષ્મી અને સરસ્વતી એનામાં એક જગાએ રહે છે.

મેં ભરૂચ જઈ નોંધ કરીઃ

'૨૦મી માર્ચે હું ભરૂચ આવ્યો. સ્ટેશન પર સાઠસિત્તેર જણ સામે આવ્યા..... રંગીલદાસ સૂરત સ્ટેશને મળવા આવ્યા....પણ જેને મળવાને તલસું છું તે ક્યાં?'

૨૦મી માર્ચના 'ભરૂચ સમાચાર'ના અંકે, 'શ્રી ભૃગુપુરનિવાસી બ્રહ્મકુલોત્પન્ન માન્યવર મુન્શી કુટુંબમાં ઉદ્દભવેલા પ્રથમ ઍડવોકેટ મિ. કન્યાલાલ માણેકલાલ મુન્શી બી. એ. એલએલ. બી.ને અભિવંદન' આપ્યું.

૨૧મીએ વડોદરામાં રહેતા મિત્રોએ અને સગાંઓએ મેળાવડો કર્યો.

૨૩મી માર્ચે 'દાદાભાઈ નવરોજી ફ્રી લાયબ્રેરી'ના સભ્યો અને સહાયકો પણ મારો 'ઉત્કર્ષ ઇચ્છનારાઓ' બની ગયા અને 'પરમકૃપાળુ પરમેશ્વર' પાસે માગી લીધું કે રા. નાનાલાલ કવિની વાંછના— 'મહાહેતુની કર્મસિદ્ધિમાં જીવનસાર્થક્ય છે; દિવ્યતાના ઉચ્ચ ખિલાવ તે જીવનહેતુ છે,' એ મારી પણ વાંછના થાય.

૨૪મી માર્ચે ભૃગુઋષિના વંશજોએ શ્રી. ભૃગુ-ભાસ્કરેશ્વરના પુરાણા 'નવા દહેરા'ના સભામંડપમાં અંગ્રેજી રાજ્યકર્તાઓની ભાષામાં માનપત્ર આપ્યું. અંગ્રેજીનો મારો કઢંગો વપરાશ એમની આંખમાં આવ્યો.

"All this testify to your masterly command over the English language, to the close intimacy which you have acquired over the Eastern and Western authors!"

અંગ્રેજી પર આજે મારી કેટલી પ્રભુતા છે તે મારું મન જાણે છે.

તે દિવસે ભાર્ગવ કવિઓએ અવધિ કરી. અમારી ન્યાતના સંગીતશિરોમણિ એક મિત્રે રાગિણી જોનપુરીમાં લલકાર્યું:

'હમરો ઉમંગ ન માય, કનૈયા'

ને ગાતાં ગાતાં આંતરાની એક લીટી ગાઈ નાખી: 'Godly son of a godly father' આ વાક્યસિદ્ધિ થઈ.

મારું કયું લક્ષણ 'godliness'માં ગણાયું તેનો વિચાર હું હજી કરી રહ્યો નથી.

બીજા એક કવિએ પોતાનો ઊભરો ઠાલવ્યો ને લલકાર્યું:

'થયો થયો પ્યારો તું,
ઍડ્વોકેટ સારો તું,
ભૃગુબ્રહ્મ પ્યારો તું,
દેશીજન મારો તું.'

૩૦મી માર્ચે આર્યસમાજમંદિરમાં 'યુનિયને' અભિનંદનસમારંભ કર્યો. ૧૯મી મેએ બાપાજીના સૂરતના કેટલાક મિત્રોએ નગીનચંદ હૉલમાં માનપત્ર આપ્યું. એમાં તેમણે ગર્વ લીધો કે:

'કૉલેજની તમારી કારકિર્દીનો પાયો સૂરતના ઐતિહાસિક શહેરમાં મજબૂતીથી નખાયો હતો અને સૂરતના પુત્રોએ પેદા કરેલા બુદ્ધિવિષયક વાતાવરણની અસર તમારી કૉલેજની કારકિર્દી પર કંઈ થોડી થઈ નહોતી !'

મને શી ખબર કે ખરસાડ, દિહેણ ને વરીઆવથી બારોબાર વડોદરા કૉલેજમાં આવેલા મારા અનાવિલ મિત્રોને પ્રતાપે મારી કૉલેજની કારકિર્દી થઈ એટલી તેજસ્વી (!) થવા પામી હતી !

મે મહિનામાં માંડવીના ભાર્ગવોએ પણ મને બોલાવી માન આપ્યું. ત્યાંના કવિઓએ પણ કમાલ કરી. એકે હોરી બનાવીઃ

'ભાર્ગવનાયક અંગિત જીવન, જાની સુસુમણા શિરા,
કોમળ કંઠમાં માળા આરોપું પ્રિય, સ્વીકારો સુધીરા.'

આ બધાં પ્રણાલિકા પ્રમાણે રચાયેલા સમારંભો અને અતિશયોક્તિભર માનપત્રોમાં ન્યાતનો ગર્વ હતો ને મારા કુટુંબ પ્રત્યેનો સદ્ભાવ હતો. હું આ બધામાં રહેલી વિચિત્રતા પર આજે હસી શકું; દરેક વસ્તુનું વિનોદી સ્વરૂપ જોવાની મને ટેવ પડી છે. પણ એમાં રહેલું હેત જે મારા જીવનની ખરી સમૃદ્ધિ છે તેને કેમ વીસરી શકું ?

આ બધાં અભિનંદનો અને માનપત્રોમાં કહેવામાં આવેલી એક જ વસ્તુ શબ્દશઃ સાચી હતીઃ આ બધો જશ જીજીમાના પ્રતાપે હતો.

ન્યાત અજબ ચીજ છે. એનાં બંધનો તૂટે તો પણ એની અસ્મિતા જતી રહેતી નથી. આજે હું વર્ષો થયાં ન્યાતનાં બંધનો તજી બેઠો છું, ન્યાત બહાર છું, મારા મનમાંથી ન્યાતીલાપણાની સીમાઓ ભૂંસાઈ ગઈ છે. છતાં મારે મન ન્યાત મારી છે; ન્યાતને મન હું તેનો છું.

અંતે માનપત્રની મોસમ પૂરી થઈ. અભિનંદનોથી પ્રગટેલો ગર્વ પણ સરી ગયો અને ગભરાતો ગભરાતો હું મારા ધંધા તરફ વળ્યો.

૨

માર્ચની ૧૫મીએ સવારે સાડા અગિયાર વાગે હું કોઈનો ઝભ્ભો ને કોઈનાં 'ફરફરિયાં'[૧] પહેરી કોર્ટમાં ન્યાયમૂર્તિ બીમન સાથે હાથ મેળવી, ઍડ્વોકેટ–'ઓ. એસ.'–ની[૨] પંક્તિમાં આવ્યો. ત્યાંથી મારી નાનમ અને અપૂર્ણતાથી ગભરાયેલો હું

૧. બેરિસ્ટરો કૉલર પર બે નાની પટ્ટીઓ બાંધે છે તે 'બેન્ડસ' ને આ નામ મેં આપ્યું હતું.

૨ હાઇકોર્ટમાં મુંબઈ શહેરના કજિયાઓ જે વિભાગમાં ચાલે તેને 'ઓરિજિનલ સાઈડ–ઓ. એસ.' કહેવામાં આવે છે. એમાં વકીલોના બે ભાગ હોય છે. સોલિસિટરો–જે મુકદ્દમો તૈયાર કરી આપે તે, અને ઍડ્વોકેટ (ઓ. એસ.) કોર્ટમાં જે કામ ચલાવે તે. કેટલાંક નાનાં કામ સિવાય સોલિસિટરથી કોર્ટમાં મુકદ્દમો નથી ચલાવાતો.

બૅરિસ્ટરો વચ્ચે જઈને બેઠો અને જાણે ડૂબતો હોઉં તેવો મને ભાસ થયો.

શામરાવ, મિનોચહેર ને હીરાલાલ સૉલિસિટરો તરફથી મને ત્યાં જ પહેલી 'બ્રીફ' મળી.[1]

સામાન્ય રીતે નવા ઍડવોકેટને વર્ષો સુધી ભાગ્યે જ બ્રીફ મળતી. આ બ્રીફ મને નરુભાઈની સિફારસથી મળી હતી પરંતુ એની ઘણી સારી અસર થઈ. કાકા અને નરુભાઈ સાથેનો મારો સંબંધ જોતાં પહેલેથી જ એમ મનાતું કે જે સૉલિસિટરોએ ભૂલાભાઈ દેસાઈને આગળ આવવાની તક આપી તે મારી મદદે છે.

કૉર્ટમાં આમ ગણેશ માંડી, એક મિત્રનો કોટ ઉછીનો લઈ, મેં છબી પડાવી. છબી પડાવ્યા સિવાય મોટાં કામોની પૂર્ણાહુતિ થાય નહીં, એ અર્વાચીન માન્યતાને મેં આમ અર્ઘ્ય આપ્યો.

જમિયતરામકાકાએ પોતાની ઑફિસની પાસેની સૉલિસિટરની ઑફિસમાં મહિને પંદર રૂપિયાના ભાડાનો એક ચેંબર મને અપાવ્યો.[2]

"જો ભાઈ, ગમે તેમ કરીએ," કાકાએ કહ્યું, "પણ ચેંબરનું ભાડું વખતસર દર મહિને સૉલિસિટરને પરખાવી દઈએ, નહીં તો સંબંધ નહીં ટકે. ચેંબરનું

૧. મુકદ્દમાનાં જે કાગળિયાં સૉલિસિટર બૅરિસ્ટરને આપે છે તે.

૨. બૅરિસ્ટરની ઑફિસ માટે 'ચેંબર' શબ્દ વપરાય છે.

ભાડું ફી માટે વાળવાનો લોભ કદી ન કરવો.”

કાકાની શિખામણ નહીં પાળનારા ઘણા એડ્વોકેટને મેં પાછળથી પસ્તાતા જોયા છે.

હું બીજાપુર જેલની ખોલીમાં પાછળથી રહ્યો તેનાથી પણ મારો આ ચેંબર ભૂંડો હતો. બારી વિનાના એ અંધારિયા નાનકડા ખંડમાં, ઉપર છાપરામાં એક કાચની નાની બારી હતી, તેમાંથી થોડું અજવાળું આવતું. બાજુના ખંડમાં જૂનાં દફતરો રહેતાં. ચોમાસામાં તેમાંથી અનેક જંતુઓ મારા ચેંબરમાં આવતાં ને મારે શરીરે, માથામાં અને ભવાંમાં ભરાઈ જતાં. રાતે એથી મને ખૂબ જ ખંજવાળ આવતી ને આખી રાત ઊંઘ વિના વિતાવવી પડતી. કોઈ કોઈ વાર તો સૂતાં પહેલાં ફિનાઈલવાળા પાણી વડે મારે નાહવું પણ પડતું !

આ ગુફામાં મારાં આકરાં વર્ષોની વિકટ તપશ્ચર્યા હું કરતો ને તેમાંથી ભૂખ્યા વરુની માફક બ્રીફોની શોધમાં નીકળતો.

મારી ખરી દુર્દશા તો મારા ક્ષોભીલા સ્વભાવે કરી. ચારે તરફ અક્કડ કપડાં, ચમકતા સફેદ કોલરો, સીધાં સળવાળાં પાટલૂનો ને સુંવાળા હાથરૂમાલ જોઇ મારી દરિદ્રતાનો મને તીવ્ર ખ્યાલ આવતો.

કપડાં એ આપણા વ્યક્તિત્વનાં અનિવાર્ય અંગ થઈ બેઠાં છે. જ્યાં સુધી આપણો પહેરવેશ બીજાથી

હલકો છે એ ખ્યાલ મનમાં હોય ત્યાં સુધી આપણામાં આત્મશ્રદ્ધા આવતી નથી. મને જોઈને પાસે બેઠેલો બૅરિસ્ટર મારે વિશે શું ધારશે, બ્રીફ આપનાર સૉલિસિટર, અસીલ, ને ન્યાયાધીશ શું ધારશે, એ પ્રશ્નપરંપરા મારા મનમાં ઊઠતી. આથી હું મૂંઝાયો, ને જેવા હાથમાં પૈસા આવ્યા કે તે ભેગા કરી સારાં કપડાં કરાવવા પર ધ્યાન રાખ્યું. ક્યાંય સુધી રાતે સૂતાં પહેલાં પાટલૂનની બરાબર ગડી વાળી ઓશીકાં નીચે મૂકવાની ને હાથે જોડા ચળકાવવાની વિધિ ધ્યાનપૂર્વક કરવાની પ્રવૃત્તિ મેં જારી રાખી.

મારી બીજી મુશ્કેલી મારા અંગ્રેજીની હતી. હું સારું અંગ્રેજી લખતો ને આડંબરી અંગ્રેજીમાં વ્યાખ્યાન આપતો; પણ વડોદરા કૉલેજમાં ગુજરાતીમાં જ બોલવાની ટેવ પડી હોવાથી મારાથી અંગ્રેજીમાં વાતચીત થઈ શકતી નહિ. મારા ઉચ્ચારો પણ કઢંગા હતા અને સામાન્ય હળવી વાત તો મારાથી થઈ જ ન શકતી.

૧૯૧૧ માં હું ન્યાયમૂર્તિ બીમનની કૉર્ટમાં મારી હાજરી પુરાવવા બેઠો હતો. એ વખતે મારી પાસે બેઠેલા પારસી યુવકે મને પૂછ્યું:

"તમે આ શું લખો છો?"

"પક્ષી આડતનો આ કેસ છે તેની નોંધ લઉં છું."

"કેમ ?"

"હું ઍડ્વોકેટની પરીક્ષા માટે તૈયારી કરું છું." મેં જવાબ વાળ્યો. તેણે મારું નામ ને ઠેકાણું લખી લીધાં, ને રાતે તે મારે ત્યાં આવ્યો.

આ બરજોરજી રતનજી બમનજીને સેંટ હેલેજરની સોરટી લાગેલી ને એ પૈસા વડે ભગવાનદાસ પરશરામની પેઢી જોડે એણે અળસીનો મોટો સટ્ટો કર્યો હતો. તેમાં એને મોટી ખોટ આવી. આડતિયો દાવો માંડે તો પોતે સટ્ટો કર્યો છે તે પુરવાર કરવા શા શા પુરાવા જોઈએ તે એને જાણવું હતું.

બરજોરજીના હજારો ટનના સોદામાં, પક્કા આડતિયાએ પાકો વેપાર પુરવાર કરવા ત્રણસો ટન તૈયાર અળસી જોખી હતી. અમે યોજના કરી, ને મેં બરજોરજીને 'પ્રજામિત્ર'ના તંત્રી રતનલાલ શાહની ઓળખાણ કરાવી. યોજના પ્રમાણે રતનલાલને પડદા પાછળ બેસાડી, ભગવાનદાસ પરશરામના મુનીમને બરજોરજીએ બોલાવ્યો અને વાત કરવા માંડી.

"શા માટે તમે ત્રણસો ટન માલ લીધો ? મેં ક્યાં કહ્યું હતું ? આપણો તો સટ્ટો હતો. ડિલિવરી ન લેવાની શરત હતી."

"અદાલત કી કારવાઈ કે લિયે." મુનીમે કહ્યું. પાછળ બેસી રતનલાલે બધું લખી લીધું.

પછી ભગવાનદાસ પરશરામે બરજોરજી પર દાવો માંડયો.

બરજોરજીના સૉલિસિટર મેસર્સ મુલ્લાં ને મુલ્લાં હતા અને તેના મદદનીશ નસરવાનજી એન્જિનિયર (પાછળથી ઍડ્વોકેટ ને ન્યાયમૂર્તિ) મુકદ્દમાનું કામ સંભાળતા. હું બરજોરજીની જોડે એમને બેત્રણ વાર મળવા ગયો.

૧૯૧૧ ની એપ્રિલની ૧૨મીએ મેં નોંધ્યું :

'હાઇકોર્ટ બંધ થઈ. બી. આર. બી. જોડે મુલ્લાં ને મુલ્લાંને ત્યાં ઈરાની ને એન્જિનિયરને મળ્યો. ઠંડે પેટે ને અસર કરી શકાય એવી રીતે મને વાત કરતાં નથી આવડતી. વાતચીત કરવાની મારી અણઆવડતથી હું તિરસ્કરણીય લાગું છું. શબ્દોનો મેં બહુ દુરુપયોગ કર્યો. મારે શરમાવું જોઈએ.'

બરજોરજીનો મુકદ્દમો ૧૯૧૨માં ન્યાયમૂર્તિ બીમન આગળ નીકળ્યો. રતનલાલે જુબાની આપી છતાં બીમને આ સોદાઓ પાકા છે, સટ્ટાના નથી એવો ચુકાદો આપ્યો.[૧] અપીલ-કૉર્ટમાં બરજોરજી જીત્યો[૨] ને પ્રિવી-કાઉન્સિલમાં પણ[૩]. મારી મહેનતના બદલામાં

૧. *Bhagvandas Parashram* v/s *Barjorji* 15 Bombay Law Reporter 85.

૨. *Barjorji* v/s *Bhagvandas*. Ibid 617.

૩. *Bhagvandas v/s Barjorji*. 45 Indian Appeals 29

બંરજોરજીએ મને સારી જેવી રકમ આપી.

બોલવાની મારી અશક્તિનું ભાન મને બહુ સાલવા લાગ્યું. તાલિયારખાન, ઝીણા અને સ્ટ્રેંગમેન જેવા બૅરિસ્ટરો પાછળ ઊભો રહી હું તેમનાં અંગ્રેજી શબ્દોનાં ઉચ્ચારણ ધ્યાનમાં લેતો ને તેની નોંધ કરતો. ઘરમાં બેસી વાર્તાનાં પુસ્તકોમાંના સંવાદો મોટેથી વાંચવા લાગ્યો. નાના નાના ટુચકાઓ ભેગા કરી તેને લખી, મોઢે કરી, તેમાં ફેરફાર કરી, જુદા જુદા મિત્રો આગળ કહેવા લાગ્યો. આમ મેં અંગ્રેજી બોલવાનો મહાવરો કેળવવા માંડ્યો.

પહેલાં રજાના દિવસમાં, જેમ નાટકો વાંચતો તેમ હવે આરસી આગળ ઊભો રહી પ્રિવી–કાઉન્સિલના ચુકાદાઓ વાંચતો; ને ચોપડી બંધ કરી તેનો સારાંશ સારા ઉચ્ચારણથી બોલતો. છતાં ઉચ્ચારણોમાં તો ક્યાંય સુધી ભૂલો થયા કરતી; અને ખાસ કરીને કાયદાના શબ્દકોશમાં જે શબ્દ ન હોય તેની.

છ વર્ષ પછી એક વખત અમે દાર્જિલિંગ જતા હતા, ને મારાથી juice શબ્દનો વડોદરિયા ઉચ્ચાર ‘જુઈસ’ થઈ ગયો. ભૂલાભાઈ જરા હસ્યા, મારી ઢબે જુઈસ’ બોલ્યા, ને ત્રીજા માણસને આંખ મારી. મને થયું કે મેં કંઈક ભૂલ કરી હતી. રાતે મેં અંગ્રેજી શબ્દકોશમાં જોયું તો ઉચ્ચાર ‘જ્સ’ હતો. ઘણા દિવસ સુધી આ વાતનો મારા મનમાં ચણચણાટ રહ્યો, જેથી

વાત કરવા મોઢું ઉઘાડવાની હિંમત થતી નહિ.

એક નોંધપોથીમાં હું કેટલાક શબ્દનાં ઉચ્ચારણો, કાયદાના શબ્દો ને ટુચકાની યાદી લખી રાખતો બૅરિસ્ટરોમાં જે બહુ સરસ ટુચકાઓ કહેતા તેમની લઢણ શીખવાના પણ હું પ્રયત્નો કરતો.

અંગ્રેજી ભાષા આપણી પરાધીનતાની સખતમં સખત બેડી છે. દુર્દૈવે સ્વભૂમિમાં પણ પરભાષા વિન પ્રતિષ્ઠા નથી મળતી. અને એ બેડી બંધબેસતી કરવ માટે મારા જીવનનાં સારાંમાં સારાં વર્ષો મેં ગાળ્યં છે. આથી મને એક લાભ થયો. એ પરભાષા શીખત શૈલી ને સાહિત્યરચના, વાક્પટુતા ને વાર્તાલાપન કેટલાંક સનાતન રહસ્યોની મને કંઈક સમજ પડ અને જગતના સાહિત્યસ્વામીઓનો પરિચય કેળવ્યો.

૩

૧૯૧૪ પછી નિયમિત રીતે નોંધપોથી લખવાન ટેવ મેં છોડી દીધી. પણ જ્યારે કોઈ મોટો બના બને કે અગત્યનો સંકલ્પ કરું તો તેની નોંધ લખતો અંગ્રેજીમાં ભાષણ કરવાની મારી રીત કૃત્રિમ હતી જ્યારે ભાષણ કરવાનું હોય ત્યારે હું અંગ્રેજીમાં સારાંશ લખી જતો, તેને વારંવાર મોટેથી વાંચી જતો અને પછી બોલતી વખતે તે વાકયોને મારા વક્તવ્યમ અણિશુદ્ધ વણી લેતો. કોઈ કોઇ વાર તો આખ

ભાષણ ગોખીને સભામાં બોલી જતો.

આ રીતથી મારા વ્યાખ્યાનમાં અંગ્રેજી શબ્દની ભભક આવતી અને થોડું અંગ્રેજી જાણનાર શ્રોતાવૃંદ અંજાઇ જતું. પણ ખરું જોતાં આ પ્રયોગ શબ્દોનાં ઝૂમખાંના પ્રદર્શનનો હતો. એમાં જીવંત વાક્પાટવનો અંશ ન હતો.

૧૯૧૨–૧૩ માં 'યુનિયન'માં ભવભૂતિ ઉપર વિવાદ હતો. તેમાં બોલવા માટે તૈયાર કરેલા ભાષણના સારની નોંધ મેં કરી રાખી હતી. મારી અસંબદ્ધ વિચારસરણી અને શબ્દાડંબરી શૈલીનો તે ખ્યાલ આપશે :

'Gentlemen,[૧]

Tragedy has been recognised from ancient times as the highest province of poetry. It is the poetry of refinement, of noble emotion and expression. Human passions can have no better field, human feelings no better theatre, human language no fitter vent than in the tragedy.

Literature begins with the epic, ends with

૧. સજ્જનો,

પુરાતન કાળથી કરુણાંત નાટકોએ કાવ્યના પ્રદેશમાં અગ્રસ્થાન ભોગવ્યું છે. એ સંસ્કારની કવિતા છે, ઉમદા ભાવો અને તેના આવિષ્કરણની કવિતા છે. એ પ્રકારની કૃતિઓ સિવાય માનવ રાગોદ્રેકને માટે બીજું સારું ક્ષેત્ર નથી; માનવલાગણીઓને વ્યક્ત થવા માટે યોગ્ય સ્થાન નથી; માનવવાણી માટે વધુ યોગ્ય વાહન નથી.

the tragedy. The open-eyed wonder, the strength and fire of a rough age give place to the soft and subtle play of feelings. Homer ended in Euripides; Dante and Milton in Goethe and Hugo. The vigorous majesty of Vyas and Valmiki saw its culmination in the sweet and ineffable poetry of Bhavabhuti.

Let us see where our poet is among these mighty sons of the Muse.

Greece was the first to develop the tragedy; and you find two of her poets who have retained their eminence through all the ages : Aeschyles and Euripides. Then came Bhavabhuti. The fifteenth century saw the great dramas of Shakespeare.

વાઙ્મય મહાકાવ્યથી શરૂ થઈ કરુણાંત નાટકોમાં પરિણમે છે. એક સ્થૂળ યુગનાં આશ્ચર્ય, શક્તિ અને તેજને સ્થાને લાગણીઓનો સુકુમાર ને સૂક્ષ્મ વ્યાપાર આવે છે. આ સત્યની પ્રતીતિ થાય છે, હોમરથી શરૂ થતો સાહિત્યયુગ યુરિપિડ્સમાં પરિણમે છે ત્યારે, ને ડાન્ટે તથા મિલ્ટનનો યુગ ગોઇથે અને હ્યૂગોની કૃતિઓમાં પરિણામે છે ત્યારે, વ્યાસ અને વાલ્મીકિની ભવ્યતા ભવભૂતિની મધુર અને અનિર્વાચ્ય કવિતામાં પરિણામે છે ત્યારે.

આપણો કવિ, મયૂરવાહિની દેવી સરસ્વતીના આ પ્રતાપી પુત્રોમાં પોતાનું સ્થાન કેવુંક શોભાવે છે એ જોઇએ.

સૌથી પ્રથમ, કરુણાંત નાટકોનો વિકાસ ગ્રીસમાં થયો, અને તમે જાણો છો કે ત્યાંના બે કવિઓ એસ્કાઇલસ અને યુરિપિડ્સનું અગ્રણીપદ અનેક સૈકાઓથી હજીય જળવાઇ રહ્યું છે. આ પછી

The nineteenth century saw the rise of two geniuses—at once the universal type and oracle of modern civilization, Goethe, and the trumpet-voiced angel of freedom and love, Victor Hugo.

Gentlemen, there are tragedies of love and of other human emotions. Aeschyles' best work *Prometheus* treats of Freedom and Tyranny—a favourite theme with the Greeks. Shakespeare is great in tragedies of both kinds. *King Lear*, *Macbeth* and *Hamlet* are not tragedies of love, but of other emotions which stir the human breast. Herein you find *Adbhuta*, *Bhayanaka* and *Karuna* rasas, all blended. And when one reads of Saudamini's description of mountains, forests and the terrible temple of Chamunda, where Kapalakundala presided, one hears the echo from the Caucasus where Prometheus lay bound by the fiat of Jove One only wishes that Bhavabhuti had pursued this line more thoroughly.

ભવભૂતિ આવ્યા. પછી પંદરમા સૈકામાં શેક્સપિયરનાં મહાન નાટકો રચાયાં.

ઓગણીસમી સદીમાં બે પ્રતિભાશાળી સર્જકો ઝળક્યા: વ્યાપક લક્ષણવાળા, અર્વાચીન સંસ્કૃતિની દેવવાણી ઉચ્ચારનાર ગોઇથે અને સ્વાતંત્ર્ય તથા પ્રણયનો ઉદ્‌ઘોષક હ્યૂગો.

સજ્જનો, પ્રણયભાવની કરુણાંત કૃતિઓ ઉપરાંત અન્ય ઊર્મિઓને સ્પર્શતી એવી કૃતિઓ પણ છે એસ્કાઇલિસની ઉત્તમ કૃતિ ‘પ્રોમિથિયસ’ ગ્રીકોને સુપ્રિય એવા સ્વાતંત્ર્ય અને અત્યાચારના વિષયને સ્પર્શે છે. શેક્સપિયર બેઉ પ્રકારની

But love tragedies are preferred to tragedies of the other sort. They touch the chords of every heart, the universal touch every man feels. This kind of tragedy can also be divided into two classes. The first class deals with ante-nuptial love; of its disappointments, its failures. It is a touching theme, comparatively easy. *Romeo and Juliet* is an instance. Another still better is *Hernani*. Revenge, love and fiery heroism all have their play in it by turns, carrying you to the highest intensity of experience. *Malati-Madhava* is in this class, though the happy end mars the climax.

કૃતિઓમાં સિદ્ધહસ્ત છે. 'કિંગ લિયર', 'મૅકબેથ' અને 'હેમ્લેટ' પ્રણયભાવની નહિ, પણ માનવહૃદયમાં આંદોલન જગાડનારા બીજા મહાભાવોને આલેખતી કૃતિઓ છે એમાં અદ્ભુત, ભયાનક ને કરુણ રસનું સુભગ મિશ્રણ છે. અને જ્યારે પર્વતો, જંગલો અને કપાલકુંડલાથી અધિષ્ઠિત ચામુંડાના ભીષણ મંદિરનું સૌદામિનીએ કરેલું વર્ણન વાંચીએ છીએ, ત્યારે તો જ્યુપિટરની આજ્ઞાથી જ્યાં પ્રોમિથિયસ બંધાયેલો પડ્યો હતો તે કૉકેસસમાંથી ઊઠતો પ્રતિધ્વનિ જ સંભળાય છે. ભવભૂતિએ સાદ્યંત આ જ રીતિ રાખી હોત તો કેવું સારું એમ આ વાંચીને વાચકને થઈ આવે છે.

પરંતુ બીજી કરુણાંત કૃતિઓ કરતાં પ્રણયભાવની એવી કૃતિઓ વધુ લોકાદર પામે છે, કારણ કે તે દરેક હૃદયના તારોને સ્પર્શે છે. એ સર્વવ્યાપી સ્પર્શ દરેક વ્યક્તિ અનુભવે છે.

આ પ્રકારનાં કરુણાંત નાટકોના બે વિભાગ થઇ શકે. પ્રથમ વિભાગ લગ્ન પૂર્વેનો પ્રણય, પ્રણયનિરાશા, પ્રણયનિષ્ફળતા વગેરેને સ્પર્શે છે. આ વિષય હૃદયસ્પર્શી છે, ને તુલનાદૃષ્ટિએ

The other sort of love tragedy is more difficult to write. You know, Gentlemen, that overwhelming love rarely survives the marriage tie; and our poets well knew it. Two only wrote such tragedies. Shakespeare wrote *Othelloo.* Bhavabhuti *Uttararamacharitam.*'

નોંધનાં બાકીનાં પાનાં ખોવાઈ ગયાં છે. રવિવારે સવારે ત્રીસેક સાહિત્યરસિક યુવકો આગળ આ જાતનું વ્યાખ્યાન મોહક નીવડે એમાં નવાઇ નહોતી. વાગ્‌-વૈભવની સેવામાં હું નિમગ્ન રહેતો. પણ વાક્‌પાટવનો હેતુ પ્રશંસા મેળવવાનો નહિ પણ ધાર્યું કરાવવાનો છે, તેનું જ્ઞાન તો હું હાઈકોર્ટમાં ગયો ત્યારે જ મને થયું. મારો શબ્દાડંબરી વાગ્વૈભવ ધારાભ્યાસજડ ન્યાયમૂર્તિઓ આગળ નકામો હતો.

આલેખન માટે કંઇક સરલ પણ. 'રોમિયો અને જુલિયટ' આનું ઉદાહરણ છે. બીજી કૃતિ 'હરનાની' આથી પણ વધુ સુંદર છે. એમાં વેર, પ્રણય, અને ઓજસ્વી વીરત્વનો ક્રમિક વ્યાપાર છે. 'માલતીમાધવ' ને આ વર્ગમાં મૂકી શકાય. જો કે એનો સુખાન્ત એની પરાકાષ્ઠાને હાનિકારક નીવડે છે.

બીજા વિભાગની પ્રણયભાવની કરુણાંત કૃતિ લખવી દુષ્કર છે. સજ્જનો, તમે જાણો છો કે ઉછાળા મારતો પ્રણયભાવ લગ્નસંધિ પછી ભાગ્યે જ ટકી શકે છે. આપણા કવિઓ એ વસ્તુથી સુપરિચિત હતા. બે જ કવિઓએ એવી કરુણાંત કૃતિઓ રચી છેઃ શેક્સપિયરે 'ઑથેલો' અને ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'.

મેં નવી પદ્ધતિ શીખવા માંડી, અને તેનાં સૂત્રો લખી ટેબલ પર સામે મૂક્યાંઃ

૧. ભાષાની સાદાઈનો અભ્યાસ કરવો; હમેશાં સાદો શબ્દ પસંદ કરવો.

૨. ટૂંકાં વાક્યો વાપરવાં.

૩. ઉચ્ચારણ શુદ્ધ રાખવું.

૪ મારા પોતાના મુદ્દાઓ ખરા છે કે નહિ તેની પહેલેથી કસોટી કરવી; સામાવાળાઓ તેની ખોડ કાઢે ત્યાં સુધી તેની વાટ જોવી નહીં.

૫. વિષયનો એવો પરિચય કેળવવો કે તેમાં પચી જવાય. અને આમ સાધેલી એકતાનતાને જ એની મેળે શબ્દો પ્રેરવા દેવા. શબ્દોની પહેલેથી તૈયારી કરવી નહીં.

૬. શ્રોતાનું હૃદય જીતવું હોય તો બોલવાની રીત કરતાં તે કેવી રીતે જિતાશે તેના પર ધ્યાન આપવું.

૭. શ્રોતાને થાકવા દેવો નહીં; તે થાકે તે પહેલાં બોલવાનું બંધ કરવું, અથવા તો તેને રસ પડે તેવી સામગ્રી રજૂ કરવી.

૧૯૧૭–૧૮ સુધી આ સૂત્રોનું મેં સેવન કર્યું. પણ જૂની ટેવો તદ્દન ઊંધી હતી તે સદંતર ગઈ નહીં, અને નવી રીત પૂરેપૂરી આવડી નહીં.

૪

મંછાશંકરકાકા તો મારામાં પહેલેથી રસ લઈ રહ્યા હતા; હવે જમિયતરામકાકા પણ લેવા લાગ્યા.

એમને પોતાની ન્યાત પ્રત્યે બહુ પ્રેમ હતો. કોઈ પણ ન્યાતીલો એમની પાસે મદદ માગે તો ખાલી હાથે ભાગ્યે જ જાય. હું તો એમની ન્યાતનો, ભરૂચની ન્યાતના જુવાનોમાં અગ્રણી ને આશાસ્પદ, ન્યાતનો કાર્યકર ને સામાજિક પ્રતિષ્ઠાનો ધણી.

ભરૂચ અને સૂરતના ભાર્ગવો વચ્ચે કન્યાવહેવાર એકપક્ષી હતો. અમે સૂરતથી કન્યા લાવતા પણ આપતા નહીં. એ રિવાજ બેપક્ષી કરી, ન્યાતનું સંગઠન કરવાની મહેનત હું કરતો હતો. આ સુધારાની બાબતમાં બે વર્ષમાં અમે પરિચયમાં આવ્યા તેથી મારા તરફ એમનો ભાવ વધ્યો હતો; અને અણધાર્યો મને પહેલે જ પ્રયત્ને પાસ થયેલો જોયો એટલે એમણે મને અપનાવ્યો.

એમણે મારું ભાવિ ગોઠવવા માંડ્યું, એવી રીતે કે તેની મને ખબર પણ પડે નહીં. પહેલી મેએ એમના તરફથી પહેલી બ્રીફ આવી ત્યારે મેં નોંધ્યું:

> ‘જમિયતરામકાકાની મારા તરફ માયા વધતી જાય છે. આજે બ્રીફ મોકલી. મેં ધાર્યું નહોતું.’

હું એમને બરાબર ઓળખતો નહોતો એટલું જ. એમણે ને નરુભાઈએ નાની નાની બ્રીફો મોકલવા માંડી, અને ભૂલાભાઈ જીવણજી દેસાઈના ચેમ્બરમાં મારે વાંચવું એવો નિર્ણય થયો. મને તો મિ ઝીણાનું

આકર્ષણ હતું. એમનું નામ મોટું, દેખાવ સરસ ને કપડાં મોહક. પણ કાકા એકના બે ન થયા.

" ભૂલાભાઈને ત્યાં શીખવાનું સારું મળશે." એમણે કહ્યું.

વિલાયતમાં બૅરિસ્ટરોની ચેમ્બરિંગ-પદ્ધતિ બહુ સુંદર છે. નવો બૅરિસ્ટર થાય તે કોઈ જૂનાના ચેમ્બરમાં જોડાય, તેનો ' ડેવિલ ' તેનું ' ભૂત ' બને; એ જોડાય ત્યારથી ચેમ્બરનું અંગ બને અને ગુરુની વકાલતની પદ્ધતિ શીખવા માંડે. ચેમ્બર ગુરુકુળ બની જાય. ગુરુ અને શિષ્ય કુટુંબી જેવા બને. ગુરુ શિષ્યોની પ્રગતિમાં રસ લે; એમના સમગ્ર જીવનમાં પ્રવેશે. સહાધ્યાયીઓ પરસ્પર બંધુભાવ કેળવે, ગુરુ જતાં પણ ગુરુકુળની અસ્મિતા ને કીર્તિ ધંધામાં કાયમ રાખે, ને એમનો સમય આવે ત્યારે નવા શિષ્યોને એ વારસામાં આપી જાય.

આ પ્રથાનું લૂલું અનુકરણ હાઇકોર્ટના એડ્વોકેટ (ઓ. એસ.) પણ કરે છે.

ભૂલાભાઈ વિલાયતથી આવ્યા અને ૧૨ મી જૂનની સાંજે કાકા મને હાઈકોર્ટને ત્રીજે દાદરે એમના ચેમ્બરમાં લઈ ગયા. કાકાએ મારી ઓળખાણ કરાવી. ભૂલાભાઈ હસ્યા. નાના બાળકને ગુરુને ઘેર ભણવા મૂકી આવે ને એની જેવી મનોદશા થાય તેવી કંઈક મારી થઈ. કાકા મને મૂકીને ચાલ્યા ગયા.

"જુઓ, લાઉન્ડ્સે[1] મને પહેલે દિવસે કહ્યું હતું તે હું તમને કહું છું: 'જો તમે મને ઉપયોગી થશો તો હું તમને ઉપયોગી થઈ પડીશ.' અને જુઓ, તમે સાડાછએક વાગે આવજો." ભૂલાભાઈએ કહ્યું, અને આગળ ચલાવ્યું: "કૉન્ફરન્સમાં ત્રીજું કોઈ હોય તે સૉલિસિટરોને ગમતું નથી, એટલે એ બધા જાય પછી મને મળજો. જાઓ, કાલે આવજો."

મુંબઈની હાઈકોર્ટના શિરસ્તા પ્રમાણે કૉર્ટ ઊઠે ત્યાર પછી સૉલિસિટરો ઍડ્વોકેટની સલાહ લેવા આવે એ પ્રસંગને 'કૉન્ફરન્સ' કહેવાય છે.

ભૂલાભાઈના ગુરુકુલનો એ વખતે એવો નિયમ હતો કે 'કૉન્ફરન્સ' માં ' 'ભૂતો' ને ન બેસવા દેવા. આવો નિયમ બીજા ગુરુકુલોનો નહોતો.

રાતના મેં નોંધ કરી :

'ભૂલાભાઈને ત્યાં કામ કરવા જોડાયો; જોઈએ, મને શો લાભ મળે છે! આવો ચપળ ને ચંચળ માણસ મારે માટે કંઈ કરશે કે કેમ એ વિશે મને ખરેખર શંકા થાય છે.'

બીજા દહાડાથી મારા જીવનની આકરી તપશ્ચર્યા શરૂ થઈ. હું સવારે દસ વાગે ઘેરથી નીકળું, આખો દહાડો હાઈકૉર્ટની લાયબ્રેરીમાં વાંચું, કૉર્ટ ઊઠે પછી મારા ચેમ્બરમાં બેસું અને સાડાછ વાગે

---

૧. ભૂલાભાઈ સર જ્યૉર્જ લાઉન્ડ્સના શિષ્ય હતા.

ભૂલાભાઇના ચેમ્બરની બહાર હાજર થઈ જાઉં. એમની કૉન્ફરન્સ સાતઆઠ વાગ્યા સુધી ચાલે. કોઈ વાર તો એમની ગાડી આઠ વાગે એમને લેવા આવે ત્યાં સુધી એ રોકાયેલા રહે. પછી હું ચેમ્બરમાં જાઉં; એકબે નજીવા સવાલ પૂછી એમનું ધ્યાન ખેંચવાનો નિષ્ફળ પ્રયત્ન કરું. એ હૅટ હાથમાં લેઃ "ઠીક, મુનશી, ત્યારે કાલે આવજો, કંઈક આપીશ."

સવાઆઠે હું ટાવર આગળથી ટ્રામ પકડું અને થાકયોહાર્યો, બ્રીફની વાટ જોઈજોઈ અકળાયેલો, ઘવાયેલા અભિમાનથી રડુંરડું થઈ ગયેલો ઘેર આવું. રોજ ને રોજ આ જાતના અનુભવથી હું રહેંસાતો.

ભૂલાભાઈના ચેમ્બરમાં જવાનું છોડી દેવાનું રોજ મન થતું, છતાંય હું જતો. એમની તાલીમ વગર મારાથી હાઇકૉર્ટમાં વકાલત થાય એમ નહોતી, એટલે પછી આ ઘાણીમાં પિલાયા વિના છૂટકો કયાં હતો? રોજ સાંજના એમના ચેમ્બરમાં હું જાઉં ત્યારે મન વાળવા વિચાર કરુંઃ 'શા માટે ભૂલાભાઈ એ મારી જોડે વાત કરવી જોઈ એ? શા માટે મારામાં રસ લેવો જોઈએ? એ તો હવે વકાલતની ટોચે પહોંચ્યા છે. હજારો રૂપિયા કમાય છે. હું એમને શું કામમાં આવું છું કે એ મારી પરવા કરે? કાકાની એમને શરમ પડે છે, એ સિવાય એમના પર મારો શો અધિકાર?' આમ મારા જીવને સાંત્વના આપી,

બરાબર સાડાછ વાગ્યે હું પહેરેગીરની માફક હાજર થઈ જતો.

રાતે મારા અકળાતા હૃદયના ઊભરા હું નોંધમાં કાઢતો. પણ ગુરુએ મને દીધેલાં દાન આગળ આજે એ નોંધોની શી કિંમત? એ તો વિસર્જન કરવાને જ યોગ્ય છે.

થોડા દહાડા પછી ભૂલાભાઈએ દાવાઅરજીનો જવાબ તૈયાર કરવાની એક બ્રીફ મને આપી. મેં પહેલા જવાબનો ખરડો મારા આડંબરી અંગ્રેજીમાં ઘડી કાઢયો. ત્રીજે દહાડે ભૂલાભાઈએ કહ્યું: "આ અંગ્રેજી નહીં ચાલે." હતાશ થઈ મેં પંદર કલાકની મહેનતે તૈયાર કરેલો ખરડો છેવટે કચરાની ટોપલીમાં પડેલો જોયો.

પ્રગતિનો રસ્તો બતાવવા જેટલો રસ ભૂલાભાઈ તે વખતે મારામાં લેતા નહીં, એટલે મેં મારી રીતે તૈયારી કરવા માંડી. મેં મોટા બૅરિસ્ટરોના અને ભૂલાભાઈના મળ્યા એટલા જૂના ખરડાઓ ભેગા કર્યા, તેની નકલો કરી, તેની ભાષાનું અનુકરણ કરવા માંડયું. તેમાં કઈ દાદફરિયાદ કેવા શબ્દોમાં કરી હતી તેની યાદી કરી. સાથે ભૂલાભાઇને માટે ખરડાઓ ફરી ફરી લખી તૈયાર કરવા માંડયા. આ મહેનતમાં મને ત્રણ અજોડ પુસ્તકોની[1] ઘણી મદદ મળી.

---

૧. Roscoe, *Nisi Prius*; Daniell, *Chancery Practice*; Seton, *Decrees*.

અને પછી મેં નિયમ કર્યો કે એક વિષયનો ખરડો તૈયાર કરવાનો આવે એટલે આ પુસ્તકોમાંથી એ વિષય માટે જે લખાયું હોય તે બધું વાંચી જવું, નોંધ કરવી, અને પછી ખરડો કરવાનું કામ હાથમાં લેવું.

હાઈકોર્ટના ક્ષિતિજ પર ભૂલાભાઈ નવા ઊગેલા સૂર્યની ભભકથી ચમકતા હતા. મોટા બૅરિસ્ટરો એમની અદેખાઈ કરતા. ગુજરાતી સૉલિસિટરો તો એમના સિવાય બીજા કોઈને જોઈ શકતા જ નહીં પારસીઓમાં એ પારસીશાહી બની ગયા હતા, અને 'ભૂલા'નું વહાલસોયું ઉપનામ પામ્યા હતા. ન્યાયાધીશો પણ એમની મીઠી વકાલતથી પાણીપાણી થઈ જતા.

હાઈકોર્ટનું આખું જગત કોઈ બીજા ધારાશાસ્ત્રી આગળ આવું ગાંડું થતું મેં નથી જોયું. વિજયપ્રાપ્તિના આ શિખર પરથી એક નિર્જીવ ધ્રૂજતા નવા શિખાઉ તરફ વધારે દરકારથી એ જુએ, એ મારી આશા બે વર્ષ તો તદ્દન નિષ્ફળ ગઈ. સામાના ભાવે સહાનુભૂતિપૂર્વક કલ્પવાની એમની શક્તિ એમની બીજી શક્તિઓના પ્રમાણમાં મર્યાદિત હતી.

સર બેસિલ સ્કૉટ ત્યારે મુખ્ય ન્યાયાધીશ હતા એ થોડું બોલે અને તે પણ ગાંભીર્યથી. જરા કંટાળે એટલે ધારાશાસ્ત્રીનું મોઢું ચીતરવા બેસી જાય. પરંતુ નવા ધારાશાસ્ત્રી તરફ એ ધીરજવાળું અને પ્રોત્સાહ

લણુ દાખવતા. મોટાં ધારાશાસ્ત્રીના પલ્લામાં બેસી
વાની વૃત્તિ ઘણા ન્યાયાધીશોમાં જોવામાં આવે છે.
કૉટ એથી ઊલટા હતા. મોટાઓને નાના પર એ જરાય
ાક્રમણ ન કરવા દે.

૮મી જુલાઇએ થાણા–કોર્ટની એક અપીલમાં હું
હેલી વાર એમની કૉર્ટમાં હાજર થયો. કેટલાય
વસોથી મેં તૈયારી કરી હતી. કેટલીય નોંધો કરીને
ાડી નાખી હતી. આગલી રાતે ગભરાટમાં ઊંઘ પણ
હોતી આવી. હું કૉર્ટમાં ઊભો થયો ત્યારે મેં જાણ્યું
મારી સામે ઍડ્વોકેટ જનરલ સ્ટ્રૅંગમૅન ઊભા
ા છે.

સ્ટ્રૅંગમૅન (પાછળથી સર ટૉમસ) તે વખતે આખી
ર્ટ ધ્રુજાવતા. એ પાટલૂનના ગજવામાં હાથ ઘાલે,
માં રાખેલી કૂંચીઓ ખખડાવે, મોટે સાદે હસીને
ચ્ચે બોલે, અને સામાની જરાક ભૂલ થાય કે સખત
ાટકણી કાઢે. કેટલાક ન્યાયાધીશોને પણ એ ડરાવે.
મને મારી સામે આવેલા જોઈ મારાં મોતિયાં
રી ગયાં.

હું અપીલ ચલાવવા ઊભો થયો, ત્યારે મારી
ાંખ આગળ કૉર્ટ ચક્કરચક્કર ફરતી હતી. મારો
ાવાજ ગળાની બહાર નીકળી શકતો નહોતો. કાનમાં
ા જોરથી ઘંટનાદ સંભળાતા હતા. પંદરવીસ મિનિટે
ને શુદ્ધિ આવી, ને હું બરાબર બોલવા લાગ્યો.

મારાથી કંઈ ખોટું બોલાઈ ગયું હશે, એથી સ્ટ્રૅંગમૅન ફ્રીને વચ્ચે બોલ્યા. સ્કૉટ સખ્તાઈથી સ્ટ્રૅંગમૅન તરફ જોઈ રહ્યા.

"Mr. Advocate General, your innings are still to come."[૧]

એમણે નિશ્ચયાત્મક અવાજે સ્ટ્રૅંગમૅનની વાગ્ધારા કાપી નાખી. તે જરા ગૂંચવાઈ, વાક્ય અડધું મૂકી બેસી ગયા.

"Mr. Munshi, you may now proceed."[૨]

સ્કૉટે વિધિવાક્ય ઉચ્ચાર્યું ને નોંધ લેવા માંડી.

મારા પગમાં જોર આવ્યું ને મેં આગળ ચલાવ્યું. સ્ટ્રૅંગમૅને ફ્રી બોલવાની હિંમત કરી નહીં.

સ્કૉટની સાથે ન્યાયાધીશ બેચલર હતા. એ ઘણા મિતવાદી હતા. મારાથી મારી દલીલો દરમ્યાન કહેવાઈ ગયું: "There is almost no evidence."[૩]

બેચલરે તરત કહ્યું: "There is no 'almost' in evidence; either there is, or there is not."[૪]

અચોક્કસ બોલવાની મારી રીતને આથી

---

૧. મિ. ઍડ્વોકેટ જનરલ, તમારો બોલવાનો વારો હજી હવે આવવાનો છે.

૨. મિ. મુનશી, તમે હવે આગળ ચલાવો.

૩. પુરાવો ઘણેભાગે છે જ નહિ.

૪. પુરાવામાં 'ઘણેભાગે' હોઈ જ ન શકે. પુરાવો કાં તો હોય, કાં ન હોય.

થપ્પડ પડી.

મેં પૂરું કરતાં હિંમતથી ઝુકાવ્યું:

"My Lord, this is my first appearance before your Lordship. As I felt nervous while placing my first point, may I have your Lordship's permission to repeat it?"[1]

સ્કૉટે એમના શાંત અને શુદ્ધ ઉચ્ચારથી કહ્યું:

"You may repeat."[2]

મેં પહેલો મુદ્દો ફરી રજૂ કર્યો.

એના જવાબમાં સ્ટ્રૅંગમૅને પછી ઊછળીઊછળીને પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું.

રાતે મેં નોંધ્યું:

'મેં પહેલી અપીલ ચલાવી. થાણાથી આવેલી હતી. જીત્યો. હું કેટલો ગભરાટિયો છું! આ ક્ષોભ ક્યારે જશે? મારે એને જીતવો જોઈએ.'

થોડા દહાડા પછી કાંગા (હવે સર જમશેદજી) મને લાયબ્રેરીમાં મળ્યા.

"તમે મિ. મુનશી?"

"હા."

---

૧. નામદાર સાહેબ, આજે હું આપની પાસે પહેલી જ વાર ઊભો થયો છું, એટલે ક્ષોભનો માર્યો હું મારો પહેલો મુદ્દો બરાબર રજૂ કરી શક્યો નથી. આપ નામદાર જો રજા આપો તો એ ફરીથી રજૂ કરું.

૨. તમે એમ ફરી બોલી શકો છો.

"થોડા દિવસ પહેલાં સ્કૉટ આગળ કેસ તમે ચલાવ્યો હતો ?"

"હા."

"એમણે તમારે માટે સારો મત બાંધ્યો છે. કાલે ક્લબમાં તેમણે મને વાત કરી. લૉ કૉલેજમાં પ્રોફેસરોની નિમણૂક કરવાની હતી ત્યારે તમે એમને યાદ આવ્યા હતા, પણ તમે તદ્દન નવા છો."

હું તો ખુશખુશ થઈ ગયો, અને સાંજે ભૂલાભાઈના ચેમ્બરમાં ગયો ત્યારે મારા ગુરુને મારા હરખના સમભાગી કરવા હું એકપગે થઈ રહ્યો હતો. વખત જોઈ મેં વાત કરી.

ભૂલાભાઈ બેધ્યાનપણે સાંભળી રહ્યા ને ઉમેર્યું: "These fellows always talk like that."[૧]

મને જે અભિમાનજ્વર આવ્યો હતો તે ઊતરી ગયો.

આ પછી સ્કૉટની કૉર્ટમાં હું અનેક વાર નાની નાની અપીલોમાં હાજર થતો. ધારાશાસ્ત્રીઓને વચ્ચે વચ્ચે ભુસ્કાભુસ્કી ન કરવા દેવાની એમની ટેવથી મને ક્ષોભ જીતવાના ઘણા પ્રસંગો મળ્યા.

બીજા ન્યાયાધીશ જે મારી મદદે આવતા તે સર દીનશા દાવર. એમનો મિજાજ બહુ તેજ હતો.

૧. આ લોકોની વાત કરવાની પદ્ધતિ સદાય આવી જ હોય છે.

એમની કૉર્ટમાં મોટા મોટા કાંપતા, પણ મારા જેવા ગભરાટિયાને જુએ કે તેને તે તરત મદદ કરતા.

એક ભાઇ વિલાયતથી તરતમાં આવેલા અને કરારદાદ (Consent Decree) લેવા રુઆબથી ઊભા થયા. થઇ રહ્યું. દાવર ટટ્ટાર થયા, ચશ્માં બરાબર ગોઠવ્યાં ને તેમને પીંખી નાખ્યા.

"જાઓ, તૈયાર થઈ ફરી આવજો."

એક વાર સ્ટ્રૅંગમૅને ફૂંચીઓ ખખડાવી, ફૂદીફૂદી એક સાક્ષીની વિનયવિહોણી ઊલટતપાસ કરી. બપોરની છૂટી પછી ન્યા૦ દાવર આવ્યા ત્યારે ચશ્માં સાફ કરી, બરાબર ગોઠવી, હોઠ પીસીને એમણે કહ્યું:

"મિ. ઍડ્વોકેટ જનરલ, સવારથી મને લાગ્યા કરે છે કે કેસ ચલાવવાની આ રીતમાં કંઇક ખોટું છે. મારી માંદગીને લીધે મારો સ્વભાવ બગડ્યો છે કે ઊલટતપાસની તમારી આ રીતથી, એની મને અત્યાર સુધી ખબર નહોતી. હવે મને ચોક્કસ લાગે છે કે તમારી આ રીત જ એને માટે જવાબદાર છે. ઊલટતપાસની આ રીતથી તમારી પ્રતિષ્ઠા વધતી નથી, અને તમારા 'બાર' (bar)ને પણ આથી ગર્વ લેવાનું કારણ મળતું નથી."

હું નોંધું છું:

'બીજા કરતાં હું વધારે ભાગ્યશાળી છું, પણ કંઈ જ કમાયા વિના રોજ રોજ બેસી

રહેવાથી મને બહુ દુઃખ થાય છે. અને કેટલી બધી વાતોમાં હજી હું પછાત છું! મારે વધારે લાયકાત મેળવવી જોઈએ. હું વધારે મહેનત કરતો નથી. હું મૂર્ખો છું. મારે જલદીજલદી બધું શીખી લેવું જોઈએ; પણ શું કરું? મારી સાથે વાત કરનાર પણ કોઈ નથી. મારી મુસીબતનો પાર નથી.' ૧૮–૭–૧૯૧૩

ઑક્ટોબર મહિનામાં વેકેશન આવી. મારે માથેરાન જવું હતું પણ પાસે પૈસા નહોતા. મારી ફીના લગભગ દોઢસો રૂપિયા કાકાની પેઢીમાં જમે થયા હતા તે લેવા હું કાકા પાસે ગયો. કાકા મારી સામે એમના હમેશના ત્રાસદાયક રુઆબથી જોઈ રહ્યા અને બોલ્યા:

"જુઓ ભાઈ, મારી પેઢીમાં આવતા મહિનાની દસમી તારીખે ફી મળશે. સૉલિસિટર્સ પાસે વખત પહેલાં ફી ન મગાય!"

મને એવું ખરાબ લાગ્યું કે હું જેમતેમ મારો રોષ કાબૂમાં રાખી ત્યાંથી ચાલી નીકળ્યો. મને આ વર્તણૂકથી કારી ઘા લાગ્યો. એ સહન કરવા કરતાં ભૂખે મરવું સારું એવો સંકલ્પ કરી, મેં કાકા પર એક કડક કાગળ લખી ટપાલમાં નાખ્યો.

એક મિત્ર પાસેથી થોડા રૂપિયા ઉછીના લઈ બીજે દિવસે હું માથેરાન ગયો.

આખો વખત હું મારો પ્રિય શ્લોક બબડતો રહ્યો:

अम्भोजिनीवननिवासविलासमेव
हंसस्य हन्ति नितरां कुपितो विघाता ।
न त्वस्य दुग्धजलभेदविधौ प्रसिद्धां
वैदग्ध्यकीर्तिमपहर्तुमसौ समर्थः ॥[१]

બીજે દહાડે કાકાનો જવાબ આવ્યો. એમણે લખ્યું કે આવેશમાં આવી પત્ર લખી ટપાલમાં નાખવાની વૃત્તિને એક રાત મેં રોકી હોત તો ઠીક થાત. એમની વાતમાં પૈસાનો સવાલ નહોતો. જોઇએ તેટલા પૈસા એ આપવા તૈયાર હતા. પણ એ મને પાઠ શીખવવા માગતા હતા કે સૉલિસિટર પાસે ફરી માગવા જવું તે બૅરિસ્ટર માટે અયોગ્ય કહેવાય. એ રીતથી મારી માનહાનિ થાય. અપમાનનો સવાલ આટલા સંબંધ પછી અમારી વચ્ચે સંભવી શકે જ નહીં. છેલ્લે એમણે હેતથી થોડું લખ્યું હતું. પત્ર પાછળ રહેલી સ્નેહ અને કાળજીની વૃત્તિ જોઈ હું શરમિંદો થઈ ગયો.

આ પત્રવ્યવહાર પછી કાકાની અને મારી વચ્ચેનું અંતર જતું રહ્યું. એમણે મારું પિતાપદ સ્વીકારી લીધું.

---

૧. હંસ ઉપર કોપેલા બ્રહ્મા, તે હંસનું કમળના વનમાં રહેવાનું સુખ અવશ્ય હણે છે. પરંતુ દૂધ અને જળને જુદાં પાડવામાં પ્રાસદ્ધ થયેલા હંસની ચતુરાઇની કીર્તિને તે હણી શકતા નથી.

ભર્તૃહરિ : નીતિશતક, ૧૮.

સાડાનવ મહિનામાં હું અગિયારસો રૂપિયા કમાયો હતો.

આમ ૧૯૧૩નું વર્ષ પૂરું થયું.

૫

જે જુવાન સૉલિસિટરોએ મને મદદ કરી તેમાં પ્રથમ તો નર્મદાશંકર પાર્વતીશંકર વકીલ, જમિયતરામકાકાના સદ્‌ગત ભાઈના પુત્ર. ૧૯૦૯ થી તે ૧૯૩૩ માં એ ગુજરી ગયા ત્યાં સુધી હું એમનો અત્યંત સ્નેહપાત્ર હતો. નરુભાઈ સ્વભાવે શાંત ને સૌમ્ય. એ શોખીન પણ ખરા; પરંતુ એમની ઠંડી ને મીઠી રીતે. એમના સહચારમાં મને શાતા મળતી. એમની સપ્રમાણતા ઘણી વાર મને ઊંધો માર્ગ લેતાં અટકાવતી.

હું પાસ થયો તે પહેલાં સૉલિસિટરની પરીક્ષા આપનારાઓના મંડળનો[1] હું સભ્ય હતો. તેના સંચાલકોમાં દોલતરામ કૃપારામ પંડ્યાના ભત્રીજા નયનસુખલાલ, મારા મિત્ર ધીરજલાલ નાણાવટીના મોટા ભાઈ મણિલાલ નાણાવટી, બાળ ગંગાધર ખેર (પાછળથી કોંગ્રેસની મુંબઈ સરકારના વડા પ્રધાન) અને ધનજીશા નાણાવટી (હાલ હિન્દી સરકારના સૉલિસિટર) હતા.

1. Articled clerks' Association.

અઠવાડિયામાં એક દિવસ કાયદાનાં કોકડાં ઉકેલવા અમે બધા ભેગા મળતા, અને ત્યાંનું કામકાજ પૂરું થતાં અમે ઘણુંખરું ચોપાટી પરથી પગે ચાલતા ઘેર આવતા.

૧૯૧૨ ના માર્ચમાં નયનસુખલાલ પંડ્યા સૉલિસિટર થયા ને નવી પેઢી કાઢી, અને હું પાસ થયો ત્યારપછી પંદર વર્ષ સુધી અમે સાથે જ અનેક કડવામીઠા અનુભવો કર્યા.

સપ્ટેમ્બર ૧૯૧૨ માં મણિલાલ સૉલિસિટર થયા અને એમના મોટા ભાઈની પેઢીમાં દાખલ થયા. ત્રણે ય ભાઈના ત્રેવડા સંબંધથી એમણે મને પોતાનો ગણ્યો. મણિલાલના મીઠા સ્વભાવથી, ઊંડી લાગણીથી અને અડગ સ્નેહથી આજે એમની સાથેનો મારો ત્રીસ વર્ષનો સંબંધ ઉજ્જવલ રહ્યો છે.

૧૯૧૮ માં ખેર સૉલિસિટર થયા ત્યારે મણિલાલે તેમના મોટા ભાઈની પેઢીમાંથી છૂટા થઈ ‘ મણિલાલ ઍન્ડ ખેર ’ ની નવી પેઢી કાઢી. તેમાં થોડોઘણો મારો હાથ પણ ખરો. ખેર સાથેની એકધારી મારી મૈત્રી ઘણાં ક્ષેત્રોમાં વિહરી છે. આખરે એ મૈત્રી કંઈક અંશે ૧૯૩૭ માં મુંબઈ સરકારના પહેલા કૉંગ્રેસ મંત્રીમંડળની સ્થાપનામાં કારણભૂત થઇ, એ તો પછીની વાત.

ધીમે ધીમે બીજા મિત્રો સૉલિસિટર થયા. કેટલાક હતા તેઓએ મૈત્રી કેળવી. બધાનો નામનિર્દેશ કરવો

અહીં અસ્થાને છે. આ પુસ્તકમાં તો જેમણે મારા અંગત વિકાસમાં ફાળો આપ્યો હોય તેમનો જ ઉલ્લેખ કરું છું.

આ બધા નવા સૉલિસિટર મિત્રોને ત્યાં કંઈ પણ ગૂંચવાડાભર્યાં કામ આવતાં કે કોઇ ભૂખડીબારસ અસીલ ન્યાય માટે તલસતો આવતો કે હું તેમની મદદમાં હાજર થઇ જતો.

અનેકવાર સવારે, સાંજે અને રાતે મોડે સુધી મારા સૉલિસિટર મિત્રો અને હું ધૂળધોયાની માફક ધૂળ ને સોનું જુદું કરવા બેસતા, અને કૉર્ટને વખતે હું બધા કાયદાના આધાર જોઈ મૂકતો. ૧૯૧૩ થી ૧૯૧૮ સુધી હું આમ સાતઆઠ મિત્રોને મદદ કરતો.

અમે બધા નવા ધંધાદારી હતા. હસતા, ચા પીતા, ભૂલો કરતા, ગોટાળા જેટલા ઊકલે તેટલા ઉકેલતા. કેટલું કામ કરીએ છીએ તેના પર ધ્યાન ન રાખતા; અને પૈસા બાબતમાં તો જેવો અસીલ ને જેવી મિલકત.

એ વખતે ન્યાયમૂર્તિ બીમનના મંત્રી તરીકે ખેર હતા. બીમનની આંખો કાચી હતી, એટલે એ એમને માટે વાંચતા, એમની સાથે ફરતા, રજામાં એમની જોડે યુરોપ પણ જતા. ખેરને લીધે એ ન્યાયાધીશ જોડે મારે અંગત પરિચય થયો, અને કૉર્ટમાં એ મારા તરફ ખૂબ જ મમતાથી વર્તતા થયા.

ન્યા૦ બીમનમાં કેટલીક અદ્ભુત શક્તિ હતી. એ બરાબર જોઈ શકતા નહીં એટલે મુકદ્દમાની નોંધ કોર્ટમાં ટાઈપ કરતા. એમની સ્મરણશક્તિ એટલી કેળવાઈ ગઈ હતી કે લાંબા મુકદ્દમામાં પણ એકેએક દસ્તાવેજનો આંક ને આખી જુબાની એમને યાદ રહેતાં. ગમે તેવો લાંબો ચુકાદો હોય તો પણ પોતે એકધારો તે ટાઈપ કરી નાખતા.

'ફાંકડો ફિતૂરી' નાટકમાં મુખ્ય પાત્ર કરનાર માસ્તર મોહનના લાભાર્થે એક ખેલ થવાનો હતો. તેનું પ્રમુખપદ ન્યા૦ બીમને સ્વીકાર્યું હતું અને તેમની સાથે ખેર, મણિલાલ ને હું ગયેલા. એ નાટકમાં માસ્તર મોહન એની પ્રિયતમાની છત્રીને સંબોધીને જે ગાયન ગાતો હતો તે એ વખતે મુંબઈમાં બહુ લોકપ્રિય થઈ પડ્યું હતું.

"જુઓ જમાનાની શોધો નવી,
આ છત્રી છે મારી બૈરીની.
સારી છત્રીઓ સોહાય,
હૈયું તે દેખી હરખાય;
પણ જુગતેથી વાપરો જેમ,
તો બોલો વરસાદ આવે કેમ?"

આ ગાયન માટે અનેકવાર 'વન્સમોર' થતા. દરેક વખતે મોહન તેમાં પ્રાસંગિક ટૂકો ઉમેરે ને લોકો કૂદીકૂદીને તાળીઓના ગગડાટથી એને વધાવે. એ દિવસે પણ એણે અમારા પર ટૂક જોડી

કાઢી. 'બીમન જેનું સુંદર નામ, તે આવ્યા છે અહીંયાં ઠામ' કરીને તેણે લલકાર્યું. સાથે 'સેક્રેટરી ખેર' ને 'ઍડ્વોકેટ મુનશી' પણ અટામણમાં આવ્યા.

ન્યા૦ બીમનની કૉર્ટમાં મારા પહેલા મોટા કેસમાં હું હાજર થયો. એક અભણ ઘાટીએ મુંબઈમાં ઘાસ વેચવાનો ધંધો કરી બેપાંચ લાખની મિલકત વસાવી હતી. તે બે સ્ત્રી ને એક અંગવસ્ત્ર (રખાત) મૂકીને મરી ગયો. અંગવસ્ત્રને એક છોકરો હતો. 'હું એની પરિણીત પત્ની છું અને મારો છોકરો એની મિલકતનો વારસ છે' એમ કહી તેણે છોકરા તરફથી દાવો માંડ્યો.

એ દાવો ન્યા૦ બીમન પાસે આવ્યો. તે વખતે એમની કૉર્ટમાં રુસ્તમ વાડિયા બૅરિસ્ટર દરેક કેસમાં હોય જ. શંકરભાઈ અમીન સૉલિસિટરે અંગવસ્ત્રના પુત્ર તરફથી વાડિયાની સાથે મને 'જુનિયર'[૧] બ્રીફ આપી.

આ મુકદ્દમાની તૈયારી કરવા હું શંકરભાઈને રોજ સવારે ને સાંજે મળતો.

“અરે શંકરભાઈ, આમાં તો કશી તૈયારી નથી.” હું કહું.

૧. હાઈકૉર્ટની ઑરિજિનલ સાઈડ પર લાંબા કજિયામાં બે ઍડ્વોકેટને રોકવામાં આવે છે. જેની વકાલત લાંબા કાળની હોય તેને 'સિનિયર' કહેવાય, જેની ઓછા કાળની હોય તેને 'જુનિયર' કહેવાય.

"એ તો થશે. તૈયારી વગર કંઈ કેસ થોડો જ ચલાવાનો છે?" શંકરભાઈ પાન ચાવતા જાય ને મારા તરફ બધા કાગળો નાખી ઠંડે પેટે પૂછતા જાય.

ઘેર સાક્ષીઓ આવે ને તે શી શી જુબાની આપવાના છે તે હું પૂછતો જાઉં ને લખાવતો જાઉં. એક દિવસ મેં કહ્યું:

"પણ, શંકરભાઈ, આપણા અસીલની મા પરિણીતા હોય, તો લગ્નનો પુરાવો તો જોઈએ ને?"

"લગ્ન તો થયાં જ હોવાં જોઇએ," શંકરભાઈએ કહ્યું. "અલ્યા, લગ્નનો પુરાવો ક્યાં છે?" પોતાના કારકૂનને એમણે પૂછ્યું.

"સાહેબ," તેણે જવાબ આપ્યો, "રાતના સાક્ષી લઈ આવીશ."

રાતે અમે પાછા મળ્યા ત્યારે કારકૂન, લગ્નમાં હાજર હતા તે બે માણસોને લઈ આવ્યો.

"પણ, શંકરભાઈ, લગ્ન થયાં હોય તો કંકોતરી હોય, ગોર હોય, સાજન હોય."

"હા, હા. એ વાત સાચી." શંકરભાઈએ કહ્યું, "અલ્યા, આનું શું?"

"હા, સાહેબ, આ સાક્ષીઓ તો છે જ. હું કાલે સવારે એ બધું લઇ આવીશ."

બીજે દહાડે ગોર આવ્યો, બૅંડવાળો આવ્યો, સાજનના માણસો આવ્યા. મેં જુબાની લખાવી

ને એ બધા કોર્ટમાં હાજર થયા.

કોર્ટમાં રુસ્તમ વાડિયા મને રોજ કહે: " મુનશી, આમાં કંઈક ગરબડ છે. "

એક પછી એક સાક્ષીઓ આવ્યે જ જાય ને અણધારી હકીકત રજૂ થાય ને સામો પક્ષ ઢીંગ થતો જાય.

આખરે સમાધાન થયું ને અમારા અસીલને સારી જેવી રકમ મળી. સૉલિસિટર્સનો બધો જ ખર્ચ મજ્યો એ કહેવાની જરૂર નથી.

હું નવોસવો હતો એટલે લોકો કંઈ કંઈ સલાહ-સૂચના આપ્યા જ કરે. કોઈ કહે મારે ન્યાયાધીશોને સલામ ભરવી; કોઇ કહે મારે મોટા સૉલિસિટરોને ત્યાં જોડા ફાડવા.

ન્યાયાધીશને ત્યાં જવાનું તો મને ન ગમ્યું, પણ સૉલિસિટરની નવી નવી ઓળખાણ કરવાની સલાહ હું અમાન્ય ન કરી શક્યો. બાપાજીના એક મિત્ર પાસેથી મુંબઈના એક પ્રતિષ્ઠિત સૉલિસિટર પર ચિઠ્ઠી મગાવી. તે લઈ હું એ સૉલિસિટરને ઘેર ગયો. તેમણે મને ઘણા જ વિનયથી વધાવી લીધો, ને મદદ કરવાનું વચન આપ્યું. હું હરખાતો હરખાતો ઘેર આવ્યો.

ત્રણ અઠવાડિયાં સુધી એમના તરફની બ્રીફની રાહ જોઈ, પછી ફરી એમને મળવા ગયો. એમના

વિનયનો પાર નહોતો. માત્ર હું કોણ હતો તેનું મારે સંભારણું કરાવવું પડ્યું.

"મુનશી," એમણે કહ્યું. "મારી ઑફિસમાંથી પહેલી બ્રીફ નીકળે તે તમારી."

એ 'પહેલી બ્રીફ'ની હું ચાતકની માફક રાહ જોવા લાગ્યો. રોજ એના ભણકારા વાગે; પણ પરસ્ત્રીને ઘેર પડેલા પતિના પગરવના ભણકારાની માફક એ ભણકારા જ રહ્યા.

હું ત્રીજી વખત ગયો. ફરી એ જ વિનયનું પ્રદર્શન. એ વખતે તો હું કોણ છું તે પણ મારે ફરીથી સંભારી આપવું પડ્યું. અમે મીઠી વાતો કરીને જ છૂટા પડ્યા. ખાલી વચન આપવાની મુસીબતમાંથી મેં એમને બચાવી લીધા.

થોડાં વર્ષોથી કામ કરતા એક સૉલિસિટરને ત્યાં મંછાશંકરકાકા મને લઈ ગયા. એમણે મારી ઓળખાણ કરાવીને મદદ કરવાનું સૂચવ્યું. "ઠીક, તમે કહો છો તે કંઈ ના કહેવાશે?" સૉલિસિટરે જવાબ આપ્યો.

હું ઘાસનું તરણું હોઉં એવો ખ્યાલ એમણે મને કરાવ્યો.

જ્યારે મળું ત્યારે મંછાશંકરકાકા મને ઠપકો આપેઃ

"તમે બહુ શરમાળ છો. તમારે એમને ફરી

મળી આવવું જોઈએ. ક્લબમાં મળ્યા ત્યારે મેં એમને ફરી વાત કરી છે."

મંછાશંકરકાકાને ખુશ રાખવા હું એ ભાઈને ત્યાં એક રવિવારે ગયો. સૉલિસિટરસાહેબે મારું વાલીપદ લઈ લીધું ને પોતે સર્વગુણસંપન્ન હોય એવા તોરથી કહેવાનું શરૂ કર્યુંઃ

"જુઓ, મિ૦ મુનશી, ઍડ્વોકેટનો ધંધો બહુ અઘરો છે. એ કામ જેવુંતેવું નથી. તમારે લૉ-રિપોર્ટ્સ બરાબર વાંચવા જોઈએ. સૉલિસિટરને રાજી રાખવો જોઈએ; નહીં તો તમારા જેવા નવાને એ કામ કેમ આપે? ન્યાયાધીશો જોડે પણ સારું રાખવું જોઈએ. કેસ ચલાવવાની આવડત જોઈએ. અંગ્રેજી છટાથી બોલવું જોઈએ. આ બધું તો આવડે છે ને?"

આ બધું સાંભળી હું અકળાઈ ગયો. મેં કહ્યુંઃ

"જુઓ, મિ૦—, મને તો મંછાશંકરકાકા, જે તમારા પણ મુરબ્બી છે, તેમણે દબાણ કર્યું એટલે તમારું ઓળખાણ તાજું કરવા આવ્યો છું. મહેરબાનીની રાહે બ્રીફની યાચના કરવા આવ્યો નથી. તમે આ ધંધા માટે જે જે જરૂરતો વર્ણવી તે બધી મેં ધ્યાનમાં લીધી છે, ને હું તે મેળવી લઈશ પછી મારે તમને જરાય તસ્દી આપવી નહિ પડે. સાહેબજી."

મેં રજા લીધી, અને ધંધો ખિલવવાના આ જાતના પ્રયોગોને પાણીચું આપી દીધું.

હરસિદ્ધભાઇ દિવેટિયા બીજા એકબે મિત્રોએ એપેલેટ સાઇડ પર તાજી વકાલત શરૂ કરી હતી, તેમની સાથે હું પણ એ કૉર્ટમાં હાજર રહેવા લાગ્યો.

ભરૂચ–સૂરતના મિત્રો મને જાહેરમાં લાવવા મહેનત કરી રહ્યા હતા. રાંદેર મ્યુનિસિપાલિટીની ચૂંટણી બાબતમાં કંઇક ઝઘડો થયો. સૂરતના ડિસ્ટ્રિક્ટ્ જડ્જની કૉર્ટમાં એક મિત્રે મને બોલાવ્યો. આંટરોડથી હું સેકન્ડ ક્લાસમાં બેઠો. બાજુના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં સ્ટ્રૅંગમેનને બેઠેલા જોયા. એ સામે આવે કે મને ગભરાટ થતો.

કૉર્ટમાં હું ચાર કલાક બોલ્યો, સ્ટ્રૅંગમેન અડધો કલાક. હું બહાદુરી મારી પાછો આવ્યો, ને જીત્યા સ્ટ્રૅંગમેન. પાછા આવતી વખતે ભાડું મેં જાતે ખર્ચ્યું ને અસીલે બરફીનું પોટલું બંધાવ્યું.

ગમે તેવો મુકદ્દમો હાથમાં આવે કે એના પર તૂટી પડવું એ મારો નિયમ હતો. ભરૂચથી આવતાં ગાડીમાં એક મુસલમાન મળ્યા. તેમની પેટી પર "મૌલવી.... બી. એ. (ઑકસન)"[૧] લખેલું હતું. એમનાં દાઢી ને ઝભ્ભો એમની આધ્યાત્મિક મહત્તાને શોભાવે એવાં હતાં. અમે બન્નેએ ધર્મની ચર્ચા ઉપાડી. માલવીસાહેબે પોતે 'બહાઈ' છે એમ કહી

૧ વિલાયતની ઑક્સફર્ડ વિદ્યાપીઠનો સ્નાતક.

ઠીક ઠીક વાત કરી. ટ્રેનમાંથી ઊતરતાં એમણે મારો પત્તો લખી લીધો.

બીજે દહાડે મૌલવીસાહેબ ઘેર આવ્યા ને પોતાનું દુઃખ રડવા લાગ્યા. મદ્રાસ ઈલાકામાં અનંતપુર નામે એક ગામ છે, ત્યાં મૌલવીસાહેબ રહ્યા હતા, ધર્મપ્રચાર કરવા. આખરે પોતે 'બહાઈ' છે એ વાત બહાર પડી, એટલે સ્થાનિક મુસલમાનોએ ધર્મદ્વેષ કરી એમના પર ફોજદારી કરી હતી; અને ધર્મ કરતાં ધાડ પડી હતી. પોતે તો ધર્મગુરુ હતા. બેત્રણ નવાબો ને નિઝામ--હૈદરાબાદમાં એકબે મોટા માણસો એમના શિષ્યો હતા. તેમના તાર એમણે મને બતાવ્યા. એ જો પડેલી તારીખે બૅરિસ્ટર ન લઈ જાય તો એમના પર વૉરંટ નીકળે તેમ હતું. એમણે એમના તરફથી મને અનંતપુર આવવા કહ્યું.

૧૯૧૩ ના ઑક્ટોબરની આ વાત છે. મારા હૈયામાં ગર્વનો ઉછાળો આવ્યો. બહાઈ મૌલવી, બી. એ. (ઑક્સન), કોમી ઝઘડો, મદ્રાસ ઈલાકાનું અનંતપુર ગામ. આવા અગત્યના કેસો મારી વાટ જોતા જ ઊભા હોય એમ લાગ્યું. મેં રોજની રૂા. ૧૦૦ની ફી માગી. મૌલવીએ હા પાડી. પણ એમની પાસે તે વખતે પૈસા નહોતા. પોતે હૈદરાબાદ જશે, ત્યાંથી શિષ્યો પાસેથી પૈસા ઉઘરાવીને મને ગુંટેકલ જંકશન પર ફી લઈને મળશે, એવી મને મૌલવીએ

ખાતરી આપી.

હિંદના એક અગ્રગણ્ય ધારાશાસ્ત્રીની કીર્તિ મારી આંખ આગળ પળવાર તરવરી રહી. બેત્રણ મિત્રોએ કોમી તોફાનમાં ન પડવાની અને ફી મળ્યાં પહેલાં કામ ન કરવાની સલાહ આપી. પણ મને મૌલવીની માનાર્હ દાઢી યાદ આવી, ઑક્સફર્ડની બી. એ. ની ઉપાધિ યાદ આવી. ધર્માંધતાના ચક્કરમાં ફસાઈ પડેલા નિર્દોષ બહાઈ શહીદનું દુઃખ સંહારવા મારો પુણ્યપ્રકોપ ઊછળી રહ્યો. અને જે ઉત્સાહથી નિરાધાર સ્ત્રીઓનું રક્ષણ કરવા ડૉન ક્વીઝોટ[1] રોઝિનાંત પલાણી બહાર પડ્યો હતો, તે જ ઉત્સાહથી બહાઈ મૌલવીને સંરક્ષવા મેં અનંતપુરની ટિકિટ કઢાવી ને બોરીબંદરથી ગાડી પકડી.

બીજે દહાડે સાંજે ગુંટેકલ જંકશને મૌલવી સાહેબ મને મળ્યા. એમના મોટા લાંબા ઝભ્ભા ને કડકડતા પહેરણને બદલે મેલું પહેરણ ને ફાટલું જૅકેટ જોઇ હું વિચારમાં પડ્યો. મેં મારી ફી માગી. જવાબમાં મૌલવીસાહેબે ઊંડો નિસાસો નાખ્યો. એમના શિષ્યો હૈદરાબાદમાં ન હતા એટલે ફીના પૈસા મળી શક્યા નહોતા. અનંતપુરમાં એમણે મારે માટે ઉતારો નક્કી કર્યો ન હતો, પણ ડાકબંગલો

૧. સ્પેનના લેખક સર્વેન્ટિસની જગવિખ્યાત કટાક્ષકથા Don Quixote નો નાયક.

તો હતો જ ને?

આ બધી વાતચીત પછી મને મારી મૂર્ખાઈનો ખ્યાલ આવવા લાગ્યો, પણ પાછા જવાની હિંમત આવી નહિ. ગુંટેકલથી નાની ગાડીમાં અનંતપુર જવા હું બેઠો. ડબ્બામાં સામે એક મદ્રાસી બ્રાહ્મણ હતા. એમની સાથે વાત કરતાં એ અનંતપુરના જ ડેપ્યૂટી કલેક્ટર હતા એમ જાણ્યું. અમે બ્રાહ્મણ સંસ્કાર વિષે વાત કરતાં કરતાં પરિચય કેળવ્યો. જિંદગીમાં પહેલી વાર જ હું મદ્રાસી બ્રાહ્મણને મળ્યો, અને બ્રાહ્મણત્વે આખા ભારતમાં પ્રસારેલી સમાન સંસ્કારિતાની મને પ્રતીતિ થઇ. ગોત્ર ને પ્રવર, વેદ ને શાખા, પુરાણની માન્યતાઓ વગેરે પર અમે ક્યાંય સુધી વાતો કરી.

મૌલવી વિષે મેં એમને વાત કરી. મને એમની પાસેથી ઘણું જાણવા મળ્યું, કારણ કે શરૂઆતમાં એ બાબત એમની પાસે હતી. એ મૌલવી નહોતા, બી. એ. નહોતા, ને નહોતી એમણે કદી જોઈ ઑક્સફર્ડની કે બીજી કોઇ વિદ્યાપીઠ. એમણે મસજિદ બંધાવવા પૈસા ભેગા કરવા માંડ્યા હતા, પણ તેનો એમણે હિસાબ આપ્યો નહિ, એટલે લોકોએ એમના પર વિશ્વાસઘાતની ફોજદારી કરી હતી. થોડા મહિનાથી કેસની તારીખે મૌલવી હાજર રહેતા ન હતા એટલે એમના પર વૉરંટ કાઢવાની તજવીજ

ચાલતી હતી.

મારો પુણ્યપ્રકોપ શમી ગયો. મારા જ્વલંત સ્વપ્નાની રાખ થઈ ગઈ. મારું મોઢું જરૂર જોવા જેવું થઈ ગયું હશે !

એમની પાસેથી મને જાણવા મળ્યું કે અનંતપુરનો ડાકબંગલો ખાલી નહોતો. વળી આ ગાડી રાતે બારેક વાગ્યે અનંતપુર પહોંચતી હતી, અને ગામ ત્રણેક માઈલ દૂર હતું. રાત ક્યાં ગાળવી એની મને ચિંતા થઈ. મેં એમને વાત કરી. એમણે સ્ટેશન પર વેઇટિંગ રૂમમાં મારે માટે વ્યવસ્થા કરી આપવાનું વચન આપ્યું.

બારેક વાગ્યે હું અનંતપુર પહોંચ્યો. ડેપ્યુટી કલેક્ટરે સ્ટેશનમાસ્તરને કહી વેઇટિંગરૂમમાં સૂવાની ગોઠવણ મને કરાવી આપી. મૌલવીસાહેબ તો ડાક બંગલામાં મારે માટે ગોઠવણ કરી આવવાનું કહી અદૃશ્ય થઈ ગયા હતા !

વેઈટિંગરૂમમાં બે આરામખુરસી સામસામી મૂકી હું તેના પર લાંબો થઈ સૂતો. સામેની બાસટી પર રેલવેનો પગાર આપનાર પે–કલાર્ક પાસે એક મોટી પેટી મૂકી સૂતો હતો. હું વેઈટિંગરૂમમાં દાખલ થયો કે સ્ટેશનમાસ્તર પાસે જઈ તેણે પોતાનો વિરોધ દર્શાવ્યો. મને એની ભાષા સમજાતી નહોતી છતાં હું જાણી શક્યો કે વેઈટિંગ રૂમમાંથી મને

બહાર કાઢવા માટે એ સ્ટેશન માસ્તરને કહેતો હતો.

સ્ટેશનમાસ્તરે તેને સમજાવ્યો ને હું મુંબઈનો બૅરિસ્ટર છું એમ કહ્યું; પણ પે-કલાર્કનો જીવ થાળે પડ્યો નહિ. એણે એક પટાવાળાને બોલાવી પેટીની પાસે સુવાડ્યો. હું ડાકુ જ છું એવો એને સંશય ગયો હશે એમ મને સ્પષ્ટ લાગ્યું.

સ્વાંગમાં બદલાઈ ગયેલો મૌલવી, વગરપૂીએ વહોરેલું આ સાહસ, નિર્જન સ્ટેશન, ચોખાનાં ખેતરોમાં જાડા પાડા જેવા થયેલા મચ્છરોનું સંગીત ને ચટકા, ખુરસીઓમાં ભરાઈ બેઠેલા ભૂખ્યાડાંસ માંકણો, શંકાશીલ હ્રદયવાળો પે-કલાર્ક ને એનો ઘોરતો ગંધાતો પટાવાળો! આ બધી સામગ્રીના અર્ઘ્યથી નિદ્રાદેવી રિસાઈ ગયાં. તેમાં વળી હું મારી જોડે રૂા. ૧૦૦ રોકડા લાવ્યો હતો, અને વારસામાં મળેલું બાપાજીનું સોનાનું ઘડિયાળ પણ સાથે લાવી મેં ભપકો કર્યો હતો. આ જોખમને મેં ઉશીકા નીચે સુરક્ષિત રાખ્યું. પણ જરાક ઝોકું આવી જતાં ફરી તે સુરક્ષિત છે કે નહિ તેની ચોકસી કરવા ઉશીકા નીચે હું હાથ ફેરવતો રહેતો.

પે-કલાર્કને પણ ઊંઘ નહોતી આવતી. તે આખો વખત ઊંચોનીચો થયા કરતો હતો ને અવારનવાર ઓઢણમાંથી હાથ બહાર કાઢી પેટીનું તાળું તપાસતો હતો.

પહેલી જ દૃષ્ટિએ અમને એકબીજાની પ્રમાણિકતામાં

જે સુંદર અવિશ્વાસ ઉદ્ભવ્યો હતો તે જોઈ મારી વિનોદવૃત્તિ વશ ન રહી. એક વખત હું ઝોકું ખાઈ જાગ્યો, ઉશીકા નીચે હાથ ઘાલ્યો, તાળું ખખડતું સાંભળ્યું, પે-કલાર્કનો હાથ તેને હલાવતો જોયો, અને સંયમ જાળવવાને અશક્ત હું ખડખડ હસી પડ્યો.

"વ્હાટ, મિસ્ટર, વ્હાટ ઈઝ ધી મેટર?"[1] કહી પે-કલાર્ક ઝટ બેઠો થઈ ગયો.

હું પણ ખૂબ હસતો બેઠો થઇ ગયો. હસવું રહ્યું ત્યારે મેં કહ્યું:

"મિસ્ટર, ગભરાશો નહિ, તમે માનો છો કે હું ચોર છું એટલે તાળું તપાસો છો, ને હું માનું છું કે તમે ચોર છો, એટલે હું મારી ઘડિયાળ તપાસું છું."

"બટ્ વ્હાય ડૂ યૂ લૉફ્?"[2]

"તારું માથું ફોડવા," એમ બબડી હું ફરી લાંબો થઈ સૂઈ ગયો.

ભળભાખળું થયું ત્યાં સુધી અમારા બેમાંથી કોઈ ઊંઘ્યું નહિ. વહેલો ઊઠી હું તૈયાર થયો. ગુસ્સાનો માર્યો પે-કલાર્ક બબડતો બબડતો સ્ટેશનમાસ્તરને કોઈ દ્રાવિડી બોલીમાં ધમકાવી આવ્યો.

---

૧. કેમ ભાઈ, શું છે?

૨. પણ તમે હસો છો શું કામ?

મોલવીસાહેબ આવ્યા, ને ડાકબંગલો ખાલી નહોતો, શહેરમાં જવા ગાડી મળે તેમ નહોતી, વગેરે બહાનાસર માફી માગવા લાગ્યા. મેં પણ મારો ઊછળેલો પિત્તો તેમના પર ઠાલવ્યો.

આખરે અમે વકીલને ત્યાં ગયા. એનો અસીલ મુંબઈથી બૅરિસ્ટર લાવશે એવું એને સ્વપ્ને પણ નહોતું. પણ એ હકીકત તેની સગી આંખ સામે બનતી જોઈએ ખુશખુશ થઈ ગયો. પણ મેજિસ્ટ્રેટને તો ખાતરી જ હતી કે આરોપી નહીં આવે એટલે વૉરંટ કાઢવાનો હુકમ કરી તે ડિસ્ટ્રિક્ટમાં ચાલી ગયા હતા, ને કહી ગયા હતા કે આરોપી આવે તો એમની પાછળ ડિસ્ટ્રિક્ટમાં મોકલી આપવો એટલે એ તારીખ આપશે.

"એ કેટલા માઈલ દૂર ગયા છે?"

"બાવીસ માઈલ."

"હું ત્યાં નથી જવાનો. સાંજની ગાડીએ હું પાછો ચાલી જઈશ." મેં કહ્યું; ને મૌલવીસાહેબ મેજિસ્ટ્રેટની પાછળ તારીખ પડાવવા ગયા.

વકીલે મારી ઘણી આગતાસ્વાગતા કરી. નાહતી વખતે એટલા મોટા દેગમાં એમણે મને પાણી આપ્યું કે શરીર પર પાણી રેડતાં રેડતાં મારા હાથ થાક્યા પણ દેગમાંથી પાણી ન ખૂટ્યું. જમવા બેઠા તો

એળિયા જેવો લાલ ભાત અને મારા માનમાં ઘઉંની જાડી, કાચી રોટલી સામે આવ્યાં. મરચાંનો તો પાર નહીં. વકીલે મને રોટલો ખાવાનું કહ્યું, ને 'તમારે માટે ખાસ કરાવી છે' એવી ફરમાશ કરી. પણ મારો હાથ ચાલ્યો નહીં. તેમનો આગ્રહ છતાં હું એકનો બે ન થયો. આખરે મેં દહીં માગી લીધું ને દહીં સાથે એળિયો ભાત ખાધો.

સાંજના મેં મુંબઈ તરફ વિજયપ્રસ્થાન કર્યું!

મેં મારા અસીલને આમ છોડયો, પણ એ મને છોડે એવો નહોતો. એના મિત્રોને એણે મારું સરનામું આપ્યું હતું. એ પોતે પણ તાર સિવાય સંદેશો મોકલતો નહીં. એટલે હાઇકોર્ટની લાયબ્રેરીમાં મારે નામે કે મારી 'કેર' નીચે એટલા તાર આવવા લાગ્યા કે મારે શરમાવું પડયું.

'આવું છું,' 'આજે આ હાઈનિસ પાસે,' 'કાલે પેલા હાઈનેસ પાસે,' 'ફી ભેગી કરું છું,' 'મારા કેસમાં આવવા તૈયાર રહેજો' વગેરે સંદેશા આવ્યા કર્યા. પણ અનંતપુરની હવા ખાઈ મારા મોઢામાંનું પાણી સુકાઇ ગયું હતું તે ફરી આવ્યું જ નહીં.

એક દહાડો મારે ત્યાં બારેક વર્ષનો છોકરો, અઢારેક વર્ષની છોકરી ને પચ્ચીસેક વર્ષનો યુવક આવ્યાં ને મૌલવીસાહેબની ખબર પૂછી.

એમણે ત્રણ તાર બતાવ્યા. મેં તેર તાર સામે ધર્યા. મૌલવીએ એમનાં બહેન, બનેવી ને છોકરાંને મુંબઈ બોલાવ્યાં હતાં. આઠ દિવસથી એ મુંબઈ આવી હૉટેલમાં ઊતર્યાં હતાં, પણ મૌલવીસાહેબનો પત્તો નહોતો. મુંબઈનો પત્તો 'કેર ઑફ કે. એમ. મુનશી, હાઈકૉર્ટ' સિવાય બીજો એ આપે જ શાના?

પાંચેક દિવસ પછી એ છોકરો ને છોકરી ફરી મારે ઘેર આવ્યાં. બન્નેનાં મોં કરમાયેલાં હતાં. મેં થોડા સવાલ પૂછ્યા કે છોકરીએ રડી દીધું. મૌલવીનો પત્તો નહોતો. સાથે લાવ્યા હતા તેટલા પૈસા ખલાસ થઈ ગયા હતા. પાછા જવા માટે પૈસા નહોતા; હૉટેલવાળાએ કાઢી મૂક્યાં હતાં, ને રાતનું ખાધું નહોતું.

એ સુંવાળા મુખ પર આંસુ પડતાં જોઈ હું અકળાયો. મેં તરત બન્નેને જમવા બેસાડ્યાં ને ઘેર જવાના ભાડાના ત્રીસેક રૂપિયા આપ્યા. 'Your need is greater than mine.' અંગ્રેજ વીરના એ ઐતિહાસિક શબ્દોને મેં કચવાતાં જીવનમાં ઉતાર્યા.

થોડા દિવસ પછી મૌલવી પોતે સહકુટુંબ મારે ત્યાં આવ્યા, ને મને વગરફીએ અનંતપુર આવવા વિનંતી કરી.

મેં નોંધ કરીઃ

'મૌલવી એના કુટુંબ સાથે આવ્યો. એની

બહેને રડીને મારામાં દયા જાગ્રત કરાવવાનું ઔચિત્ય કર્યું. આ માણસ તો ઉઠાવગીર છે. એને માટે હું મારા હિતનો ભોગ કેમ આપી શકું?' ૧૪–૧૧–૧૩

થોડા મહિના પછી અનંતપુરનો પોલીસ અમલદાર એમને શોધતો મને હાઈકોર્ટમાં મળ્યો. અને મૌલવીસાહેબ મારા જીવનપટ પરથી વિલુપ્ત થઈ ગયા.

૬

જમિયતરામકાકાની વ્યવહારુ દૃષ્ટિ અદ્ભુત હતી. દરેક વસ્તુ પર એમની નજર રહેતી. જે વસ્તુ એ કરે તેમાં અધૂરાપણું કે અચોકસાઈ હોય જ નહીં. નાનાં છોકરાંઓએ ઊલ ઊતારી છે કે નહીં તેની પણ એમને રોજ કાળજી. ક્યાંય લગ્નમાં જવાનું હોય ત્યારે કુટુંબની બધી સ્ત્રીઓ એમની આગળ આવી ઘરેણાં પહેરી જાય ને વરઘોડો ઊતરે કે એમને પાછાં સોંપી જાય. 'બૅરિસ્ટરનું કામ ન આવડે તો ચાલે, પણ પટાવાળાથી તે સૉલિસિટર સુધીનું કામ તો મને આવડવું જ જોઈએ' એમ એ કહેતા. જોઈતી વસ્તુ પર ધ્યાન અપાયું ન હોય એમ બને જ નહીં. એમની ચોકસાઈનો એમને ઘણો ગર્વ હતો. એનાથી જ

એ સામાવાળાને મહાત કરે. એમના હાથમાં જેટલાં ટ્રસ્ટો અને જેટલી મિલકત હતી તેની વ્યવસ્થા અણિશુદ્ધ હોય. રાતે બધું કામ પરવારી દરેક ખાતાના ચોપડા પોતે તપાસ્યા પછી જ સૂવે.

બાહ્યદૃષ્ટિએ એમનો સ્વભાવ કડક દેખાતો, પણ આંતરિક રીતે સમજુ ને માયાળુ હતો. જરાજરામાં એ બૂમ પાડી ઊઠતા, પણ તેમનું હૃદય ભાગ્યે જ વ્યાકુળ થતું.

સારું કામ કરવું ને પૂરતા પૈસા લેવા, એ હતું એમનું સૂત્ર. કોઈ ઓછી ફીની વાત કરે કે એમને ગુસ્સો આવે. અસીલની દુકાને કંઇ ખરીદવા ગયા હોય તો મોંમાગ્યા ભાવો આપે, ને એવા અસીલને 'તમારે મારા કૉસ્ટ્સ (ફીના પૈસા) પૂરેપૂરા આપવા ને મારે પણ ભાવ ઓછો ન આપવો,' એમ એ હમેશાં કહેતા.

પૈસા મેળવવા અને ખર્ચવા બન્ને તરફ એમની દૃષ્ટિ તલવારની ધાર જેવી હતી; એમાં છીછરાપણું નહીં ને ઢીલાપણું પણ નહીં. ગેરવાજબી રીતે મળેલું ધન એમને મન શિવનિર્માલ્ય. ખોટા વ્યવહારના તે કટ્ટા વેરી. એ પૈસા ખર્ચે મંદિરોમાં, ન્યાતને માટે, સગાંસંબંધીને મદદ કરવા, બ્રાહ્મણો માટે—એ સિવાય એમનો હાથ બંધ.

કાકા ચુસ્ત ધર્માભિમાની હતા. નવા જમાનાની

દૃષ્ટિ એમને ખૂંચતી, મંછાશંકરકાકા જેવા ધર્મગ્રંથોના અભ્યાસી નહોતા, જન્મે ભાર્ગવ બ્રાહ્મણ હોવાથી એની યોગ્ય રૂઢિઓને માન આપવામાં એમણે કર્તવ્ય માન્યું હતું. જુવાનીમાં ખાવાપીવામાં તોફાન કર્યાં હતાં બળવો પણ કર્યો હશે. હું એમને જાણતો થયો ત્યારે તો બાર જ્યોતિર્લિંગોનાં દર્શન કરી આવવામાં એમણે જીવનનું સાફલ્ય માન્યું હતું. 'ભાઈ, મોટા થશો ત્યારે એની ખૂબી સમજાશે,' એ કહેતા.

હું એમને મન અણઉકેલાયેલા કોયડા જેવો હતો. નિર્ધન છતાં પણ હું મિજાજી હતો. વખત બગાડતો હોવા છતાં પરીક્ષામાં પાસ થયો હતો. વર્ણવ્યવસ્થા વિરુદ્ધ ભાષણ કરતો હોવા છતાં ન્યાતને સુધારવાનાં ફાંફાં મારતો હતો. એમની દૃષ્ટિએ હું ધર્મભ્રષ્ટ હતો, છતાં વેદ ને પુરાણનો પરિચય કેળવતો ને બ્રાહ્મણોએ જગતની કરેલી સેવાની વાતો કરતો. એમને આશા હતી કે હું કોક દિવસ સુધરીશ.

હું ધંધામાં કેમ આગળ વધું તેની એમણે ચોકસાઈથી યોજના કરી હતી. ભૂલાભાઈ પાસે એમણે મને શીખવા મૂકયો એમાં એમની દીર્ઘદૃષ્ટિ હતી. મને થોડુંઘણું આવડયું એ તો એક વાત—સાથે ભૂલાભાઈને કામ આપતા સૉલિસિટરને આકર્ષવાનું ક્ષેત્ર મળ્યું એ બીજી મોટી વાત. જેમાં મને માત્ર કમાણી થાય એવું કામ કાકા ન આપતા. પણ જેમાં

મહેનત પડે એવું જ કામ આપતા.

હાઈકોર્ટના કેટલાક મોટા સૉલિસિટરો બપોરે રોજ લાયબ્રેરીમાં મળતા. કાકાનો આ દરબાર કહેવાતો. કૉર્ટ ઉઘાડી હોય ત્યારે રોજ દરબાર ભરાય. ત્યાં કૉર્ટની વાતો થાય, નવા ચુકાદાઓ છણાય, કોઇ સૉલિસિટરને કંઈ ગૂંચ લાગી હોય તો તે કાકા ઉકેલે. કોઈ મુશ્કેલીમાં આવ્યું હોય તો કાકા તેનો હાથ ઝાલી પાર ઉતારે. ગામની વાતો પણ થાય. કોઈની આબરૂ પણ વખત આવતાં લૂંટાઈ જાય. અશ્લીલતાનો રંગ પણ ક્વચિત ક્વચિત છંટાય. કાકા આ દરબારમાં એકચક્રે રાજ્ય કરતા, ઘાટ ઘડતા. બીજા સૉલિસિટરોને કમાવાના રસ્તા બતાવતા. બધાની એમના તરફ પ્રીતિ, અને સાથે ડર પણ ખરો કે રખે કાકા કાન પકડાવશે !

મને કામ આપવા કાકાએ એમના કોઈ મિત્રને કદી કહ્યું નહોતું, પણ ધીમે ધીમે મને દરબારનું અંગ બનાવ્યો, એટલું જ નહીં પણ પ્રતિષ્ઠિત સૉલિસિટરો મારી કસોટી કરે એવા પ્રસંગો ઊભા કર્યા. આ બધામાં કાકા પછી સદ્ગત વિજભૂખણદાસ પકવાસા—કબલભાઇ—નું હેત મેળવવા હું ભાગ્યશાળી થયો; અને તેમને લીધે એમની પેઢી—મેસર્સ તૈયબજી ડાહ્યાભાઈના બધા ભાગીદારો મારામાં રસ લેતા થયા.

૧૯૧૪–૧૫ માં એક ઘણો જ રમૂજી અનુભવ મને

થયો. ત્યારે હું બિનઅનુભવી હતો. એક ગીની[1] ત્યારે પંદર રૂપિયાની નહોતી પણ બસ્સોને ચાળીસ સંગીન આનાની હતી. અને દરેક આનાની ઉપયોગિતાનો પાર નહોતો. કૉર્ટમાં હું ઊભો થતો ત્યારે કાનમાં ધમધમ થતું. આંગળીઓ પવનમાં પાંદડું હાલે તેમ હાલતી, ને પગ હવા નીકળી ગયેલા મોટરના ટાયરની માફક વળુંવળું થઈ રહેતા.

મેં એક દાવાઅરજી લખી હતી; મારે મન એ અણિશુદ્ધ અને ચૂક વગરની હતી. મારા અસીલની એ ફરિયાદ હતી કે એની પ્રિય પત્ની એને સાહચર્ય આપવાને બદલે પોતાના કાકાને ઘેર જતી રહી હતી. અમે દાદ માગી હતી કે નામદાર કૉર્ટે એ ક્રૂરહૃદયી પત્નીને અમારા રાહ જોતા હાથોમાં પાછી સોંપવી; અને સાથે રૂપિયા પચાસ હજારની કિંમતનાં ઘરેણાં એ લેતી ગઈ હતી, તે પણ પાછાં અપાવવાં.

એ બચાવ વિનાનો લાંબો કજિયો—Undefended Long Cause કહેવાતો, એટલે પ્રતિપક્ષી હાજર થાય તેમ હતું જ નહીં. મારે તો માત્ર મારા અસીલની જુબાની લઈ હુકમનામું મેળવવાનું હતું. બ્રીફ ઉપર પણ મારા સોલિસિટરે મારી ફી લેખે ત્રણ ગીની ઉર્ફે રૂપિયા પિસ્તાળીસ લખ્યા હતા. એટલે વસંતમહોરી સૃષ્ટિ

---

૧. હાઇકૉર્ટની ઑરિજિનલ સાઇડ પર ફીની ગણના પંદર રૂપિયાની એક ગીનીને હિસાબે થાય છે.

કોકિલગાન કરતી મને સંભળાતી હતી. સવાબે વાગ્યે ન્યા૦ બીમનની કોર્ટમાં એક આગલી ખુરસીમાં જઈને હું બેઠો. મારા અસીલની દામ્પત્ય જીવનની તીવ્ર અભિલાષા સંતોષવાની ઉત્કંઠા મારા હૈયામાં ઊછળી રહી હતી. કાકા સામે સોલિસિટરના બાંકડા પર બેઠા હતા. અઢી વાગ્યે કોર્ટ ઊઠી ત્યારે કાકા મારી પાસે આવ્યા.

"તમે આ કજિયામાં છો ?"

"હા."

કાકાએ ડરાવતે અવાજે પુછ્યું: "તમે આમાં હુકમનામું લેવાના છો ?" ત્રણ ગોલ્ડમહોર ને વગર પ્રતિપક્ષીએ લેવાનું હુકમનામું, એ બેને લીધે હું તો કાકાને ભેટી પડું એવા ઉત્સાહમાં હતો.

"હા," મેં કહ્યું.

"લ્યો, ભાઈ લ્યો." કાકાએ ભયંકર અવાજે કહ્યું, "જોઈશું, લ્યો."

એ અવાજ સાંભળી મારું હૈયું પળવાર ધબકતું અટકી ગયું.

સાડાત્રણ વાગે ન્યા૦ બીમન આગળ હું ફરી હાજર થઇ ગયો. એમના રજિસ્ટ્રાર વૃદ્ધ અને હસમુખા કમલાકરને મારે માટે પક્ષપાત હતો. તેણે મને આંખ મારી મારા કજિયાના પક્ષકારોનાં નામ પોકાર્યાં. કાકાની સામે વિજયભર્યાં નયનતેજો ફેંકી મેં કોર્ટને

જાહેર કર્યું કે હું વાદી તરફથી હાજર થયો છું.

કમલાકરે ફરીથી પ્રતિવાદીનું નામ પોકાર્યું. કોઇ આવ્યું નહીં, પણ કમલાકરે ઊઠીને ન્યાયાધીશને કહ્યું કે પ્રતિવાદીએ નામદારને એક પત્ર લખ્યો છે. કાકાના મુખ પર હાસ્ય ચમક્યું, ને મારા હૈયામાં હિમાલયનો સુસવાટો પ્રસરી ગયો. પછી કમલાકરે પત્ર વાંચ્યો. પત્ર પરથી પ્રતિવાદી મૂર્તિમંત કૃતઘ્નતા હોય એવી લાગી. એણે લખ્યું હતું કે એનો પતિ ને મારો અસીલ વિષયી માણસ હતો, કંઈ કામધંધો કરતો નહોતો. જ્યારે પોતે એની સાથે રહેતી હતી ત્યારે હમેશ કોકેન ખાઈ તે છોકરાને મારમાર કરતો હતો. થોડી મિલકત જે એના પિતા મૂકી ગયા હતા, તે એણે ફૂંકી મારી હતી. અને તેથી પોતે આખરે છોકરા સાથે ગામમાં પોતાના કાકાને ઘેર આશરો લીધો હતો. પ્રતિવાદી બાઇએ છેલ્લે ઉમેર્યું હતું, કે મારા અસીલ સાથે રહેવાનો જો નામદાર પોતાને હુકમ કરશે, તો એ ઘાતકી કૃત્ય કહેવાશે; એટલું જ નહીં પણ એથી વધારે મોટું પાપ કરવું નામદારને માટે અશક્ય થઈ પડશે.

ન્યાયાધીશ બીમને કહ્યું: “મિ. મુનશી, તમારો અસીલ તો બ્રહ્મરાક્ષસ લાગે છે.”

“એવું કશું નથી.” મારે તો વગર જોયે અસીલનું વર્ણન આપવા માટે પૈસા લેવાના હતા;

એટલે ઉત્સાહથી મેં કહ્યું : "નામદાર, હમણાં મારો અસીલ સાક્ષીના પાંજરામાં આવશે, એટલે આપ જ જોઈ શકશો કે આ બધા આક્ષેપો જુઠ્ઠા છે."

વાદીનું નામ પોકારવામાં આવ્યું. પત્ની વિના તરફડતા મારા વિરહઘેલા પ્રણયી અસીલને નામદાર સામે રજૂ કરવાની મારી ઈચ્છા હતી; પણ 'બાપરે !....' મારા હૃદયમાંથી નાદ નીકળ્યો.

સાક્ષીના પાંજરામાં વાદી આવ્યો—પાન ચાવતો અને માથે કાટખૂણે ટોપી મૂકીને ઘેરી આંખોથી અમને નીરખતો, બહાર નીકળતી જીભથી એના મુખની શોભામાં અભિવૃદ્ધિ કરતો. એણે બીજાનો ખોદ્દલ કોટ પહેર્યો હતો. એની ઇસ્તરી પરથી સ્પષ્ટ લાગતું હતું કે કોર્ટમાં પહેરવા માટે કોઈ ઓળખીતા ધોબી પાસેથી એ ભાડે લાવ્યો હશે.

મારા વળી જતા ઘૂંટણોને મેં જેમતેમ રોકયા.

"તમે આ દાવામાં વાદી છો ?" મારા અસીલને મારી તરફ જોવાની પરવા નહોતી; એ તો પાંજરા પાસે સૉલિસિટરના બાંકડા પર બેઠેલા કાકાની સામે ડોળા ફાડી જોઈ રહ્યો હતો. એણે ગળું ખંખાર્યું. માનવજીવનનો પ્રવાહ બદલી નાખે એવી ભીષણ પ્રતિજ્ઞા એ કરતો હતો એમ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. એણે નામદાર તરફ જોઈને બોલવા માંડ્યું. એનો અવાજ ગૂંગળાતો હતો. કાં તો પાનનો રસ

ગળાતો નહોતો તેથી કે પત્ની–વિરહ વ્યક્ત કરતા પ્રણયીના ભગ્ન હૃદયમાં ઊછળતી એકલતાથી, બોલે બોલે પાનની કચ્ચરો ચારે તરફ ઊડતી.

"માઈ લૉર્ડ, ખૂન થયું—મારા સસરાનું; ક્ષત્ર–તે....ગામના દીવાન ને જમિયતરામ જીવણરામ સૉલિસિટર મુંબઈ: હાઈકૉર્ટ, બધા પૈસા લઈ ગયા."

કાકાના મુખના ભાવ પરથી લાગ્યું કે એ મારી ઠેકડી કરતા હતા. હવે મને ભાન આવ્યું કે કાકા શા માટે અહીંયાં બેઠા હતા. પરિસ્થિતિ સુધારવાનો મેં એક ભગીરથ પ્રયત્ન કર્યો:

"નામદાર, વાદીને સારું અંગ્રેજી આવડતું નથી. દુભાષિયાને આજ્ઞા કરો કે એને ગુજરાતીમાં સવાલ પૂછે."

ન્યા૦ બીમનને આ પ્રસંગમાં બહુ રસ પડયો હતો.

"ના, મિ. મુનશી," તેમણે કહ્યું. "આપણે તો રસ પડે એવી ખૂનની ભેદી વાતોની દુનિયામાં છીએ. ઠીક, મિ. વાદી, પછી તમારા ખૂનનું શું?"

જંગબારી પોપટને શોભે એવી છટાથી તેણે ફરી બોલવા માંડયું:

"માઈ લૉર્ડ, ખૂન થયું–મારા સસરાનું; ક્ષત્ર–તે....ગામના દીવાન અને જમિયતરામ જીવણરામ સૉલિસિટર, મુંબઈ: હાઈકૉર્ટ, બધા પૈસા લઈ ગયા."

ન્યાયમૂર્તિની સ્થિર મુખમુદ્રા પર હાસ્ય છવાયું. મારી નજીકમાં જ રુસ્તમ વાડિયા બેઠા હતા. તેના 'હાહાહોહો' મારા કાનમાં સંભળાયા. ધુમ્મસ મને વીંટળાઈ વળ્યું હોય એમ લાગ્યું. અને તેમાંથી સો મોઢાં મેં હસતાં જોયાં. પરસેવાનાં ટીપાં મારે કપાળે બાઝયાં. મારા હાથને ક્યાં નાખવા એ ન સૂઝવાથી મેં તેને પીઠ પાછળ આંગળાં ભીડી કચર્યા અને ઊભો રહી શકું એટલું સ્વાસ્થ્ય મેળવવાનો મેં પ્રયત્ન કર્યો.

ન્યા૦ બીમન નિર્દયતાની મૂર્તિ બનીને બેઠા.

"ઠીક, ઠીક. મિ. વાદી, તમે કોકેન લ્યો છો કે?"

"ના. માઈ લૉર્ડ," મારા અસીલે કહ્યું. "હું સવારે ભાત ખાઉં છું, દાળ ખાઉં છું ને બે વખત ચા પીઉં છું."

ત્યાં ભેગા થયેલા માણસોના ગળામાંથી નીકળતા અવાજો જાણે તોપના ધડાકા થતા હોય તેમ મારા કાનમાં અથડાયા. શું કરવું તે મને સૂઝયું નહીં. મારા સૉલિસિટરની પ્રેરણા મેળવવા મેં પાછળ જોયું. એ તો ક્યારના અંતર્ધાન થઈ ગયા હતા ને હું રહી ગયો હતો એકલો–મિત્રવિહોણો, સૉલિસિટરથી ત્યજાયેલો, અસીલના દ્રોહથી ઘવાયેલો!

રમૂજની આશા રાખી બેઠેલા વૃંદની વચ્ચે

શકુન્તલાની માફક મેં પ્રાર્થના કરી: '**भगवति वसुन्धरे देहि मे विवरम्।**' પણ કૉર્ટની જમીન ક્રૂરહૃદયી નિશ્ચલતામાંથી ડગી નહીં. ન્યા૦ બીમને મને મજાકમાં પૂછ્યું:

"મિ. મુનશી, તમારા અસીલનું હવે મારે શું કરવું?"

શું કરવું એ જાણે મારી બલા! શું કરવું એ રસ્તો મને ખબર છે, એટલો ન્યાય મને કરવા જેટલી અન્યાયવૃત્તિ વળી આ ન્યાયમૂર્તિમાં ક્યાંથી ફાટી નીકળી?

રુસ્તમ વાડિયાની કોણી મારા પાંસળાંમાં ભોંકાઈ.

"દાવો પાછો ખેંચી લે. ફરી દાવો લાવવાની રજા સાથે દાવો પાછો ખેંચ." આખી કૉર્ટ સાંભળે એવે મોટે અવાજે તેમણે મને કાનમાં કહ્યું. વીજળી પડે ને વાદળ ગગડે એવું ભયંકર અટ્ટહાસ્ય મારા કાન ફાડી રહ્યું.

મારો દાવો કે મારો અસીલ કે મારી જાત—કેમ કરી મારે પાછી ખેંચી લેવી, તે વિષે મને જરાય ભાન નહોતું. એ કળા તો મારા મિત્ર સૉલિસિટર એકલાને આવડતી અને તેનો તો તેણે ક્યારનો ય ઉપયોગ કરી લીધો હતો. અડધા ભાનમાં મેં વાડિયાની સૂચનાનો ઉચ્ચાર કર્યો:

"ફરી દાવો લાવવાની રજા સાથે વાદીને દાવો

પાછો ખેંચવાની રજા આપો.”

ન્યાયમૂર્તિએ તટસ્થતાથી ચુકાદો આપ્યો.

“મિ. મુનશી, આનાથી વધારે સારુ તમે અત્યારે બીજું કંઈ પણ કરી શકો એમ નથી.” ન્યા૦ બીમનના ટાઈપ-રાઈટર પર એ હુકમ ટાઈપ થઈ રહે તે પહેલાં તો હું પલાયન થઈ ગયો.

ત્યાર પછી કેટલાય દિવસો સુધી લાયબ્રેરીમાં આવવું એ મારે માટે બહાદુરીની પરાકાષ્ઠાએ પહોંચવા જેવું હતું. એટલી હિંમત મેં રણક્ષેત્રમાં વાપરી હોત તો મને કેટલા ચંદ્રકો મળત?

આમ આ રસિક અનુભવ પૂરો થયો—જેની અરસિકતાએ દિવસો સુધી મને વીંધી નાખ્યો.

૭

ભૂલાભાઈનું વિદ્યાર્થીજીવન બહુ તેજસ્વી હતું. ૧૮૯૯ માં બી. એ. માં ઈતિહાસના વિષય સાથે ફર્સ્ટ કલાસમાં એ પાસ થયા. ગોકલદાસ તેજપાલ બોર્ડિંગમાંના ને એલ્ફિન્સ્ટન કૉલેજમાંના સહાધ્યાયીઓને એમણે મુગ્ધ કરેલા. રમતગમતમાં પણ એ એક્કા હતાં. વિદ્યાભ્યાસંગી છોકરાઓને એમને માટે ઘણું માન હતું. તોફાની પારસી છોકરાઓ પણ એમને માન આપતા. પાસ થયા પછી થોડો વખત એ

એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર થયા, અને ઈ. સ. ૧૯૦૦ માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રોફેસર નિમાયા. ત્યાં તે વખતે 'સેટલમેન્ટ ઑફિસર' તરીકે ભીમભાઈ કિરપારામ ઘણી પ્રતિષ્ઠા ને લાગવગ ધરાવતા. ભૂલાભાઇ તેમની ન્યાતના અને તેમના પુત્ર ને ભત્રીજાના મિત્ર; એટલે એમણે જેટલી પ્રતિષ્ઠા પોતાની શક્તિથી મેળવી તેટલી તેમની સાથેના સંબંધથી મેળવી શકયા.

પછી એ રજા લઈ મુંબઇ આવ્યા. હાઇકૉર્ટમાં હાજરી ભરી, સને ૧૯૦૪ ના માર્ચમાં ઍડ્વોકેટ થયા.

અગ્રગણ્ય ગુજરાતી સૉલિસિટરો આ બુદ્ધિશાળી ગુજરાતી યુવક પર મુગ્ધ થઈ ગયા અને પહેલા દિવસથી જ એમને મદદ કરવા માંડી. ધારે તેને રીઝવવાની ભૂલાભાઈની શક્તિ જાદૂઈ ચમત્કાર કરી રહી. એમનું શરીર પણ કસાયેલું, એટલે મહેનત કરવાની શક્તિ પણ અમેય. બોલવાની છટા પણ આંજી નાખે એવી. એટલે એ તો હાઇકૉર્ટમાં આવ્યા, એને જોઈ, અને જીતી.

પારસી સૉલિસિટરોના પણ એ માનીતા થઈ પડયા. એમાંના કેટલાક તો એમના જ જૂના સહાધ્યાયીઓ હતા. પારસીઓની ઢબે તોછડું કે મજાકભર્યું બોલવાની ને આચરવાની કલાથી બીજાઓને એમણે અપનાવ્યા.

આગાખાન સામે તેમની જ એક સગીએ માંડેલો દાવો ન્યાયમૂર્તિ રસલ આગળ મહિનાઓ સુધી ચાલ્યો. તેમાં એ બાઈ તરફથી બહાદુરજી અને ભૂલાભાઈ હાજર થયા હતા. સામે આઠદસ બાહોશ બૅરિસ્ટરો હતા.

એ કેસનું મારું કંઈક સ્મરણ તો નામદાર ન્યાયમૂર્તિ વિષે છે. તે છાતી સુધી ઊંચા કરાવેલા ખાસ ટેબલ ઉપર હાથ મૂકીને ઝોકાં ખાતા. ઈન્વેરારીટી[1] થોડી થોડી વારે ટેબલ પર ચોપડીઓ પછાડે એટલે નામદાર ઝબકીને જાગે, આંખો ચોળે, અને કહેઃ "ઠીક, મિ. ઈન્વેરારીટી, પછી?"

અને ઈન્વેરારીટી આગળ ચલાવે.

૧૯૧૩ માં હું આવ્યો, ત્યાં સુધી એ કેસમાં ભૂલાભાઈએ બતાવેલી બાહોશી ને કીર્તિનું ગુંજન હજી સંભળાતું.

નામદાર રસલની કોર્ટમાં બનેલા એક રમૂજી પ્રસંગને હજી કેટલાક ધારાશાસ્ત્રીઓ યાદ કરે છે. એક વાર સેશન્સમાં એ ખૂનના આરોપનો મુકદ્દમો ચલાવતા હતા. ગ્રાન્ટરોડ આગળ નાયકણો રહે છે, એ ગલીમાં ખૂન થયું હતું અને નાયકણ સાક્ષી તરીકે જુબાની આપતી હતી.

૧ એ વખતના એક બાહોશ વકીલ, જેમનો પરિચય પછી આવશે.

સાક્ષી આગળ નકશો મૂકવામાં આવ્યો. બૅરિસ્ટરે તેને કહ્યું:

"મરી ગયેલો માણસ ક્યાં પડયો હતો, તે આ નકશા પર બતાવ."

પેલી બાઈએ તે બતાવવાનો પ્રયત્ન કર્યો.

"તારું ઘર કયું?"

નાયકણને નકશો જોવાનું કોઈએ શીખવ્યું નહોતું એટલે તેણે ફાંફાં માર્યાં. સવાલ પણ તેને બરાબર સમજાયો નહીં. નામદાર ગુસ્સે થયા ને દુભાષિયાને કહ્યું:

"Tell the witness, if one came to your place how would he identify your house?"

દુભાષિયાએ ફેંક્યું: "જો બાઈ, નામદાર પૂછે છે કે, એ ત્યાં આવે તો એમને ખબર કેમ પડે કે આ ઘર તારું છે?"

નાયકણ આ પ્રશ્નમાં રહેલા માનથી નમ્ર ને શરમાળ બની; તેણે નીચું જોયું અને આકર્ષક નયને ને મીઠે અવાજે જવાબ આપ્યો:

"નામદારને કહોને, મારું ઘર શોધતાં જરાય વાર નહીં લાગે. બારી પર મેં પોપટનું પાંજરું ટિંગાડી રાખ્યું છે, એટલે તરત જડશે."

ભૂલાભાઈના ચેંબરમાં મેં શીખવા માંડયું, પછી બારેક મહિને એમને લાગ્યું કે આ છોકરો એમની

પાસેથી ચાલી જાય એવો નહોતો. ધીરે ધીરે હું મદદ કરવાના જે પ્રયત્નો કરતો તે એમને મદદરૂપ થવા પણ લાગ્યા. ભૂલાભાઇએ અને એમનાં પત્ની ઇચ્છાબહેને મને અપનાવ્યો.

ધારાશાસ્ત્રી તરીકે ભૂલાભાઈની વિશિષ્ટતામાં મુખ્ય તો એમની અથાગ મહેનત, પૃથક્કરણશક્તિ, અને ન્યાયાધીશનાં મન જીતવાની ચતુરાઈ હતાં. સવારથી મોડી રાત સુધી એ સતત મહેનત કરી શકે, કલાકો સુધી બોલી શકે, અને પછી તરત આવી, કચવાટિયા પ્રશ્નો પર ધ્યાન પણ આપી શકે. રાતના કોઈ વાર બે વાગ્યે સૂએ તોય સવારે સ્વસ્થતાથી ઊઠીને કામ આરંભે. ખાવા પર અંકુશ રાખે, પણ મન થાય ત્યારે ઠીક ખાઈ શકે. કસરતની જરૂર નહીં, પણ રજામાં બહારગામ જાય ત્યારે રોજ માઇલો સુધી ચાલે.

સૂક્ષ્મ પૃથક્કરણ કરવાની શક્તિ એ એમની બુદ્ધિનું મુખ્ય લક્ષણ હતું. ૧૯૧૫ માં અમારો અંગત સંબંધ વધ્યો. ત્યારપછી એમની ગાડીમાં ઇચ્છાબહેન ને ભૂલાભાઈ મને રૉયલ ઑપેરા હાઉસ સુધી રોજ સાંજના મૂકી જતાં. ઘણી વાર હું એમની સાથે એમને ઘેર પણ જાઉં, જમું, અને પછી કોઇ ગૂંચવાળા કેસની વાત કરતા અમે બેસીએ. એ પાન ચાવતા સોફા પર બેસે, ને હું સામે ખુરશી પર કાગળો લઈને બેસું. મને એ સવાલો પૂછતા જાય ને 'ના....ના....' બોલતા

કપાળ પર કરચલીઓ ભેગી કરતા, જરાજરામાં અધીરા થઈ જતા, એ એકના એક મુદ્દાને આમ ગોઠવે ને તેમ ગોઠવે. એક ચોપડી મગાવે ને બીજી તપાસે. પૃથક્કરણ કરતા કરતા એ મુદ્દાને નવું ને સ્પષ્ટ સ્વરૂપ આપે.

"મુનશીકાકા, આ તો 'હવે બેઠું' બરાબર."

અને એ મુદ્દા જ્યારે બીજે દહાડે લખી કાઢે કે કૉર્ટમાં રજૂ કરે ત્યારે તે બિલકુલ સ્પષ્ટ બની જાય.

આ માનસિક કસરતની સૂક્ષ્મતમ ને ચપલ પ્રક્રિયાઓનાં દર્શન મને થયાં; અને તે દર્શનથી મારી અશક્તિઓનું મને ભાન થયું. આ શક્તિને લીધે ભૂલાભાઈ પોતાના કેસમાં પ્રતિપાદન કરવાના મુદ્દાઓ કરતાં સામાવાળાના મુદ્દાઓ પહેલા જોતા. પરિણામે સામા પાસે ભાગ્યે જ એવા મુદ્દા નીકળે કે જેનો જવાબ એમની પાસે તૈયાર ન હોય.

ભૂલાભાઈની સ્વાભાવિક કથનશક્તિ શબ્દવૈભવ પર રચાયેલી હતી. એ બોલવા ઊભા થાય ત્યારે શબ્દોનો સ્રોત વહે. એમાં વ્યાકરણના દોષો હોય, સામાન્ય રીતે ક્રિયાપદ આવે તે પહેલાં બીજું વાકય શરૂ થઈ જાય; પણ બોલવાનું શરૂ કરે એટલે ધીમે ધીમે વાક્યો ઘૂંટતાં ઘૂંટતાં એમની શક્તિ સ્થિર બને, તેના પર પૃથક્કરણશક્તિ કાબૂ મેળવે, ને પછી એમની વકાલત ખીલે.

એમની કથનશક્તિ કરતાં, કયો માણસ કઈ રીતે બોલવાથી એમનું કહેવું સ્વીકારશે એ જોઈ લેવાની એમની દૃષ્ટિ અદ્ભુત હતી. અને પરિણામે દસપંદર મિનિટમાં એ જે પાણી પાય તે પીવા ન્યાયાધીશ આતુર થઈ બેસતો. પણ ઘણી વાર ભૂલાભાઈની ચતુરાઈમાં ફસાઇ ન જવાય એવી સંરક્ષકવૃત્તિ સામા માણસમાં પેદા થતી. 'ભૂલો બનાવી જશે' એ વાક્ય પારસી સૉલિસિટરોના મુખમાંથી ઘણી વાર નીકળતું.

૧૯૨૨ પછી એમની વકાલતની પદ્ધતિમાં તદ્દન પરિવર્તન થઈ ગયું. સિદ્ધહસ્ત ધારાશાસ્ત્રીની ઊભરાતી આત્મશ્રદ્ધાથી એમાં કેટલાંક જુદાં લક્ષણો આવ્યાં. એ હાજર થાય કે ગાજવીજ શરૂ થાય. ન્યાયાધીશ, સામા ઍડ્વોકેટ ને સાક્ષીને કચરી નાખવાની એમાં પ્રબળ ઇચ્છા દેખાતી. એનાથી બધા છક થઈ જતા. પણ પહેલાંની પદ્ધતિનો ચમત્કાર એમાંથી ચાલ્યો ગયો.

એમનાં દાવાઅરજીઓ, જવાબો ને અભિપ્રાયોના થોકબંધ ખરડાઓ હું તૈયાર કરતો; અને એમાંના કેટલાક મને ઉપયોગી પણ થતા ગયા. એમની બ્રીફોની તારવણી પણ હું કાઢતો; જોકે ભૂલાભાઈ લેખીત તારવણી પર આધાર ન રાખતાં થોડીક તારીખો લખી રાખતા, ને બાકીની વિગત માટે સ્મરણશક્તિ પર આધાર રાખતા.

૧૯૧૬ પછી તો અમારો સંબંધ ગાઢ થયો. મને એ કુટુંબીજન લેખવા લાગ્યા. ઈચ્છાબહેને લક્ષ્મીને દીકરીની માફક કેળવવા માંડી. એમની સાથે ફરવા જવું, નાટકમાં જવું, જમવું એ તો મારો લગભગ હમેશનો કાર્યક્રમ થઈ પડ્યો. સદ્‌ભાવથી એમની વાત સાંભળે એવા માણસની ભૂલાભાઈને હમેશાં ભૂખ રહેતી; એ ભૂખ મેં સંતોષી. એ વર્ષોમાં હું એમનો શિષ્ય ને ભક્ત બન્ને થઈ રહ્યો.

જમશેદ કાંગા ભૂલાભાઈના ખરા પ્રતિસ્પર્ધી હતા. એમનો ને મારો પરિચય ૧૯૨૨ પછી થયો, એટલે એ વિષેનાં સ્મરણો તો અહીં પ્રસ્તુત સમય પછીનાં.

કાંગા રોજ સાંજના મૉન્જિનીના રેસ્ટોરાંમાં જઇને બેસે. એમનો એ નિયમ થઈ ગયો હતો કે જે કોઈ ત્યાં મળવા કે બ્રીફ આપવા આવે તેણે ત્યાં બેસી એમનું આતિથ્ય સ્વીકારવું જ જોઈએ. ભૂલાભાઈ ઘણી વખત સાડાસાતેક વાગ્યે મૉન્જિનીમાં કાંગા સાથે કયા કામની કેમ ગોઠવણ કરવી તે નક્કી કરવા જતા. હું પણ ત્યારે એમની સાથે જ હોઉં.

ભૂલાભાઈના નિકટના સહવાસથી એમના સ્વભાવનાં જુદાંજુદાં પાસાંઓમાંથી નીકળતા રંગો હું પ્રશંસામુગ્ધ બની જોઈ રહેતો. યુરોપીય સંસ્કૃતિનાં ઘણાં અંગોના પાઠ હું એમના સાન્નિધ્યથી શીખવા લાગ્યો. એમની

કેટલીક ખાસિયતો ને દૃષ્ટિબિન્દુઓ તો અજાણે જ મારો કબજો લઈ લેતાં હતાં.

૮

યુરોપીય સંસ્કારનું એક મુખ્ય લક્ષણ દારૂ પીવો એ છે. એના વિના અતિથિનો સત્કાર, સત્કાર જ ન લેખાય, ગૃહસ્થમાં સ્થાન ન જ પમાય, ફક્કડાઈની આબરૂ ન મળે. એ ન પીઓ તો તમે ‘Jolly good fellow’ તો નહીં જ; તો તમે મૂંજી, નાલાયક, અસંસ્કારી ને વેદિયા ઢોરમાં જ ખપો. દારૂ તરફની આ દૃષ્ટિ મુંબઈના પારસીઓએ અને પાશ્ચાત્ય સંસ્કારસેવી હિન્દુઓએ સારી રીતે કેળવી છે. એક વખત આ દૃષ્ટિ કેળવી કે પછી દારૂ પ્રત્યેનો અણગમો દૂર થઈ જાય છે, અને નિર્દોષ આનંદ મેળવવાનું ને હૃદય બહેલાવવાનું એ જરૂરી સાધન બની જાય છે. છાંટોપાણી લેવામાં પછી કોઈ જાતનું પાપ કે ગુનો ગણાતાં નથી. દારૂ જીવનના ઉલ્લાસનું મધ્યબિન્દુ બની રહે છે. પાશ્ચાત્યોના જીવનના ઘણાખરા સંબંધો દારૂ પીવા ને પાવાની વિધિઓ પર રચાયા છે. અમારા ‘ બાર ’ ના જમણમાં એનું માહાત્મ્ય બ્રહ્મભોજનમાં મોદકનું હોય છે તે કરતાં પણ વિશેષ હોય છે.

મોન્જિની ક્લબમાં હું જવા લાગ્યો એટલે પાશ્ચાત્ય સંસ્કૃતિના આ મહાવિધિનાં દર્શન કરવાની

તક મને મળી. હું બ્રાહ્મણનો દીકરો, દારૂને કદી સ્પર્શેલો નહીં. જીવનભર ભાવનાશીલતાને ધર્મ માનેલો. જેનું સેવન બાલપણથી અધમ માનેલું એવી આ અપરિચિત વસ્તુ સેવતા મિત્રોને જોઈ મને રંજ થયેલો. પણ મારા હૃદયમાં પાશ્ચાત્ય સંસ્કારે ઘર ઘાલ્યું હતું. મને પણ પશ્ચિમના સંસ્કારો પ્રિય થઈ પડ્યા, ને આર્ય સંસ્કૃતિના નિષેધો સંકુચિત મનોદશાનાં લક્ષણો ભાસવાં લાગ્યાં. ઍડ્વોકેટ ઓ. એસ. ને શોભે એવા મારા આચારવિચાર ન થાય તો પ્રતિષ્ઠા ન મળે, એવો પણ કંઈક ખ્યાલ ખરો.

મૉન્જિની ક્લબમાં જાઉં એટલે 'કંઈ' પણ લેવાનું દબાણ તો થાય જ. એકબે મિત્રો મશ્કરી કરે. પહેલાં તો લેમન, રાસબરી એવું કંઈક માગી લેતો. પણ મારા મિત્રો પાશ્ચાત્ય સંસ્કારધર્મના પાદરીઓ હતા; એમનામાં વટલાવવાનો ઉત્સાહ હતો. મને એ ધર્મની કંઠી બંધાવવાને હાસ્ય, ઉપહાસ ને કટાક્ષ એ બધાંનો મારા પર પ્રયોગ થતો. એક દહાડો મેં બે ચમચી 'કૉકટેલ' પીધો; મારાથી એના સ્વાદ વિષે 'ભયંકર' શબ્દ બોલાઈ ગયો. કેટલાક પારસી મિત્રો હજી તેની યાદ દેવડાવે છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિની કંઠી મેં આમ બાંધી તો ખરી, પણ તેથી મને જરાય આનંદ ન થયો. કેટલાય દિવસ સુધી મનમાં ઉચાટ થયા કર્યો. 'હું અધમ

થતો જાઉં છું, મારે દારૂ પીવો પડયો,' હું નોંધું છું. પણ આ જગતમાંથી એ વખતે દૂર થઈ જવાની હિંમત મારામાં નહોતી. સુરાપાનને મેં શિષ્ટતાનું લક્ષણ માની અપનાવી લીધું. જ્યારે કોઇ દબાણ કરે કે બે ચમચી લઉં. પણ આર્યસંસ્કારે તો એ મોજની આડે શરમની દીવાલ બાંધી હતી. દારૂ પીવો હોય તો પીએ પણ પીનાર હમેશાં ચોરીછૂપીથી શરમાઇને પીએ. હવે એ દીવાલની બહાર હું કૂદીને પડયો. દારૂ પીવો ને પાવો એ મેં ગૃહસ્થના લક્ષણ તરીકે સ્વીકાર્યું.

હાઇકોર્ટ ઓ. એસ. ના બારનું વાતાવરણ એ વખતે પારસીઓ નક્કી કરતા. માંસભક્ષણ પણ હોશિયારીનું લક્ષણ મનાતું. ' તું મીટ (માંસ) નહિ ખાય તો તું સ્વરાજ કયાંથી લેવાનો છે?' એ રોજ સાંભળવું પડતું ' ચીકન (મરઘી) વગર તાકાત નહિ આવે. એ તો નબળું પેટ પણ હજમ કરી શકે.' આ શિખામણ જ્યારે અંગ્રેજી ઢબનું જમણ હોય ત્યારે મિત્રો પાસેથી મેં અનેક વાર સાંભળી છે. આ બધું મજાકમાં કહેવાતું, પણ એની પાછળ ધ્વનિ એ હતો કે જ્યાં સુધી સાહેબશાઈ ખાવાનુંપીવાનું ન શીખો ત્યાં સુધી તમે સો ટચના બેરિસ્ટર નહીં.

માંસભક્ષણ કરવાની મેં ના પાડી, પણ મારા પાશ્ચાત્ય સંસ્કારમાં ખામી ન આવે માટે મરઘી ખાતા બે મિત્રો

વચ્ચે બેસીને મેં ભાજીપાલો ખાવાની ટેવ કેળવી.

ચીમનભાઈ જે ભરૂચી પાઘડી પહેરતા, તે મોટા એડ્વોકેટ થયા એટલે પાઘડી કાઢી હેટ પહેરતા થયા. એમને પગલે ભૂલાભાઈએ પાઘડી કાઢી હેટ પહેરવા માંડી. એમની પાછળ મેં પણ હેટ ઠેંકારી. ૧૯૧૯ થી તો 'એસ્‌કિવથ ઍન્ડ લૉર્ડ'ની અંગ્રેજી દરજીઓની દુકાન સિવાય બીજેથી હું ભાગ્યે જ કપડાં લેતો. આમ પાશ્ચાત્ય સંસ્કારનાં બાહ્ય અંગો મેં અપનાવ્યાં.

કેટલાક મિત્રો તરફથી બ્રિજ શીખવાની મને ભલામણ થઈ. અને પ્રસંગ પણ પ્રાપ્ત થયો. 'Drinks' ને 'Bridge' એ તો અંગ્રેજી સંસ્કારમાં પ્રતિષ્ઠાજનક; પણ તે શબ્દોના ગુજરાતી પર્યાય 'દારૂ' 'જુગાર'ને આપણા સંસ્કારે દુર્ગંધમય માની લીધા છે.

મેં બ્રિજ શીખવાની ના પાડી.

૯

ભૂલાભાઈના પરિચયમાં હું ઘણું શીખ્યો ને ઘણાના પરિચયમાં આવ્યો. ખરું મુંબઈ અને એના જીવનનાં કેટલાંક સ્વરૂપો હું ભૂલાભાઈના પરિચય વિના કદી પણ જાણી શકયો ન હોત.

૧૯૧૭ માં વિખ્યાત સોની નરોત્તમદાસ ભાઉની

સ્પર્ધામાં બીજાએ 'સોની નરોત્તમદાસ ભાણુજી' ના નામથી દુકાન કાઢી હતી. નરોત્તમદાસ ભાઉએ પોતાના ધંધામાં વપરાતા નામ જેવું નામ ન વાપરવા બાબતનો મનાઈહુકમ મેળવવા માટે નરોત્તમદાસ ભાણુજી પર દાવો માંડ્યો. દાવો ચાલે ત્યાં સુધી મનાઈહુકમ આપવો એવી અરજી વાદી તરફથી ભૂલાભાઈ કરતા હતા ત્યારે હું પાસે બેઠો હતો.

ન્યા૦ કાજીજીએ કાયદાનો એક સવાલ ઉઠાવ્યો.

ભૂલાભાઈએ મને કહ્યુંઃ "મુનશીકાકા, લાયબ્રેરીમાં જઈ આનો રદિયો આપે એવો ચુકાદો હોય તો લઈ આવો. હજી હું કલાકેક તો બોલીશ."

હું લાયબ્રેરીમાં દોડ્યો, થોથાં જોયાં ને મારે સદ્‌ભાગ્યે જોઈતો કેસ મળી ગયો. હું કૉર્ટમાં પાછો ગયો. ભૂલાભાઈએ ચુકાદો વાંચી સંભળાવ્યો.

મેસર્સ અરદેશર હોરમસજી દીનશાવાળા શાવકશા નરીમાન આ કામમાં વાદી તરફથી સૉલિસિટર હતા. બીજે દિવસે એ લાયબ્રેરીમાં મારી પાસે આવ્યા.

"મિ. મહેતા, મારી બ્રીફ મળી કે ?"

"હું મહેતા નથી ને મને તમારી બ્રીફ મળી નથી." મેં કહ્યું.

"પણ તમે જ કાલે ભૂલાભાઈને કેસ આણી આપ્યો હતો ને ? તમે કે. એમ. મહેતા નહીં ?"

પોતે ભૂલ કરી હશે એ નરીમાનના મગજમાં પેઠું નહીં.

મેં કહ્યું: “ કેસ મેં આણ્યો હતો એ વાત ખરી; પણ મારું નામ કે. એમ. મુનશી છે. ”

“ તમારી ઑફિસ તો ભાઈશંકર સૉલિસિટરની સાથેની છે ને ? ”

“ ના. ત્યાં એમ. જે. મહેતાની ઑફિસ છે. ”

શ્વાસના ધુમાડા કાઢતા નરીમાન મહેતા પાસે પહોંચી ગયા, બ્રીફ પાછી પડાવી લાવ્યા, મારું નામ તે પર લખી આપ્યું અને આજ્ઞા કરી: “ Do your best. ”

આ અપરિચિત મોટા સૉલિસિટરની પહેલી બ્રીફ મને મળી હતી. એમાં નરોત્તમદાસ ભાઉના મુકદ્દમામાં ઉપસ્થિત થતા કેટલાક કાયદાના સવાલો પુછાયા હતા. મેં દિવસો સુધી લાયબ્રેરીમાં બેસી એ વિષય પર લંબાણથી અભિપ્રાય આપ્યો.

જ્યારે મુકદ્દમો સુનાવણી પર આવ્યો ત્યારે નરીમાને નવેક ઍડ્વોકેટ રોક્યા હતા; તેમાં છેલ્લા નંબરનો ઍડ્વોકેટ હું હતો. બ્રીફ ઉપર રોજની ચાર ગીની લખી હતી. મારે મન રોજના સાઠ રૂપિયા પુષ્કળ હતા. એ મુકદ્દમો બહુ દિવસ ચાલ્યો ને આખરે સમાધાન થયું તે અમારા લાભમાં.

અપિરિચિત સૉલિસિટરે જેમાં મને રોકયો હોય તેવો આ પહેલો મોટો દાવો હતો. તેની ફીમાંથી મેં મારા ઘરમાં પહેલું કબાટ ને પહેલું ઘરેણું વસાવ્યું.

૧૦

૧૯૧૭ના મે માસમાં ભૂલાભાઇ અને ઇચ્છાબહેન મને દાર્જિલિંગ લઈ ગયાં. સાથે એમનો એકનો એક પુત્ર ધીરુભાઈ અને છોટુભાઈ સૉલિસિટર હતા. રસ્તામાં અમે કલકત્તા ઊતર્યાં ત્યારે સુરેન્દ્રનાથ બૅનરજીનાં દર્શન કરી આવ્યાં.

છોટુભાઈ ધીરુના કાકા, એટલે સર્વાનુમતે છોટુકાકા હતા. એમની સાથે લગભગ એકાદ મહિનો રહેવાનો લાભ મને મળ્યો.

છોટુકાકા અગ્રગણ્ય સૉલિસિટર હતા; છતાં એમના હૃદયની સુકુમારતા, સદાય આર્દ્ર એવી સ્નેહાળતા અને ઊંડી રસિકતાનો મને પરિચય થયો. બધાં સૂઈ જાય ત્યારે અમે મેઘદૂત, ગીતગોવિંદ, ને અમરુશતક વાંચતા. જ્યારે અમે સાથે ફરવા જતા ત્યારે રસની આપલે કરતા. ‘ વેરની વસૂલાત ’ માટે એમને બહુ આકર્ષણ હતું.

એમની પત્નીભક્તિમાં જે તલસાટ હતો તેવો મેં બીજા કોઈ હિન્દુ પતિમાં જોયો નથી. ઘણી વાર

જ્યારે અમારા ખંડમાં અમે એકલા બેસતા ત્યારે 'પાલીબહેન' વિશેની પોતાની પ્રણયવિહ્વલતાની કથા એ ઘેનભર આંખોએ કરતા, તે હું વીસરી શકચો નથી. એ અવસાન પામ્યા ત્યાં સુધી અમે ગાઢ સ્નેહ-સંબંધથી બંધાયેલા રહ્યા. ધંધાની બાબતમાં પણ એમનો અને એમના ભાગીદારોનો હું વિશ્વાસપાત્ર બન્યો.

એ વખતે દાર્જિલિંગમાં સર જગદીશચન્દ્ર બોઝે અમને ચા પીવા માટે નિમંત્ર્યા, અને હિન્દના અગ્રગણ્ય વિજ્ઞાનીને યોગ્ય એવો પૂજ્યભાવ સેવી અમે ત્યાં ગયા. લેડી બોઝે અમને સત્કાર્યા; બીજાં પાંચપંદર સ્ત્રીપુરુષો સાથે બેસાડચા. પછી વચલાં બારણાં ખૂલ્યાં. બ્રિચિસ પહેરેલી નેપોલિયનની ઝાંખી અનુકૃતિ હોય એવા સર જગદીશ નીકળ્યા ને બધાંને મળ્યા.

એ અમને એમની પ્રયોગશાળા જોવા લઈ ગયા. ત્યાં અમને એમના પટ્ટશિષ્ય બોશી સેને (હાલ આલમોરામાં વિવેકાનંદ રસશાળાના સંચાલક) હસતા, રડતા, દારૂ પી લથડતા છોડોના મનુષ્ય જેવા ભાવો સૂક્ષ્મદર્શકયંત્રોથી અમને દેખાડચા.

સર જગદીશ અમને એક વૃક્ષ પાસે લઈ ગયા અને તેની નીચે એક બાંકડો હતો તે દેખાડચોઃ "આ ઝાડ નીચે બેસી ઋષિઓની વિશ્વબંધુત્વની ભાવનાનું સ્મરણ કરતાં મને સત્યનું ભાન થયું ને

આ શોધ કરવાનો માર્ગ જડચો."

છોટુકાકા અને હું પૂજ્યભાવથી અડધા અડધા થઈ ઘેર આવ્યા. પણ ૧૯૧૯માં અમે પાછા દાર્જિલિંગ ગયા, પાછા ચા પીવા ગયા, પાછા દારૂ પીધેલા છોડો જોયા ને પાછી 'બોધિવૃક્ષ'ની કીર્તિ સાંભળી; ત્યારે મહત્તા અને કલા વચ્ચેનો ભેદ જણાયો અને મને આઘાત થયો.

એ જ વખતે પછી શંકરલાલ બેન્કર ત્યાં આવ્યા. એ ઘણુંખરું ભૂલાભાઇ જોડે ફરતા, એટલે મને ને છોટુકાકાને ઘણો વખત સાથે ફરવા મળતું. શંકરલાલે એક નવું ટીખળ કાઢયું. અમે બંગાળીઓને મળીએ ત્યારે તેમાંનો કોઈ ને કોઇ દુનિયાનું કંઈ ને કંઇ મહાન કાર્ય કરતો હોય એમ અમને કહેવામાં આવતું. 'આ દુનિયાના પ્રખર અર્થશાસ્ત્રી,' 'આ ભાઈ જગવિખ્યાત ઈતિહાસકાર,' 'આ બંગાળના કવિશિરોમણિ.'

ધીમે ધીમે જે બંગાળી અમને ફરી મળે તે ફ્રાન્સ અને રશિયાના વિપ્લવ વિશે માનભેર મારી સાથે વાતો કરે ને સવાલ પૂછે. મારા જ્ઞાન પર થતા આ અણધાર્યા આક્રમણથી હું ગૂંચવાઈ ગયો. એક વાર જમતાં જમતાં મેં અજાયબી બતાવી કે ફ્રાન્સ ને રશિયાના વિપ્લવ વિષે આ બધા મને શા માટે પૂછ્યા કરે છે? શંકરલાલે તેનો ખુલાસો કર્યો:

"બંગાળમાં દુનિયાના મોટામાં મોટા વિદ્વાનો રહે છે, તો મુંબઈમાં નહીં? જે મળે છે તેને હું કહું છું કે ભૂલાભાઈ દુનિયાના શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી છે, ને મુનશી ફ્રાન્સ ને રશિયાના વિપ્લવના સમસ્ત હિન્દમાં મોટામાં મોટા અભ્યાસી છે!"

શંકરલાલે મને અપાવેલી કીર્તિ, બને ત્યાં સુધી કોઈ એ વિપ્લવોની વાત છેડે તેને ગમેતેમ ઉડાવી દેવાની મારી ચપળતાથી મેં જેમતેમ સાચવી.

દાર્જિલિંગ જગતનાં રમણીય સ્થળોમાં પણ અદ્‌ભુત છે. એના સ્વચ્છ રસ્તાઓ, ઘાટીલા બંગલાઓ, ગુલાબે લચેલી ચારે તરફ પ્રસરતી વાડો, પ્રશાંત પણ ચેતનપ્રદ હવા, અને ક્ષિતિજ પર રચાયેલાં હિમાલયનાં શિખરોની મેખલા. એ બધાંને ઓપાવતી સનાતન હિમે ભવ્ય કંચનગંગાની શિખરાવલિ—જાણે ભગવાન શંકર આડા પડી જગતને પોતાના સ્મિતથી જ કલ્યાણમય કરતા હોય! હું આખો દિવસ કાલિદાસના 'કુમારસંભવ'માંથી **अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः** રટ્યા કરતો.

હિમાલયે આપણું સ્થૂલ ને સૂક્ષ્મ જીવન કેમ રચ્યું, કેળવ્યું, વિકસાવ્યું ને અભેદ્ય કર્યું, તેનો કંઈક ખ્યાલ આવ્યો. હિમાલય શંકરનો આવાસ છે. એ ગિરિજાના પિતા છે, અને શંકરની જટામાંથી નીસરતી પતિતપાવની ગંગાના પણ પિતા છે.

હિમાલય શંભુનો સ્થૂલ દેહ છે, શંભુ હિમાલયના અધિષ્ઠાતા છે, અને એ બન્નેના સંકલનથી જગદુદ્ધારિણી આર્યત્વની ભાવના વહે છે. પાછળથી વિકસેલી આ મારી વિચારસરણીનાં મૂળ એ દાર્જિલિંગના દર્શનમાં છે.

અમે ૧૯૧૯ માં ફરી દાર્જિલિંગ આવ્યા ત્યારે ભૂલાભાઈ, મોતીલાલ સેતલવાડ અને હું હતા. પણ ઇચ્છાબહેનની માવજત ને છોટુકાકાની રસિકતા વિના એ રજા પહેલાંની માફક સ્મરણીય ન થઈ શકી.

૧૯૧૯ માં દાર્જિલિંગમાં મેં ગુરુદક્ષિણા આપી, જે ગુરુને ક્યાંય સુધી સંઘરી રાખવી પડી.

ભૂલાભાઈ માનતા કે બપોરે જમ્યા પછી ઊંઘી જવાથી ફેફસું બગડે છે. બાલપણથી મારી માન્યતા એવી હતી કે બપોરે જમ્યા પછી કરોડરજ્જુ સીધું રાખવાથી આયુષ્ય ઘટે છે. પરિણામે અમે જમીએ કે હું પથારીમાં સૂવાનો પ્રયત્ન કરું ને ભૂલાભાઈ મને જાગતો રાખવાના પ્રયાસો કરે. મારા ખાટલા પર એ આવીને બેસે ને અમે કોઈ વાર કુસ્તી પણ કરી લઈએ. એક દહાડો અમે ખૂબ તોફાને ચડ્યા. એમનો ભાર મારી છાતી પર એવો આવ્યો કે હું ગૂંગળાઈ ગયો. એમની એક આંગળી અજાણતાં મારા હાથમાં આવી ગઈ, અને કોઈ પણ રીતે એમનો ભાર દૂર કરવાની સ્વાભાવિક સંરક્ષણવૃત્તિથી મેં એમની આંગળી વાળી નાખી. એમણે બધારે ને વધારે જોર

કર્યું. આખરે મારાથી એટલા જોરથી આંગળી વળાઈ ગઈ કે એમનું હાડકું ન ભાંગ્યું એ જ નવાઈ!

વેદનાના માર્યા ભૂલાભાઇ ઊઠ્યા. હું ગૂંગળાતો બચી ગયો. ને વર્ષો સુધી એમની એ આંગળીએ એમને દુઃખ દીધું. આવી વિચિત્ર હતી મેં આપેલી ગુરુદક્ષિણા!

૧૧

મુંબઇની હાઈકોર્ટમાં જૉન ડંકન ઈન્વેરારિટીનું નામ તો પુરાણના મહાપુરુષ જેવું છે. સદાય સ્મરણીય, ને પૂજનીય નહિ તો પ્રશસ્ય તો ખરું જ. મુંબઇના આજના કેટલાક બાહોશ ધારાશાસ્ત્રીઓ જન્મ્યા પણ નહોતા તે પહેલાંના મુંબઈના ધારાશાસ્ત્રીઓના મંડળના એ નેતા હતા.

જ્યારે સર નૉર્મન મૅક્લાઉડ (મુખ્ય ન્યાયાધીશ થયા તે) બૅરિસ્ટર થયા ત્યારે તેમના પિતાએ મસિયાઈભાઈ ઈન્વેરારિટીને બોલાવીને કહ્યું: “ નૉર્મનને મુંબઈ લઈ જાવ, તમારા હાથ નીચે એને શીખવો.”

“એ મારાથી કેમ બને?” જૉનભાઈએ જવાબ આપ્યો. “હું તો ઘરડો થયો, થોડા વખતમાં તો હું ધંધામાંથી છૂટો થવાનો છું. મારી સાથે નૉર્મનને મોકલવાથી શો ફાયદો?”

પણ ડોસાએ જિદ લીધી. ઇન્વેરારિટી મેક્‌લાઉડને મુંબઇ લઇ આવ્યા. મેક્‌લાઉડે વકાલત કરી, નોકરી કરી, ન્યાયાધીશનું પદ પ્રાપ્ત કર્યું, મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો મેળવ્યો; પણ જહોનભાઈ તો વકાલત કરતા જ રહ્યા. ૧૯૨૫ માં મેક્‌લાઉડે મુખ્ય ન્યાયાધીશનું પદ છોડયું, તેના થોડા મહિના પહેલાં એ ગુજરી ગયા.

ઇન્વેરારિટીએ સહેજે એકાદ કરોડ રૂપિયો ભેગો કર્યો હતો, પણ ભાયખાલા કલબની એક નાનીસરખી ઓલીમાં એ પડી રહેતા. પોતાની પત્નીને એમણે કદી હિંદુસ્તાનમાં બોલાવેલી જ નહીં. કલબમાં કોઈ એમને ચાનો પ્યાલો ધરે તો ચાર આના પહેલાં આપે પછી પ્યાલો લે.

કોઇની સાથે હિંદમાં એમણે સ્નેહસંબંધ આદર્યો હોય એવું જાણમાં નથી. ધંધાને અંગે એ બીજાના પ્રસંગમાં આવે એ જ એમનો જગતની સાથેનો સંબંધ. કાયદાના ક્ષેત્રમાં મુંબઈમાં સર્વોપરી થવું એ જ એમનું ધ્યેય. માનવહૃદય માટે એમને સંપૂર્ણ તિરસ્કાર. એમની તીક્ષ્ણ બુદ્ધિથી અને માનવ નિર્બળતાના અગાધ જ્ઞાનથી એ કયાંય પણ શ્રેષ્ઠસ્થાન પામી શકત; પણ છ મહિના મુંબઈમાં વકાલત કરવી, પાંચ મહિના સ્કૉટલૅન્ડમાં શિકાર કરવો, એક મહિનો હિન્દ આવતાં સિંહનો શિકાર કરવો—એ સિવાય જીવનમાં એમને બીજી કશી આકાંક્ષા નહોતી.

એમની વકાલત જાદૂ જેવી ચમત્કારી હતી. એમની સ્મરણશક્તિ અપાર ને સતેજ હતી. વિગતો કહેવાની એમની કલા એવી હતી કે તેની માત્ર સંકલનાથી એ ધારે તે સ્વરૂપ તેને આપી શકતા.

એક મુકદ્દમો, જેમાં હું સ્ટ્રૅંગમેન જોડે હતો, તે અમને બહુ લૂલો લાગતો હતો. મકાન ખરાબ અવસ્થામાં હોવાથી ભાડૂતો ખાલી કરી જાય એ અમારો દાવો હતો. બીજે દહાડે અમારી સાથે ઇન્વેરારિટીને રોકવામાં આવ્યા, ને દાવાવાળી મિલકત જોવા એમની સાથે હું ગયો. બે કલાક સુધી એમણે આખા મકાનના ખંડેખંડ તપાસ્યા ને આગલે દિવસે અમારી વિરુદ્ધની પરિસ્થિતિ અમારી તરફેણમાં વળતી હોય એમ લાગવા માંડયું. એ કૉર્ટમાં આવ્યા, વિગતો ફરી રજૂ કરી ને આગલે દિવસે જે મુકદ્દમો ખરાબ હતો તે સારો થઈ ગયો.

ધારાશાસ્ત્ર એમના જીવનની જ્યોત હતી. કાયદાના સિદ્ધાંતોનું એમનું જ્ઞાન અણિશુદ્ધ હતું. અંગ્રેજી અને હિંદી ચુકાદાના બધા હેવાલો એ છેલ્લે સુધી બરાબર વાંચે. મુકદ્દમો ચલાવતા હોય ત્યારે ઘણુંખરું એક જ સચોટ આધાર લઈ આવે. એમની ઊલટતપાસની રીતમાં નાટકી લક્ષણ નહોતું. ભાગ્યે જ એ મોટો અવાજ કાઢતા. એમની આંખો હમેશ વાઘના જેવી, સ્થિર ને તેજસ્વી. એ ન હાથ ઠોકે, ન ગુસ્સો કરે;

એકધારા ટૂંકા પ્રશ્નો બંદૂકની ગોળીની માફક છોડે અને સાક્ષી અજાણ્યે એમને જોઈતું હોય તે કહી દે.

એ કદી વિગતોની નોંધ ન કરે. 'જેટલો વખત નોંધો કરવામાં ગાળો, એટલો વખત સ્મરણશક્તિ કેળવો તો વધારે ફાયદો થાય,' એમ એ કહેતા. મુકદ્દમામાં અનેક મુદ્દાઓ હોય તેમાંથી એક જ મુખ્ય મુદ્દા પર એમની શક્તિ એ એકાગ્ર કરે. એક દિવસ નવા નિશાળિયાના ઉત્સાહથી મેં અનેક મુદ્દાઓ શોધી રાખ્યા હતા તે હું એમને કહેવા લાગ્યો. "દરેક મુકદ્દમામાં દસ મુદ્દાઓ સારા હોય, એમાંથી એક તમારે પોતાને માટે રાખો અને બાકીના સામા પક્ષને પોતાની મેળે શોધી કાઢવા દો." એમણે કહ્યું.

નવા ધારાશાસ્ત્રીઓએ શું કરવું તેની એક વાર એમણે સલાહ આપી હતી. "Stand up, Speak up, Shut up." ૧

એમની વિનોદવૃત્તિ આબાદ હતી. એ ઠેકડી કરે ત્યારે બધા હસે, પણ એમની મૂછનો વાળ ન હલે.

ન્યાયમૂર્તિ કૅન્ડી સ્વભાવે ઘણા કડક હતા. એમના સ્વભાવની ઘણી વાતો કોર્ટમાં પ્રચલિત છે. એ મરાઠી-ગુજરાતી સારું બોલતા. ઇન્વેરારિટીએ તો કોઈ દેશી ભાષા ન જ બોલવી એવો સંકલ્પ કર્યો હતો.

---

૧ ટટાર ઊભા રહો; સ્પષ્ટ બોલો; ચૂપ થઈ જાઓ.

ન્યાયાધીશ કૅન્ડી હાઈકૉર્ટમાં નિમાયા ને થોડા દિવસમાં ઇન્વેરારિટી એમની આગળ હાજર થયા ને મુકદ્દમાની વિગતો કહેવા લાગ્યાઃ

"ગોરડનડોસ પછી પ્રતિવાદીને મળ્યા."

"મિ. ઈન્વેરારિટી, આટલાં વર્ષ હિન્દમાં રહ્યા છતાં દેશી નામોનો સાચો ઉચ્ચાર તમે કરી શકતા નથી! ગોરડનડોસ નહિ પણ ગોરઢનદાસ."

"જેવી નામદારની મરજી."

ઈન્વેરારિટીએ આગળ ચલાવ્યું. "હું કહું છું તે પ્રમાણે ગોરડનડોસ ને આપ નામદાર કહો છો તે પ્રમાણે ગોરઢનદાસ પ્રતિવાદીને મળ્યા. હું કહું છું તે પ્રમાણે ગોરડનડોસ ને આપ નામદાર કહો છો તે પ્રમાણે ગોરઢનદાસ તેની જોડે આ કરારની વાત કરવા લાગ્યા. પછી, હું કહું છું તે પ્રમાણે ગોરડનડોસ ને આપ નામદાર કહો છો તે પ્રમાણે ગોરઢનદાસે શરતો કબૂલ—"

"મિ. ઈન્વેરારિટી, આ શું?" અધીરા થઈ ન્યાયાધીશે કહ્યું. "બેમાંથી એક નામ કહોઃ ગોરડનડોસ કે ગોરઢનદાસ."

"જેવી નામદારની મરજી." સ્વસ્થતાથી ઈન્વેરારિટીએ કહ્યુંઃ "હું તો ગોરડનડોસ કહેવું જ પસંદ કરું છું. ગોરડનડોસે પછી શરતો કરી...."

આખી કોર્ટ ખડખડ હસી પડી, પણ આવી રમૂજ કરનારના મુખ પર સ્મિતની સુરખી પણ ન આવી.

મુંબઈ હાઈકોર્ટ લાંબા કાળ સુધી એમને ભૂલી નહીં શકે. એ હાઇકોર્ટમાં એમણે વકાલત કરી ને ૧૯૨૫ માં યમરાજ એમને લેવા આવ્યા એ પણ એ હાઈકોર્ટમાં જ.

મુંબઈમાં એમના દેહને ભૂમિવાસ કરાવ્યો ત્યારે અંજલિ આપવા હું પણ હાજર હતો. ત્યારે અમને બધાને લાગ્યું કે હાઈકોર્ટ હતી તેવી હવે નહીં રહે.

ઇન્વેરારિટી મહાન ધારાશાસ્ત્રી, અઠંગ બ્રિજ રમનાર, ને સિંહના બહાદુર શિકારી હતા. પૈસાઘડુ પણ જબરા. આ એમના મનુષ્યત્વની સીમાઓ. કોણ કહેશે કે એ સીમાઓ અત્યંત સાંકડી નહોતી? હિન્દને તો એમણે પૈસા લૂંટવાનું ક્ષેત્ર માન્યું હતું. અહીંયાં એમણે આખી જિન્દગી કાઢી પણ એના તરફ એમણે જવાબદારી બતાવી નહિ, ને અહીંના લોકો તરફ, એમની ભાષા ને એમના સંસ્કાર તરફ એમનો તિરસ્કાર કાયમ હતો.

૧૨

ઇન્વેરારિટી પછી મુંબઈની હાઈકોર્ટમાં મહાન ધારાશાસ્ત્રી ચીમનભાઈ—ચીમનલાલ હરિલાલ

સેતલવાડ. આ સમયમાં તેમને માટે સેવેલા માનની અને તેમના સમાગમની મારા પર ઘણી અસર થઈ. ‘ હરિલાલ સદરેમિન ’ ને નામે ઓળખાતા બ્રહ્મક્ષત્રિય ભરૂચના જ હતા. એમની હવેલી હજુ ત્યાં છે અને તે અધુભાઈકાકાના ઇષ્ટમિત્ર. એમના પુત્ર તે ચીમનભાઈ. એમને મેં છેક બાલપણમાં મુનશીને ટેકરે અધુભાઈ-કાકાને મળવા આવતા જોયેલા યાદ છે. અને હું મુંબઈ આવ્યો ત્યારે અમારી ભરૂચી પાઘડી પહેરેલા, સર ફિરોજશા મહેતાના આ અનુયાયી અને અમારા કુટુંબના સંબંધીને દૂરથી જોઈજોઈ મેં ગર્વ માન્યો હતો. જરૂર પડયે એમની ઓથ મળશે એવી છૂપી શ્રદ્ધા મારા મનમાં જન્મ પામતી હતી.

હું પાસ થયો તેના થોડા દહાડા પછી એમને મળી આવ્યો. તે વખતે એમનું વલણ કડક, તટસ્થ અને અણુસત્કારતું લાગ્યું. ત્યારે એમના ભરૂચના ન્યાતીલાઓ એમને બહુ ગર્વિષ્ઠ માનતા. એમને માટે કહેવાતું કે કોઈ મળવા જાય તો માત્ર ત્રણ સવાલ પૂછી એને કાઢી મૂકે. ‘ ક્યારે આવ્યા ? કેમ છો ? ક્યારે જવાના છો ? ’ મને પણ એમણે અધુભાઈ-કાકાના પુત્રી ને દોહિત્રની ખબર પૂછાને રુખસદ આપી.

થોડા મહિના પછી મને ખબર પડી કે એમનું આવું વલણ અપરિચિતો માટે જ હતું. હાલ તો વર્ષોથી એમના હૃદયમાં મને સ્થાન મળ્યું છે અને

એમના મોટા પુત્ર મોતીલાલ અને મારી વચ્ચેની મૈત્રી વડે અમે ત્રણ પેઢીનો સંબંધ જાળવી રહ્યા છીએ.

ચીમનભાઈએ ૧૮૮૦ માં ચૌદમે વર્ષે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, પોતાની તેજસ્વી કારકિર્દી શરૂ કરી. ૧૮૮૪ માં બી. એ. થયા. અને ૧૮૮૭ માં એલએલ. બી. વચ્ચે એકબે ઠેકાણે નોકરી કરી આવ્યા. અને પછી હાઈકોર્ટની ઍપેલેટ સાઈડ પર વકાલત શરૂ કરી.

તરવારની ધાર જેવું ચાતુર્ય, સ્પષ્ટદર્શી બુદ્ધિ, ન્યાયવાદી વાક્પાટવ ને અખૂટ આત્મશ્રદ્ધાથી એ તરત અગ્રસ્થાન પામ્યા. ફિરોજશા મહેતાના અનુયાયીઓમાં એ ભળ્યા ત્યારે એમના સહયોગીઓમાં દીનશા વાચ્છા, ઇબ્રાહિમ રહિમતુલ્લા, ચંદાવરકર વગેરે હતા. ૧૮૯૩માં સત્તાવીશમે વર્ષે ગુજરાતની મ્યુનિસિપાલિટીઓ તરફથી એ ધારાસભામાં ગયા. તે વખતની ધારાસભાના પ્રમુખ ગવર્નર, ને ઘણા સભ્યો મોટા અંગ્રેજ અધિકારીઓ. ત્યાં પણ ચીમનભાઈની તેજસ્વિતાએ માગ મુકાવ્યો. એમણે ધારાસભામાં પ્રશ્નપરંપરા વર્ષાવવા માંડી. તે વખતની સ્વાધિકાર–ઉન્મત્ત–અધિકારીઓની સરકાર આ જુવાન વકીલના પ્રશ્નોના જવાબો આપતાં થાકી. દર બેઠકમાં ત્રીસત્રીસ સવાલો પૂછનાર આ સભ્યને ગવર્નર લૉર્ડ હેરિસે બોલાવ્યા.

તે મળવા ગયા.

લૉર્ડ હેરિસે તાપથી અકળામણમાં કહ્યું: “ જુઓ, મિ. સેતલવાડ, તમે અમને એટલા બધા સવાલો પૂછો છો કે સેક્રેટરિયેટથી પહોંચી વળાતું નથી. સેક્રેટરિયેટને બીજું ઘણું અગત્યનું કામ કરવાનું છે. ”

સત્તાવીશ વર્ષના આ યુવાનમાં ક્ષોભ નહોતો. આત્મવિશ્વાસ ને સ્વમાન જોઈએ તેટલાં હતાં. તેમણે ઝટ જવાબ આપ્યો: “ હું દિલગીર છું, પણ તમે ભૂલી જાઓ છો કે આ સવાલોના જવાબો આપવા એ તમારું કર્તવ્ય છે. અને તે માટે તમને બહુ સારું મહેનતાણું મળે છે. તમને સવાલો પૂછવામાં હું તો લોકોપયોગી કર્તવ્ય કરું છું અને તે પણ વગર-મહેનતાણે. ”

લૉર્ડ હેરિસનો તાપ તે જ વેળા ઊતરી ગયો. તેણે નરમ થઈને માફી માગી.

એમની કારકિર્દીની શરૂઆતમાં એક શરાફ તરફથી ચીમનભાઈ ડિસ્સા કેન્ટોનમેન્ટની કૉર્ટમાં વકીલ તરીકે હાજર થયા. શરાફે એક સૂબેદારમેજરને રૂપિયા નવ હજાર ધીર્યા હતા. તે પાછા માગવાનો દાવો હતો.

ચીમનભાઈ હાજર થયા ત્યારે યુરોપીય લશ્કરી અમલદાર ન્યાયાધીશ હતો. તે અદાલતમાં બેસે ત્યારે હમેશાં એક મોટો કૂતરો પાસે બેસાડે. ચીમનભાઈએ

અસીલને સાક્ષી તરીકે બોલાવ્યો, ને તેના ચોપડા પરથી લેણું પુરવાર કર્યું. પ્રતિવાદીના વકીલે સૂબેદાર-મેજરને સાક્ષીમાં બોલાવ્યો. સૂબેદારમેજરે સોગંદ ખાઈ કહ્યું: " મને રૂપિયા નવ હજારની આખી રકમ આપવામાં આવી નથી અને જેટલી રકમ મળી હતી તે મેં પાછી આપી દીધી છે."

ચીમનભાઈ સૂબેદારમેજરની ઊલટતપાસ કરવા ઊભા થયા. ન્યાયાધીશે વાંધો લીધો.

" મહારાણી સરકારના લશ્કરી અમલદારની ઊલટ-તપાસ હું નહિ કરવા દઉં. એ તો એનું અપમાન કર્યું કહેવાય." આમ કહી એમણે શરાફનો કેસ કાઢી નાખ્યો.

શરાફે પાલણપુરના પોલિટિકલ એજન્ટની અદાલતમાં અપીલ કરી, અને અપીલની અદાલતમાં સૂબેદારમેજરની ઊલટતપાસ કરવા દેવાની રજા માગી. જ્યારે અપીલ સુનાવણી પર આવી ત્યારે પણ ન્યાયાધીશ તરીકે લશ્કરી અમલદાર હતો, પણ જરા વધારે અક્કલવાળો. તેણે ચીમનભાઈને પોતાના ચેમ્બરમાં બોલાવ્યા અને કહ્યું: " મિ. સેતલવાડ, તમને હું ઊલટતપાસ તો કરવા દઈશ, પણ પ્રતિવાદી સૂબેદાર–મેજર છે, એટલે જરા નરમાશથી ઊલટતપાસ કરજો."

ચીમનભાઈ ઊલટતપાસ કરે તે પહેલાં તો સૂબેદારસાહેબે કેસનું સમાધાન કરી લીધું!

૧૮૯૭ માં ચીમનભાઈ ઓરિજિનલ સાઈડના એડ્વોકેટ થયા. અંગ્રેજી બૅરિસ્ટરોથી ભરપૂર એવી એ સાઈડમાં એકત્રીસ વર્ષની ઉમ્મરના આ વકીલનું આગમન જરા ધૃષ્ટ હતું. ૧૮૯૯ માં ડાકોરજીના કેસમાં એ વિલાયત ગયા. થોડા વખતમાં ઓરિજિનલ સાઈડમાં પણ ચીમનભાઈ અગ્રણી ગણાવા લાગ્યા.

મિજાજી ન્યાયમૂર્તિ કૅન્ડી જોડે તે આથડી પડયા. એ ન્યાયમૂર્તિ હાઈકોર્ટમાં આવ્યા અને એક અગત્યની અરજી કરવા ચીમનભાઈ તેમના ચેમ્બરમાં ગયા. ન્યાયાધીશ તરત જમીને ઊઠયા હતા અને ઊભા ઊભા સિગાર ફૂંકતા હતા. ઓરિજિનલ સાઈડનો વિનયથી કૅન્ડી અજાણ હતો. ન પોતે બેઠા કે ન ચીમનભાઈને તેમણે બેસવાનું કહ્યું. ચીમનભાઈ સ્વસ્થતાથી ખુરસી પર બેસી ગયા.

ન્યાયમૂર્તિએ ગુસ્સે થઈ અપમાનકારક રીતે પૂછયું: “ હું ઊભો છું ને તમે બેસી કેમ ગયા ? ”

આંખની એક પલક પણ ફરકી નહિ ને ચીમનભાઈએ નિરાંતે કહ્યું: “ હું બહુ દિલગીર છું. પણ મેં જાણ્યું કે તમે બેસી જશો. હવે તમે બેસી જઈ શકો છો. ” ન્યાયમૂર્તિ કૅન્ડી બેસી ગયા ને અરજી સાંભળી.

ન્યાયમૂર્તિએ કરેલું અપમાન સાંખવા ચીમનભાઈ તૈયાર ન હતા. તેમણે મુખ્ય ન્યાયાધીશ સર લૉરેન્સ

જેન્કિન્સ પાસે જવાનો વિચાર કર્યો અને તે વખતના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી મેકફર્સનને વાત કરી. તેણે કહ્યું: "સેતલવાડ, આની ચિંતા કરશો નહીં. કેન્ડીએ સભ્યતા પાળવાનો ગુનો કદી કર્યો હોય એમ જાણ્યું છે?"

ચીમનભાઈ મુખ્ય ન્યાયાધીશ જેન્કિન્સ પાસે ગયા ને વાત કરી. તેણે કેન્ડીને વાત કરી હશે, એટલે કેન્ડીએ પોતાના ચોપદારને ચીમનભાઈને તેડવા મોકલ્યો. ચીમનભાઈએ કહ્યું: "તારા સાહેબને મારું કામ હોય તો કહે કે ચિઠ્ઠી લખીને મને બોલાવે."

તરત ચોપદાર ચિઠ્ઠી લઈ આવ્યો. ચીમનભાઈ કેન્ડીને મળવા ગયા. કેન્ડીએ પોતાની વર્તણૂક માટે માફી માગી.

કેન્ડીના મિજાજની વાત તો એ નોકરીમાંથી છૂટા થઈ વિલાયત ગયા ત્યારપછી પણ સાંભળવામાં આવતી.

લંડનમાં બંધ કોલરનો રેલવેના અમલદારો પહેરે છે તેવો ટૂંકો કોટ પહેરી વોટરલૂના સ્ટેશન પર આગગાડીની રાહ જોતા એ ફરતા હતા. એટલામાં કોઈ જુવાન ફક્કડ મોર્નિંગ કોટ ને ટોપહેટમાં ત્યાં આવ્યો. તેણે કેન્ડીને ઊભા રાખ્યા ને પૂછ્યું: "સ્ટેશન-માસ્તર, હવે પછીની ગાડી ક્યારે આવે છે?"

મુંબઈની હાઈકોર્ટના માજી ન્યાયમૂર્તિ ગારવભંગ

થઈ ગુસ્સામાં જોઈ રહ્યા અને ઉગ્ર અવાજે બોલ્યાઃ

"તમે શું સમજો છો? હું સ્ટેશન–માસ્તર નથી."

આ માજી ન્યાયમૂર્તિના રોષની અસર આ ફક્કડ જુવાન પર ભાગ્યે જ કંઈ થઈ. તેણે ઠંડે પેટે એક આંખનું ચશ્મું (Monocle) આંખે ચડાવ્યું. માજી ન્યાયમૂતિને માથાથી પગ સુધી તિરસ્કારપૂર્વક નિહાળ્યા; અને શાંત અવાજે કહ્યું: "તમે સ્ટેશન–માસ્તર નથી? ખરેખર નથી? તો શા માટે સ્ટેશન–માસ્તર જેવા દેખાઓ છો?"

માજી ન્યાયમૂર્તિના પદની પરવા વિના પેલો ફક્કડ જુવાન ચાલ્યો ગયો, ને કેન્ડી હતા ત્યાં ઊભા રહી ગયા!

ચીમનભાઈ પહેલેથી અનેક વિષયના રસિયા છે; Versatile છે. એમણે જુવાનીમાં એકબે અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતી અનુવાદ કર્યો હતો. સર ફિરોજશા મહેતાના એ જમણા હાથ હતા—ધારાસભામાં, મુંબઈની મ્યુનિસિપાલિટીમાં અને મુંબઈના વિશ્વવિદ્યાલયમાં.

૧૮૯૭ થી ૧૯૧૫ સુધી એ મુંબઇ વિશ્વવિદ્યાલયના પ્રતિનિધિ તરીકે મુંબઈની ધારાસભામાં રહ્યા.

૧૯૦૨ થી ૧૯૨૧ સુધી મ્યુનિસિપાલિટીની શાળા સમિતિના પ્રમુખ રહી એમણે મુંબઈમાં પ્રાથમિક શિક્ષણનો પાયો નાખ્યો. ૧૯૧૫ માં ગોખલેને સ્થાને

એ મધ્યસ્થ ધારાસભામાં ચૂંટાયા. ૧૯૧૭ માં એ મુંબઈની વિશ્વવિદ્યાલયના વાઈસ–ચાન્સેલર થયા, તે પદે ૧૯૩૦ સુધી કામ કર્યું, અને એ સંસ્થાને સુદૃઢ કરી. ૧૯૧૮ માં નવા સુધારા અમલમાં મૂકવાની સમિતિમાં એમણે કામ કર્યું. ૧૯૧૯ માં હન્ટર સમિતિના સભ્ય થયા. ૧૯૨૦ ના ઑક્ટોબરમાં ન્યાયાસનેથી નિવૃત્ત થઈ નવી મધ્યસ્થ ધારાસભામાં ગયા. ૧૯૨૩ માં એ મુંબઇ સરકારના મંત્રીપદે આવ્યા. ૧૯૧૩ માં એમણે જિન્દગીના વીમાની કંપની કાઢવામાં મદદ કરી, ૧૯૧૯ માં આગના વીમાની કંપની કાઢી. આજે બન્ને કંપનીના એ પ્રમુખ છે. ૧૯૨૨ પછી અમે ઘણા નિકટ પરિચયમાં આવ્યા. પણ એ કથા તો ૧૯૨૨ પછીની જીવનકથા લખાય તેમાં પ્રસ્તુત બને.

હું હાઈકોર્ટમાં આવ્યો ત્યારે ચીમનભાઈ આજથી ઘણા જુદા લાગતા. એ લાંબો કોટ ને ભરૂચી પાઘડી પહેરતા. હમેશાં હાથમાં છત્રી તો હોય જ. તેને એ ઉઘાડતા કે નહિ તે બહુ થોડા જાણતા. પછી એમણે યુરોપીય પહેરવેશ પહેરવા માંડયો નહોતો. એમની મોટી ભરાવદાર મૂછોએ હજી ચાર્લિ ચેપ્લિનની મૂછોનું કસરિયા અનુકરણ આરંભ્યું નહોતું. એમના માથાના વાળ તો ૧૯૧૩ માં જોયેલા તેવા જ આજેય કાળાભમ્મર છે. ઉમ્મર વધ્યે પરમેશ્વર બીજાનાં માથાં ભલે સફેદ વાળવાળાં કરે, ચીમનભાઈ એને ફાવવા

ટે એમ નહોતા ને નથી. ચીમનભાઇ आत्मन्येवात्मनातुष्टः છે. પોતાની શક્તિનું માપ એ બરાબર જાણે. એમના અભિપ્રાયો સ્પષ્ટ ને સુરેખ. એમનો જીવનક્રમ પોતે નક્કી કર્યો હોય તે જ. બધું એની મેળે થઈ રહેશે— Things will adjust themselves–એ એમનું પ્રિય સૂત્ર. કૉર્ટમાં ગમે તેટલી દોડાદોડી થાય, પણ એ તો ધીર ગંભીર ચાલતા હોય તેમ જ ચાલે. ન્યાયાધીશ કૂદાકૂદી કરે પણ એ તો જે રીતે પોતાના મુદ્દા મૂકવાના હોય તેમ જ મૂકે.

એક વખત મુખ્ય ન્યાયાધીશ મેક્લાઉડે એ બોલતા હતા તેનાથી બીજા જુદા મુદ્દા પર આવવા કહ્યું.

“નામદાર, થોભો, હું મારા ક્રમ પ્રમાણે એ મુદ્દા પર આવું છું.”

“પણ એ મુદ્દા પર તમારે શું કહેવું છે?” મેક્લાઉડે પૂછ્યું.

“દરેક મુદ્દા એના ક્રમ પ્રમાણે.” કહી ચીમનભાઈએ એમની ગોઠવેલી રીતે જ પોતાના મુદ્દાઓ રજૂ કર્યા.

મેં જોયેલા ધારાશાસ્ત્રીઓમાં ખરું શાસ્ત્રીય ગૌરવ ને અદાલતને યોગ્ય વાક્પાટવ તો ચીમનભાઇનું જ. સૂરજમલ્લ વિરુદ્ધ હોર્નિમેનની[૧] અપીલમાં દિવસો સુધી એમણે બદનક્ષીના કાયદાની સમીક્ષા કરી.

૧ 120 Bombay Law Reporter P. 184.

હોર્નિમેને 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી તરીકે સૂરજમલ્લ સૉલિસિટર પર ટીકા કરી હતી. સૂરજમલ્લે બદનક્ષી માટે, હોર્નિમેન પર નુકસાનીનો દાવો માંડ્યો. પહેલી કૉર્ટમાં ન્યાયાધીશ મેકલાઉડે સૂરજમલ્લને ત્રણ હજારની નુકસાની ને ખર્ચ અપાવ્યો. અપીલમાં મુખ્ય ન્યાયાધીશ સ્કૉટ અને ન્યાયાધીશ હિટન વચ્ચે મતભેદ પડ્યો. પરિણામે કામચલાઉ મુખ્ય ન્યાયાધીશ બેચલર, ન્યાયાધીશ બીમન અને ન્યાયાધીશ માર્ટિન આગળ ફરીથી સુનાવણી થઇ. સ્ટ્રૅંગમેન સૂરજમલ્લ તરફથી અને ચીમનભાઈ હોર્નિમેન તરફથી હાજર થયા. ને ઘણા દહાડા મુકદ્દમો ચાલ્યો.

ચીમનભાઇનો બચાવ એ હતો કે હોર્નિમેને લેખ લખ્યો તે શુદ્ધ બુદ્ધિથી કરેલી ટીકા હતી, બદનક્ષી નહોતી.

સિદ્ધાન્તની વિશુદ્ધિ અને તેની રજૂઆતની અપૂર્વ ચોકસાઇથી ભરેલું એ વ્યાખ્યાન ત્રીસ વર્ષના મારા અનુભવમાં હું અદ્વિતીય લેખું છું.

ચીમનભાઈ મુકદ્દમો જીતવા માટે સસ્તાં સાધનોનો ઉપયોગ કરતા નથી. અસીલ કે સૉલિસિટર ખુશ રહે એ કારણે એ કોઈ રીતનો સ્વીકાર કરતા નથી. નામદારોને બહેલાવવાની પદ્ધતિને એ અધમ લેખે છે. એમની બુદ્ધિના પ્રભાવથી ને મનુષ્યસ્વભાવના જ્ઞાનથી એ કૉર્ટને વશ કરવા માગે છે. સામા પક્ષ

તરફ એ હમેશાં વિનય દાખવે છે. કાચા બૅરિસ્ટરની નબળાઈનો લાભ લેતા મેં એમને કદી જોયા નથી.

કેટલાક મોટા મુકદ્દમાઓમાં એ મારા સિનિયર હતા. અને સિનિયર તરીકે એ હમેશાં પ્રોત્સાહક તેમજ વિશ્વાસુ ને વિશ્વસનીય બને છે. પણ એમના જુનિયર થનારે બહુ ધ્યાન રાખવું પડે. એ તો સામ્યવાદી કામગાર. અઠવાડિયામાં પાંચ દહાડા ને તે પણ પાંચ કલાકથી વધારે કામ કરવું એમને સદાય વર્જ્ય.

જુનિયર તરીકે આખો મુકદ્દમો મારે પહેલેથી તૈયાર કરવો પડે. રોજ રાતના સાડાનવ વાગે જમીને ચીમનભાઈ કૉન્ફરન્સ કરે. કાગળ અને પેન લઈ તૈયાર થઈ જાય. હું મારી નોંધમાંથી બધી વિગતો ને મુદ્દાઓ કહેતો જાઉં. એમની તીક્ષ્ણ દૃષ્ટિથી તે સાંભળે, સંશોધે, છણે, સ્વીકારે, ફેંકી દે. પછી પોતાની વ્યવસ્થિત રીતે બધું નોંધમાં લખી લે, અને બ્રીફ વાંચ્યા વિના એ નોંધ પરથી બીજે દહાડે કેસ ચલાવે. એ નોંધમાં પાદપૂર્તિની જરૂર પડે તો જુનિયરે કૉર્ટમાં કરવાની.

એમનું મગજ વ્યવસ્થિત રીતે કામ કરે. જે વસ્તુ એમાં ગોઠવાઈ ગઈ હોય તે બરાબર યોગ્ય સમયે ને યોગ્ય રીતે જ નીકળે. વિચારસંભ્રમની તો શકયતા જ નહીં. એટલે થોડી મહેનતે એ વધારે સારું પરિણામ લાવી શકે.

કોઇ વાર તો એ કહેઃ " મુનશી, આટલી નોટ કાલે પાંચ કલાક ચાલશે; હવે કાલે રાતે વાત." અને ઘણુંખરું એમનો અડસટ્ટો ખરો પડે.

એક વાર એક ન્યાયાધીશે જાણ્યેઅજાણ્યે એમને હંફાવ્યા. નોંધમાં લખ્યું હતું તે ચાર વાગ્યે પૂરું થઈ ગયું. ન્યાયાધીશ આગળની વાત પૂછે. ચીમનભાઈની નોંધમાં આગળ કંઈ મળે નહીં. ત્યાં ને ત્યાં હું એમને કહું ને એ મુદ્દાઓ રજ કરે, એ તો બને જ ક્યાંથી ? ચીમનભાઈએ મને કાનમાં કહ્યુંઃ " મુનશી, નોંધ તો પૂરી થઈ ગઈ છે."

એ શું કરશે તેની મને ચિંતા થવા લાગી, પણ એમનું તો રૂવું પણ શાનું ફરકે ?

ન્યાયાધીશે કંઈ કહ્યું તેનો લાભ લઈ તેમને જુદી રીતે સમજાવવા માંડયા. પહેલાં એક વાર કહેલી વાતો જ નવે સ્વરૂપે નવી સંકલનામાં રજૂ કરી. ન્યાયાધીશને ખબર ન પડી કે ચીમનભાઈની તિજોરીનું તળિયું આવી લાગ્યું હતું ને એટલામાં સાડાપાંચ થઇ ગયા.

એમની નોંધમાં જે સામગ્રી હોય તેને આધારે મોટા ન્યાયાધીશોને પણ દુષ્પ્રાપ્ય એવી શાસ્ત્રીય ચોકસાઈથી એ મુદ્દાઓ રજ કરે. એમની વ્યવહારબુદ્ધિ, વિશાળ અનુભવ, અને સિદ્ધાન્તોનું જ્ઞાન જે ખોટ હોય તે પૂરી કરે. એમણે ન રજૂ કર્યા હોય

એવા મુદ્દાઓમાં કંઈ તત્ત્વ જ નહોતું એવી છાપ પાડવાની પણ એમનામાં કલા ખરી.

૧૯૨૦ માં એ હાઈકોર્ટના ન્યાયાધીશ થયા—થોડા વખત માટે જ. મેં ઘણા ન્યાયાધીશો જોયા છે પણ ચીમનભાઈની જોડ જોઈ નથી. એ ન્યાયાસને હોય એટલે તમારો ભાર હલકો થઈ જાય. આડંબર નહીં, મિજાજ નહીં; અધીરાઈ નહીં; એ તમારી મુશ્કેલી સમજે, તમારી ક્ષતિઓ સુધારે, જાણે ઘરમાં બેસી વાત કરતા હો એવી નિરાંત એમની આગળ તમને લાગે. દુનિયાના ખાધેલ એટલે એમની આગળ કોઈનો આડંબર ન ચાલે, અને વાતનું રહસ્ય એ તરત પકડી પાડે.

આદર્શ ન્યાયાધીશને શોભે એવી રીતે પોતાનો અભિપ્રાય એ ઠેઠ છેવટે જ બાંધે.

એ ન્યાયાસને બેઠા ત્યારે એમનો સત્કાર કરવા થયેલા વ્યાખ્યાનના જવાબમાં એમણે સૂત્ર ઉચ્ચાર્યું: 'ન્યાય કરવો એટલું પૂરતું નથી, જગતે જાણવું જોઈએ કે ન્યાય મળે છે.'

આદર્શ ન્યાયાધીશ માટે આથી વધારે ઉચ્ચ મુદ્રાલેખ શો હોઈ શકે ?

કોણ જાણે કેમ પણ મુંબઈના ગુના કરનારાઓનાં હૃદયમાં હું વસ્યો જ નહીં. હું પાસ થયો ને થોડા દિવસમાં પંદર રૂપિયા આપી એક માણસ મને

પોલીસચોકી પર લઈ ગયો. મૌલવી સાહેબને મારી લાયકાતમાં શ્રદ્ધા હતી, એ તો મેં જણાવી દીધું. પછી સાત વર્ષે એક ખૂનના આરોપીને મારી વકાલતમાં એકાએક શ્રદ્ધા પ્રગટી. ચીમનભાઈ ફોજદારી કોર્ટમાં બેઠા ત્યારે જ એ કેસ મારી પાસે કેમ આવ્યો એ મને હજુ સમજાયું નથી. ન્યાયાધીશની અને મારી બન્નેની પાઘડી ભરૂચી હતી, એ કારણ પણ હોય તો નવાઈ નહીં!

મારા અસીલ સામે એવો આરોપ હતો કે તેણે પરેલની ચાલમાં સમીસાંજે એક માણસનું ખૂન કર્યું હતું. બે ગુંડાઓના પક્ષ વચ્ચે વિરોધ અને મારો અસીલ એક પક્ષ સાથે સંબંધ ધરાવતો હતો, એટલે એનું ભાવિ કાળુંભમ્મર જેવું. પણ એના શેઠે એને બચાવવાનો નિશ્ચય કર્યો હતો. મેં કહ્યું: "અસીલ નહીં બચે."

શેઠ કહે: "સાહેબ, બચાવવાનો રસ્તો બતાવો. મારો માણસ તે વખતે પરેલની ચાલમાં હતો જ નહીં."

મેં તેને સાબિતી લાવવાનું કહ્યું. શેઠે તનતોડ મહેનત કરી, અને અસીલ, પાંચ કલાક સુધી જુદે-જુદે સ્થળે જુદાજુદા માણસો જોડે કંઈ ને કંઈ કરતો હતો, એવી જુબાની લખીને વકીલ દ્વારા મારા હાથમાં મૂકી.

ચીમનભાઈ તો પહેલેથી મારી વિરુદ્ધ લાગતા હતા. જ્યારે—alibi—ગેરહાજરીનો બચાવ મેં કરવા માંડયો, એટલે એ બોલી ઊઠયાઃ "જ્યુરી આગળ છેલ્લું ભાષણ કરવાનો તમારો હક્ક આથી જતો રહેશે, એ જાણો છો?"

"હા, જી." મેં ઉત્તર આપ્યો.

ચીમનભાઈને લાગ્યું હતું કે સરકાર તરફની જુબાની સચોટ હતી અને એનો જવાબ ન હોઈ શકે. મેં અમારા સાક્ષીઓને બોલાવ્યા. એકપછી એક પાંચ છ સારા માણસોની જુબાની રજૂ થઈ. દરેક સાક્ષી પર ચીમનભાઈ વાઘની માફક કૂદે ને તેને ચૂંથી નાખે, પણ કોઈ એકનું બે થાય નહિ. હું તો માનીને જ બેઠો હતો કે આટલા પૂર્વગ્રહ પછી ચીમનભાઈ આરોપીનો ભુક્કો કરી નાખવાના. છેલ્લો સાક્ષી આવ્યો, અને ચીમનભાઈએ પૂર્વગ્રહ છોડી દીધો અને મારા અસીલની નિર્દોષતાની તરફેણમાં એમણે જ્યુરીને સચોટ સંબોધન કર્યું.

મારો અસીલ છૂટી ગયો. ચીમનભાઈ જેવા ન્યાયપુરઃસર તુલના કરનાર ન્યાયાધીશ ન હોત તો એ લટકી જાત!!

જલિયાનવાલા બાગમાં જનરલ ડાયરે કરેલી કતલની તપાસણી કરવા હન્ટર સમિતિ નિમાઈ, ત્યારે ચીમનભાઈ તેના સભ્ય હતા. એ સમિતિ આગળ

જનરલ ડાયર અને બીજા સાક્ષીઓની ભયંકર અને અન્વેષણાત્મક ઊલટતપાસ એ ચીમનભાઈની શક્તિની પરાકાષ્ટા હતી.

એમની ઊલટતપાસનું મુખ્ય લક્ષણ ભીષણ સખ્તાઈ. સાંણુસાની માફક એમના સવાલો સાક્ષીને ભીડી લે. હંટર કમિટિનો પ્રમુખ લૉર્ડ હન્ટર પહેલાં તો સ્વતંત્ર વિચારનો હતો, પણ લાહોર જઈને એ બદલાયો. ચાર અંગ્રેજો એક તરફ અને ત્રણ હિન્દીઓ બીજી તરફ, અને તેમના અગ્રણી ચીમનભાઈ. આખરે રિપોર્ટ લખવા બધા આગ્રા જઈને એક બંગલામાં રહ્યા. બે પક્ષનો અંગત સંબંધ પણ બગડ્યો. સાથે જમવાનું પણ તેમણે છોડયું. એક વખત વાત કરતાં હન્ટર ગરમ થઈ ગયો. તેણે ચીમનભાઈને કહ્યું: “તમારે અંગ્રેજોને દેશ બહાર કાઢવા છે?”

ચીમનભાઈએ જવાબ આપ્યો: “જરૂર, જો અંગ્રેજોના પ્રતિનિધિઓ તમારા જેવા હોય તો!”

અંગ્રેજોએ વધુમતિ રિપોર્ટ લખ્યો. લઘુમતિ રિપોર્ટ પર દેશીઓએ સહી કરી. એ રિપોર્ટ પણ ઘણોખરો ચીમનભાઈએ લખ્યો હતો.

ચીમનભાઈનો સ્વભાવ સદાય રંગીલો, ભરૂચી. લગભગ એંશી વર્ષે આજે પણ એમનો આત્મા જુવાન છે. હાઈકૉર્ટની લાયબ્રેરીમાં બેસી નવા ધારાશાસ્ત્રીના ઉત્સાહથી એ ગપ્પાં મારી શકે, ટુચકાઓ કહી

સંભળાવે, મશ્કરી ચાલતી હોય તો તેમાં રસ લે; પોતે મશ્કરીના વિષય બનતા હોય તો પણ આનંદ લે; ધારાશાસ્ત્રીઓની પ્રતિષ્ઠાની વાત આવે તો હજી પણ લડે. મુંબઈ ધારાશાસ્ત્રીમંડળના એ ભીષ્મપિતામહ બધાની પ્રશંસા, માન અને સદ્ભાવના ઘણી. ભૂલાભાઈ પણ એમને ગુરુ માનતા, એટલે મારે મન તો એ **गुरूणां गुरुः** !

૧૯૨૭ માં, લીલા અને હું પરણ્યાં પછી થોડે દહાડે મસૂરીની હોટલમાં ગયાં હતાં. અમે બપોરે જમતાં હતાં ત્યાં અચાનક ચીમનભાઇ આવ્યા. આવીને, એ અમારા ટેબલ પર બેઠા. લીલાએ મારી પાસેથી એમને વિષે ઘણી વાતો સાંભળી હતી, પણ એમને જોયા પહેલી વાર. ચીમનભાઈએ તો ખૂબ રસથી વાતો કરવા માંડી. અમે છૂટાં પડયાં પછી લીલાએ કહ્યું:

"આ ચીમનભાઈ? મેં તો ધાર્યું હતું કે કેવાય ગંભીર ને ઘરડા હશે!"

મેં કહ્યું: "ચીમનભાઈની ઉંમર ગમે તેટલી હોય પણ એ તો સનાતન યુવક છે!"

એક ગંભીર ને વૃદ્ધ ડોસી જમવા વખતે અમારા ટેબલ પર અમારી સાથે બેસતાં. એમણે પણ વૃદ્ધ એવા આ યુવકની હળવી વાતોથી ગભરાઈ જઈ અમારી સાથે ન બેસવાનો સંકલ્પ જાહેર કર્યો! વાર્ધક્ય ઉંમર પર અવલંબતું નથી; જીવન માણવાની

અશક્તિ પર અવલંબે છે.

રાજકારણમાં ચીમનભાઈના અને મારા રસ્તા જુદા જ રહ્યા છે. એ તો ફિરોઝશાહી હતા ને છે. હું ફિરોઝશાહી સંપ્રદાયનો બાળપણથી વિરોધી. ૧૯૧૯થી ચીમનભાઈએ કોંગ્રેસ છોડી અને નેશનલ લિબરલ ફેડરેશનના અગ્રણી થયા. મેં તો ૧૯૧૫ થી ૧૯૨૦ સુધી એની બિસેન્ટ અને ઝીણાના નેતૃત્વ નીચે કોંગ્રેસમાં કામ કર્યું. પણ રાજકારણ અંગેનો મતભેદ અમારા અંગત સંબંધની વચ્ચે કદી આવ્યો નહિ. ૧૯૨૭–૨૮થી હું ગાંધીજીના પ્રભાવમાં તણાયો. ગાંધીજી અને ચીમનભાઈ છેલ્લાં ત્રીસ વર્ષના મોટામાં મોટા ગુજરાતીઓ. બન્નેના સ્વભાવ વચ્ચે મૂળભૂત વિસંવાદ. ગાંધીજીની વ્યાવહારિકતા એમની જ્વલંત ભાવનાશીલતાની દાસી છે, જ્યારે ચીમનભાઈનું વહેવારિયાપણું એકચક્રે રાજ્ય કરતી સામ્રાજ્ઞી છે.

હું ચીમનભાઈને માટે માન અને હેત ધરાવું છું એ કોંગ્રેસમાંના મારા ઘણા સહયોગીઓને ગમતું નહોતું. એ વિષે ટીકાઓ પણ થતી, 'તમારા સેતલવાડ શું કહે છે?' એવા ડંખીલા પ્રશ્નો મારે ઘણી વાર સાંભળવા પડતા.

ચીમનભાઈ જાણે છે કે હું ગાંધીજીનો ભક્ત છું. ગાંધીજી જાણે છે કે ચીમનભાઈ મારે મન કુટુંબી વડીલ સમા પૂજ્ય છે. અંગત સ્નેહસંબંધો હું તોડી

શકતો નથી. સ્નેહસંબંધ એ તો જીવનની સુવાસ છે—પૈસાથી, વિવેકથી, ને પક્ષાપક્ષીથી પર. મારા આ સિદ્ધાંતથી કેટલાકને મારામાં અસંતોષ ને અવિશ્વાસ ઊપજ્યા છે, પણ તેનું મને દુઃખ નથી.

૧૩

૧૯૧૪–૧૫ માં એક દિવસ હું હાઇકોર્ટને બીજે દાદરે આવવા નીચે લિફ્ટ પાસે ઊભો હતો, ત્યાં દીનશા મુલ્લાં આવ્યા. એમણે પૂછ્યું: "તમે જ મુનશી કે?"

"હા," મેં કહ્યું.

"તમારી દાવાઅરજીનો હું જવાબ લખતો હતો. મારા ધન્યવાદ. તમે દાવાઅરજી સરસ લખી હતી."

મીઠાશ પીરસવાની એમની ખૂબી ન્યારી હતી. અને એમની મીઠાશ પણ ઠાલી નહીં; મુશ્કેલી આવી પડે ત્યારે પૂરેપૂરી મદદરૂપ બને એવી. એમણે મને ખરેખર ધન્યવાદ આપ્યા હતા કે માત્ર ઓળખાણ કરવા શિષ્ટાચાર કર્યો હતો એ કહેવું અઘરું હતું, પણ આત્મશ્રદ્ધા વિનાના રઝળતા નવા બૅરિસ્ટરને કોઈ સિનિયર આમ એકાએક અભિનંદન આપે તો તેના જીવનમાં કેટલો ફેર પડી જાય તેની મને ત્યારે જ ખબર પડી.

ન્યાયવાદી કરતાં એ ન્યાયાધીશ તરીકે વધારે સફળ થયા. ન્યાયાધીશ કરતાં કાયદાના સિદ્ધાંતોના ટીકાકાર તરીકે એ વિશેષ પંકાયા. એ વકાલત કરતા ત્યારે એમને મુકદ્દમો ચલાવવા કરતાં ખરડા તૈયાર કરવાનું કામ ઘણું ગમતું. સાંજે પોતાના ચેમ્બરમાં એ કૉન્ફરન્સ કરે ત્યારે બધા 'ભૂતો'ને એ સાથે જ રાખતા અને દરેકને રસ પડે એવું કાંઈને કાંઈ કામ સોંપતા. એમના શિષ્યો અને એમની વચ્ચે અદ્ભુત સ્નેહ હતો. ખરું જોતાં, આખા 'બાર'માં એમનું જ ખરું ગુરુકુળ હતું.

ન્યાયાધીશ તરીકે એમના સમોવડિયા મેં બહુ થોડા જોયા છે. એમનાથી સારા ક્વચિત જ. ખાસ કરીને વ્યાપાર અંગેના મુકદ્દમાઓમાં એ ઊંડો રસ લેતા. એમની આગળ એક મુકદ્દમો ચલાવ્યાનું મને સાંભરે છે.[1] દિવસો સુધી, માલ ક્યારે વેચ્યો ગણાય, રેલ્વે રિસીટનું શું પરિણામ, મુસાફરીમાં માલ કોનો, વગેરે બાબતોની ચર્ચાઓમાં અમે ડૂબી ગયા હતા.

દીનશાજી જ્યાં જતા ત્યાં લોકપ્રિય થઈ પડતા. જ્યારે ધારાશાસ્ત્રીઓનું જમણ થાય ત્યારે એમની વાતો ઉપર અમે હસી હસીને વાજ વળીએ.

દીનશાજીએ પણ ગરીબાઈમાં જીવન શરૂ કરેલું.

1. *Ford Automobiles Ltd. vs Delhi Motor and Engineering Company.* 24, Bombay Law Reporter 1140.

પહેલાં એ માસ્તર હતા અને કોલેજમાં શીખવાતી ચોપડીઓ પર વિવરણ લખી, પ્રગટ કરતા. એ કવિ પણ હતા. એમણે રુસ્તમ ને સોરાબના કિસ્સા પર અંગ્રેજીમાં એક લાંબું કાવ્ય લખીને અંગ્રેજ રાજકવિ ટેનિસન પર અભિપ્રાય માટે મોકલ્યું. દિવસો પર દિવસો થયા, પણ જવાબ ન આવ્યો. આ ઊગતા કવિને જવાબની તાલાવેલી થઇ. આખરે જવાબ આવ્યો ખરો. દીનશાજી તો ખુશખુશ થઈ ગયા. એમણે પરબીડિયું ખોલ્યું. ટેનિસને લખ્યું હતું: 'કવિતા વાંચી. તમે કાવ્યો લખો છો કે સૉલિસિટરનો ધંધો કરો છો? ધારાશાસ્ત્રીના ધંધામાં તમને સફળતા ઇચ્છું છું.'

ફેશનપૂજક સીમલામાં પણ એ બહુ લોકપ્રિય થયા હતા. ૧૯૨૯માં હું ત્યાં હતો ત્યારે અમે ઘણી વાર મળતા. એક વાર ન્યાયમંત્રી સર વ્રજેન્દ્ર મિત્રને ત્યાં અમે બધા જમવા ભેગાં થયાં હતાં. જમ્યા પછી સંગીત શરૂ થયું. આખરે દીનશાજી રસાકસીમાં ઊતર્યા. લેડી દીનશા પિયાનો વગાડવા બેઠાં ને દીનશાજીએ 'ગજરા બેચનવાલી નાદાન, એ તેરા નખરા....' એવાં બે ચાર ગાયનો ચલાવ્યાં. ને બધાં હસીહસીને ઢગલો થઈ ગયાં.

મુંબઈના બધા ધારાશાસ્રીઓમાં સંગીન કામ કરી ગયા હોય તો તે દીનશાજી. એમણે કાયદાના

મોટામોટા નિબંધો પર વિદ્વત્તાપૂર્ણ ટીકાઓ લખી છે. આજે પણ એમનાં પુસ્તકો દરેક કોર્ટમાં ઉપયોગમાં આવે છે. હિંદુ વિધવાઓના તો એ તારણહાર થઈ ગયા. પ્રિવી કાઉન્સીલમાં એ ન્યાયાધીશ હતા ત્યારે એમણે ચુકાદો આપ્યો કે હિંદુ વિધવા સંયુક્ત કુટુંબોના પુરુષોની રજા વગર છોકરો દત્તક લઈ શકે છે. આ ચુકાદાથી હિંદુ વિધવાની નિરાધાર સ્થિતિમાં ઘણો આવકારદાયક ફેરફાર થઈ ગયો.

૧૪

સર લલ્લુભાઈ આશારામ શાહ અજોડ ન્યાયાધીશ હતા. એમની નૈતિક મહત્તા અને પ્રબળ ન્યાયવૃત્તિએ મારા પર ઘણી ઊંડી અસર કરી હતી. એટલું જ નહીં પણ ન્યાયવાદીનું પ્રથમ લક્ષણ નિખાલસતા હોવું જોઈએ એ એમની કોર્ટમાં કામ કરતાં કરતાં હું શીખ્યો.

લલ્લુભાઇ તા. ૪થી ફેબ્રુઆરી ૧૮૭૩માં અમદાવાદ પાસે આવેલા વિસલપુર ગામમાં એમના મોસાળમાં જન્મ્યા હતા. આશારામભાઇ તે વખતે મોરબી સ્ટેટની નિશાળના હેડમાસ્તર હતા. ગુજરાત કોલેજમાં ૧૮૯૦માં ઐચ્છિક વિષય તરીકે ફારસી ભાષા લઈ એ બી.એ. થયા. ધીરજલાલ મથુરાદાસ સ્કોલરશીપ મેળવી અને એ જ કૉલેજમાં દક્ષિણા ફેલો તરીકે કામ કર્યું. ઈ. સ. ૧૮૯૨ માં એમ. એ. ની પરીક્ષામાં એ પ્રથમ વર્ગમાં

આવ્યા. ૧૮૯૪ માં એલએલ. બી. થયા ને ૧૮૯૫ માં એમણે હાઇકોર્ટમાં વકાલત શરૂ કરી.

ઓગણીસમે વર્ષે એ એમ. એ. થયા ત્યારે એમના પિતાએ એમને વિલાયત આઈ. સી. એસ. થવા મોકલવાનો વિચાર રાખેલો પણ એમની માતાની અનિચ્છાથી એ વિચાર માંડી વાળેલો. એ જ વર્ષે પ્રોવિન્સિયલ સિવિલ સર્વિસમાં બેસવાની લલ્લુભાઇએ તૈયારી કરી, પણ એમના ભાઈની માંદગીને અંગે એમની આશા સિદ્ધ થઈ નહીં. વકાલત શરૂ કર્યા પછી એમણે મુનસફ થવા માટે અરજી કરી. ત્રણ વર્ષ પછી જ્યારે એ અરજીને પરિણામે નિમંત્રણ આવ્યું ત્યારે મુંબઈમાં ધંધો જામી ગયેલો હોવાથી, તેમણે ના પાડી.

૧૯૦૭ માં હું મુંબઈ આવ્યો તે વખતે વિલ્સન હાઈસ્કૂલની સામે એમના ઘર આગળથી જતાં આવતાં, એ કેવી સ્થિતિમાં મુંબઈ આવ્યા હતા અને કેવો ધંધો કરતા હતા એ વિષેની મિત્રો સાથે વાતો કરી, મુશ્કેલીઓના ભારથી ડૂબું ડૂબું થતા મારા હૃદયમાં હું આશા સીંચતો.

એક વખત થોડા મહિના રહીને, ફીઝીમાં વકાલત કરતા મણિલાલભાઈને મળવા હું એમને ત્યાં ગયો. મેં પહેલી વાર લલ્લુભાઈને જોયા. ધોતિયું ને પહેરણ પહેરી, ખુરશી પર પલાંઠીવાળી તે બેઠા હતા. એમનું શરીર રુષ્ટપુષ્ટ હતું. આ લલ્લુભાઈ શાહ !

ભરૂચ અને સૂરતના મહાપુરુષોના રહેવાના ફાંકડાપણાથી હું પરિચિત હતો, પણ આ ઘરની સામગ્રી જોઈ હું ઘડીભર નિરાશ થયો.

મને જોઈ લલ્લુભાઈએ કાગળોમાંથી મોં ઊંચું કરી પૂછયું, "ભાઈ, કોનું કામ છે?"

"મણિલાલભાઈનું," મેં કહ્યું. "ઘરમાં છે?"

"બેસો, હમણાં જ આવશે. તમારું નામ શું?"

"કનૈયાલાલ મુનશી."

લલ્લુભાઈના માયાળુ મુખ પર જરા હાસ્ય આવ્યું. એમણે પૂછયું: "ભરૂચના મુનશી કે સૂરતના?"

સૂરત અને ડુમસમાં રહ્યાં છતાં પણ સૂરતના બાહોશ મુનશીઓની ખ્યાતિથી હું અજાણ હતો. મને એમના પ્રશ્નનો ભેદ સમજાયો નહીં. મેં કહ્યું: "હું, ભરૂચનો."

"ત્યારે તો અધુભાઇ મુનશીના સગા હશો!"

મેં હા કહી.

સર નારાયણ ચંદાવરકરના ખાલી પડેલા હાઇકોર્ટના ન્યાયાસને તા. ૧લી એપ્રિલ ૧૯૧૩ને દિવસે લલ્લુભાઇ બેઠા. તે વખતે સ્વ. ભાઇ વિભાકર અને હું, હાઈકોર્ટમાં થોડા દિવસ થયા જ જોડાયા હતા. ગુજરાતી ગૃહસ્થ હાઈકોર્ટના ન્યાયાસને બેસે એ ગૌરવપ્રદ બનાવ જોવા અમે બંને ગયા હતા.

એમને અભિનંદન આપવા સમારંભ પણ યોજાયેલો એમ મારી નોંધપોથી કહે છે.

૧૯૨૦ પછી, સર નૉર્મન મેકલાઉડની ગેરહાજરીમાં લલ્લુભાઈએ ત્રણેક વખત મુખ્ય ન્યાયાધીશનું કામ કર્યું હતું. જે દિવસો, એ સમયમાં મેં અપીલ-કોર્ટમાં ગાળ્યા છે, એ મારા ધંધાના અનુભવમાં ચિરસ્મરણીય રહી ગયા છે.

૧૯૨૦માં લલ્લુભાઈને સરકારે 'સર' બનાવ્યા. ૧૯૨૨માં લલ્લુભાઈ 'રેસિયલ ડિસ્ટિન્કશન કામટી'માં નિમાયા હતા. એમની ચામડી ગોરી હોત તો એ ક્યારનાયે મુખ્ય ન્યાયાધીશ થયા હોત. પ્રિવી-કાઉન્સિલમાં પણ એ નિમાવાના છે એવી વાત ચાલતી હતી. ધારાશાસ્ત્રી તરીકે લલ્લુભાઇ તેજસ્વી કરતાં ખંતીલા વિશેષ. સચોટતા કરતાં સમજાવટ વધારે પસંદ કરનાર.

લલ્લુભાઈની વકાલત પદ્ધતિ ચીમનભાઈ અને ભૂલાભાઇની પદ્ધતિ કરતાં જુદા પ્રકારની હતી. શાંત ને ગૌરવભરી એમની વકાલત માત્ર સત્યના સંશોધનમાં મગ્ન, અતિશયોક્તિથી ડરતી, ને ભભકથી દૂર નાસતી. એનો મુદ્દો એક જ હતોઃ ન્યાયાસન પાસે ન્યાય કરાવવો.

લલ્લુભાઈ ન્યાયાસન પર બેઠા પછી એમની આ વૃત્તિ દિવસે દિવસે દૃઢ થતી ગઈ. તેમણે અડગ

ન્યાયવૃત્તિ કેળવવાનો આદર્શ સેવ્યો હતો. તેજસ્વિતા, શબ્દસામર્થ્ય, સચોટ ઊલટતપાસ, ચપળ બુદ્ધિવાદ, સુરેખ વ્યક્તિત્વદર્શન :જેવાં વકાલતનાં કામણોથી અસ્પૃષ્ટ રહેવાનો એ સદાય પ્રયત્ન કરતા.

કોઈ આકરી ટીકા કરે કે ભાર દઈને વિવાદ કરે તો લલ્લુભાઈને ન્યાયની તુલા હાલી ઊઠવાનો ભય લાગતો. તરત એમનું પ્રિય વાક્ય એ બોલતા: "You may say so, but........" પરિણામે ભાર દઈને બોલનારનો ભાર અરધો ઓછો થઈ જતો.

ગમે તેવો જૂઠો સાક્ષી હોય પણ તેને બને ત્યાં સુધી એ જૂઠો કહેતા નહીં. મને એક પ્રસંગ યાદ આવે છે. હું એમની આગળ એક અપીલ ચલાવતો હતો. પ્રતિપક્ષી નીચલી કોર્ટમાં એટલું જૂઠું બોલ્યો હતો કે તે કોર્ટના ન્યાયાધીશે તેને માટે ઘણા સખત શબ્દો વાપર્યા હતા. મેં જુબાની ઉપરથી પ્રતિપક્ષી કેવો જૂઠો હતો તે બતાવ્યા; પછી કહ્યું: " My Lord, the mildest term that can be used for this man is the one used by the Trial Court 'Master craftsman of the art of mendacity.[1]

૧ નામદાર, આ માણસને માટે જો કોઈ અત્યંત નરમ વિશેષણ વાપરવું હોય તો તે નીચલી કોર્ટે વાપરેલું—'અસત્યતાની કલાનો અઠંગ કારીગર જ યોગ્ય છે.'

સર લલ્લુભાઈએ ઊંચું જોયું ને પૂછવા લાગ્યા: " Mr. Munshi, do you mean to say that there can be a stronger term than this?"[૨]

મેં જવાબ આપ્યો. "My Lord, the resources of the English Language are not so poor as not to provide a stronger term."[૩]

લલ્લુભાઈએ ગભરાઈને હાથ ઊંચા કર્યા: "Oh, no! I don't want to hear a stronger word. This is quite enough."[૪]

ભૂલેચૂકે પણ વ્યાપક કથન થઈ જાય તો એમને આઘાત થતો. એમના અવસાનના લગભગ પંદર દિવસ પૂર્વે વડોદરા યુનિવર્સિટી કમિશન આગળ એ જુબાની આપવા આવ્યા હતા. રાતે અમે ભારે જમણ કર્યું. બે કલાક ટોળટપ્પાં માર્યાં, અને ગરબા સાંભળવા ગયા. અમે નિરંકુશપણે વાત કરતા હતા. વર્ષો થયાં લલ્લુભાઇએ ગરબા જોયેલા નહીં ને હું તો મુંબઈનાં કેટલાંક ગરબામંડળના પરિચયવાળો. રાતના બારેક વાગ્યે લલ્લુભાઈએ પૂછયું: " આવા સરસ ગરબા

૨ મિ. મુનશી, તમે એમ કહેવા માગો છો કે આના કરતાં વધારે કડક વિશેષણ હોઇ શકે?

૩ નામદાર, જરૂર પડે તો આનાથીયે વધુ કડક વિશેષણ ન મળે એવી અંગ્રેજી ભાષા સમૃદ્ધિહીન નથી.

૪ ના, ના, મારે એથી વધારે કડક શબ્દો સાંભળવા નથી. આ પૂરતા જ છે.

મુંબઈમાં નથી, નહીં ?"

થોડા મહિના પર જ મુંબઈમાં એક સમારંભ થયેલો. તેનો એક ગરબો મને યાદ આવ્યો. રૉયલ ઑપેરા હાઉસની રંગભૂમિનો રંગબેરંગી પ્રકાશ, પાછળનું અનુરૂપ દૃશ્ય, ખાસ કરાવેલાં સંવાદી રંગોનાં કપડાં, લાંબા અભ્યાસથી એકધારા સંવાદી સૂર, તાલ ને પગના ઠમકા, ને છટાભર્યા અભિનયની મોહકતા મારી આંખ સામે રમી રહ્યાં.

"મુંબઈના ગરબા તો infinitely better," મેં જવાબ વાળ્યો.

"Infinitely better!" એમની ન્યાયવૃત્તિ ઘવાઈ ગઈ ને એ બબડચા.

રાતના બે વાગ્યે અમે મોટરમાં રાજ્યના અતિથિ-ગૃહમાં પાછા આવ્યા. મોટર અટકી એટલે લલ્લુભાઈએ પૂછયું: "તમે મુંબઈના ગરબા infinitely better કહ્યા, તે શું ન્યાયપુરઃસર કહ્યું ?" એમની ઘવાયેલી ન્યાયવૃત્તિએ ચોકસાઈ કરી.

ભારે જમણ, ગરબા, મધરાત પછીનું ઘેન ને તેમાં મેં આપેલા અભિપ્રાયની કસોટી થતી જોઈ, મારી રસવૃત્તિ બેભાન થઈ ગઈ.

"લલ્લુભાઈ સાહેબ, મેં તો ગરબા તૈયાર થતા જોયા છે, ને એની પદ્ધતિ સુધારવા સૂચનાઓ પણ કરી છે."

"હું," ન્યાયમૂર્તિએ કહ્યું. "ત્યારે તો જુદી વાત; તમે વિચાર કરીને શબ્દો વાપર્યા છે."

"As your Lordship pleases," હું બબડ્યો. આ એમની તીવ્ર ન્યાયવૃત્તિનું એક દૃષ્ટાન્ત.

એમની યુવાવસ્થાની એક વાત છે. ખરી હશે કે ખોટી તેની ખાતરી નથી. પણ એમની ઉત્તરાવસ્થાનું નૈતિક સ્વાતંત્ર્ય જોતાં ખરી ન હોય તો પણ એમને બંધબેસતી જરૂર લાગે છે.

આશારામભાઈ મુસાફરી કરવા જતા ત્યારે પોતે બીજા વર્ગમાં બેસતા ને છોકરાને ત્રીજામાં બેસાડતા. એક વાર જુવાન લલ્લુભાઈ ત્રીજા વર્ગમાં આમ મુસાફરી કરતા હશે, ત્યારે બાપે બીજાવર્ગમાં બોલાવ્યા. લલ્લુભાઈની નૈતિક વૃત્તિ અકળાઈ ઊઠી. એમણે ટ્રાફિક સુપ્રિન્ટેન્ડન્ટને મનીઑર્ડરથી બીજા અને ત્રીજા વર્ગના ભાડા વચ્ચે જેટલી રકમનો ફેર હતો, તેટલી રકમ મોકલાવી આપી. ટ્રાફિક સુપ્રિન્ટેન્ડન્ટ ખુશ થઈ ગયો ને આવા નીતિમાન પુત્રના પિતા થવા માટે આશારામભાઈને અભિનંદન મોકલી આપ્યાં. આવી વૃત્તિ ને સ્વાતંત્ર્ય એમણે છેલ્લે સુધી સતેજ રાખ્યાં.

કેટલાંયે વર્ષ તે મેક્લાઉડ જોડે અપીલ કોર્ટમાં બેઠા. મુખ્ય ન્યાયાધીશ મેક્લાઉડ તો તીક્ષ્ણ બુદ્ધિનો, ઝટપટ ન્યાય કરનારો, કોઈ પણ રસ્તે મુખ્ય મુદ્દો પકડનારો. એની ઉતાવળી વૃત્તિથી રોજ મુકદ્દમા

તરત પૂરા થઇ જાય. પણ લલ્લુભાઈ સાથે બેસે એટલે મેક્લાઉડની મગદૂર નહીં કે કૂદકા મારી શકે. જ્યાંથી ન સમજાયું હોય ત્યાંથી એ પાછી તપાસ શરૂ કરે, પ્રશ્નપરંપરા ચલાવે ને પૂરું સમજાય પછી જ કેસને આગળ ચાલવા દે. મુખ્ય ન્યાયાધીશ ઉતાવળ કરે ત્યારે બીજા ન્યાયાધીશ ધીમે ચાલવાની વૃત્તિ ભાગ્યે જ સેવી શકે. પણ લલ્લુભાઈ તો ખરેખર ન્યાય કરવા બેસતા ને કોઈની પરવા વગર પોતાની રીતે ન્યાય કરતા.

એમની દૃષ્ટિ કાયદાની બાબતમાં અચૂક; પણ જ્યાં દુનિયાની આંટીઘૂંટી આવે ત્યાં ફસાઈ પડે. 'માણસ શા માટે ખોટું કરે? સામાન્ય રીતે તે સારું જ કરે.' આ માન્યતાથી તેમનું મર્મદર્શન ઘણીવાર ઝંખવાતું.

હિંદુ ધર્મશાસ્ત્રના વિષયમાં એમના ચુકાદાઓએ હિંદુસંસારમાં ચિરસ્થાયી અસર કરી છે. ન્યાયાધીશ થયા પછી, શાસ્ત્રી પાસે સંસ્કૃત શીખી, એમણે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. હિંદુધર્મશાસ્ત્રના વિષયમાં એમની આગળ મેં બે મોટા મુકદ્દમાઓ ચલાવ્યા હતા અને ત્યારથી મને ધર્મશાસ્ત્રનો શોખ લાગ્યો હતો.

બાઈ ગુલાબ, વાણિયા બાપ અને ઘાટણ માની છોકરી. છોકરી ઘણી ચબરાક. એ ગુજરાતી ભાઇભાંડુંમાં ઊછરેલી. જુવાન થઈ એટલે બાપે એની દરકાર ન

લીધી. એક ભાટિયા બાઇ–'માજી'એ–તેને પોતાની પાંખમાં લીધી. માજીએ તેને એક ઘડિયાળી સાથે પરણાવી. પરણ્યા પછી પાંચદસ દિવસ થયા હશે ત્યાં બાઈ ગુલાબ પતિને છોડી નાસી આવી. ઘડિયાળીએ લગ્નના હક પૂરા કરવા દાવો માંડયો. બાઇ ગુલાબને મુકદ્દમો ચાલે ત્યાં સુધી 'વનિતાવિશ્રામ'માં રાખવામાં આવી.

તે મુકદ્દમો સુનાવણી માટે ન્યાયમૂર્તિ કાજીજી પાસે આવ્યો. હું બાઈ ગુલાબ તરફથી ને ભૂલાભાઈ સામા પક્ષ તરફથી. અમે બને તેટલા બચાવના મુદ્દા ભેગા કર્યા હતા. પણ મુખ્ય મુદ્દો તો એ હતો કે એ ઘાટણની છોકરી એટલે શૂદ્ર; અને વૈશ્ય અને શૂદ્ર વચ્ચેનું લગ્ન અનુલોમ; અને તેથી શાસ્ત્રનિષિદ્ધ, એટલે ગેરકાયદેસર.

કાજીજી તો વ્યવહારુ ન્યાયાધીશ. "મુનશી, તમે જોતા નથી કે આ લગ્નને હું ગેરકાયદેસર ઠરાવું તો તમારી અસીલ બાઈનો ભવ બગડે!" આમ એ કલાકે કલાકે કહે. બાઈ ગુલાબ અને માજી પાછળ બેઠેલાં. તે એકનાં બે થાય નહીં.

બેત્રણ દહાડા કેસ ચાલ્યો. કાજીજીએ મને કહ્યું કે બાઈ ગુલાબને બોલાવીને મારે જાતે સમજાવવી કે આ દાવો જીતવામાં એને લાભ નથી. તે પ્રમાણે મેં ગુલાબને ને માજીને બપોરે મારા ચેમ્બરમાં

બોલાવ્યાં ને સમજાવવા માંડ્યું: "હિંદુસંસાર ભૂંડો છે. તમે એક વાર વર સાથે રહી આવ્યાં છો એટલે બીજો કોઈ સારો વર મળશે નહીં, ને અવતાર ધૂળ થશે." બને એટલી મીઠાશથી મેં કહ્યું.

"તે કાંઇ નહીં. મારાં માજી તો છેને!" મારી અસીલે કહ્યું.

"પણ જુઓને," મેં કહ્યું. "માજી ઘરડાં થવા આવ્યાં છે; કાલે ઊઠીને મરી જાય તો તમારું કોણ?"

મારી અસીલ તો વાઘણની માફક ઊછળી: "માજી મરી જાય? મારા બૅરિસ્ટર થઈને તમે આ બોલો છો શું? માજી મરી જાય! તો હું કેમ ન મરી જાઉં? તમે કેમ ન મરી જાઓ?"

મારા બાપ! હું ને મારો સૉલિસિટર તો ટેબલ નીચે ભરાઇ બેસવાનો વિચાર કરવા લાગ્યા.

સાડાત્રણ વાગ્યે મેં કાજીજીને કહ્યું કે અમારે સમાધાન નથી કરવું. સામાન્ય રીતે ન્યાયાધીશો સમાધાન કરવાનું કહે ને અસીલો ના પાડે ત્યારે તેમનો પિત્તો ઊછળી આવે છે અને મનુષ્યસ્વભાવને વશ થઈ, ના કહેનાર તરફ અકારા ને આકળા બની જાય છે. કાજીજીનું પણ તેમ જ થયું. ચારપાંચ દહાડે મુકદ્દમો પૂરો થયો. કાજીજીએ અમારી વિરુદ્ધ ચુકાદો આપ્યો ને લગ્ન કાયદેસર ઠરાવ્યું.

અઢી વાગ્યા હતા. નામદારે હુકમ કર્યો: "હમણાં

ને હમણાં બાઈ ગુલાબ, ઘડિયાળીને સ્વાધીન થઇ જાય.”

હું આવા કોઈ હુકમની આશા રાખતો જ હતો એટલે નામદાર ચુકાદો આપતા હતા, ત્યારે હું અપીલના મુદ્દાઓ લખતો હતો. મેં કહ્યું: “ અપીલ કરવા માટે વખત આપો.”

“ ના.”

“ કાલ સુધી વખત આપો.”

“ ચોખ્ખી ના.”

“ સાડાત્રણ સુધી.”

“ ઠીક, મનાઈહુકમ લઇ આવો, એક કલાક આપું છું.” નામદાર બોલ્યા.

રીતસર અપીલ કરતાં તો દિવસો નીકળી જાય, પણ મુખ્ય ન્યાયાધીશ મેક્લાઉડ જ્યાં અન્યાય દેખાય ત્યાં બધી રીતિઓ ઊંચી મૂકી દે.

હું તરત મેક્લાઉડના ચેમ્બરમાં ગયો. બધી હકીકત કહી, ને કહ્યું કે અપીલના મુદ્દા ટાઈપ કરવા જેટલો પણ વખત નથી.

“ સાડાત્રણે કૉર્ટમાં અરજી કરજો ને મુદ્દાઓ તમે હાથે લખી આપજો.”

સાડાત્રણે હું કૉર્ટમાં હાજર થયો. સામે સ્ટ્રેંગમેન આવ્યા. મેક્લાઉડ એકના બે ન થયા. “ જ્યાં લગ્ન જ તકરારમાં છે, ત્યાં હુકમનામાનો અમલ કેમ થાય ?”

મને એમણે તરત મનાઇહુકમ આપ્યો. બીજા કોઈ ન્યાયમૂર્તિ હોત તો મનાઈહુકમ મેળવતાં પહેલાં શું શું થઈ જાત !

મેક્લાઉડ ને લલ્લુભાઈ આગળ અપીલ સુનાવણી પર આવી. હું તો મિતાક્ષર, વ્યવહાર મયૂખ વગેરેની તૈયારીઓ કરીને ગયો. સામે ઝીણા હતા. જેવું મેં મોઢું ખોલ્યું કે મેક્લાઉડે મુલ્લાંનું 'હિંદુ લૉ' ઉઘાડ્યું, ને ટૂંકમાં પતાવવાનો પ્રયત્ન કર્યો. લલ્લુભાઈ વચ્ચે પડ્યા. અનુલોમ લગ્ન શાસ્ત્રનિષિદ્ધ છે કે કેમ એ તો ઘણો અગત્યનો સવાલ છે. એને સાવરણીથી બહારી ન નખાય. મેક્લાઉડે ધીરજ પકડી ને પછી બે દિવસ લલ્લુભાઇ મિતાક્ષર, મયૂખ અને બીજાં ધર્મશાસ્ત્રોમાં નિમગ્ન થઈ ગયા અને આખરે એમણે મારે મોઢે કહેવડાવ્યું કે અનુલોમ લગ્ન શાસ્ત્રનિષિદ્ધ નથી.[1]

અપીલ ચુકાદા માટે આવી. અને બાઈ ગુલાબે તે દહાડે કૉર્ટમાં હાજર રહેવું એવો હુકમ થયો. જ્યારે ચુકાદો અમારી વિરુદ્ધ આવ્યો ત્યારે મારી અસીલ ન મળે કૉર્ટમાં કે ન મળે 'વનિતાવિશ્રામ'માં !

હિંદુશાસ્ત્રનો બીજો પણ એક અગત્યનો મુદ્દો મારે સદ્ભાગ્યે લલ્લુભાઈ આગળ જ રજૂ કરવાનો આવેલો.

એક પૈસાદાર હિંદુ, નાયકણને ત્યાં માંદો પડ્યો

1. *Bai Gulab vs Jeevanlal.* 24 Bombay Law Reporter p. 5.

ને થોડે દહાડે મરણ પામ્યો. એ નાયકણ નાગુબાઈએ, હિંદુ કાયદા પ્રમાણે પોતે હમેશની રખાત છે એમ કહી ખોરાકીપોશાકીનો દાવો માંડયો.

મુકદ્દમો ન્યાયમૂર્તિ કાંગા પાસે આવ્યો. હું, મરનારના સ્ત્રીછોકરાં તરફથી હાજર થયો. વાદી નાયકણ છે; મરનારને અનેક નાયકણ જોડે સંબંધ હતો; સ્ત્રીછોકરાંને શી ખબર કે એ રખાત હમેશની હતી કે કામચલાઉ એવા કંઈકંઈ મુદ્દાઓ અમે રજૂ કર્યા. પણ ન્યા૦ કાંગાએ ચુકાદો અમારી વિરુદ્ધમાં આપ્યો ને અમે અપીલમાં ગયાં.

લલ્લુભાઈ ત્યારે કામચલાઉ મુખ્ય ન્યાયમૂર્તિ હતા. એ અને ન્યાયમૂર્તિ ક્રમ્પ આગળ કેસ ચાલ્યો. ધર્મશાસ્ત્રને આધારે મેં દલીલ કરી કે માત્ર હિંદુશાસ્ત્ર જ રખાતને ખોરાકીપોશાકી આપી પરિણીત સ્ત્રીની ભૂમિકા પર મૂકે છે. પણ તે દરેક રખાતને નહીં, પણ ‘ અવરુદ્ધ સ્ત્રી ’ એટલે ખુલ્લી રીતે રક્ષાયેલી ને કુટુંબમાં સ્વીકૃત થયેલી સ્ત્રીનેજ.

લલ્લુભાઇને આ દલીલમાં રસ પડયો. મેં પણ ન જોયેલા એવા કેટલાક આધારો એ લઈ આવ્યા.

“ જો એમ ન હોય તો ગમે તે રખાત દાવો માંડે, ને સ્ત્રીછોકરાં બિચારાં કેમ પુરવાર કરે કે એ રખાત કેટલા પુરુષો સાથે સંબંધ રાખતી હતી ? ”

આ દલીલ તેમને ગળે ઊતરી. લલ્લુભાઈએ

અમારા લાભમાં ચુકાદો આપ્યો.[1]

નાયકબુ પ્રિવી–કાઉન્સિલ સુધી ગઈ. લૉર્ડ ડાર્લિંગને ગળે હિન્દુશાસ્ત્ર ક્યાંથી ઊતરે? "આજના જગતમાં રખાતને તે વળી કુટુંબીઓ સ્વીકારે ખરા?" એમણે પૂછ્યું. ને લલ્લુભાઈના ચુકાદાનો અસ્વીકાર કર્યો.[2]

હું હજી માનું છું કે લલ્લુભાઈ ખરા હતા અને આ બાબતમાં કાયદામાં સુધારાની જરૂર છે. જો રખાતને પત્નીના કેટલાક હકો મળે તો તે 'અવરુદ્ધ' હોવી જોઈએ. રાખનારના સંસારે સ્વીકારેલી હોવી જોઇએ, નહીં તો ઘણા ખોટા દાવાઓ ઊભા થાય અને સ્ત્રીછોકરાંઓને અન્યાય થાય.

લલ્લુભાઇના ગયા પછી તો અમારી હાઇકોર્ટમાં નવો સિદ્ધાંત દાખલ થયો છે. દીનશા મુલ્લાંના 'હિંદુ લૉ' ઉપરાંત જો બીજો આધાર કોઈ ધારાશાસ્ત્રી ટાંકવા જાય કે તરત તે નાલાયક ઠરે! એટલે આવા અનુભવો બહુ ઓછા થઈ ગયા છે!

લલ્લુભાઈ ગુજરાતી ફૉર્બ્સ સભાના પ્રમુખ થયા ત્યારે એમણે મને એનો સભ્ય બનાવ્યો અને ત્યારથી અમારો અંગત પરિચય વધ્યો.

---

1. *Moghibai vs Nagubai*, 24, Bombay Law Reporter p. 1009.

2. *Nagubai vs Moghibai*. 53, Indian Appeals p. 153.

લલ્લુભાઈની જીવનચર્યા માત્ર આડંબરરૂપ નહોતી; અડગતાથી સેવેલી ન્યાયવૃત્તિનું એ પરિણામ હતું. એ વૃત્તિ પોષવા માટે એમણે સમાજ જોડે લગભગ બધો વ્યવહાર બંધ કર્યો હતો. મિત્રોને તે ભાગ્યે જ મળતા. સગાંવહાલાં જોડે ભાગ્યે જ વ્યવહાર રાખતા. અને ન્યાય કરતી વખતે કોઈપણ દૃષ્ટિબિન્દુ—વાસ્તવિક કે કાલ્પનિક—રખેને આડે આવે તેનો સંપૂર્ણ ખ્યાલ રાખી, ચેતતા રહેતા.

અનુભવી ધારાશાસ્ત્રી સહેલાઈથી ઘણી વાત સમજી શકે છે. વર્ષોની ટેવથી એ તરત ખરુંખોટું પારખી શકે છે અને પોતે ખરા જ છે, એ પ્રકારની મનોદશા અનુભવે છે. એવા પુરુષોને પોતે કરેલું કાર્ય હમેશાં ન્યાયી જ લાગે છે, પણ આવા પુરુષો પોતાનો અભિપ્રાય બાંધતાં પહેલાં, બધું સાંભળી રહે ત્યાં સુધી, પોતાની ન્યાયવૃત્તિને અનિશ્ચિત દશામાં રાખી શકતા નથી, માનવજાતની નિર્બળતા સહી શકતા નથી, અને પોતાનો મત ખોટો હોઈ શકે એવી કલ્પના પણ કરી શકતા નથી. પણ જ્યાં સુધી આ ત્રણ લક્ષણો પૂરેપૂરાં કેળવાય નહીં, ત્યાં સુધી ન્યાયવૃત્તિ સંપૂર્ણ દશામાં પ્રગટતી નથી.

સર લલ્લુભાઈ શાહે આવી ન્યાયવૃત્તિ કેળવી, સદાયે સતેજ રાખી અને તેને આદર્શ સ્વતંત્રતાથી શોભાવી. હિંદ અને ઈંગ્લાંડની અનેક અદાલતોમાં

વકાલાત કરનાર એક અંગ્રેજ ધારાશાસ્ત્રીએ મને કહ્યું હતું કે એણે હિંદ અને ઈંગ્લાંડના ઘણા ન્યાયાધીશો જોયા છે, પણ લલ્લુભાઈ શાહ જેવા સ્વતંત્ર ને શુદ્ધ ન્યાયવૃત્તિવાળા ન્યાયાધીશ જોયા નથી.

એમને સત્ય માટે જેવો ગાઢ પ્રેમ હતો, તેવી જ દરેકના દૃષ્ટિબિન્દુથી સત્ય શું હોઈ શકે તે શોધવાની ગાઢ સહાનુભૂતિભરી ઉત્કંઠા હતી. પરિણામે તે દરેકની મુશ્કેલીઓ જોઈ શકતા. ઔદાર્યથી ભૂલો વીસરી શકતા, ને છતાં બધામાં ખરું શું છે તે શોધવાની ધીરજ રાખી શકતા.

તા. ૧૬ મી નવેંબર ૧૯૨૬, દેવદીવાળીની સવારે સ્વર્ગદ્વાર ઊઘડતાં જ આ મહાન ગુજરાતી દેવલોક પામ્યા. ને મુંબઈ આ શોકકથા ઊંચે શ્વાસે સાંભળી રહ્યું: સવારે પાંચ વાગ્યે એ ઊઠ્યા, અસ્વસ્થ થયા, ચાલી ગયા.

જેમ તે જીવ્યા તેમ ચાલી ગયા–ગૌરવભર્યા; કૃષ્ણલાલકાકા, પકવાસા, છોટુકાકા જેવા પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રીઓની ખાંધે ચડીને; ન્યાયમૂર્તિઓ અને બાહોશ ધારાશાસ્ત્રીઓથી વંદિત. એ દર્શન અદ્ભુત હતું. મુંબઈનું ધારાશાસ્ત્રીઓનું જગત પોતાના સહસ્રમુખી ગૌરવમાં, ખરે બપોરે પેડર રોડ પરથી ઊતરી આવતું હતું—ન્યાયની એ આદર્શમૂર્તિ તરફ છેલ્લી વાર પૂજ્યભાવ દાખવવા.

૧૫

મહમદઅલી ઝીણા ને હું અત્યારે એકબીજાથી જુદી જ દુનિયામાં ફરીએ છીએ. એક વખત અમે ખૂબ નિકટ હતા.

હું પાસ થયો પછી, એનું પ્રથમ દર્શન મને ૧૯૧૩ના નવેમ્બરની પહેલી તારીખે થયું. મેં નોંધ્યું:

> 'મિ. ઝીણા આજે વિલાયતથી આવ્યા. ખરેખર બહુ જ અદ્ભુત માણસ છે. હિંદી ઍડ્વોકેટમાં તો એ બધાથી આકર્ષક છે. કેવા સ્પષ્ટ ને કેવા ચોક્કસ!'

ઝીણાનો તાપ હમેશાં ભારે હતો. એ ફક્કડ પણ ખરા ને અક્કડ પણ ખરા. એનાં કપડાં જેવાં સુંદર બીજું કોઈ પહેરતું નહીં. એનાં ફરફરિયાં જેવાં ચળકાટ મારતાં તેવાં કોઈ બીજાનાં હોય નહીં. એના વાળ સદાય ઓળેલા ને સફાઈબંધ. એના અભિનય નાટકી ને રોફીલા. એની અંગ્રેજી બોલવાની રીત ફક્કડ ને સચોટ. એનાં ઉચ્ચારણો હમેશાં ભારવાળાં –તેમાં તોર પણ ખરો, કોઈક વાર વ્યાકરણ પણ ખોટું આવી જાય, પણ બોલવાની છટા હમેશાં કરમાયા વિનાની.

એ આવીને કોર્ટમાં બેસે તે જાણે છબી પડાવવા.

એ ઊભા રહી, કેડે હાથ દઈ કોર્ટને સંબોધે તે નાટકી છટાથી.

એની અક્કડાઈનો પાર નહીં. મિજાજ તો જરાજરામાં ડોકિયાં કરે. એનું સ્વમાન બહુ સુંવાળું, તે જરાજરામાં ઘવાઇ જાય. સૉલિસિટરોને એ થરથર ધ્રુજાવે.

એક વખત, સ્ટ્રૅંગમેને એને કંઈ અપમાનભર્યું કહ્યું હશે. ઝીણાએ અબોલા લીધા, ને તે વીસ વર્ષ સુધી પહોંચ્યા. જે સૉલિસિટરે સ્ટ્રૅંગમેન ને ઝીણા બંનેને સાથે બૅરિસ્ટર રાખવા હોય, તેણે બંનેને જુદા જુદા મળવું જોઇએ. જો બે સામસામા આવે તો ઝીણા 'મિ. સ્ટ્રૅંગમેન' કહી ઉલ્લેખ કરે—ન કહે 'વિદ્વાન મિત્ર' અને ન કહે 'ઍડ્વોકેટ જનરલ.'

પણ એ હસે ત્યારે સામાનું હૃદય તરત જીતે. નિર્ભયતા પણ એનો એક પ્રધાન ગુણ. એની અક્કડાઈ દુર્ભેદ્ય. મોટા મોટા ન્યાયાધીશોને પણ એ દબડાવે. કોઈ જરાક અયોગ્ય કહે કે તરત સામો ફટકો લગાવે.

એક ન્યાયાધીશ સાથે એને બનતું નહોતું. જે દિવસે એ ન્યાયાધીશપદ પરથી નિવૃત્ત થવાના હતા તે દિવસે એમની વિદાયગીરીમાં બે શબ્દ કહેવા ઍડ્વોકેટ જનરલ આવ્યા. એ સાંભળવા અમે ભેગા મળ્યા હતા. એ ન્યાયાધીશ માટે એવી છાપ હતી

કે એમની કૉર્ટમાં ઈન્વેરારિટી જે કહે તે સોળ આની સાચું. આ વલણ સામે બધા બૅરિસ્ટરો લાયબ્રેરીમાં બબડતા. પણ ઝીણા કૉર્ટમાંય એનો ઉલ્લેખ કરવો ચૂકયા નહોતા. તે દિવસના છેલ્લા સમન્સમાં એક તરફ ઝીણા ને બીજી તરફ ઈન્વેરારિટી હતા. ન્યાયાધીશે ઈન્વેરારિટીની તરફેણમાં ચુકાદો આપ્યો.

" હું જાણતો હતો," કડકાઈથી ઝીણાએ કહ્યું. "આ કૉર્ટમાં ઈન્વેરારિટી જ હમેશાં ખરા હોય છે."

આ નાનકડું વાકય પણ એમણે એવી સખ્તાઈથી ઉચ્ચાર્યું કે ન્યાયાધીશ લાલચોળ બની ચાલી ગયા. ને એમને માટેનાં વિદાયનાં ભાષણો અણકથ્યાં રહી ગયાં.

ઝીણા કાયદા કરતાં સામાની ત્રુટીઓ પકડી પાડવામાં વધારે નિપુણ. એ વાટ જોયા કરે, હિંમતથી હાંકયા કરે, સામો ઍડ્વોકેટ જરી ભૂલ કરે કે એ શેર થઈ જાય. પોતાનો મુદ્દો ઠોકી બેસાડે ને છટાથી કે હસીને કે આંજીને ન્યાયાધીશ પાસે ધાર્યું કામ કરાવી લે.

મારા પર એને ઘણો સદ્‌ભાવ હતો. પછી તો હું ' હોમરુલ લીગ 'નો મંત્રી થયો ત્યારે એ પ્રમુખ હતા; આથી અમારો સંબંધ વધુ ગાઢ થયો. પણ એ પરિચય બીજે સ્થળે વર્ણવીશ. મૈત્રીમાંથી અંગત સંબંધનાં તત્ત્વો એ નિતારી નાખતા. ગમે તેવો પરિચય કેળવાય

તો પણ એ કદી પોતાની અંગત વાત કરે નહીં અને મિત્રને એવી વાત કરવાની તક આપે નહીં. શક્તિની એમની ભાવના દુર્ભેદ્યતા પર રચાઈ હતી.

એક દહાડો એક કૉન્ફરન્સ પછી અમે બંને આડીતેડી વાતો કરતા બેઠા હતા. એ વખતે એના પર કૌટુંબિક આફતનાં વાદળ ઝઝૂમતાં હતાં. મેં પૂછ્યું, "ઝીણા, તમારી તબિયત ઠીક નથી?" એણે એની છટાભરી ટેવથી કપાળ પર આવેલા વાળ ઊંચા કર્યા ને કહ્યું: "મુનશી, તમને ખબર નથી કે મારા પર શી વીતે છે!"

પછી એણે હોઠ બીડી દીધા ને અંતરની વ્યથા પર તરત પડદો પાડી દીધો.

૧૬

હાઈકોર્ટની લાયબ્રેરી એક અજબ જેવી સંસ્થા છે. ત્યાં બસેં જેટલા વિદ્વાનો પગ લંબાવી પડ્યા હોય; કેટલાક ધંધાની ટોચે, કેટલાક બ્રીફ મેળવવા માટે અધીરા, ઘણાં ગપ્પાની લહેરમાં. ત્યાં દુનિયાની બધી વાતો આવે, બધાની બદનક્ષી થાય, દરેક જણ એકબીજાને ઇર્ષાની નજરે જુએ, ને એક બીજા સાથે ભ્રાતૃભાવ પણ અનુભવે.

ડૂમાની જગવિખ્યાત વાર્તામાં મસ્કેટિયર હતા

ચાર, પણ કહેવાતા ત્રણ. ધંધામાં પણ અમે 'થ્રી મસ્કેટિયર' સંખ્યામાં ચાર હતાઃ મોતીલાલ સેતલવાડ, હરિલાલ કણિયા, મંગળદાસ દેસાઈ–સર્વાનુમતે મંગળ–અને હું.

મોતીલાલ ૧૯૧૧માં એડ્વોકેટ થયા, અને હું જોડાયો ત્યારે અતડા ને થોડાબોલા તે લાયબ્રેરીમાં બેસી વાંચવાંચ કરતા. ત્યારે મારે ને એમને ઝાઝા ઓળખાણ ન હતી.

૧૯૧૫માં કણિયા એડ્વોકેટ થયા ને ત્યારથી જ અમે મિત્રો થયા. હું મોરારજી ગોકલદાસની ચાલમાં રહેતો; એ બાજુમાં, વિલ્સન હાઈસ્કૂલની સામે રહેતા. શ્રીમતી કણિયા અને લક્ષ્મીનો મેળ જામ્યો અને ઘણા રવિવાર ભેગા બેસી અમે અમારા ભાવિનો વિચાર કરતા. એ કાંગાના 'ભૂત' થયા. કણિયાનો સ્વભાવ એકમાર્ગી હતો. જે કરવાનું હોય તે પૂરું કરે. હાઈકોર્ટમાં વકાલત કરવા આવે એટલે પછી એ કરવાની જ–દૃઢતાથી, ચોકસાઇથી, આડુંઅવળું જોયા વિના.

મંગળની ને મારી ઓળખાણ વધારે જૂની. ૧૯૧૧–૧૨ માં 'કપોળ છાત્રાલય'ના ગૃહપતિ ને મારા મિત્ર ખુશાલદાસ પારેખ મને છાત્રાલયના વાદમંડળમાં ભાષણ કરવા બોલાવી ગયા હતા. ત્યાં મંગળ અને એના મોટાભાઈ મને મળ્યા. મંગળનું મને કોઈએ ઓળખાણ આપ્યુંઃ' આ વિલ્સન કૉલેજના

બર્ક.' પ્રથમ દર્શને પ્રેમ થાય તેમ અમારી મૈત્રી થઈ. એ વિલાયત ગયો ત્યારે જે સમારંભ થયો તેમાં મેં વિદાયના બે શબ્દો ઉચ્ચાર્યા હતા એમ યાદ છે.

૧૯૧૪માં મંગળ બૅરિસ્ટર થઈ મુંબઇ આવ્યો ને ભૂલાભાઈના ગુરુકુળમાં જોડાયો. મંગળના મોટાભાઇ માધુભાઈની મારા પર ઘણી પ્રીતિ હતી. ટૂંક વખતમાં મંગળનાં લગ્ન થયાં અને એ સંવનન કરતો ત્યારે એના હૃદયમાં જે ભાવો ઉદ્ભવતા તે, ભૂલાભાઈના ચેમ્બરના છજામાં અમે ઊભા હોઇએ ત્યારે એ મને કહેતો. એના લગ્ન પછી એના સસરા તુલસીદાસ પણ મને ઘરનો જ ગણવા લાગ્યા. રોજ સાંજે ભૂલાભાઈના ચેમ્બરના છજામાં ઊભા રહીએ, વા ખાતા જઈએ ને ટોળટપ્પાં મારીએ. મંગળની વિનોદવૃત્તિ અદ્ભુત હતી; અમારા એ દિવસોની કેટલીય કઠણાઈઓ એના હાસ્યવિનોદ વડે અમે હળવી કરી છે.

અમે રોજ એક ચિન્તા કરતા કે પેટ પૂરતી કમાણી થઈ શકશે કે નહિ? મંગળ મારી માફક ધનહીન નહોતો. એનાં સગાંવહાલાં પૈસાપાત્ર હતાં. મારે તો રોજની ચિન્તાનો પાર નહોતો. જ્યારે મને ખૂબ ચિન્તા થાય ને કંઈક બોલી જવાય ત્યારે મંગળ હમેશાં આશ્વાસન આપે. અમારા ગુરુ તરફથી કંઈક ઓછું આવે તો મંગળ એક ટકોરમાં ગુસ્સો ઉતારી દે. એ છજામાં એક તુક્કો હું એને કહેતો

તે યાદ આવે છેઃ

'મંગળ, દશ વર્ષ હું ગમે તેમ ખેંચીશ. પ્રાણ પટકીને મહેનત કરીશ. ૧૫મી માર્ચ ૧૯૨૩ને દિવસે મને લાગશે કે હું હારી ગયો, ત્યારે મારા સૉલિસિટરમિત્રોને જમવા તેડીશ. બીજે દહાડે મારું મૂડદું મારી નિરાશાની સાક્ષી પૂરશે.'

મંગળ હમેશાં કહેઃ 'જોજે, તે દહાડે મને બોલાવ્યો છે તો !'

મંગળના કટાક્ષ હમેશાં સચોટ. આજે તો એ આખી ય હાઇકૉર્ટમાં જાણીતા થઈ ગયા છે. ૧૯૨૦-૨૧માં મંગળના હસમુખાપણાએ કટાક્ષમય સચોટતા પ્રાપ્ત કરી નહોતી. એક વખત એથી એ ઘણી મુશ્કેલીમાં આવી પડેલો. એ ને હું બન્ને એક મુકદ્દમામાં સામસામે હતા. નામદાર સાહેબ એના તરફ ઘુરકયા કરતા. એક વખત એમણે મંગળને કહ્યું કે એ કહેતો હતો તે વાત બરાબર ન હતી. મંગળે સબહુમાન કહ્યું કે તો એ બીજી રીતે એ જ મુદ્દો રજૂ કરી શકે છે. બે મિનિટ થઈ ને નામદારે ફરી કહ્યુંઃ

"That's not the thing. Go to the next point[1]"

મંગળ મીઠાશથી હસ્યોઃ

[1] એ મુદ્દો અહીં પ્રસ્તુત નથી. બીજા મુદ્દા પર આવો.

" As your Lordship pleases[૨]"

ન્યાયમૂર્તિ ગુસ્સે થયા:

" Why do you smile?[૩]"

મંગળે મને કાનમાં કહ્યું:

" હસું નહિ તો રડું ? " ને હસીને જવાબ આપ્યો:

" As your Lordship pleases. I won't smile again[૪]"

એનાં પત્ની લીલીબહેન સુકુમારતા ને સંસ્કારિતાની શરમાળ મૂર્તિ હતાં. એણે પણ મને મંગળનો ભાઈ ગણવા માંડયો.

મોતીલાલ, મોટાના છોકરા અને નિર્ધનતાની પરોણી એમને વાગતી નહિ, એટલે એ ખૂબ મહેનત કરતા પણ આગળ પડતા ખંચાતા. આખરે ચીમનભાઈને કહ્યે તે ભૂલાભાઈના ગુરુકુળમાં આવ્યા અને અમારા છજામાં ઊભા રહી અમે જે તપશ્ચર્યા કરતા તેમાં તે જોડાયા. મોતીલાલમાં સ્વસ્થતા સ્વાભાવિક હતી. મોટાના છોકરા એટલે હાઈકોર્ટની દુનિયામાં એમને જરાય ક્ષોભ ન થાય. એમની ચોકસાઈ પણ ઘણી. એમના અક્ષર જાણે મોતીના દાણા. ઊંચા, વિશાળવક્ષ,

૨ જેવી આપ નામદારની ઇચ્છા.

૩ તમે હસો છો કેમ ?

૪ જેવી આપ નામદારની મરજી, ફરીથી હું નહિ હસું.

સ્વસ્થ; ચીમનભાઈની આત્મશ્રદ્ધાના કંઈક અંશે એ વારસ.

ભૂલાભાઈએ ‘હોમરુલ લીગ’માંથી રાજીનામું આપ્યું. અમારો અંગત અને ધંધાનો સંબંધ જોતાં મારે પણ એમની પાછળ રાજીનામું આપવું જોઈએ એમ એમને સ્વાભાવિક રીતે લાગ્યું. હું મારા રાજકીય આચારને અને અંગત કે ધંધાના સંબંધને પરસ્પરાવલંબી બનાવવા માગતો નહોતો.

ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં કોર્ટ બંધ થવાની હતી, તે સાંજે ભૂલાભાઈએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. એ કહેવા યોગ્ય હતા, હું સાંભળવા યોગ્ય હતો. એમના કહેવાનું તાત્પર્ય એ હતું કે લીગમાં અને એમના ગુરુકુળમાં એકી વખતે મારું સ્થાન નહોતું.

ગુસ્સાના ઉદ્વેગથી ભર્યો હું ઘેર ગયો. ઘવાયેલા સ્વમાનથી મારો પિત્તો ઉકળેલો હતો. ભૂલાભાઈના વિશ્વાસુ ‘ભૂત’માંથી પદભ્રષ્ટ થતાં મારી થોડી જામેલી કમાણી ચાલી જશે એ વિચારે હું કાંપતો હતો.

આવો વિષાદયોગ આવે છે ત્યારે મારું મન છટકી જાય છે. ત્રણ દહાડાથી વધારે અન્ન જે બ્રાહ્મણ રાખે એનું આર્યાવર્તમાં સ્થાન નથી, એ સૂત્ર યાદ આવે છે.

કૉંગ્રેસના દિલ્હી ખાતે મળનાર અધિવેશનમાં જવાને મિત્રો મને કહી રહ્યા હતા પણ હું નહોતો જવાનો.

પછી મેં સંકલ્પ બદલ્યો:

" न त्वस्य दुग्धजलभेदविधौ प्रसिद्धाम्
वैदग्ध्यकीर्तिमपहर्तुमसौ समर्थः । " १

હું સ્ટેશન પર ગયો ને દિલ્હીની ટિકિટ લીધી.

નાતાલની રજા પછી કોર્ટ ખૂલી ને તે જ દહાડે ઝીણાને ખબર પડીઃ " મુનશી, તમને notice to quit મળી છે. આજ સાંજથી મારો ચેમ્બર તમારે માટે ખુલ્લો છે. "

મેં ઉપકાર માન્યો ને ના કહી: " એ તો ધંધામાં મારા ગુરુ છે. એમના જ ચેમ્બરમાં મારું સ્થાન છે. "

ભૂલાભાઈ જેવા અનેક શક્તિઓના પુંજના સમાગમથી મને જે લાભ થયો હતો તેનું ઋણ હું કેમ વિસરું? સાંજે હું એમના ચેમ્બરમાં હાજર થયો. એ કંઈ બોલ્યા નહિ, પણ થોડા દહાડા મને ઠીક સોસવું પડયું. હું નિયમિત રીતે રોજ જતો ને પાછો આવતો. થોડા મહિના પછી આ પ્રસંગ અમે વિસરી ગયા ને ગુરુશિષ્યનો સંબંધ ફરી સંધાઈ ગયો, તેનો ખરો જશ ઈચ્છાબહેનને.

પણ મને લાગ્યું કે આ સંબંધ ટકાવવો હોય તો મારે સ્વતંત્ર થવું જોઈએ.

મંગળ ને હું રોજ સાંજે મારા ચેમ્બરમાં મળતા ને સાથે ઘેર જતા. ગુરુના ચેમ્બરમાં રોજ જવાનું અમે છોડી દીધું.

---

૧ સીધાં ચઢાણ : પૃ. ૧૭૪

પહેલાં ભૂલાભાઈ એમના મુકદ્દમાઓ ચલાવવા મને આપતા. હવે મોતીલાલ ચલાવતા થયા. એમની ચોકસાઈ ને મહેનત, આત્મશ્રદ્ધા ને વિશ્વસનીયતાએ તરત ધ્યાન ખેંચ્યું ને એમને કામ મળવા માંડ્યું.

એ જ વર્ષના ઑક્ટોબર–નવેમ્બરમાં 'Nine-Dragon' જાપાનિસ લૉંગક્લોથનો મોટો સટ્ટો ચાલ્યો હતો. વેપારીઓ માનતા કે યુરોપીય યુદ્ધ તો બીજાં બેચાર વર્ષ ચાલવાનું એટલે રોજ લૉંગક્લોથના ભાવ વધે, હજારો ગાંસડીઓના કબાલા થાય અને વેપારીઓ કાગળિયા ઉપર હજારો રૂપિયા રોજ કમાઈને ઘેર જાય.

નવેમ્બરમાં લડાઈ પૂરી થઈ. લૉંગક્લોથના ભાવ ગગડી ગયા. લેનારે માલ ઉપાડવાની ના કહી. માલ તો પ્રમાણમાં નામનો જ હતો. બધા વેચનારાઓએ માલ ઉપાડી જવાની નોટિસ આપી ને ટપોટપ નુકસાનીના દાવા મંડાયા. વર્ષે હાઇકૉર્ટમાં બારસો દાવા મંડાતા તેના વધીને પાંચ હજારથીય ઉપર નોંધાયા. આ દાવાની અરજીઓ ઘડવામાં મને સારો જેવો ભાગ મળ્યો. ઘણા દિવસો તો રોજ હું દહાડામાં ચાર કે પાંચ અરજીઓ લખાવતો. હાઈકૉર્ટમાં પૈસાની છોળો આવવી શરૂ થઈ.

૧૯૨૦માં એ દાવાઓ સુનાવણી પર આવ્યા. ત્વરિતગતિ મેક્લાઉડ રોજના પંદર વીસ દાવાઓને રહેંસી નાખે. ઘણુંખરું એક તરફ ભૂલાભાઈ ને બીજી

તરફ કાંગા હોય. ભૂલાભાઈ તે વખતે ટોચે પહોંચ્યા. ભાગ્યે જ કોઈ બ્રીફ એવી હોય કે જે એમને પહેલી ધરવામાં ન આવે. એમણે પણ અનહદ કાર્યદક્ષતાથી કામ આટોપવા માંડ્યું. એવામાં કાંગા ન્યાયાધીશ થયા અને કણિયા અમારા ગુરુકુળમાં જોડાયા.

૧૯૨૧ના ફેબ્રુઆરીમાં વધી પડેલા કામનો નિકાલ લાવવા સાત કૉર્ટો થઈ ગઈ. અત્યાર સુધી ત્રણ કૉર્ટો હતી. હાઈકૉર્ટમાં અસલથી ‘ હોલ્ડીંગ ’ ની રીત અંગ્રેજી ‘ બાર ’ ના ધોરણે ચાલી આવતી. એને અનુસરીને ભૂલાભાઈ જે મુકદ્દમામાં પોતે ન આવી શકે તેની બ્રીફ અમને ‘ હોલ્ડ ’ કરવા આપતા. એટલે સૉલિસિટરને વાંધો ન હોય તો અમે મુકદ્દમો ચલાવીએ. ફી ભૂલાભાઈને મળે; અમને અનુભવ ને ખ્યાતિ મળે.

આ પદ્ધતિ ઉછરતા બૅરિસ્ટરોને ઘણી ઉપયોગની છે. કેટલાક જુવાન બૅરિસ્ટરોએ આશા રાખેલી કે જ્યારે ત્રણ કૉર્ટની સાત કૉર્ટ થશે ત્યારે એમને કામ મળશે. કુંભારાણાએ તો એક મીરાંની ચાર મીરાં જોઈ હતી; પણ સાત કૉર્ટો થઈ ત્યારે હાઈકૉર્ટે એક ભૂલાભાઈના સાત ભૂલાભાઈ જોયા. ભૂલાભાઈ પોતે, મોતીલાલ, થાણાવાલા, ઇન્દ્રવદન મહેતા, મંગળ, કણિયા ને હું—અમે હતા સાત.

ભૂલાભાઈને ઘણીખરી બ્રીફો પહેલી ધરવામાં

આવે. એ બને એટલી લે, એક કૉર્ટમાં પોતે કામ ચલાવે અને જે કૉર્ટમાં અમને થોડુંઘણું કામ હોય ત્યાં એમની બ્રીફ અમે 'હોલ્ડ' કરીએ. આખા બારમાં હોહા થઈ ગઈ.

જેમ હિમાલયનાં બધાં પાણી ગંગાદ્વારમાં ભેગાં થાય, તેમ રોજના ડઝનબંધ બ્રીફના પ્રવાહનો અડધાથી વધારે ભાગ અમારા ગુરુકુળમાં ભેગો થઈને વહેવા લાગ્યો. આ ઈજારા સામે સ્વાભાવિક રીતે પ્રકોપ થયો. આશાવંત બૅરિસ્ટરો જુદીજુદી કૉર્ટમાં બેસી ગયા ને કયા કયા કેસમાં અમે હાજર થઇએ છીએ તેની નોંધ કરવા લાગ્યા.

મહિનો આમ ચાલ્યું ને છેવટ સ્ટૅંગમેન પાસે ફરિયાદ પહોંચી. એણે ઈન્વેરારિટીની મદદ માગી. અને તેણે અમારા ઉપર આરોપ ઘડી આપ્યો. દ્વેષનો તો સાગર ઊછળ્યો. 'બાર'ની સભા મળી. અમારી સામે તહોમતનામું રજૂ થયું. અમે એકબીજાની બ્રીફો 'હોલ્ડ' કરવાથી અમારી શક્તિઓ ભેગી મેળવી નફો કરવાનો કરાર કર્યો હતો. એ કરાર કાયદા પ્રમાણે ભાગીદારીનો હતો. અને તેથી અમે ધંધામાં ગેરવર્તણૂક ચલાવી હતી!

સ્ટૅંગમેન, બહાદુરજી ને કોયાજીની તપાસ સમિતિ બેઠી. માર્ચની ૨૧ મીએ 'બાર'ની સભાએ ઠરાવ કર્યો કે કોઇ બૅરિસ્ટરે બીજાની બ્રીફ 'હોલ્ડ' કરવી

નહિ; કોઇનું કામ કોઇએ ચલાવવું નહિ.

બીજે દહાડે ચમત્કાર થયો. જે ફ્રીફ્રા ભૂલાભાઇના હાથમાં આવતી હતી અને અમે 'હોલ્ડ' કરતા તે હવે અમારા હાથમાં અમારી થઈને આવી પડી. મારી કમાણી આથી લગભગ અઢીગણી વધી ગઈ. 'શ્રી મસ્કેટિયર્સ'નાં નસીબ ઊઘડી ગયાં.

'મારો મારો આ સંભળાય,
ધરણી લાગી ધ્રૂજવા ને ઊથલપાથલ થાય.'

જૂના કવિની આ ટુકનો નવો અનુભવ થયો. આજે આને ધંધામાંથી ઊખેડીશું ને કાલે પેલાને. સ્ટ્રૅંગમેન, ઍડ્વોકેટ જનરલને પણ ન્યાયવૃત્તિ રાખવી અઘરી થઈ પડી. એપ્રિલની શરૂઆતમાં, બળજબરીથી વધારે ફ્રી પડાવવા માટે ભૂલાભાઈ પર તહોમત મૂકવામાં આવ્યું. અમારા પર તહોમત મૂકનાર એક ભાઇ એમ માનતા કે હું સૉલિસિટરોને કમિશન આપું છું. તે બધે સીધી ને આડકતરી રીતે તપાસ કરી આવ્યા પણ એમાં તો ફાવ્યા નહિ. કારણ કે મેં પહેલેથી નિયમ રાખ્યો હતો કે યોગ્ય લાગે ત્યાં મફત કામ કરવું, પણ કોઇને કમિશન આપવું નહિ.

'મારો, મારો' ક્યાંય સુધી સંભળાયા કર્યું. અમે કમાયા કર્યું. તપાસણીના કામને મેં અંગ્રેજી ઈતિહાસનું મશહૂર 'Trial of the seven Bishops' નામ આપ્યું. સામા પક્ષે અમારું નામ 'બાસુદી

ક્લબ' આપ્યું. કેમ જાણે વ્હીસ્કી-સોડામાં જ ગૃહસ્થાઇ હોય !

ઉદાર વૃત્તિના બૅરિસ્ટર વિકાજી તારાપોરવાલા, જેનો પરિચય ૧૯૨૨ પછીના સમયમાં આવે છે, તે અમારા તરફથી ઊભા રહ્યા. સ્ટૅંગમેનની ન્યાયવૃત્તિ વિષેઅ મને બહુ બીક હતી, પણ હકીકત દીવા જેવી હતી. અમારી કંઈ ભાગીદારી હતી નહિ, અને અમે નિર્દોષ ઠર્યા. ભૂલાભાઈ પર મૂકાયેલું તહોમત તદ્દન ખોટું પુરવાર થયું. 'બાસુદી ક્લબ' વિજયડંકા વગાડતી બહાર પડી.

સાત બિશપની તપાસના દ્વેષના ધૂમાડા વર્ષો સુધી દેખાયા કર્યા.

૧૯૨૨ માં મોતીલાલ, કણિયા, મંગળ ને મારો પરસ્પર સંબંધ નિકટનો ને સ્નેહાળ થયો. 'થ્રી મસ્કેટિયર્સ' જે ચાર હતા તે, ધંધામાં અગ્રસ્થાને આવવા લાગ્યા.

આ જ વખતથી વિકાજી તારાપોરવાલાની મૈત્રી થઈ પણ તે મૈત્રીનો વિકાસ ૧૯૨૨ પછીના સમયનો.

૧૭

રાજાબહાદુર શિવલાલ મોતીલાલ દખ્ખણ હૈદ્રાબાદના ધનાઢ્ય હતા, તે ગુજરી ગયા; અને

એમના પુત્ર રાજાબહાદુર બંસીલાલ અને તેમના બે પૌત્રો વચ્ચે ઝઘડો શરૂ થયો. રાજાબહાદુરની મિલકત કરોડોની હતી. તે હાઈકોર્ટના રિસિવરના હાથમાં આવી.

નરુભાઈ—નર્મદાશંકર-તે કાકાના ભત્રિજા, રાજાબહાદુર બંસીલાલના સગીર પુત્રોના સૉલિસિટર. પ્રતિવાદીઓ—રાજા બંસીલાલ અને સગીર પુત્રો—તરફથી દાવાની તૈયારી કરવાનો બોજો નરુભાઈના ભાગીદાર મંચેરશા પર પડયો.

મંચેરશા એક દૃષ્ટિએ મારા અનુભવે મોટામાં મોટા સૉલિસિટર. એણે સૉલિસિટરની કલાને અપૂર્વતા આપી છે. મંચેરશા દાવો હાથમાં લે એટલે હકીકત, કાયદો, ઊલટતપાસ એ દરેક અંગની સંપૂર્ણ તૈયારી કરે. દાવો ગમે તેટલી રકમનો હોય તેની એમને પરવા નહિ. તેમાંથી કમાણી કેટલી થશે તેની પણ પરવા નહિ. ૧૯૧૫-૧૬ થી એમણે મને કસવા માંડયો. અને રાજાબહાદુરના મુકદ્દમામાં એમણે મારી પાસેથી ખૂબ કામ લીધું.

મંચેરશાનો ને મારો સંબંધ તે દિવસોથી માત્ર સૉલિસિટર કે મિત્રનો નહોતો; આજે પણ હું એમનો જાણે પુત્ર હોઉં એવો સદ્ભાવ એ મારા પ્રત્યે દાખવે છે. હું પહેલો અસહકારની ચળવળ અંગે જ્યારે જેલમાં જવા તૈયાર થયો ત્યારે એમની વૃદ્ધ આંખોમાંથી

દડદડ આંસુ પડતાં મેં જોયાં હતાં.

રાજાબહાદુરની મિલકતમાં અપાર પૈસા હતા. અને કેટલાક પક્ષકારો વચ્ચે જિદ પણ અપાર હતી. પરિણામે જરાજરામાં અરજીઓ થતી. મોટી મોટી ફી અપાય, અરજી દિવસોના દિવસો સુધી ચાલે, અપીલો થાય, કાયદાના મુદ્દાઓ સંશોધાય અને સેંકડો ગીનીઓના પ્રોત્સાહનથી કૉર્ટમાં તે રજૂ થાય.

આ અરજીઓમાં રાજા બંસીલાલ તરફથી જમશેદ કાંગા હાજર થતા, અને ૧૯૨૧માં સગીર પુત્રો તરફથી હું હાજર થતો. આ દાવો ૧૯૨૨ ના ઑકટોમ્બર કે નવેમ્બરમાં ન્યાયમૂર્તિ પ્રૅટ પાસે આવ્યો. ઝીણા અને ભૂલાભાઇ વાદી પુત્રો તરફથી. કાંગા રાજા બંસીલાલ તરફથી; કણિયા સાથે, હું સગીર પુત્રો તરફથી. પ્રૅટ હમેશાં અમારી મજાક કરે. આ દાવાની વાત આવે ને અમે અમારા નામ લખાવીએ એટલે ચશ્માં ચડાવી પૂછે:

"Where is the rest of the Bar?"[1]

આ દાવામાં મુખ્ય મુદ્દો એ હતો કે હિંદુશાસ્ત્ર પ્રમાણે પિતા બે પુત્રોને જુદા કાઢી, બીજા પુત્રો સાથે અવિભક્ત રહી શકે કે કેમ? મંચેરશાની તૈયારીમાં કંઈ મણા તો હોય જ નહિ, પણ મિતાક્ષર ને વ્યવહારમયૂખના અંગ્રેજી તરજમા બહાર જવાની

૧ બાકીના ધારાશાસ્ત્રીઓ કેમ નથી?

એમની શક્તિ નહોતી. કણિયાએ અને મેં પણ ખૂબ મહેનત કરી હતી. આવા મોટા કેસમાં ઊગતા ધારાશાસ્ત્રીને અગ્રસ્થાને ઊભેલા અમે, અગ્રગણ્ય ધારાશાસ્ત્રીઓની ગણનામાં આવવા તત્પર બન્યા. મંચેરશાની જાણ બહાર એક શાસ્ત્રીની મદદથી હું પણ વેદકાલથી હિંદુ પિતાના હક્ક શા છે, તેનું સંશોધન કરતો હતો.

કેસ નીકળ્યો. આ મુદ્દા ઉપર અમારે પહેલાં બોલવાનું હતું. ઘારપુરે જેવા ધર્મશાસ્ત્રના અભ્યાસી સામા પક્ષની મદદમાં હતા. કાંગાએ ચુકાદા ઉપર આધાર રાખ્યો. મેં પિતાના હક્ક વિષે વેદથી માંડીને અસલ આધારો વડે અમારા મંતવ્યનું પ્રતિપાદન કર્યું. હું બે કે અઢી દહાડા બોલ્યો હોઈશ. હું બેસી ગયો ત્યારે મારી સખત કસોટી કરનાર ભૂલાભાઈએ મને જે હેતભર્યા શબ્દો કહ્યા તેનાથી મને પ્રતીતિ થઈ કે ધંધાનાં સીધાં ચઢાણની ઉપલી ધાર મેં વટાવી હતી.

૧૯૨૨ ના ઑકટોમ્બર, નવેમ્બર ને ડિસેમ્બરની મારી આવક વિશુદ્ધ બ્રાહ્મણને તો રૈરવ નરકના અધિકારી બનાવે એટલી મોટી હતી.

★

સીધાં ચઢાણ

ખંડ ત્રીજો

મધ્વરણ્ય

[૧૯૧૩—૧૯૨૨]

સૂચિપત્ર

[નવેમ્બર : ૧૯૪૨]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

બાલસાહિત્ય

૧ બિલોરી પહાડ (રમણલાલ શાહ) ૦–૩–૦
૨ પા પા પગલી,, ૦–૬–૦
૩–૪ દેશદેશની વીર કથાઓ [સચિત્ર] ભાગ ૧–૨ ,, ૧-૧૨-૦
૫–૬ દેશદેશની અદ્ભુત વાતો [સચિત્ર] ભાગ ૧–૨ ,, ૧-૧૦-૦
૭–૮ બાળકોનું મહાભારત ભાગ ૧–૨ સચિત્ર ,, ૧-૧૨-૦
૯ રોબિન્સન ક્રૂઝો ૧–૪–૦
૧૦ ડોનક્વીક્ઝોટ ૦–૮–૦
૧૧ સંવાદ કુસુમ ૦–૮–૦
૧૨ બાઇબલ કથાઓ ૦–૮–૦
૧૩ કાગળ પત્રો ૦–૩–૦
૧૪ રાષ્ટ્રધ્વજ ૦–૪–૦
૧૫ બહારવટિયો મીરખાં ૦–૫–૦
૧૬ બાલ ભજનાવલી ૦–૩–૦
૧૭ આપણે પાપે ૦–૨–૬
૧૮ ફુવારો ૦–૩–૦
૧૯ સમર્પણની કથાઓ [ટાગોર] ૦–૬–૦
૨૦ અંગુઠિયાભાઇ [ભાગ બીજો] ૦–૩–૦

ગૂર્જરબાલગ્રંથાવલિ (સચિત્ર)
[પહેલા વર્ષનાં પુસ્તકો]

૨૧ કીર્તિકથાઓ [ચોથી આવૃત્તિ] ૦–૨–૬
૨૨ હીરામોતી [ત્રીજી આવૃત્તિ] ૦–૩–૦
૨૩ બુલબુલ ,, ૦–૨–૬
૨૪ ટન્ ટન્ ટન્ ,, ૦–૨–૬
૨૫ ક્યારે સમજીશું ? ,, ૦–૩–૦
૨૬ ટોલ્સ્ટોયની નીતિકથાઓ ,, ૦–૩–૦
૨૭ વરતો અને ઉખાણાં ,, ૦–૨–૬
૨૮ વેરાયલાં ફૂલ ,, ૦–૩–૦
૨૯ રઝળતો રાજહંસ ,, ૦–૩–૦
૩૦ પ્રશ્નપેટી ,, ૦–૩–૦
૩૧ ગણિતગમ્મત ,, ૦–૨–૬
૩૨ હસતું મોં ,, ૦–૩–૦
૩૩ પ્રાણીવર્ણન (ત્રીજી) ૦–૫–૦
૩૪ બાળકોની રમતો ,, ૦–૪–૦
૩૫ ધરતીકંપ ,, ૦–૪–૦
૩૬ ચાર સુંદર સંવાદો ,, ૦–૩–૦

જીવનનાં દર્દ (પ્રેમચંદજી)	૧–૪–૦	કચ્છની લોકકથાઓ	૧–૮–૦
દીપમાળ	૧–૪–૦	ઝૂરતું હૃદય	૦–૫–૦
કાળની ચક્કી	૧–૦–૦	શા માટે બંધન !	૧–૪–૦
સમિધ (નવલિકાઓ)	૧–૮–૦	દ્વિરેફની વાતો : ભાગ પહેલો	
તરતાં ફૂલ (ધ. ત્રિપાઠી)	૧–૦–૦	(રામનારાયણ વિ. પાઠક)	૧–૮–૦
આત્માનાં તેજ ,,	૧–૮–૦	પેટકોચી ને બીજી વાતો	૧–૮–૦
ખોવાયલા તારા	૧–૮–૦	પ્રેમકથાઓ (૨૫ ચૂંટી	
સ્વપ્નની છાયા	૧–૪–૦	કાઢેલી વાર્તાનો સંગ્રહ)	૧–૮–૦
ખાંડાના ખેલ (અડાલજા)	૩–૦–૦	યુગપ્રવાહ	૨–૦–૦
આત્માનાં આંસુ(ટાગોર)	૦–૩–૦	કાચાં ફળ	૦–૮–૦
લાલ પડછાયા	૧–૦–૦	પગદીવાની પછીતેથી	૦-૧૫-૦
શહીદી	૧–૪–૦	પલ્લવ	૧–૪–૦
		ચરણરજ	૦-૧૫-૦
અમે પિંજરનાં પંખી	૧–૪–૦	વસુંધરા ને બીજી વાતો	૨–૩–૦
ક્રાંતિને કિનારે	૨–૦–૦	ઝબુકિયાં (સીનેમા વિષયક)	૦-૧૫-૦
જૌહર (ધી. ધ. શાહ)	૦–૬–૦	જીવનરસ	૧–૪–૦
જીંદગીના ખેલ (પન્નાલાલ)	૨–૮–૦	યુગચિત્ર	૧–૪–૦
વળામણાં ,,	૧–૪–૦	વીર શાર્દુલ ને બીજી વાતો	
જીવો દાંડ ,,	૧–૪–૦	સચિત્ર	૨–૮–૦
ખોલકી ને બીજી વાતો	૧–૪–૦	અંધારાને સીમાડે	૦-૧૦-૦
કથાપરી	૨–૮–૦	**નવલકથાઓ**	
રજપૂતાણી ને બીજી વાતો	૦–૨–૦	રાજમુગટ (ધૂમકેતુ)	૨–૦–૦
ગોવિંદનું ખેતર ને ,,	૦–૨–૦	મલ્લિકા ,,	૨–૮–૦
આનંદરાત્રિ ને ,,	૦–૩–૦	અજિતા ,,	૨–૮–૦
પ્રતિમાઓ (મેઘાણી)	૧-૧૨-૦	પરાજય ,,	૨–૮–૦
સૂડી વચ્ચે સોપારી	૦–૪–૦	ચૌલાદેવી ,,	૩–૦–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

રાજસંન્યાસી	,,	૩-૦-૦
નિરંજન	(મેઘાણી)	૨-૦-૦
સોરઠ,તારાં વહેતાં પાણી	,,	૨-૮-૦
અપરાધી	(મેઘાણી)	૨-૮-૦
વેવિશાળ	,,	૨-૮-૦
તુલસીક્યારો	,,	૨-૮-૦
બીડેલાં દ્વાર	,,	૨-૦-૦
રા' ગંગાજળિયો	,,	૧-૮-૦
ગૂજરાતનો જય ૧-૨	,,	૪-૦-૦
સમરાંગણ	,,	૧-૮-૦
વસુંધરાના વહાલાદવલાં	,,	૧-૮-૦
પરિણીતા	(શરદબાબુ)	૦-૮-૦
પલ્લીસમાજ	,,	૧-૪-૦
ચંદ્રનાથ	,,	૦-૧૪-૦
ગૃહદાહ	,,	[illegible]-૦-૦
શ્રીકાંત ભા. ૧-૨	,,	૩-૦-૦
,, ,, ત્રીજો	,,	૨-૦-૦
,, ,, ચોથો	,,	૨-૦-૦
દેવદાસ	,,	૧-૦-૦
એઠો બળવો	(જયભિખ્ખુ)	૧-૦-૦
રાત પડતી હતી		૦-૧૫-૦
ભીખો ચોટ્ટો		૨-૦-૦
પારકાં જણ્યાં		૧-૯-૦
પ્રતિજ્ઞા	(ધનશંકર)	૨-૦-૦
શયતાન	(ટૉલ્સ્ટૉય)	૧-૦-૦

કર્મભૂમિ ભા. ૧-૨ સચિત્ર	(પ્રેમચંદજી)	૪-૮-૦
ગોદાન ૧-૨	,,	૫-૦-૦
વિલોચના	(ચુ. વ. શાહ)	૩-૦-૦
કર્મયોગી રાજેશ્વર	,,	૨-૦-૦
અવંતિનાથ	,,	૨-૦-૦
રાજહત્યા	,,	૨-૦-૦
રૂપમતી	,,	૨-૮-૦
પુત્રજન્મ	(ગુ. આચાર્ય)	૨-૮-૦
દેશદિવાન	,,	૧-૧૨-૦
જગતના મંદિરમાં	,,	૨-૦-૦
રૂઢિના કલંક		૨-૮-૦
દિલારામ	(મા. જોશી)	૧-૮-૦
પ્રેમળ જ્યોતિ	,,	૧-૮-૦
વામા	,,	૪-૦-૦
પ્રલયમૂર્તિ	(મો. ધામી)	૧-૧૨-૦
પરિચારિકા	,,	૧-૪-૦
જીવન સંગીત	(ડૉ. હરિપ્રસાદ)	૨-૦-૦
આઝાદીનો જંગ		૧-૮-૦
રંભા	(જેઠાલાલ ત્રિવેદી)	૧-૪-૦
સુવર્ણા	(ર. દલાલ)	૨-૦-૦
અમ્મા	(ભોગીલાલ ગાંધી)	૨-૦-૦
આસિસ્ટંટ કલેકટર	(ભો. દીવેટિયા)	૨-૮-૦
કલંકિત	(અપ્ટન સિંકલર)	૧-૪-૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

કેકારવની પૂરવણી ૦–૮–૦
શતદલ (મુક્તકો) „ ૧–૦–૦
કાવ્યસંહિતા (અનામી) ૧–૦–૦
જનની ૧–૪–૦
યુગપલટો (નાનાલાલ કવિ) ૧–૪–૦
ગીતાંજલિ (ટાગોર) ૩–૦–૦
સાંધ્યગીત (કોલક) ૧–૪–૦

ધર્મ-નીતિ-શિક્ષણ ને સાહિત્યના ગ્રંથો

ઇશ્વરનો ઇન્કાર (નરસિંહભાઈ પટેલ) ૧–૮–૦
નીતિશાસ્ત્ર પ્રવેશ (વા. મ. જોષી એમ.એ.) ૩–૮–૦
વિવેચના (વિ. ત્રિવેદી) ૨–૮–૦
નવાં વિવેચનો (નવલરામ ત્રિવેદી) ૨–૪–૦
કેતકીનાં પુષ્પો „ ૧–૮–૦
જયંતિ વ્યાખ્યાનો „ ૨–૪–૦
નાટ્યશાસ્ત્ર ૫–૦–૦
કાવ્યશાસ્ત્ર ૫–૦–૦ ૨–૮–૦
સંગીતશાસ્ત્ર ૫–૦–૦ ૨–૮–૦
લોકસાહિત્ય (મેઘાણી) ૨–૦–૦
સર્જન ને ચિંતન (ધૂમકેતુ) ૧–૮–૦
પાનગોષ્ઠિ „ ૧–૮–૦

સયાજીરાવ મહારાજાનાં ભાષણો ભા. ૧–૨ ૪–૦–૦
રજકણ „ ૧–૮–૦
જલબિંદુ „ ૧–૮–૦
સ્વૈરવિહાર: બીજો (પાઠક) ૧–૪–૦
માનસવિજ્ઞાનનો દૃષ્ટિકોણ ૧–૪–૦
નર્મદનું ગદ્યમંદિર ૨–૮–૦
હિંદનાં વિદ્યાપીઠો [ર. ત્રિવેદી] ૧–૮–૦
સ્મૃતિ ને દર્શન „ ૧–૮–૦
વાલ્મીકિનું આર્ષદર્શન ૧–૮–૦
ગૂજરાતી સાહિત્ય : તેનું મનન અને વિવેચન (રામચંદ્ર શુકલ) ૨–૦–૦
વિવેચનમુકુર (વિશ્વનાથ) ૨–૮–૦
ભોગીંદ્રરાવ દીવેટિયાનું જીવન-સમય ને સાહિત્ય ૨–૦–૦
સંસ્કૃતિનાં વ્હેણ ૧-૧૨-૦
ગ્રંથસ્થવાઙ્મય ૩૩–૩૪ ૦-૧૨-૦
„ ૧૯૩૪–૩૫ ૦-૧૨-૦
„ ૧૯૩૬–૩૭ ૦-૧૨-૦
„ ૧૯૩૭–૩૮ ૦-૧૨-૦
„ ૧૯૩૮–૩૯ ૦-૧૨-૦
„ ૧૯૩૯–૪૦ ૧–૮–૦
„ ૧૯૪૦–૪૧ ૧–૮–૦
ગુજરાતની અસ્મિતા (પાકી) (કનૈયાલાલ મુનશી) ૧–૯–૦

આ. કૃપલાનીના લેખો ૨-૦-૦
બારડોલીનો ઇતિહાસ
(મહાદેવ દેસાઈ) પાકી ૧-૧૨-૦
સત્યાગ્રહ ઈન સાઉથ
આફ્રિકા (ગાંધીજી)
(અંગ્રેજીમાં) ૪-૮-૦

જૈન સાહિત્ય

અંગ્રેજી અનુવાદ નોટ્સ
કોષ સાથેનાં સાત
સંપાદનો નીચે પ્રમાણે
અન્તગડદસાઓ ને અણુત્તરો
વવાઇય દસાઓ
(એમ. સી. મોદી) ૩-૦-૦
સમરાઇચ્ચકહા બે ભાગ
પાકું પૂંઠું ૪-૦-૦
સંપાદક વગેરે ઉપર પ્રમાણે
પંચસુત્તમ્
[વી. એમ. શાહ] ૧-૦-૦
નિરયાવલિયાઓ; સટીક
[વી. જે. ચોકસી ને
ગોપાણી] પાકું પૂંઠું ૩-૧૨-૦
વિવાગસુયં : સટીક
[એમ. સી. મોદી ને
વી. જે. ચોકસી] ૩-૦-૦
સમરાઇચ્ચકહા ભવ ૬ ઠ્ઠો ૨-૮-૦
બ્રહ્મદત્તચરિયમ્ ૧-૦-૦
અનેકાર્થસાહિત્ય-સંગ્રહ
સં. ચતુરવિજયજી] ૨-૦-૦
રાજપ્રશ્નીય સટીક
[દેવનાગરી ટાઈપમાં પત્રા-
કારે અનુવાદ સહિત]
[સં. પં. બેચરદાસ] ૫-૪-૦
પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો
મુંબઇ ૧-૨-૩ ૧-૮-૦
આધ્યાત્મિક વિકાસક્રમ
(પં. સુખલાલજી) ૦-૬-૦
ભગવાન મહાવીરના દશ
ઉપાસકો ૦-૮-૦
સામાયિકના પ્રયોગો
(પં. લાલન) ૦-૫-૦
સોળ સતી
(ધીરજલાલ ધ. શાહ) ૧-૮-૦
હેમચંદ્રાચાર્ય (બેચરદાસ) ૦-૮-૦
પ્રાકૃત માર્ગોપદેશિકા ,, ૨-૪-૦
ધર્મ ને ધર્મનાયક ૦-૬-૦
ભરતેશ્વર બાહુબલવૃત્તિ
૧-૨-૩ ગૂજરાતી ભાષાંતર ૪-૮-૦
કામવિજેતા સ્થૂલિભદ્ર
(જયભિખ્ખુ) ૨-૮-૦
મહર્ષિ મેતારજ ,, ૨-૮-૦
મગધરાજ ,, ૧-૮-૦